સૂચના.

બાગે પારશા.

એટલેકે

(પારશી) પરહેજગાર લોકોનો બાગ ઇઆને કદીમથી પારશી
લોકો જે ઇઅજદાંપરસતી કરનારા અથવા નીરંનજંન
નીરાકાર ઇશવરને પરાપુરવે ભજનારા હતા તે
દાવાની શાબેતીમાં તેવો જે અશલથી ખેતાબ
બધારી ચાલતા આવેઆછે તે વીશે
તથા હાલી તે ખેતાબથી તેવો શા
વાશતે બેનશીબી ભોગવેછે
તે બાબતનો ટુક ખોલાશો.

ખાકશાર જમશેદજી વલદ મરહુમ રૂશતમજી એબને
મગફરત પનાહ દશતુર આસફંદીઆરજી
કાંમદીનજી શાહેબ ભરૂચવાલાની
તરફથી છપાવા તઈઆર કીધો,

તે

શ્રી મુંબઈ મધે, ધોબીતલાવપર નંબર ૬૯૦ વાલાં ઘેરમો
વરતમાંન પરેસમો પારશી મનચેરજી હોશંગજી જાગોશે છાપેઓ.

સને ૧૨૪૩ ઇઅજદજરદી, સને ૧૮૭૪ ઇસવી.
સંવત ૧૯૩૦ વીક્રમાજીત.

*** આ પુશતકની કીંમત એના દીબાચામાં રૂ૧) છાપીછે પણ તે પછે એનું લખાંણ અને કદ વધી જવાથી એની કીંમત રૂ૨) ની રાખીછે.

શ્રી મુંબઇ રોજ ૨૧ મો માહા ૧૨ મો શને ૧૨૪૩ ઇઆજદેજરદી.

ઇઆજદાંપરશતીનો કદીમ ખેતાબધારી તથા વીશવાશુ·

તે એક ખાશ જરતોશતી ટોલોછે એમ હીમતથી કહી શકાએછે.
શાથી કે યજદાંપરશતીનો ખાશ ખેતાબ પારશી લોકોનાં નાંમપર શાબેત
થએલોછે કાંઇ એ માંનવંત ખેતાબ કોઇ બીજી કોમવાળાનાં નાંમપર પ્ર
ખ્યાત હોએ એમ ખુલુ જણાઊ નથી.

હવો જે એ નાંમાચો અને માંનવંત ટોલોછે તેહમાંથી જે નેક
શાહેબો એ ખેતાબી મારગને પાએદારી, ઊશતવારી અને બરકરારી ઉપર
લાવી પોતાનો તથા પોતાનાં ટોલાનો ખરો હક તથા વારશીક દાવાનો ખ
હતો ઊપભોગ કરવા કરાવવાને મજબુત ખંતી તથા પુર ખુશી હશે ઇઆ
યશે હેવા આલીજનાબ બખતાવરને વીદીત કરવાની રજા લઊછુ કે આ
મારૂં "બાગે પારશા" પુશતક જોંકે શીરૂમો શ્રી ઊદવારાનાં શ્રી આતશવ
હેરાંમ ઇરાંશાહની બુજરગ બારગાહમો અરપંણ કરવામો આવ્યુછે તે છ
તાં હાલ જમાંને ચાલતી રીત પરમાંણે અગત જણાઆથી જે માંનવંત શા
હેબો કે પોતાનાં ટોલાની ઊપમાં તથા નેકબખતી વધારવા, જાલવવા તથા
હમેશાં શુધી જલવાઇ રેહેવા વીશે જેમ નીમ રાખેછે તેમજ તેવો જુદી
જુદી કોમનાં ખાશોઆંમ શાથે શુભ અને સ્વછ વીચારથી ભલાં શંબંધ
વીશે ચોકશ નજર રાખેછે તે ઉપર નજર રાખતાં આએ પુશતકનાં મુર
બ્બીપણાંનુ માંન હેવા માંનવંત ગરહશતોને લાએકછે એમ શમજી તેમની
શેવામો મોહોટાં માંન તથા ભારે નેહપ્રાંણ શાથે ભેટ કરી તેમનાં તરફથી
બીજી કાંઇ નહી પણ એટલીજ ઊમેદ રાખવામો આવેછે કે એ બાગની
અશરકારક ખુશબોઇનો લપટદાર પ્રવેશ પોતાનાં નાંમવર ટોલાનાં રોશંન
દીલ તથા દમાગમો શ્રી ઇઆજદાંનવાલાની બખશેશ ભરેલા શાચા આશ
ગથી અને શ્રી આતશવરેહરાંમ શાહેબનાં મોબારક નાંમની બરકત તથા
તેહનાં નુરાંની શોઆઓની જોત તથા ઝલકથી અને છેલુ તેવોની મુરબ્બી
ગરીનાં આધારથી શમાશ લઇ શઆદતમંદ તથા ફતેમંદ થાએ કે જેથી

તેઓનાં પુનવાંન બુજરગોની બુજરગી ભરેલી ભલી નીશાંનો બલવાંન ફીર
તી શાથે આપ્પી પુરથવીની શપાટી ઉપર ગરવથી દેખાવ આપી રહીછે તે
નવેશરથી તાજી તથા જેબાએમાંન થાએ.

એટલુંજ નહી પણ જરતોશતી આપો ટોલો જે પોતાનાં ખાશ ત
થા ખાશુલખાશ શાહેબોએ ધરમ વીરૂધ શંબંધી પકડેલી બેપરવાઈનાં કા
રણથી જે એક જેહરી તોહોમતનાં પંજામા તેવીશ વરશની લાંબી મુદ
તથી ગેરફતાર થઇ પડેઓછે બલકે એ જેહરી પંજાનો ભોગ થઈ પડે
ઓછે ને તે પંજો છોડવવાનુ અશકીઅપણુ મુખીઅ ઇઅજદાંપરશતીનાં
ધારશીક અમલો છોડી દેવાનાં તથા તેહની રેઆએત નહી રાખવાનાં કા
રણોથી નાંમદાદ તથા રૂદાદ થઈ પડેલછે તેહમાથી મોકલા થવા શારૂ બી
જો કાંઈ ઇલાજ રહ્યો નથી અને આજશુધી જે જે ઇલાજો લેવામા આ
વાછે તે બેશક કે બીન પાએ તથા હશી કાહાડવા જોગ બલકે હરીફોનાં
હાથ શીકશત આપનાર જેહરી હથીઆરછે.

પરંતુ એકજ ઇલાજ માત્રે મજબુત અને મોતબર આપરા હાથમા
છે કે આપરો કદીમ ઇઅજદાંપરશતી કાએદાવોનો રીવાજ નવેશરથી પા
છો તાજો કરવામા આવે ને તેની ખુબીનો માનવંત લાભ મેલવી આપ
વાને હમારો "બાગે પારશા" ઉપલી કોમનાં જરતોશતી શાહેબોની મુરબ્બા
ગરીનાં શાઆ નીચે પોતાની ધજા ઊડાવવાને આતુરપણુ દેખાડેછે તે આ
તુરતા દુર થઇ તો ઉપલુ અચકતપણુ ધીમે ધીમે કમતી થઇ ઉપલુ તોહો
મત ધોવાઈ જશે અને તોહોમત લાવનાર ચાતુર ભાઇબંધુવો તરફથી આ
વતા તથા હાલ શમેને વાશતે ધારવેલી શરવે ભાંજગડોનો છેડો આવી જ
શે તેની શાથે એ વીશયથી અંનજાંણાં શરવે જરતોશતી ભાઈઓ વાકફ
ગારી મેલવી એ ચડતી પાએરીનો અમલ બજાવવા તથા પોતાનાં ખાલેક
ને ઓલખવા તથા તેની શીફાતી ચીજોનો અનુભવ લેવા દીલોજાંનથી
તઇઆર થશે હેવી પકી ખાતરી થાએછે વાશતે એ શરવે નેકબખતીનો
લાભ લેવા લેવાડવા લાએક ફરજ ધરાવનારા તેવો એટલે ઉપલી કોમ
નાં જરતોશતી નેક ભાઇઓને ધારી કાહાડેઆછે ને ઊમેદ મજબુતછે કે
આએ કમતરની અરજ તેવો કબુલ રાખશે.

લા૰ શેવક, **જમશેદજી રૂશતમજી**

અ૦ કા૦ મરહુમ ભરૂચવાલા.

દોઆચો

શોરૂ કરૂચ—માહા ગીનાનીઓનો ગીનાંની. કે અજીમ કુદરતના.
કાદેર. એ. બે શીફતો જે ખાસ તેની શીફતને લાએકછે. અને એ બંને
શીફતોં જે દીવશ તથા રાતની માફક. અથવા. માએ અને બાપની સુતા
બક ઇઆ નુરલઅનવાર એટલે જે તેજોનુ તેજ તરીકે જાહેર તથા બાતેનને દર
જે અને ભેદ તથા અભેદને તાબે અને અકલેકુલ ના. નફશેકુલની જગોએ
ઓલખાએલી પુજાએલી અને ઓલખવા તથા ભજવાને લાએકનીછે કે જે
વોનાં તવક્ષુત ઇઆને બીઆંજીપણાંથી કુલેહમ પેદાએશોની નમુદારી થઇ
છે. હેવી જે ખુજરગ શોતરગ અને માહા બલવાંન શીફતો જે કુલેકુલ
અને બશીતે બશીત છે કે જેમની શીફતમો મોબદા અનમઆદ તથા અંદ
ર અને બાહેર એટલે જે દ્રષ્ટ અને અદ્રષ્ટ વગેરે હજારહા શીફતો શમાઇ તથા
ઢંકાઇ રહેલીછે તેમનો પેદાકરનાર જે શ્રી અહુરમજદ અહુ યેકતા બી
હંમતા બે મીશલોમાનીનદ અને બીચુનો બે ચીગુન તથા બીરંગોબીનમુનછેકે
જેને એક પલકમારતાંમો પોતાની માહા બલવાન શકતીનો છુપો નમુનો
પ્રકાશ કીધોછે હેવોથકોજે પલભરનાં ઇશારામાં અવલથી તે આખર સુધી કુલે
નુમાએશની ગુંનજાએશ કરીલઇ પોતે પોતામો જલકે હકીકતંન જોઇએ
તો શરવમો જાહેર અને શાક્ષી ભુત જેવો રહીને અરંગ થએો અને તે રૂ
પમાં બેઠો શૈર કરેછે અને કરાવેછે. બોલબેછે અને બોલખાએછે હેવું
જે એકકો બલકે તમાંમ એકકાવોનો એકકો તેહેની કારીગરી ના. તેહેની
બલતવારીનાં બાબમાં તેહેના અગણીત શીફાતી નામોની મોહંન અને
મોતનમાલા મન ઘટ તથા જીભવાનાં અલંકારોથી નાચોકુદીને તંન કુરબા
ન જાંનીશાર અને રેહફઆંન કરછુ કેજેની અપાર અને બેશુમાર હીમત
અને હીમાયતની બરકતથી અમે ફુરદીએનતીશ ઇઅજદાંપરસતીનાં ખા
શ અને ખરા હકનો એક ખરા હકદાર અને એક કદાંમુલકદીમ દાવાનો
શાચો ધુવેદાર તરીક આલમે અદમ આલમ અશકલ તથા આલમે ઊજાનાં
દબદબાવાળા અમીરો હાકેમો પાદશાહો અને શેહેનશાહોની હુજુરમાં તથા

દેવતાઓ સેવામાં પોતાનુગુમ નાંમ ઈનશાફના તખ્ત ઉપર મુનકશ કરીને પોતાનાં ર્યાજત દોશત ખાલેકપશંદ અને ખલકપેવંદ બુજરગોનાં મુબારક રવાન તથા ફરવશીઓને નાજાં વ. ફરહાં કરેછે.

અને એમ કરવાને બનામીજદ કેમ કરીને શકતીવાંન થઓ તેહેનો મુલ પાઓ હકીકતે જરતોશતી અને નુરે જરતોશતી એટલે જે અકલે અવલ તથા અકલે દુયંમ ઇઆને અકલે કુલ વ. નફશેકુલ ની રોશની થ્થા શાયો હતો ઇઆને એ નાંમવર આલીગોહર વક્ષવરાંન વક્ષવર અને શરવરૈયકશર બલકે શરાંનશર નીશરયત જે દીન અહુરમજદી ને નામે પ્રશીધ અને પરખ્યાતછે અને જેમાં તે રેહેબરે કાંમેલની રાહનુમાઇ નાંઅમુલય લાલ તથા ગોહરો ચોકડીબંધ અને શીલકમંદ થઇ રહેલાંછે તેહેનાં પરતવા થી છે કેજે અંમરો નોહી અને ઊમેદોબીમ નાં ચોવટ રશતામો એટલે જે તેહનાં હીકમતી અને શીરગતા એટલે જે ભેદ ભરેલા રૂપોમો અને હીકમત ભરેલા ઇશારા જડીત કલાંમોમાં પથરાએલાં અને ગુંથાએલાંછે તે શાહેબનાં પનોતાં અને પાપકરમથી છોડવી બેશકારીપર લઇ જનારાં મુબારક નાંમની બરકત અને ઈઆરી મદદગારીનુ અઊશછે તે ઉપર હજારાં હજાર તોફે દરૂદ વ શુજુદ નોજ્ધાવોકરી મતલબ ઉપર આવુંછુ.

કે આએ વરકનવીશનાં બેહેશતી બાવા જોકે એલમનાં ફેજથી બેબેહેરે હતા તોપણ તે શાહેબ એલમનાં બાંહાં હેવા હતાકે વારંવાર હેવી ખાહેશ બતાવતા અને હેવી તરગીબ આપતા કે તેમનુ કોઇબી ફરજંદ તેમનાં બુજરગ વારો જેવી નામદારી મેલીગઆછે તેવીરીતે નામ જો નીકલેં શુકર બલકે શદહજારાં શુકર કે ઓશતાદે અજલે એ બુદઓ અને એકુરો મુજ ના કેશનાં ગુમ નામપર નાંમજદ કીધો કે જેની બરકતથી ફેજથી અને ફજલતથી એક બુજદીલછતાં એક બે બીજાઅત છતાં અને એક શાગેરદીહાલતમો છતાં એક શેરેનરની માફક એક દોલતમદના મુજબ અને એક ઓશતાદની રીતે મેદાનમાં લાવી ઊભો કરેછે તેથી નાચાર જમાનાનાં ઓશતાદો શેરો અને દોલતમંદ ભાઇઓ મુરબીઓ તથા શરદારોની ખીદમતમો અરજ ગુજારી કરેછે કે મશીઅતે રબાનીથી આએ ફુરદીઊ જે એક બજાફ પારે નાં વજનથી જનમ લીએછે તેમા આએ ફુરદીએ

નવીશ કોઈ તરે મુત્તાહીમ થઈ શકતો નથી તેઉપર ગોરે બલીગ ફરમાવીને કાંઈ ભુલ ચુક નજરઆવેતો તે ઉપર નુકશ નો નકશ નહી ખેચતાં અપુની કલમથી સુધારવું અને તેવીશે આએ ન્યાજમંદને ખાનગી પત્રદવારે ખબર આપવી. કે જેથી તેમનો મોટો આભાર માનવામો આવશે.

આ એવાત રોશનછે કે જારે કોઈ ચોજનો થવાકાલઆવેછે તારે તેનો શંજોગ શેહેજ બનીજાએછે તેમજ એક દીવશે કોઈએક કેતાબ શોધતા ફકીરે હકીરનાં કેતાબ ખાંનામાંથી એક નાહાના કદનુ ગુજરાતી ચોપાનીઉ હાથ લાગુ તેનુ મથાલુ જોતાજ એકદમ હેવો એક હાલ થઓ કે તેનુ બઆન કરવાની કાઈ જરૂર જોતો નથી. કે તે મથાલુ "પારશીઓ ખોદાપરસ્તછે કે નહી" એ રીતનુ કીધેલુ છે. જારે તે હાલતમાથી કે જે એક મરજે મોતની બરાબરી કરનારો હતો તેમાંથી થએલો બચાવ જોઈ હેવો વીચાર ઉપજેઓકે શાએદ એ ચોપાનીઆ વાલાએ ખાલેશ દીલ અને પાક દીનના જરતોશ્તી ટોલાઉપર જે ખોટુ તોહોમત મેલીઉછે તે દુર કરવાનેજ વાશ્તે તુને મરજે મરગથી બચાવ્યોછે અનેજારે એમજછે તારેતો એઠ્ઠામમો કોશીશ શરતછે કેજેમા હરશે જેહાનનો એટલેજે તરીભાવનનો તોશોછે.

જારે ઉપલોવીચાર કુરશીનીશીનથયો તારેતે તરીભાવણના માલીકની મદદમાગી કમર ચુશતકરી આએ પુરદીઆનો આકાર એક શાદા ચીનનીમ ફક ચીતરવાને ઠરાવકીધો કેજેથી હાલ તુરત તોહોમત દુરથાય અને ઈઅજદાંપરસતીનો બેતાબ સાવાશતે ભોગવીએચ અને સાકારણથી એ બેતાબનાફાયેદાથી બેનશીબ થઈપડેઆછીએ તે કહાકારણથી પાછો તાજો થાય અને રેવાજપામે.

તારે પરથમતો એ તોહોમત ભરેલાં ચોપાનીઆનો જવાબ કોઈયેઆપોઓચ કે નહી અને આપોઓચતો તે તેનાદરજાલાએકછેકેનહી તેવીશે ખાતરી મેળવ્વાસારૂ અગતજોઈ સબબ કેટલાએક હમદીઆર તથા હમકાર સાહેબોઉપર એકબેબાજી હેવીજ અગતની બાબતો વીશેપત્ર ન. ૧ થી ન. ૯ શુધી લખેઆં તેના જવાબો માત્ર બે તણ સાહેબોએ તુરત વાલીયા પણ બાકીના તમામ સાહેબો ખોદામાલમ હેવા શશદર મો પડીગયા છે કે નજદી

ક પાંચ છ માસથયાપણ તે સાહેબોનો જવાબમલેયોનથી તારેનાચાર.

આયે વરકનવીશને ફરજથઇકે કાંઇઉપયોગી મારગપકડે સાથીકે ઘણીજાં બીવયનુ એ ચોપાંનીઉ થઉછે તેજતાં કોઇસાહેબે આજ સુધી મનપ લીજ અનેજેવો જોઇયેહેવો મારગ પકડેયોનથી અને હવેપછી બીજો તેવોશે ધ્યાંન નહી અપાશે તો બેશક તેનાં કડવાં ફલો કોઇબી વખત હેવી ત લખીથી ચાખવાં પડશે કે તે વેળા તેનો ઇલાજ મુશકેલ થઈ પડશે. શ શબબ (બંધે) કુલે કુશીઆત નીદામનમો તેમની મદદને શારૂ ચુંગલજની કરૂછુ કે તેમનાં ફેજથી આએ ફુરદીએ નવીશ ફાએદરૂપ થાએ ને બુજરગ લોકોમો એ ફુરદીઉ કબુલે નજર થાએ ઇનશાઅલા આમીન.

આ ફુરદીઆંમો આવેલી બીનાઓ કેટલીએક નાંમીચી કેતાબોને આ ધારેછે તે કેતાબોનાં નાંમ આ જગાયે દેખાડવાને આયે ફુરદીયેનવીશ પતરાજ જેવુ શમજેછે તેથી તેમ કરવાની જરૂર પકડી નથી શાથી કે જે વાતોમોથી ફજુલી એટલે પતરાજ તમે એટલે લાલચ ફખર એટલે મોહોટાઇ મેલવવી ઇઆ મોહોટાઓમાં ખપવું હેવી વશનાં નીકલેતો તેના પોશીંનદા એકશરબી રીતે આબા અદનાં કોઇ બી થાએ નહી, તેમજ અશરકારક બી હોયે નહી સબબ એ ત્રણે વાતોથી દશત બરદાશત થઇ ફકત શ્રી અહુરમજદ અહુપકતા અને તેહેનાં સરવે મીઆઝીઓ તરફથી એટલીજ ઉમેદ ચાહુછુ કે આયે ફુરદીઉ તીરંક તરીકે શંગે એહેમર તરીકે અને હોમાયે શઆદત કુશાએ તરીકે કુલે બેશેઆમનાં રોશન દીલો ઉપર તાજગી અને ફરખુનદગીથી અશર કરે આમીન.

ઉપલુ ચોપાનીઉ કે જેનાં વજુદથી આયે ફુરદીએ હશતી માઆવેછે તે ચોપાનિઆમો સુ બીના છે. તેમાં કીએબો હુમલો કેવો શખત કેરી છે તે સરવે લોકોના જાણવા મો અથવા યાદમો હોય એમ ખાતરી થઇ શકી નહી સબબ તેની સઘળી નકલ નીચે મુજબ દાખલ કીધીછે કે જેના જાણવામો અથવા જેમની યાદમો નહી હોય તેમને ફરીથી વાંચી વાકફ થવાને સોધ નહી કરવી પડે.

પારશીઓ ખોદાપરશત છે કે નહીં?

એ બાબતનો વીચાર

જરતોશતી મજહબની કીતાબો પરમાણે ઠરાવેલો છે.

મુંબઈમાં

'નીબંધ તથા પુસ્તકની મંડલીને લીધે'

એજ્યુકેશન છાપખાનામાં છપાયો.

ઈ० સને ૧૮૬૧.

દીબાચો

આ નાહાનું ચોપાનીઉં પેહેલ વેહેલું છપાઈ બાહાર પડવાને આજ બરાબર દશ વરશ થઈઆં છે. જે વખતે એ બાહાર પડીઉં હતું તે વખતે એની નકલો અતરેના પારસી વરતમાન પતરો ઉપર તથા બીજા કેટલાએક કાબેલ શખસો ઉપર મોકલવામાં આવી હતી, ને તેઓને અરજ પણ કરવામાં આવી હતી કે એમાંની વાતોનો રદીઓ જો આપાઇ શકાતો હોએ તો મેહેરબાની કરીને આપવો; પણ આજની ઘડી સુધી કોઈએ એનો રદીઓ આપીઓ નથી. એ જોઈને હમે કંઇ તાજુબ થતા નથી; કેમકે એમાં જે બીના લખવામાં આવી છે તે બીનાના દલીલ દાખલાઓ જંદ અવસતાની કીતાબો માંથી આપીને તેને મજબુત ટેકો આપીઓ છે. એ દલીલ દાખલાઓનો ઇનકાર પારસીઓથી કદી થાએ નહીં, વાસતે કદાચ ડાહાપણ વાપરીને તેઓએ એ ચોપાનીઆનો રદીઓ આપવાનું કામ બંધ પાડીઉં છે. પણ થોડીએક મુદત ઉપર વરતમાન પતરોની મારફતથી હમને માલમ પડીઉં કે અતરેના એક જવાન દસતુરે એમાં લખાએલા બીના ઉપર એક વાએજ કીધી હતી. એ દસતુરની વાએજ શી હતી તે હમારાથી કંઇ કહી શકાતું નથી; પણ શાંભળીઆ પરમાણે તેની વાએજમાં આપેલા દલીલ દાખલાઓથી કેલવણી પામેલા જવાન પારસીઓનાં મન ઉપર શારી અસર થઇ હોએ એવુ દીસતુ નથી. હમે જાણતા હતા કે દસતુર પેશુતન પોતાની વાએજમાં કીધેલી વાતો છપાવીને તુરત બાહાર પાડશે, ને આલમના લોકોને તે વાતોથી રોશન કરશે, પણ તે પરમાણે હજી લગી તેણે કંઈ કીધુ નથી.* તેની વાએજ થઇઆ બાદ આએ ચોપાનીઆની એક નકલ પણ તેના ઉપર મોકલવામાં આવી હતી. ને તે જવાન ગરહસથને અરજ કરવામાં આવી હતી કે મેહેરબાની કરી એનો રદીઓ લખી મોકલાવજો; તે પણ એ દસતુરજીએ ધીઆનપર લીધુ હોએ એવુ દેખાતુ નથી. એ જોઇને હમે ખરેખરા દ

* જણાવવાને ખુશ છઇએ કે એ વાએજ છપાઇ બહાર પડી છે.

લગીર છઇએ. જો દસતુર પેશુતન પોતાના દીલના જીગરથી જાણતો હોએ કે પારસીઓ બરેબર ઇઝદાં પરસત છઇએ ને એક ખોદાને માનનારા છે, તો તેના ઉપર એ મોટી ફરજ છે કે એ વાતના દલીલ દાખલાઓ તુરત જાહેર કરવા જોઇએ. કેમકે ફકત જુદદીન વાલાજ નહીં, પણ તેના હમમજહબીઓ પણ એ બાબત વીશે ભારી શક લાવેછે. દસતુરજીનો પેશો એ છે કે મજહબની તરફથી ગુમરાહ થએલા લોકોને તથા મજહબની બાબત બદગુમાન લાવનાર એન દીલમાં જે કઇ ધુચવણો ને શકો ને બેઇમાના પડી હોએ તે દુર કરવાને પોતાથી જે બનતુ હોએ તે કરવું. દસતુર પેશુતન જરતોસતી ધરમથી જો પુરો વાકેફ હોએ ને જરતોસતી ધરમના મેદા જો જાણતો હોએ, ને પોતાનાં દીલનાં એકીનથી જાણતો હોએ કે એ ધરમ બેશક બેગુમાન છે, તો વગર ઢીલે એ ધરમની સાબેતી આપીને પોતાના હમજાતીઓનાં ઉછળતાં દીલ થંડાં પાડે. હમે એ બાબત દસતુરને વધારે કઈ કેહેવા ચાહતા નથી, પણ જો એ પોતાના દરજજાને માન આપીને પારસીઓનાં ટોળાં ઉપર નેગાહબાંની બરાબર રાખતા હોએ, તો એના જાણવામાં આવીજ હસે કે કેળવણી પામેલા જુવાનીઆઓ જેઓ વાતેનુ વજન કાહાડી શકેછે ને સાબેતીએનુ તોલ કરી શકેછે તેઓમાંના ઘણાએકોનાં દીલ જરતોસતી ધરમ ઊપરથી ઉઠીગઇઆં છે; કેમકે તેઓ જોએ છે કે એનુ કંઇ ઠેકાણુ છેજ નહી. વાસતે દસતુરજીને ઘટેછે કે એ જવાનીઆઓને જરતોસતી રાહ ઉપર ચુસત કરવાને જો સકતી રાખતા હોય તો તે શકતી એકદમ કામે લગાડવાને કંઇ પણ ઢીલ લગાડે નહી. જો એ પરમાણે નહી કરશે તો પારશીઓમાં જે વીદીઆરથીઓ છે તેઓ તો પોતાના હાત જરતોસતી ધરમ વીશે બીલકુલ ધોઇ નાખશે. આ વાત બેશક જાણવી.

આ બે ચોપાનીઆની બધી નકલો ખપી ગયાને લીધે હમે એને ફરીથી જેવું એછે તેવું છપાવીએ છઇએ. ને હમે એના વાંચનારાઓને બલામણ કરીએ છઇએ કે એમાંની લખેલી વાતો વાતો ઊપર ખુબ ધીઆન લગાડવું જો કોઇ શખશ એમાની વાતો બાબત કંઇ વાંધો મુકતો હોયતો તેણે

મેહેરબાંની કરીને તે વાતો હમારી ઊપર મોકલવી ઇછ્યા તો વરતમાન નપતરોની મારફતે બાહાર પાડવી કે તે ઊપર હમે ધીઆન પોહોચાડીને જ- વાબ આપીએ.

પારસીઓ ખોદાપરસત છે કે નંહી.

ખોદા એક છે, અને તેની બુજોરગી તથા જલાલ બેહદ છે. તે હમેશાંથી તે હમેશાં લગી છે, અને તેનો શરીક કે ભાગીઓ કોઇ નથી. તે આપમુખતીઆર છે, અને તે જે ચાહેછે તે કરેછે. તે પાકીજગીમાં કમાલછે, અને તેનાથી બદી સહી શકાતી નથી. તે અદલ તથા સાચાઇનો સાહેબ છે, અને વાજબી રીતે સહુનો ઇનસાફ કરેછે. તેની કામેલ કુદરત તથા હીકમત તથા ખુબીથી દુનીઆ પેદા થઇ છે, અને ટકેછે. તેની નેગાહ સહુ ઉપર છે, અને તેનાથી કંઇછુપું રેહેતું નથી. તે બુજોરગ ખાવંદ છે, અને તેની બાદશાહી તમામ તેની પેદાએશ ઉપર છે. તેએવો સાહેબ છે કે આપણ ખાકીઓની અકલથી પુરો સમજાએ નહી, અને લાએક રીતે તેની તારીફ કે શીતાએશ આપણથી થાએ નહી. તેણે પોતાના બંદાઓને અકલ તથા દાનાઇ આપીને આએ ફાની દુનીઆમાં તેઓનો મરતબો જીઆદા કીધો છે, અને એવી રોશની તેઓને બખશી છે કે તેથી બદ તથા નેક, વાજબી તથા ગેર વાજબી, તેઓ તુરત પીછાની લીએછે. એવા અજીમ તથા પાક ખાવંદનાં નામ ઉપર હજારાં હજાર શુકરાના હોજો.

હરેક દાના શખસ કબુલ કરશે કે ખોદા જે તમામ બુજોરગીનો સાહેબ છે, અને જે આપણો પેદા કરનાર તથા પાલનાર તથા માલેક છે, તેની ને; તેની એકલાનીજ એબાદત ઇઆને બંદગી આપણને કરવી સજાવાર છે. બંદગીનો અરથ જેકોઈ સાહેબો સમજતા હશે તેઓ તુરત હમારા લખવાને ટેકો આપસે. બંદગી એટલે એ કે જેના આપણે છઇએ, અને જેનાથી આપણી પરવશી થાએછે, તેને પીછાનીને તેની ઉપર પુરો એતકાદ લાવવવો તેના ઉપર સહુથી જીઆદા પીઆર રાખવો; તેની ફરમાનબરદારી કરવી; અને તેનેતમામ મકાનોપર હાજર નાજર જાણીને સાફતથાસાચાં દેલથી તેનીજ પા

સે દુવાઓ માગવી. બંદગી એરીતે થાએછે, ને એવી બંદગીને લાએક ખોદાએ તાલા શીવાએ આસમાંન તથા જમીન પર બીજો કોઇ નથી. જેની બંદગી આપણે કરીએ તેની બાબત આપણે એ જાહેર કરીએછઇએ કે તે આપણો ધણી તથા પાલનાર છે. બંદગી કરવાની મતલબ એ છે. અવે ખોદા વગર કોણ બીજો આપણો ધણી છે.? અને તે સાહેબ વગર કોણ બીજો આપણી જીંદગીના બધા ખપો પુરા પાડે છે? કોઈબી નહીં. તારે જો તેજ એકલો આપણો ખાવંદ તથા પાલનાર છે, તો આપણને તેની એકલાનીજ બંદગી કરવી મુનાસીબ છે. કોઇ બીજાની કીધાથી આપણે તેના ચોર ઠરીશું અને તેનો બદલો સજાથી લીધાવગર તે ચુકશે નહીં.

લોકોમાં બંદગી કરવાનો રવાજ છે એ હમો કબુલ કરીએ છઇએ. પણ તેઓ બધા ખોદાએતાલાનીજ બંદગી કરેછે, એ હમો કબુલ નથીકરતા. કોઈબી દલીલ દાખલાઓથી એ શાબેત નહી થઇ શકશે કે, જેઓ ખોદાના બંદાઓને તથા તેની પેદાએશ માંની નુરી ચોજોંને, તથા જીવજંતુઓને, તથા હાતની બનાવેલી મુરતીઓને પુજે છે, ને તેઓની આરાધના કરેછે, તેઓ તે એકનાં એક બુજોરગ ખોદાની બંદગી કરેછે હમારા દાના વાંચનારાઓ એક જરા વીચાર કીધાથી જોઇ લેશે કે એવું કબી બને નહી.

પારશીઓ ખોદાપરસત ઇઆને એખલા ખોદાનીજ બંદગી કરનારા છે કે નહીં? એબાબત હમારે થોડીએક વાતો આ ટુંકાં ચોપાનીઆમા લખવીછે. એ સવાલ ઘણો ભારીંછે, નેએનો જવાબ ઘણીજ હુશીઆરી તથા તજવીજથી આપવોજોઇએ. રેહેનુમાએ જરતોસતીના લખનારએ એક તેના ચોપાનીઆમાં દાકતર વીલશનને જે ભલામણ કીધી છે તેભલામણ કબુલ રાખીને ઊપલા સવાલનો જવાબ જરતોસતી ધરમના ખાસ પુસતકોથી, એટલે તેઓની અવશતાઓથીઆપવાને હમેશા હીએ છઇએ.

અવે અએ એલાહી, બેહુ જાંહાનના પેદા કરનાર, તુ આકામમ

હમારો મદદગાર થા. હમને એવી કુદરત બખશ કે તારો ડગ દેલમાં રાખી ને જે કંઇ સાચું છે તેજ લખીએ. તારીબરકત ઓ હકતાલા આએ હમારા કાંમ પર આવાદે. નેતારાં બુજોરગ નામનો તારીફ હમેશા હોજો. આમીન.

હમારા વાચનારા ઓને માલુમ હશે કે જંદ અવશતાઓમા કેટલીએક નીઆએશો તથા ઇઅશતો તથા દુઆઓ તથા બાજો તથા નમશકારે, હોરમજદ અને અમશાશપદો અને ઇજદો અને પેદાએશ માની કેટલીએક ચીજોનાં નામને લાગતી આવેછે. હવે એ બધામા કોણની પરસતીશ ઇઆને બંદગી બાબત લખેલુ છે એની તપાસ કરવી જોઇએ, ને તે ઉપરથી પારસાઓ એક ખોદાને માનનારાછે કે ઘણા ઓને માનનારા છે? એનો જવાબ એઓનીજ કીતાબોથી મલીઆવસે.

અવસતાઓમાં બંદગી કરવાનાં હજારો પદ લખેલાં છે તે સઘલાને, ઉતારો જો હીઆં કરીએ તો લમબાણ ઘણુ થઇ જાએછે. વાસતે વંદીદાદ તથાઇજશને તથા વીશપાદ તથા ખોરદેહ અવશતા પારશીએના ધરમની ચાર મોટેબર કીતાબો છે તેઓમાંથી થોડા પદો ચુંટી કાહાડીનેહેઠલ ટાંકીએછઈએ. બાકીના તપાશવાનો જેસાહેબોનો ખાએશ થાએ તેઓએ પોતાની મેલે એકીતાબોમાથી તપાશી લેવા.

વંદીદાદનાં પદો

નેજબાઇઅંવોહ તું જરથુસતર વંવોહીમ દેનામ માજદીઅસનીમ.

નેજબાઇઅંવોહ તું જરથુશતર અહુઆએન અમેશાશપેઅંત અહુઅ હપતો કેરેશ્વઅરીમ જાંમ.

નેજબાઇઅંવોહ તુ જરથુશતર થવાશહે ખુદાતહે જરૂઆનહે અકરનહે વઇઆએઇ ઉપરો કેરીએહે.

નેજબાઇઅંઘોહ તુ જરથુશતર વાતો તખમો મજદ દાતો શપંએત

શરીર દુગદ અહુરો મજદાઉ.

નેજબઈઅંઘોહ તુ જરથુશતર ફરઅશીશ મન ઇઆ અહુરો મજદાઊ.

ઊપલાં પદોની માએની.

પઢ તું એ જરથુશત ભલી દીન માજદી અસનીને.

પઢ તું એ જરથુશત ગેબી અમશાશપંદોને જેઓ હપતેકેશવર જમીન ઉપર છે.

પઢ તું એ જરથુશત આશમાન ખદાદને; બેકેનાર જેમાનાને; અને બાલાતર કાંમનાંવેએ ઇજદને.

પઢ તું એ જરથુશત હોરમજદના આપેલા જોરાવર વાને; અને હોરજદની નેક બેટી શપંદરને.

પઢ તું એ જરથુશત હું જે હોરમજદ છઊં તે મારા ફરોહરને.*

વંદીદાદના ઉપલા ફકરાઓમાંથી ઘણીએક વાતો નીકલેછે તેમાંની એક જે હમો હીઆં બતવીએછ તે ઉપર વાંચનારાં શાહેબોએ શારી પેઠે ધેઆન પોંહોંચાડવું: તેવાત એ છે કે હોરમજદ પોતે હીઆં માજદી અશની દીનને, ગેબી અમશાશપંદોને, આશમાનને, જરૂઆન અકરનને ઇઆને જમાના બેકેનારને, વાને શપંદરમાદ જે હોરમજદની બેટી કેહેવાએ છે તેને, ને પોતાના ફરોહરને પઢવાને જરતોસતને ફરમાવેછે.

ઈજશનેનાં પદો.

નેઉએદીએમ હંકાંએરીએમે દથુશો અહુરહે મજદાઊ રેઉઅતો ખરેનઘહતો.

નેઉઅએદીએમો હંકારીએમ વંઘોહુએ મનંઘહે અશાએ વહેશતાએ ખશથરાએ વેરીઆએ શપેતીઆઊ આરમતે હુરઅદેબીઅ અમેરેતદેબીઅ

* જુઓ વંદીદાદ પરગદ ૧૯ મી

ગેઉશ તશને ગેઉશ ઉરૌને આથરહે અહુરહે મજદાઉ ઇએ ત્રાશતે માએ અમેશનામ શપેતનામ.

નેઉએદીએમ હંકારીએમ તઉઅ આથરો અહુરહે મજદાઉ પોથર મદ વીશપેબીઓ આતરેબીઓ નેઉઅએદીએમ હંકારીએમ અએબીઓ વંઘોબીઓ વીશપનાંમચ અપાંમ મજદદાતનાંમ વીશપનાંમચ ઉરૂઅરનામ મજદદાતનામ.

નેઉએદીએમ હંકારીએમ આઉંધાંમ. અશંધામચ; શોએથરનાંમચ; ગોઇઓએતનાંમચ; મેથનનાંમચ; અઉઓખરેનનાંમચ; અપાંમચ; જેમાંમચ; ઉરૂઅરનાંમચ; અષ ઉશચ જેમો; અઉઅંઘ્રહેચ; અશનોવાતહેચ અશનોશતારામ માઉંઘો હુરો. અનગરનાંમ. રોચંધાંમ ખદાતનામ; વીશપનાંમચ શપેંતહે મેનીએઉશ દામનાંમ અશોનાંમ અશોનેનામચ અશહે રથવામ.

ઊપલાં પદોની માએની.

દાદાર હોરમજદ જે નુરમંદ અને જહલકાટ ભરેલો છે તેને એજન* સંપુરણ કર.

એજન કરૂં ભલી મનશનીને (ઇઆંને બહમન અમશાશપંદને) અને બુલંદ શવાબને (ઇઆને અગ્દી બેહેશતને) અને શાહેબીનો મોરાદને (ઇઆને શહરેવર અમશાશપંદને) અને બુજોરગ શંપુરણ મનશની ને (ઇઆને અશપદારમદ અમશાશપંદને) અને ખોરદાદ અમશાશપંદને અને અમેરદાદ અમશાશપંદને અને ગોશપંદોના તન અને ગોશપંદોના રવાનને; અને હોરમજદના પેદા કીધેલાં આતરાને, કે તે આતશ બીજા અમશાશપંદો કરતાં મદદે અને ઇઆરીએ ઘણો પોંહોચનાર છે.

એજન કરૂચ તું નુરમંદ આતશ હોરમજદના પેદા કરેલાને તમામ આતશોની શાથે અને એ ઇજશને શંપુણ કર. એજન કરૂચ ભલા પાણી

* એજન કરૂ ઇઆને મદદે બોલાવું

ને અને તમામ પાણી જે હોરમજદના પેદા કીધેલા છે તેઓને. અને, તમામ ઉરઅર ઈઆને જાહાડો જે હોરમજદના પેદાકરેલા છે તેઓને એઇજશને શંપુરણ કરૂં.

એજન કરૂંચ આએ જગાને, અને શેહેરને, અને જંગલોને, અને મકાનોને, અને, ગોશપંદોને રાહત પામવાની જગાને, ઈઆને ગોશપંદોના ચારીઆને, અને પાણીને, અને જમીનને, અને ઉરઅર અથવા જાહાડોને, અને આએ શર જમીનને, અનેઆશમાનોને, અને પાક પવનને, અને શેતારાઓને, અને માહાતાબને, અને આફતાબને, અને બેહુમા રરોશની ખુદાદને ઇઆને હોરમજદના પોતાની પેદા કીધેલા છે તેને, અને તમામ શપેના માનોની ઈઆને હોરમજદની પેદાએશ અશો અશોઇએ કરી બુજરગ છે તેને ઈજશને શંપુરણકરૂ.*

પદો

અહમીઅ જોથર બરેશમનચ; અહુરેમ મજદામ અશુઅનેમ અશ હે રતુમ આઈએશેઇઅશતે; અમેશાશપેઅંતા હુખશથરા હુદાઓ આઇ એશે ઇએશતે.

ઊપલાં પદોનો માએની

એ જોરે કરી અને બરશમે કરી અહુરમજદ અશો પુણેકરી વડો, ગુરૂ છે તેને ઈજશનેમાં ચાહુ, અને અમશાશપંદો નેકીના શાહેબો તથા નેકીના આપનારા છે તેઓને ઇજશનેમાં ચાહુ.

એજ મીશાલે કુલે ફરેશતાઓને, પાંચે ગેહેને, ધંબારોને, તરેહ તરેહના આતશોને, ડુંગરોને, તરેહ તરેહના પાંણીઓને, અશો મરદો તથા ઓરતને, આફતાબને, મહાતાબને બધા શેતારાઓને, નેખીજી કેટલાએક ચીજોને ઈજશનાની આએ હા નો પઢનાર ચાહેછે, કેમકે જેમ હોરમજદ પુણે કરી વડો છે તેમ એ બધાં પણ છે. *

* જુઓ ઇજશનેનો હા ૧ લો * જુઓ ઇજશનેનો હા ૨ જો

પદો

અહુરાએચ મજદાએ; શરોશાએચ અશીઆએ; અમેશેંબીઅશચ શપેન્તીબીઓ; અશોનાંમચ ફરઅશીબીઓ; અશોનામચ ઉરઆબીઓ; આથરશચ અહુરહે મજદાઓ; રથવેચ બેરેજંત; વીશાબીઆઉ શાંચ દચ અશોનો શેતાએશ યઅશનાએચ વહમાએચ ખશનોથ્રગએચ ફરશશતયએચ

ઉપલા પદોના માએની.

હોરમજદને, અને શરોશ અશોને, અને અમશાશપંદોને, અને અશોના ફરોહરેને, અને અશોનાં રવાનોને અને હોરમજદના આતશને, અને મોટા ગુરને, અને હર જગોમાં તમાંમ અશોઓનાં બુલંદ બુજોરગ ટોલાને યજશને કરી, અને નીઆએશ કરી, ખુશીકરચ. બુલંદ પરગટકરચ.*

પદો

એથા આઅદ યઅજમેદે અહુરેમ મજદાંમ. તેમ અશોનાંમ ફરઅશેશ નરાંમચા નાએરેનાંમચા યઅજમેદે. અશેમયઅદ વહેશતેમ યયજમેદે. હીઅદ શરેશતેમ. હીઅદ શપેંતેમ. અમેશેમ. હીઅદ રોચો અંઘુઅદ. હીઅદ વીશ પાયોહુ. વોહુચા મનો યઅજમેદે. વોહુચા ખશથરેમ વંઘોહીમચા દેનામ વંઘોહીમ ચા. ફશેરતુમ વંઘોહીમચા આરમેતીમ. યઓઘહે દાતાંમ. આઅદ યઅશનેપેતવંઘ. મજદાઓ અહુરો. વેથા અશાદ હચાં યઆઉંધ્રાંમચા. તાંશચા તાઉશચા યઅજમેદે.

ઉપલાં પદોની માએની.

એ જગોએ એ રેવેશે આરાધુંચ.. દાદાર હોરમજદને. અશો મર

---

* જુઓ યજશનીનો હા ૪ થો .. આરાધું એઆનેભજનકરચ.

દો તથા ઓરતોના ફરોહરોને આરાધું. એ રવેશે બુલંદ શવાબ ધ્યાને અરદીબેહશત અમશાશપંદ જે રોશન જાતનો, જે ઘણો નેક, જે બુજોરગ અને બેમરગછે, કે તમામ નેકી તથા નીઆમત તેથીછે, તેને આરાધુંચ ભલીમનશનીને, અને બેહેતર શાહેબીને, અને ભલીદીનને, અને ભલી શરદારીનાંને, અને ભલી શંપુરણ મનશનીને આરાધુંચ.*

પદો

અશાઉનામવંઘોહીશ ખુરાઉ શપેઅંતાઉ ફરઅશીઓ શતોમે જબધ એમે ઊફધએમે ઇઅજમેદે. નમાનાઆઉ વશીઆઊ જંતોમાઊ દખીઉ માઊ જરથુશતરોતેમાઉ.

ઊપલાં પદોની માએની

અશો ફરોહરો જે નેક, ભલા, એજમતી, બુજોરગ જીઆદતીના કરનારાછે, તેઓની શીતાએશ કરંચ. ઘરના શાહેબોને તથા મોહોલાના શાહેબોને તથા ગામના શાહેબોને તથા જરથુશતનાફરોહરને વખાણુંચ, પદુંચ બોલાવુંચ, પોતાના કરંચ અને આરાધું. †

ઇજશનેમાંથી જે ફકરાઓ ઉપર લખ્યા છે તે પરથી હમારા શેઆના વાંચનારાઓ જોઇ લેશે કે જરથોશતી મજહબ પાલનારાઓ અમશાશપંદોને; ફરેશતાઓને; શુરજ, ચાન, તથા તારાઓને; તરેહ તરેહના આતશો, પાંણીઓ, તથા જાહાડોને; ગોશપંદો, રવાનો, તથા ફરોહરોને, ઇજેચ, તથા ચાહેચ તથા ખુશહાલ કરેચ તથા તેઓની મોહોટાઈ પરગટકરેચ, તથા વખાણેચ, તથા તેઓને આરાધેચ ધ્યાને તેઓનું ભજનકરેચ, તથા તેઓની મદદ.માગેચ, ને કેટલીએક બરકતો પાંમવાને તેઓની વીનંતી કરેછે.

---

* જુઓ ઇજશનીનો હા ૫

† જુઓ ઇજશનીનો હા ૨૬ મો.

વીશપરદનાં પદોં

વશે વો અમેશ શપેઅંતે શતોત જોત જમાત ઇઅશત ફરમેરેત અએગેજરેત ઇઉશમાકેમ ઇઅશનાએચ વહંમાએચ ખશનુંથરાએથ ફરશશતીએચ ઇએદ અમેશનાંમ શપેઅંતાનાંમ અંહમાએકેમ અઉઅં શ્રાચ રતુફરેતીએચ અશતીએચ વેરેથરગનીઆએચ હોરોનીઆચ ઇઅદ શુશીઅંતામ અશોનાંમ પેરીવેઅમેશા શપેઅંતા હુખશથરા દાઉવો દદામે હુતનુ અશચી ખખીઆઉ ઉશતનેમ પેર વીશપાઉ હુજીતીઓ ફશતેવેરને અહે દેનીઅ અશાઉ અહુર મજદ.

ઉપલાંપદોના માએની.

કબુલ કરૂંચ તમો અમશાશપંદોની તારીફ અને વખાણ કરવી. જોતીની ઇજશને પઢવે કરી અને ખુબ શુમાર કરવે કરો તમો ઉપર પોંહોંચું. તમારી ઇજશને કરવી; અને નીઆએશ, આજેજી; કરવેકરી ખુશહાલ કરૂંચ અને બુલંદ પરગટ કરૂંચ તમો જે અમશાશપંદો છેઓ તેઓને નેક શાહેબી અને રદ ગુરનું* પઢવું, અને એશોઇ, અને ફતેહમદી, અને નેક રવાનને જે ફાએદેમંદ અશોઇ છે તે હમોને થાએ. તમો જે અમશાશપંદો નેક શાહેબો અને નેકીના આપનારા છેઓ તે તમુને આપું મારૂ. પોતાનુ તંન અને જીવતમાંમ નેક જીવેઆથી, અને પાક હોરમજદની દીન ખુબ ચાહુંચ.*

પદોં

શશતેચ વંતાચ રફેનેધાચ વીથુશે બીઅશચ જોથરાબોઓ અરશો ખદેબીઅશ વાગજેબીઓ અમેસે શપેઅંતે વંઘેઉશ શરીરાએશ નામાંન

---

* રદ ગુર એટલે મોબેદોના તથા પેહેલવાનોના તથા બુરજીગરોના દશતુરને કેહેછે.

* જુઓ વીશપરદનો કરદો ૬ ઠો

આજખીઅ અમેશે શપેઅંતે વંગેહશ શરોશએશ નામાંન અશહેફ્રાઈએજે એરેજે વંઘેઉશ અશહે એરેજે.

ઉપલા પદોનો માએના.

જોરની આગાહીને ખબર થકી રાશત બોલવે ઇઆને વાર (૨) બે પઢવે જોર કાહાડવાના શખુંન પદો જોર કાહાડીને અમશાશપંદોની ઇઆરી કરી મારી રામશનાને વાશતે. અમશાશપંદો જેઓ ભલાનેક નાંમ છે તેઓને પઢું; અને અમશાશપંદોનાં ભલાં નેક નાંમોને શવાબે કરી બુલંદ ઇજ્જું શવાબની ઉમેદને વાશતે. ∗

વાચનાર શાહેબોને વીંશપરદના ઉપલા બે ફરદાઓની વાતો ખુબ ઇઆદ રાખવી જોઇએ એ વાતો હમે ટુંકામાં હીઆ બતાવીએચ.

૧. અમશાશપંદોના તારીફ, તથા વખાણ કરવા વીશે તથા ઇજશને કરી તેઓની બંદગી મોહાટ અંદેશા શાથે કરવા વીશે છે.

૨. અમશાશપંદોની ઇજશને નીઆએશ, તથા વીનંતી કરી તેઓને ખુશહાલ કરવા તથા તેઓના બુલંદનામ જાહેર કરવા વીશે છે.

૩. અમશાશપંદોથી શાહેબી, શવાબ, પાકીજગી, તથા ફતેહમંદી માગે છે.

૪. અમશાશપંદોને શારૂ તંન તથા જીવથી તમામ જીંદગાની કાહાડવા વીશે છે.

૫. હોરમજદને દીન ખુબ ચાહાવા વીશે છે.

૬. અમશાશપંદોની ઇઆરી પોતાના ભલાને શારૂ માગવા વીશે છે.

૭. શવાબની ઉમેદ એટલે જે ઉમેદ શવાબથી થાએછે તે ઉમેદ હાશેલ કરવાને અમશાશપંદોને પઢવા તથા એજન કરવા વીશે છે.

∗ જુઓ વીશપરદનો કરદો ૫ મો.

ખુરદેહ અવશાંતાનાં પદોની માએની

નોમાજ કરંચ ખુજોરગ શંપુરણુ મનશનીના અશપંદારમદને. ઇજ શને, અને નીઆએશ, અને બુલંદી, તથા જોર કઉઅતે કરી દુઆકરંચ શરોસ અસો જોરાવર તંનનાંને.*

નુરમંદ હોરમજદને બુલંદ કરો માનું. અમશાસપંદોને બુલંદ કરો માનું. નુરમંદ ખાલેસ તેસતર સીતારાને બુલંદ કરો માંનું અશો મરદને બુલંદ કરો માનું.⁘

નમુચ હોરમજદને; નમુચ અમસાસપંદોને. નમુંચ મેહેર ઇજદ જંગલમાં પાશબાની કરનારને; નમુંચ ખોરસેદ તેજઘોડાના સાહેબને, નમુચ હોરમજદના જે પાંણીના ચસમાં છે તેઓને, નમુંચ ગાવીઓદાદને, નમુંચ ગયઓ મરદને, નમુંચ જરથોસત અસપંતમાનનાં અશો ફરોહરને, નમુંચ તમાંમ અસોનો ગેતીમાં જે હમણાંછે, ને પએદાઓ ને થાસે તેને.=

એ માહા બોખતાર મને આપ હીમત અને ફતેહમંદી, મનેઆપ મારી હલાલ મેહેનતથી ખાણું તથા રોટલી, અને ઘણાં બેટાના ફરજંદ તારીફને લાએકના, અંજુમનના કરનાર, અને દુશમનોને ટાલનાર, અને નાહીં તોડનાર અસોલોકોને.**

---

* જુઓ શરોશબાજની માએની દશતુર એદલજીની છાપેલી.

⁘ જુઓ હોશબામની માએની.

= જુઓ ખોરશેદની નીઆએશ.

** જુઓ માહા બોખતારની નીઆએશ.

ઉપલા ફકરાઓમાં વાતો હેવી સાફ લખેલી છે કે તેઓનો સાર હીઆં બતાવવાને કંઈ જરૂર નથી..

પારશીઓ કોણની બંદગી કરેછે એ બારી બાબતનો ખોલાશો એઓની કીતાબોથી કરવાને હમુને અવશતાઓનાં પદો વધારે કાહાડવાને કંઈ અગત રહી નથી. વંદીદદ, ઇજશને, વીસપરદ તથા ખુરદેહ અવશતા. માંથી જે ફકરાઓ ઊપર ટાંકા છે, તેઓ હાલના કાંમને વાશતે બશ છે. તો હવે એબધા ઊપરથી આપણેશું શમજવું જોઇએ કે પારશીઓ એકલા એકજ ખોદાની બંદગી કરનારા છે કે ઘણાઓની બંદગીકરેછે ? જે સાહેબોએ ઊપર લખેલા અવસતાઓ તેઓની માએની સુધાના સાચાં દેલથી તથા વગર તરફદારી કીવેથી વાંચાહસે તેઓએ જોઈ લીધું હસે કે પારશીઓ પોતાની ખાસ કીતાબોથી એકજ ખોદાને માનનારા તથાં પુજનારા ઠરતા નથી, પણતે ઘણાઓને માનનારા ઠરેછે. આપણે ઉપલાં પદો ઉપરથી જોઊંચ કે જે રીતે હોરમજદને પઢવું, એજન કરવું તથા ચાહાવું થાએછે, તેજ રીતે અમસાસપંદો, ઇજદો, તથા ફરોહરો, શુરજ, ચાન, તથા તારાઓ, હવા પાણી તથા આતશો અને પેદાએસ માની કેટલીએક બીજી ચીજોને પઢવું, એજન કરવું, તથા ચાહાવું ફરમાવેલું છે. જે રીતે હોરમજદની નીમાજ, દુઆ તથા વખાણ થાએછે, તેજ રીતે અમસાસપંદો, ઇજદો ફરોહરો; અનુસરો તથા બીજાં ઘણાઓની નીમાજ, દુઆ, તથા વખાણ થાએછે. જે રીતે હોરમજદને નમવું માંનવું તથા આરાધવું ઇ આને ભજવું થાએછે, તેજ રીતે ફરેશતાઓને, તથા નુરી ચીજોને, મીશાલે શુરજ, ચાન, તારાઓ, આતશો, ને બીજી ઘણીએક વસતુઓને નમવું, માનવું, અને ભજવું થાએછે. જે રીતે હોરમજદને ઇઆરીને સાર

બોલાવેચ, ને તેને ખુશી કરેચ. તેજ રીતે પેદા કરેલા એને પણ બોલાવેચ ને ખુંશી કરેચ જે રીતે હોરમજદથી નેકી તથા ફતેહમંદી તથા ફરજંદો ચાહેછે, તેજરીતે અમસાશપંદો તથાઇજદોથી ચાહેછે ને કેટલેએક ઠેકાણે તો હોરમજદને પરતો મુકીને અમશાશપદોં તથા બીજા ફરેશતાઓનીજ બંદગી કરેછે, ને તેઓથીજ બધા આશીરવાદોમાગેછે. જે પદો અવશતાઓમાથી ઊપર બતાવાંચ તે પરથી આ બધી વાતો શાબેતથાએછે, ને એવાતો ઉપલા શવાલનો જવાબ વાલેછે કે, પારશીઓ તેઓની કીતાબો પરમાણે એક ખોદાને નહી પણ ઘણાઓને માનનારાછે જો એ શાબેત નથી થતું તોહમે કહીજીએચ કે દુનીઆમાં કોઇબી વાતની સાબેતી નથી.

હમારા પારશી ભાઇબંધો એ વાતનો ઇનકાર કરે છે એ હમો સારી પેરે જાણીએછઇએં તેઓ શાઊપરથી ઇનકાર કરેછે, એપણ હમો જાણીએછઇએ. આજના જમાનાંમાં જારે શુધરાઇ ને એલમનો વધારો થઇ ગઓછે તારે એક ખોદાને મુકીને ઘણાઓને પુંજનારા કેહેવાને કોણને સરમંદગી નહીં લાગસે? પણ હમુને તેઓનાં મત કે તેઓના વીચારો કે તેઓના બોલવાં સાથે કંઇ કામનથી. હમારૂં તો તેઓનાં ધરમ પુસતકો સાથે કામછે. એ ધરમ પુસતકોમાં કોણની બંદગી કરવા લીસેલપુંછે? એ આપણને જોવું જોઇએ. નેહમોએ એ પુસતોકોના કેટલાએક દાખલાઓથી બતાવુંચ કે પારસીઓ એક ખોદાનેં માનનારા નથી કરતાં. જો આએ હમારી વાતને ટેકો આપવાની જરૂર પડતીહોએ તો હમો ઇઉનાની, રમી, નેબીજી કોમના કાબેલ ને માહાવીદીઆવાન ગરંથકારોની સાખસી આપી સકીએચ, કેજેથી તુરત માલમપડી આવસે કે જરથોસ્તી મજહબની કીતાબોથી વાકેફ થઆથી તેઓ પારસીઓને

ખોદાપરસત હુઆને એક ખોદાની બંદગી કરનારાશમજતા નહીં હતા બલકે તેઓ એ મજહબવાલાઓને હવા, પાંણી, ને આતસની બંદગી કરનારા શમજતા હતા,

પારસા લોકોની ઉપર એક ખોદાને મુકીને ઘણાઓની બંદગી કરવાની વાત જે તેઓનીજ કીતબોથી શાબેતથાએછે, તે વાત ઊડાવી નાંખવાને તેઓએ એક નવો ઈલાજ કાહાડોછે, નેતે એ છે કે હમો પારસીઓ દુનીઆમાંની નુરીચીજોને માન કે આબરૂ આપતાનથી, પણ હમો જરથોસતી લોકો આતસ તથા આફતાબ તથા માહાતાબ વગેરે જે કાંઈ નુરાની ચીજ ચમકાટ તથા રોશની ભરેલી છે તેને હમો હમારો કેબલો કરી જાણીએચ.* હવે હાઆં આપણે જોવું જોઇએ કે એ કેબલાની વાત એઓનીજ કીતાબોથી ટકસે? હમો પુરાં નીશચેપણાથી કહીએચકે એ વાત ટકનારનથી. કેમકે પેહેલું તો એ કે એઓતાં ધરમ પુસતકોમા કોઇબી ઠેકાણે નુરીચીજોનો કેબલો કરવા વીશેલખેલુ નથી હમોએ એ બાબત ઘણી સોધ કીધોછે, પણ એકબીપદ અવસતાઓનુ હમોએ જોઊનથીકે જેમાં પારશીઓને એ ચીજોનાં કેબલો કરવાને ફરમાવેલું છે. હમે જાણીએચ કે દસતુર એદલ દારૂએ અરદીબેહશત હુઅશતમાંથી એક પદ એ બાબત દેખડાવું છે પણ એ પદ ચાલનાર નથી, કેમકે એપદમાં તો અરદીબેહશતની સામા શુનમુખ ઉભા રહીને બંદગીકરવાને લખ્યુછે, પણ અરદીબેહશત જે તમારાજ કેહા મુજબ એક ગેબી ફરેસતો છે તેનો કેબલો કરવા વીસે હમો પુછતા નથી. હમારૂ પુછવું એ છે કે શુરજ, ચંદર, તારાઓ, હવા; પાણી, આતસ, એ વાઓનો કેબલો કરવાનુ તમો કાંહાંથી શીખાચ, એ હમુને બતાવી આપો. વલી એક

* જુઓ મોજેજાતે જરથોસતી પાલુ. ૧૪ ૩

બીજો સબબ કે જેથી કેબલાની વાત ટકનાર નથી તે એ છે કે આગલના જમાનાના કાબેલ અને અંગ્રેજ દસતુરોએ કેબલો કરવાની વાત કાહાડીજ નથી. પણ દીનની બાબતની તકરારોમાં, ને દીનનો ખુલાશો કરવામાં ને જારે હીંદુસથાનમાં આવા તારે શનજાનના રાજાના પુછવા ઉપરથી તેઓએ સાફ કબુલ કીધું કે હમો શુરજ, તથા ચંદરમાહા, તથા આગ તથા પાણીનાં પુંજનારા છંઈએ,* તારે એહપરથી સાફ દેખાએચ કે તે વખતના દસતુરો કે જરથોશતીઓ નુરીચીજોનો કેબલો કરવા વીશે કંઈ જાણતા નહીહતા; ને જારે અવશતાઓમાં એવું કંઈ લખેલું નથી તારે તેઓ બીચારા જાણે તે કાંઈ શા! એ તો આએ સુધરેલા જમાનાએ પારશીઓનાં મોહોમાં એ વાત મુકી છે. વલી એક તીજો સબબ કે જેથી કેબલો કરવાની વાત ટકનાર નથી તે એ કે એ વાત અવસતાઓથી બીલકુલ ઉલટી છે. એ શી રીતે ઉલટી છે એ હમો હમણા બતાવી આપીએચ. જે ચીજનો કેબલો મોહો કરેછે તે ચીજની સામા પોતાના મોહો ફેરવીને જેને તેઓ પોતાનો ખોદા સમજેચ તેની બંદગી ને એબાદત કરે છે. પણ પેલી કેબલાની ચીજની તારીફ કે બંદગી કંઈ કરતા નથી. હવે પારશીઓ કહેછે કે હમે તો નુરીચીજોનો ખાલી કેબલોજ કરીએછીએ એ વાત જો ખરી હોએ તો તે ચીજોની કંઈ તારીફ કે બંદગી થવી નહીં જોઈએ, પણ અવશતાઓમાંતો સુરજ, ચાન, તારાઓ પાણી, આતશ, ને એ વગરે બીજી ચીજોના નામ લઈને, તેઓના ગુણો બતાવીને, તેઓની તારીફ કરીને, તેઓની બંદગી કરેછે. એ બીનાનો એક દાખલો હમો હીઆં આપીએચ.

* જુઓ કરામે નારાણ, કીસ્સે સનજાંન, જરથોસ્ત નામુ નેબાજીશાતામો

ઈજશનેનો હા ૭૦ મો તેના પદો

વીશપાઊ ઉરુઆરાઊ ઊરુઆથમી સચ પેતે વરેશ ઉસચ યઆજમેદે વીશપાંમચ જાંમ યઆજમેદે. વીશપેમચ અશમનેમ યઆજમેદે. વીશપેશચ શતરે ઊશચ માઊઘેમચ હુઆરેચ યઆજમેદે. વીશપ અનગર રોચાઊ યઆજમેદે. વીશપાંમચ ગાંમ ઉપાપાંમચ ઊપશમનામચ ફ્રપતરેજાતાંમચ રેઉઅશચ રતાંમચ ચંગરધ્રાચશચ યઆજમેદે. વીશપેતે અહુરો મજદાઉ હુઆગો વંઘોહીશ દામાંન અશોનીશ યઆજમેદે. યઆએશ દઘ એત પોઉરોચ વોહુચ યઓએતે હેતે યઅશનીઆચ વહમીઆચ. અશા દહચ યઅદ વહેશતાદ વીશપાઉશચ ગેઊઓ અશ ખાથ્રાઉ યઆજમેદે. વીશપાઉશચ વેરીઓથ મજદદાતાઉ યઆજમેદે. વીશપેચ આતરો યઆજમેદે. વીશપેચ વાચો અરશ ઉખદો યઆજમેદે. *** નેપાતીએચ નેશંઘરેવીએચ હરેથરાચ એરીઆ ખશથરાચ હુઆંઘેમ મેણુયએતે.

ઊપલાં અવશતાની માએના.

તમામ જાહાડોને આરાધુંચ યઆને ભજુંચ, કે જે જડથી વધેચ અને થડ ધરાવા સાથે મોહોટા થાએચ. તમામ જમીનને આરાધુંચ. તમામ આસમાનની આરાસતગીને આરાધુંચ તમામ શીતારાઓને અને માહતાબને (ચાન) તથા રોશનઆફતાબને (સુરજ) આરાધુંચ તમામ બેશુમાર રોશનીને આરાધુંચ. તમામ ગોશપંદો જે તરીના અને ખુશકીના અ

ને પરંદાઓનો અને જંગલનાં વેહેશી જાનવરોને અને ચોપગાઓને આરાધુચ. તમામ ભલી પેદાએશ તુ હોરમજદની ગેરાંબાર અને પાકને આરધુચ, કે તે પેદાએશ ઘણી બેહેતર પેદા કીધોચ, કે તે પેદાએશ છે ઇજશને તથા નીઆએશને લાએક. જે અસોઇથી ઇઆને પાકેજગીથી ઘણી બુજોરગપાક આશાનીના તમામ પાહાડોને આરાધુચ. તમામ ગોફાઓ હોરમજદના પેદા કીધેલાઓને આરાધુચ. તમામ આતશોને આરાધુચ. તમામ રાશત શખુનોનાં બોલવાને આરાધુચ** પાશબાનીને વાશતે, શરદારીને વાશતે પરવરશ તથા નગેહબાંનીને વાશતે અને બુજોરગ શાહેબીને .વાશતે તેઓ મારા પોતાના થાએ.

હવે વાંચનારા શાહેબો તમો ખુબ ગોર કરીને જુઓ કે ઉપલાં પદોમાં નુરાની વગેરે બીજી ચીજોના કેબલા વીશે લખેલું છે કે તેઓની બંદગી વીશે લખેલું છે ? કેબલા વાશે તો નહી, પણ તેઓની આરાધનાએટલે ભજન વીશે શાફ લખેલું છે. એવાં શેકડો બીજાં પદો છે, બલકે એવાંથીજ અવશતાઓ ભરાએલી છે, ને તોબી હમારા પારશી ભાઈબંદો કેહેચ કે હમો પેદાએશની ચીજોને ભજતા નથી; હમો તો માતરે તેઓને કેબલો કરીએછઇએ. પણ અજબતાં કેબલાનો પોશાગ પેહેરે નહી તો પછી શરમ કેમ ઢંકાએ?

વલી કેટલાએક પારશીઓ કેહેછે કે, "હમો અગનીને તથા પાણીને તથા સુરજ ચાંદને ખોદા કરી જાણતા નથી, તથા માનતા નથી, પણ એ બધી ચીજો ઉપર એક એક ફરેશતો મવકલ રાખેલોછે, તે ફરેશતાઓને વશીલે હમે ખોદાએતાલાની બંદગી અને એબાદત કરીએચ." વારુ, કરો; પણ કેઇ કીતાબના આધારાથી? કીઆં પદોમાં ફરેશતાઓના વશીલાથી ખોદાએતાલાની ભગતી કરવાને તમુને ફરમાવેલું છે? કે કીઆ અવશતાથી

તમો શાહેબો હમુને શાબેત કરી આપશો કે ફરેશતાઓનો કેબલો કરવો તમુને શજાવારછે. હમોતો એહબી નથી જાણતા જો તમો નુરાની ચીજોને માનતા કે ભજતા નહોઓ તારે તો બંદગીકરવાનાં બોલો જે ફરેશતાઓ તમારા કેહા મુજબ તે ચીજો ઉપર મુકેલા છે તેઓનેજ લગડવા જોઇએ; પણ એ બેહુને, એટલે તે ચીજોને તથા તેઓ ઉપરના ફરેશતાઓને લગાડવા નહી જોઇએ. જો લગાડો, તારે તો એ શાફ દેખડાવોય કે જેમ એકને તેમ બીજાને પણ તમો માનોછેઓ. હવે તમારૂં ભણંવુ એવી રીતનુછે, કે તેથી તમો જેમ ફરેશતાઓને તેમ નુરાની ચીજોને પણ માનનારા ઠરોછેઓ. કેમકે તમો અવશતાઓના પદો ભણોછેઓ ને અવશતાઓનાં પદો જે હમોએ ઉપર ટાંકાંછે તેને બીજાઓ જોતમા વગર તરફદારીએ તપાશશો તો જોશો કે જેટલાને જેવા બોલો ફરેશતાઓનાં નામ ઉપર તમે વાપરોચ તેટલા ને તેવાજ બોલો નુરાની ચીજોના નામ ઉપર પણ વાપરોછેઓ, — જેમ ખોરશેદ ઇજદને તેમ સુરજને જેમ માહુર ઇજદને તેમ ચંદરમાહને; જેમ અશપંદમદને તેમ જમીનને; જેમ અરદીબેહશતને તેમ આતશને; ને એ પરમાણે બીજી ચીજો તથા તેઓ ઉપરનાં ફરેશતાઓને બોલાવવું તથા ભણવું અવશતાઓથી થાએછે તારે એથી તો પૂરૂં નીશચેથાએછે કે નુરાની ચીજો પરના ફરેશતાઓનેજ તમો બોલાવતા ને માનતા નથી, પણ તે ચીજોનેજ બોલાવો તથા માંનો છેઓ. જો એમ ન હોએ તો શા શારૂ તમારી કીતાબોમાં જેમ ફરેશતાઓનુ તેમ તે ચીજોનુ બાખુતર કરવાને લખુંછે, વલી અવશતાઓમાં હમોએ જોઇએ કે ફરેશતાઓ હોરમજદ જેને તમો ખોદા કરી કહોચ તેના બરાબરીઆ છે. કેમકે જે રીતે અને જે વેલા હોરમજદની ભગતીતથાતારીફ

થાએછે. શું કે અવશતાનો પઢનાર એમ કેહેછે કે હું દાદાર હોરમજદને આરાધુંચ? તો તે બોલી રહો કે તેજ વેળા તે કેહેછે કે હું અમશાશ પંદોને) જેઓ ફરેશતા છે) તેઓને અરાધુંચ, એટલે તેઓની ભગતી કરૂંચ શું તે હોરમજદની મદદ માગેછે? તો તેજ વેળા તે ફરેશતાઓની બી મદદ માગેછે. શું તે હોરમજદથી દુશમનો ઊપર ફતેહમંદી, તથ ફરજંદો, તથા શવાબ, માગેછે? તો તેજ વેળા ફરેશતાઓ પાશેથીબી એ બધું માગેછે. શું તે હોરમજદને બુલંદ પરગટ કરેછે, ને તેની તારીફ કરેછે? તો તેજ વેળા ને તેજ રાતે ફરેશતાઓનેબી બુલંદ પરગટ કરેછે ને તેઓની તારીફ કરેછે. શું તે કેહેછે કે હું મારૂં તન અને જીંદગી હોરમજદની બંદગી તથા ખીદમતમાં કાહાડીશ? તો તેજ વેળા ફરેશતાઓની બંદગી તથા ખીદમતમા પણ પોતાનુ તન તથા જીંદગી વાંપરવાને તે કબુલાત આપેછે. જે પદો હમોએ ઊપર બતાવાંછે તેઓથી નેબીજા હજારોથી હમારા દાંના વાંચનારાઓ જોઈ લેશે કે ફરેશતાઓને હોરમજદની શાથે શામેલ કરા વગર અવશતાઓમાં બંદગી અને ભગતી કરવાને લખ્યુંજ નથી. હમારા ભાઈબંધો ફરેશતાઓને વશીલે ખોદાએતાલાની ભગતી કરવા વીશે જે કેહેછે તે તો એક ખાલીબાહાનુંછે. નેહેવા બાહાનાઓએ નુરાની ચોજો તથા ફરેશતાઓની ભગતી કરવાની નામોશીથી છુટવું મુશકેલ છે. વશીલો કરવા બાબત હમે આગલ એક બે શતરોં લખનાર છઈએ, તે ઉપર હમારા વાંચનારાઓએ ધેઆન પોહોંચાડવું

પારશીઓ ખોદાપરશત એટલે એક ખોદાને પુજનારા નથી, પણ ઘણાંઓને પુજનારા છે, એ હમોએ એઓનીજ કીતાબોથી શાબેત કરીઆ પુંચ પઢવું એજન કરવું, ઇઆને પોતાની મદદે બોલાવવું, ચાહાવું, ખુશકવું બુલંદ પરગટ કરવું, આરાધવું, ઇઆને ભજન કરવું વખાણવું

પોતાના કરવું; આજેજી કરવી, ઇઆને વીનતી કરવી; માગવું; નીમાજ કરવી; ખુશંદ કરી માંનવું; નમવું એબધાં બંદગી અને ભગતી કરવાના બોલો છે. વંદીદાદ, તથા ઇજશને, તથા વીસપરદ, તથા ખોરદેહ અવશતામાંથી જેપદો હમોએ ઉપર ટાંકાં છે તેપરથી આપણે જોઇએ કે એ બધા બોલો જેમ હોરમજદનાં નામને લાગુ પાડછે તેજ મીસાલે ફરેસતાઓ, અને પેદાએશમાંની નુરાની તથા બીજી ચીજોનાં નામોને લાગુ પાડછે. તારે એથી શાફ દેખાએછે કે પારશીઓ ખોદાપરશત નહી, પણ મુશરીક, ઇઆને ઘણાઓને પુજનારા પોતાઓનીજ કીતાબોથી સાબેત થાએછે. એઓએ પોતાને ખોદાપરશત નહી કેહેવું જોઇએ, પણ અમશાસપંદો તથા ઇજદો ઇઆને ફરેસતાપરસત; આસમાનપરસત; સુરજપરસત; ચાંનપરસત; શેતારાઓપરસત; નુરપરસત; હવાપરસત, દુનીઆપરસત, દરીઆપરસત, ચસમાપરસત, આતશપરશત ઊરઅરપરસત, જરથોશતપરશત ફરોહરેપરશત ગાથાપરસત, ગેહેપરસત, માજદી અસનીદીનપરશત, ગોસપંદોપરસત, ને હેવા બીજા પરસત, ઇઆને પુજનારા કેહેવા જોઇએ.

ને હવે એઓને એક બે બોલ ભલમણસાઇ તથા નમણતાઇની રાહે કેહેવાને હમે રજા લીજીએચ.

પેઆરા દેશીઓ, હમોએ જે વાતો ઊપર લખીચ તે તમારાં દીલો દુખાવવાને કે તમુને ખીજાવવાને નથી લખી. એવું કીધાથી હમુને કશો ફાએદો આએ કે આવતી જાંહાનમાં થનારનથી, બલકે ઉલટા ખોદાએ તાલાના ગુનાહગાર થઇશું. હમારી મતલબ એ વાતો લખવાની માતર એજ છે કે તમો ખોદાપરશતનો દાવો જે ઉઠાવોછોઓ તે દાવો ખોટો તથા ગેરવાજબી છે એ હમે તમારા દીનની કીતાબોથી બતાવી આપીએ

ને એ હમે ખરેખર બતાવી આપું છે એ તો જે કોઈ શાહેબો આ ટુંકું
ચોપાનીઉં ધેઆન લગાડીને વગર તરફદારીએ વાંચશે તે કબુલ કરશે.
તમો જેવા દાંનાં અને ચુંચલ અને આબરૂદારોને ખોદાએતાલાની પરશ
તીસ ઈઆને બંદગી કરવાની બાબત ચુકમાં ચાલતા જોઈને હમુને મોહો
ટો સંતાપ તથા દુખલાગેછે. હમો તમારા અંગોનુ અંગ, ને લોહીનુ લો
હીછઈએ, તમારામાં પેદા થએલા ને પલાએલા ને ઊછરેલા છઈએ, વાસ
તે તમારાં શુખ ને દુખ હમારાં શુખ ને દુખનાં જેવાં હમુને લાગેછે,
ને એ સારૂ જારે હમે તમુને હાવી ભારી ચુકમાં જોઈએચ તારે ગમગી
ની તથા દુખો હમારાં દીલોને પકડેછે. અએ પેઆરાઓ, બેશક કરીમાનો
કે ખોદાએતાલાની બંદગી વીશે તમો મોહોટી ચુકમા છેઓ. એ તો હેતું રો
શનછે કે જોતેમને માનવા ચાહાતા હોઓ તો તમારેથી માના વગર રહી
શકાએનહી. શુ, જેઓ પેદા કરનારને મુકી દઈને પેદાકરેલાંઓને માનેછે
તથા પુંજેછે તેઓ મોહોટી ચુક નથીકરતા? તમો પોતેજ કબુલ કરશો કે
હા, તેઓ ભએભરેલી ચુકમાં ગીરફતાર છે. તારે તમારો હાલ હેવોંજછે
તમારી કીતાબોથી તમો નુરની ચીજો તથા ફરેશતાઓના માનનારા તથા
પુજનારા ઠરોછેઓ ને એવુ કીધાથી તમો હલાકી ભરેલી ચુક કરોછેઓ
ખોદાએતાલાએ જે કઈ પેદા કીધું છે તે પોતાની બુજોરગી તથા જલાલ
ને શારૂ કીધુ છે, કે તે બધાંથી તેશાહુબના બંદાઓ તેની પીછાન વધારે
કીએ; તેના ઉપર વધારે પેઆર કરે; અને તેની તારીફ તથા શીતાએ
શમાં લાગુરહે. પેદાએશમાંની નુરની તથા બીજી ચીજો ગમે તેટલી મો
હોટી અને ફાએદેમંદ હોએ, અને ફરેશતાંઓ આપણ બાકી બંદાઓથી
અમે તેહબા બુલંદ તથા બલવાનહોએ, તોબી તેઓ બધાં આપણી કાંસી

પેદા કરેલાં છે, ને તે શારૂ તેઓ આપણથી માન કે બંદગી પાંમવાને લાએક નથી. દુનીઆમાંની કોઇબી ચીજની બંદગી કીધાથી તમુને શો ફાએદો થનાર છે? તમો શુરજને કે ચાનને, કે તારાઓને, કે હવાને, કે પાણીને. કે આતશને, કે કોઈબી બીજી ચીજને જારે બોલાવોચ ને તેઓની આગલ બણોચ તારે શું તેઓ તમારૂ શાંભલશે; ને તમારી મોરાદ પુરી પાડશે શાંભલનારાઓ તથા મોરાદ પુરીપાડનારાઓમાં તો જીવ, શમજ, કુદરત, ઇછા, ને એવા બીજા ગુણો જોઇએચ, પણ એવા ગુણે એ ચીજોમાં નથી, એતો તમો શાફ દેખોછો. તેઓ નથી જોતાં, કે નથી સાંભલતા, કે નથી બોલતાં, કે નથી ચાલતાં, તારે તેઓ તમારે શારૂ શું કરી સકશે? કઈબી નહીં વલી, જાર તમો ફરેશતાઓને બોલાવોચ, ને તેઓનાં નામની બંદગી કરોચ, તારેશું તમો બરાબર જાણોચ કે તે ફરેશતાઓ તમારી પાશે છે? ને તમાંરૂ માગવું શાંભલેછે? ને તમારી અરજો તેઓ પુરી પાડશે? તમો કોહોચ કે હર એક ચીજ પર અકેકો ફરેશતો મુકાએલો છે. વારૂ; તારે હવે તે એક એક ફરેશતો કેટલાં આદમીને એકજ વખતમાં શાંભલી લીએછે? ને કેટલી લંબાઇથી શાંભલે છે? ખોરશેદ જે તમારા કહા મુજબ સુરજની ઉપર છે તેનો એક દાખલો લેઓ. સુરજ પરથવીથી (૯૫૦૦০০০০) નવકરોડ ને પચાશ લાખ મઇલ દુર છે. તારે શું ખોરશેદ એટલા મઇલ દુરથી તમાંરૂ શાંભલે છે, ને એ ખોરશેદ કેટલા જણને એકદમ શાંભલી લેહે? મુંબાઇ, નોશારી, શુરત, ભરૂચ, ને ઇરાનમાં જે પારશીઓછે તેઓ જો ખોરશેદની ઉપર એકજ દાહાડે ને એકજ વેલાએ બંદગીનો પોકારમારેતો શુ તે બધાઓને શાભલવાને તે શામરથવાન છે? કે કોઇનેબી શાભલવાને તેનામાં શામરથ છે? તેનામાં કે કોઇબીજા ફરેશતામાં હેવું શામરથ નથી

તેઓ આપણી કણી ખોદાએતાલાના બંદાઓ છે, ને તે શાહેબે તેઓને પોતાની બંદગી તથા ખીદમત કરવાને બનાએલાછે. તેઓ તેના શીવાએ કોઈ બીજાની બંદગી કરતાનથી, કાંકે તેઓ જાણેછે કે કોઈબીજો હેવા ને લાએકનથી. આંપણી બંદગી શાંભળનારને આપણા દેલની મોરાદો પુરી પાડનારમાં ખોદાઈ શીફતો ને ગુણો જોઈએચ,— એટલે પેદાએસની બધી ચીજોનો તેમાલેક હોએ; તે આપમુખતીઆર હોએ; તેનામાં અપાર શામરથ, સારાપણુ, તથા ગનાન હોએ તેની શાહેબી તથા નેગાહ બાની શકુની ઉપર હોએ; તે કુલે મકાનોમાં હાજર હોએ; અને તે માણશો નાં દેલ પીછાનનાર હોએ. બંદગી પામનારમાં હેવા ગુણો તથા શીફતો જોઈએ, ને જેનામાં હેવા ગુણો તથા શીફતો નથી તેની બંદગી કરવી એમાહા નાદાની ભરેલુ કામછે એટલુજનહી. પણ એ મોહોટો ગુનાહ છે. ને જારે તમો ફરેશતાઓને આરાધોચ ઇઆને ભજોચ તારેતમે તેઓ ને ખોદાઇ શીફતો તથા ગુણો આપોછો, કે જેથી તમો તેઓને ખો દાએ તાલાના શરીક ઇઆને બરાબરીઆ ગણોચ, ને એ જેવુ પાપ બીજુ કઈનથી. શુ એ પાપ નથી કે જેઓ ખોદાએતાલાનાં બંદાઓ છે તેઓને ભજીને તમો તેઓને ખોદાઇ મરતાબો આપોચ? આ બીના શાફ સમજવાને એક દાખલો લેઓ.— જો જે શરકાર આપણી ઉપર હમણા હકુમત કરેછે તેને મુકી દઈને રશતામાંના મજુરો તથા ભીખા રીઓને પકડીને તેઓને કહીએકે તમો હમારી શરકાર છેઓ, ને જે માન આબરૂ શરકારને આપવી જોઈએ તે તેઓને આપીએ, તો જે બરેખરી આપણી ઉપર હકુમત કરનાર સરકાર છે તેને ભલટો હેલુ કી ધાથી શુ અપણે અપરાધ નથીકરતા? જો કોઈ શાહેબો પોતાની અકલ વાપરીને આલતા હશે તેઓ તુરત કેહેશે કે હા, એ મોહોટો અપરાધછે

તારે ફરેશતાઓ જેઓ ખોદાએતાલાના બંદાઓ છે, તેઓને ખોદાઇ મરતબો આપીને તેઓની બંદગી તમે કરોછોઓ એમાં કેટલો મોહોટો અપરાધ તે શાહેબની જોલદાઇમાં તમે કરોછોઓ? મજુરો કે બીબાજીઓ તથા સરકારની વચે તો મુકાબલો કરવાના કેટલી કારણો મલીઆવેછે, એટલે તેઓ માણશો છે, તેઓને તન તથા જીવ છે. તેઓમાં બુધી તથા અકલ છે; પણ ખોદા તથા ફરેશતાઓની વચે મુકાબલો કરવાના કંઇજ કારણો નથી,— એકતો પેદા કરનાર, બીજાઓ તેનાથી પેદા થએલા; એક આપ મુખતીઆર, જેચાહે તે કરનાર, બીજાઓ તેના બંદાઓ, કે જેનાઓથી કાંઇ પોતાની ઇછા પરમાણે થાએ નહી; એક શહુનો પાલનાર, બીજાઓ તેની બખશેસથી પલનારા, તારે ફરેશતાઓ જેઓમાં બંદગી પામવાની કઇ લાએકી નથી,— અને જેઓ તમારી બંદગી શાંભલીને તમારી મોરાદો બર લાવી સકતા નથી, તેઓના નામ લઇને ખાલી ભણતર કીધાથી તમુને શો ફાએદો થનારછે? ફાએદો થવાને ઠેકાણે તમારો બીગાડ ઉલટો થાએ છે એતો તમે તહકીક કરીને જાણજો. અએ પેઆશઓ, તરે તમારી ચુક શુધારો, અને જે તમારો પેદા કરનાર છે તેનીજ બંદગી અને આરાધના કરો. જો તમે એ તમારી ચુકમાથી નીકલાનથી, તો તમારૂ કલેઆણ થનાર નથી. થાએ તેકેમ? તમારામા નાદાનાઇ તથા અકલની ખામી નથી,— તો એક જરા અક્લ દોડાવીને જુઓ કે, જેઓ પોતાના પેદા કરનાર ને મુકીને પેદા કરેલાઓને માનેચ, નમેચ, ને ભજેચ તેઓનુ કલેઆણ તે કેમ થાએ? શું. જેઓ પોતાનો જે ખરેખરો માલેક છે તેને મુકીને બીજાઓને વળગે છે તેઓ ફીતુરીએ તથા બલવાખોરોમાં નહી ગણાશે? ને ફીતુરીઓ તથા બલવાખોરો

કેવાં ફલો આપે છે, એ તો તમો જાણોછો. ઓ, તારે ફેરો, ફેરો ને તમારા ખોદાને આધીન થઇને તેની એકલાનીજ બંદગી કરો. તેજ એકલો બંદગીને લાએક છે. તેજ તમારૂ બધુ શાંભળી શકેછે, તેનાથીજ તમારાં દીલની બધી મોરાદો પુરી પડશે. તે બધાં મકાનોમાં તમારી દુવાઓ શાંભળવાને હાજરછે. તે તમારાં દીલોની ગરજો શારીપરે જાણે છે. અને પોતાની ભરપુરીમાથી તમારા ખપો પરમાણે આપવાને તઇઆર રેહેછે. તેનાથી આપણું જીવવું, તથા ચાલવું, તથા ટકવું થાએ છે. "અએ ખોદા, મોહોટાઇ, તથા કુદરત, તથા બુજોરગી, તથા ફતેહમંદી, તથા અજમત તારી છે; કેમકે આશમાન તથા જમીનમાં જે છે તે સરવ તારૂં છે. અએ ખોદાવંદ, પાદશાહી તારી છે. અને તું સઉની ઉપર છે. દોલત તથા ઇજત તારૂથી છે; અને તું સઘલાની ઉપર હુકુમત કરે છે. તારા હાતમાં કુદરત તથા હીમત છે; અને મોહોટો કરવો તથા જોર આપવું તારૂજ છે." હવા ખોદાની બંદગી તથા તારીફ કરવાને હમે તમારી વીનંતી કરીએછીએ. એક મોહોટા દીનદાર શખશ થઇગઓ છે તેની કણી તમે પણ પોતાને તથા કુલે આલમને તે શાહેબની તારીફકરવાને બોલાવો,—"અએ મારા જાન ખોદાએતાલાની તારીફ કર; અને મારામાં જે બધું છે તે તમે તેનાં પાક નામની શીતાએશ કરો. તનો ફરેશતાઓ, તેની તારીફ કરો તેની બધીફોજ, તથા તેને ખુશકરનારા તેના બંદાઓ, તમો તેની તારીફ કરો. તેના પેદા કરેલા સરવ કામો તમે તેની તારીફ કરો. અએ મરા જાન, તું તેની તારીફ કર."

પણ વશીલા વગર ખોદાએ તાતાની બંદગી તમે કેમ કરી શકશો? વશીલો આપુને જોઇએચ. તેની અગતો તમુનેબી લાગે છે, વાશતૃ

તમે ફરેશતાઓનો વશીલો કરવાનુ કેહોછો, પણ વશીલો શા કારણને લીધે કરવો જોઇએ, એનો જારે તમે પકો વીચાર કરશો તારે જોશો કે ફરેશતાઓથી એકામ કદી નહી બને. વશીલો શા વાશતે આપુને કરવો પડે છે? કેટલાએક લોકો કઇ હેવું સમજેચ કે જાણે ખોદા આપણેથી લાખો ને કરોડો ગાઊ દુરરેહે છે. વાશતે તેની દરગામાં આપણી બંદગી પોહોચાડવાને આપુને કોઈની મદદ જોઇએ. વલી બીજાઓનો ગુમાન હેવો છે કે જાણે ખોદા આપણુ બધા ઓને એકદમ શાંભલી શકતો નથી, વાશતે તેણે ફરેશતાઓને ઠેરાવા છે કે તેઓ આપણી બંદગી શાંભલી ને રફતે રફતે તેને શંભલાવે. અને વલી કેટલા એકો-નો વીચાર એવો છે કે જેમ કોઇએક બુજોરગ તથા નામદાર શખસ ની હજુરમાં જવાને આપુને ભલામણ જોઇએચ, તેમ હકતાલાની હજુરમા જવાને આપણી તરફથી ભલામણ કરનારા કોઈ જોઇએ. પણ આબધો નાદની ભરેલી વાત છે. જેઓ હુવા કાંગણો બતાવે છે તેઓ શાફ દેખડાવે છે કે તેઓ જે બોલેચ તે શમજતા નથી. એ કારણો હલકા તથા જુઠાં છે અને ખોદાએતાલાને હલકાઇ તથા નામોશી લગાડનારા છે ખોદાકઇ આપણેથી એટલો દુરનથી કે આપણુ શાંભલવાને તે કાશ-દોરાખે,—કે હેવો કમજોર નથી કે તેને મેહેતાં મુરશદોનો ખપ પડે,—કે હેવો મગરૂર નથી ખુશામતીઆ વગર તેની પાશે જવાએ નહી. અફ-શોશ છે કે લોકો તેના વીશે હેવુ કઈબી શમજેછે. વશીલો કરવાનુ ખરે ખરૂ કારણ આપણા ગુનાહો છે. આપણે ગુનાહો કીધાથી સજાનો દંડ આપણીઉપર છે. એ દંડથી છુટા અગાઉ આપણેથી શાચા દેલથી બંદગી થતી નથી. કદાચને બાલીલવારો કરીસુ. પણ જે બંદગી ખોદાએ તાલાને પશંદ છે તે શજાના બોજાશાથે આપણેથી થાએજ નહી. જેના

માથાઉપર અતીશે ભારી બોજો છે, તે શું કરી શકશે? કંઇજ નહી. અથવા જે કોઇ શરકારનો મોહોટો તકશીરવાન છે, તે સખશ દીલથી ચાહીને શરકારની પાશે કેમઆવશે? તે આવનારનથી, આપણોં પણ હાલ હેવોજ છે. ને એ હાલમાથી નીકલવાને આપુને વશીલો જોઇએચ. હવે હમે તમુને પુછીએચ કે શું ફરેસતાઓ એ મુસકેલ ભરેલા હાલમાંથી આપણુને કાહાડી સકશે? તેઓમાં શુ હેવી કુદરતછે કે બેશુમાર ગુનાહોની સજાથી તેઓ આપણુને છોડવે? તેઓ છોડવી સકતાંનથી, તેઓમાં હેવુ કરવાની કઇ મકદુર નથી, કેમકે આપણી કણી તેઓ પણ ખોદાએતાલાના બંદાઓ છે. ગુનાહોની સજાનો બદલો આપાવગર તેસજાથી આપણે છુટતા નથી. એ તો ખોદાએતાલાનો એક મજબુત ઠેરાવ છે, ને એ ઠેરાવથી તે કદી ઉલટુ કરશે નહી. તમો કેહોછો કે ફરેસતાઓ હમારો વશીલોછે, તો શુ ફરેસતાઓએ તમારી તરફથી સજા ભોગવી છે? ને તમારા ગુનાહોનો બદલો ભરીઆપોં છે? ના, ના, એ કોઇના સાંભલામાં પણ આવુનથી તારે હેવુ ન કીધા છતાં તેઓ તમારો વશીલો કેમ થાએ? ઓ પેઆરા, એક જરા વીચારો, ને આ ખાલી તકરાર છોડી દેઓ. એથી તમને કશો ફ એદો પોહોચનાર નથી. હા, વશીલો કરવાનુ કારણ તમે નીતે જોતારહો; અને ખોદાએતાલાએ આપણી ઊપર રહમ કરીને જે વશીલો આપણે સારૂ ઠરાવો છે, તેનો આસરો પકડો. ઇસા મશીહ ઇઆને ઇશુ ખરીસટ આપણે ખરો વશીલો છે. તેજ એકલોઆપુને ગુનાહની સજાથી છોડવી સકેછે, કેમકે કામેલ કુદરતનો ખાવદ છતાં તે સજા તેણે પોતા ઊપર આપણો જામીન થઇને લીધી છે. તેની જામીનગરી ખોદાએ કબુલ કીધી છે, ને જે કોઇ તેન ઉપર વીસવાસ કરેછે તેનો છુટકો થાએછે. તે પર જે વીસવાસ કરેછે તેનો દંડ ઠરાવાતો નથી પણ જે વીસવાસ નથી કરતો તેનો દંડ હમણાથીજ ઠરાવો છે. ઓ પેઆરા દેશીઓ, હમે તમારી વીનતી કરીએચ કે તમે ખરીસટનો વીસવાંસ કરો. એથી તમારૂ કસુ નુકસાન થનાર નથી, બલકે ઊલટો તમારો સુધાર થશે,

તમો તમારા કીધેલા ગુનાહોનીમાફી પામશો. ને ગુનાહાના બોજાથી હલકા થઆથી તમે પાક ખોદાએની બંદગી તથા ખીદમત કરવાની રાહા ઉપર દોડશો, અને હમેસાંની જીંદગી ભોગવશો. જો આ વાતનો ખોલાશો વધા રે પામવાની ખાહેસ તમે રાખતા હોઓ તો ઇસવી મજહબની કીતાબો વાંચાથી મલી આવશે.

હકતાલા તમુને પોતાની રોશની આપે, અને પોતાની રાહામાં તમુને ચ લાવે, અને તમારી ઉપર પેઆરની છાયા રાખે, અને તમારી મુસકેલ આ સાનકરે, અને આ તથા આવતી જંહાનમાં તમો સલામત રેહો, હેવી હમારી દુઆ તમારે વીશે નીતે છે.

હવે જે હમેશાનો પાદશાહ, જે બેમરગ, અણદીઠ, તથા એકલા દાના ખોદા છે તેને બુજોરગી તથા જલાલ સદા હર વખત હોજો —આમીન.

ઉપલાં ચોપાનીઆં ઉપરથી ખુલ્લુ નજર આવેછે કે પારશીઓનાં ધરમ પુશતકોનાં આધારથી એ ટોલાઉપર જુદ દીન લોકો જે તોહમત મેલેછે તેમાંતો કાંઈ નવાઇ નહી પણ જારેકે જુદ દીનો ની માફક હમ દીન લોકો તેવુજ બોહોતાંન મેલી હરોફાઇ કરવા ઊભાથાએછે. તેજોઇ નીશચે મોહોટુજ દુખ લાગવાજેવુ અને લગાડવા જેવું થઉછે એવાત ઘણી જ નવાઇ જેવીછે. અને તેકરતાં વધારે નવાઇતો એછેકે હાલીઅગતની બાબતમો જરતોસતી ધીરકાના કોઇબી આલમ દાંનાવ કે દોલતમંદ શાહેબે ધટતુવેઆંન આપીને જોઇતા ઇલાજ લાંબીમુદતથી લીધાનહીં બલકે એજરૂરી બાબતનેજાણે ઘેબામાં કાહાડીનાખીહોએ એમજ સાફ જણાએછે. વારૂ કબી એ ચોપાંનીઆનો જવાબ નહી આપીશકાઓતો અથવા આપવાને મુનાશેબનહી જાણેઉતો ધરમેલ તેબાબે પરપુછ કરી પોતાની ધરમજેવી માહાભારત ઇમારતની પાએદારીવીશે કાંઇબીવીચાર કરવાંની જરૂર હતી તેપણ કાંઇ કીધુંનથી જેકે ઇઅજદાપરશતી એટલે જે એકખોદાને આ-રાધવા ભજવા નેકેહેછે તે જેવા બુજરગ અલકાબનો ખાશ બેતાબ પારશી લોકો નેવાશતેછે તેવો કોઇબી ધરમવાલાનેવાશતે જોવા જાણવા મોનથી તેછતાં હેવાખાશ બેતાબનાં ખરાહકદાર તથા દાવેદાર લોકો એ બેતાબી અમલથી બેનશીબ થઇપડવાથી બીનઅલકાબ વાલા તાનેજની કરેછે તેને જોઇએઅલકાબી ટોલામાંથી કેટલાએકનાંવાકેફ લોકો તેમનીશાથે શામેલથાએછે તાંહાં શુધી પારશી આલમોની નીદખુલી નહી નેખુલતી નથી તેથી એતોહોમત ભરેલાંતીરનો જખમ શદાકાલ વેહેતોરાખી ફકત દુનીઆતલબી તથા નફશ પરવરીમોજ ગુજારો કરવા એટોલાંના ખાશોઆમ દુરશત શમજતાહોએ એમખુલ્લુ શાબેત થાએછે તથા એવાતથી નીશચે પારશીઈઅજદાપરશતોના દીલ તા. જીગર બેહદ જખમી થાએછે તેજખમનો મરહંમ• મેલવા પાક એજદા પોતેજ હાલજમાને હકીમથાએતોજ એ જખમરૂજાએ થાથીકે એનામવર ટોલાનાશરવે ખાશોઆમશાહેબો તોજાણે દુનીઆદારીતથા તનપરવરીમોજ ઇઅજદા પરશ

તી હોએ એમ શમજી બેઠાછે. અને શમજાવનારા શમજાવેછે વાશ્તે ઇઅજદાપરશતોમાંથી જો કબી કોઇ બોદાનો બંદો એ ગફલત ભરેલી ધુંવર બીશાડવાનો ઊપાએ લીએતો અલબતે મુશકેલ જેવું દેખાએછે તોપણ આએ ફુરદીએનવીશને પોતાના નામવર ટોલાની ગમખારીકરવાને મોહોટી દીલશોજી થઇપડી શબબ તેને થંડક પોહોચાડવા શારુ નીચેમુજબ કોશીશ કરવાનો ઠરાવ કીધોછે.

જારે કે ઉપર મુજબ બેતણુ નાંમવર દીલાવર શ.હેબો શીવાએ શરવે શાહેબો આંખઆડા કરીબેઠા તારે તેબાબત કાંઇક ઘટતા ટીકા એટલેજે શરે કરવાનુ યોગ્ય જણાઊ પરંતુ તેમ કરવાશારુ મ તરે એક નડાત થઇ પડેઓ એટલે જે હમારા ઇઅજદાપરશતી મજહબનાં કાએદાવોમાથી તેમકરવાને મનજુરી મલીનહી શબબ એ ટીકા કરવાનુ બંધ રાખવું મુનાશબ જણાઊ.

તેવીસે કબી વાંચનારા દાનાવ શાહેબો હેવુ ધ્યાંન લઇજાબેકે આએ ફુરદીએનવીંશ ઇનસાફ ની દાદ પોહોચાડવામો એટલેજે બરેખરા ટીકા કરવામો બેનશીબ અથવા અશકત છે તો તેવીંશે ખોલાશો કરવાની જરુર એટલીજ છે કે હેવુ ગુમાન હરગીજ થઇને લેવુ નહી શાથી કે નીતી તથા ધરમશાસ્ત્ર કરતાં યજદાંપરશતી એટલેજે ગ્નાનશાસ્ત્ર ચડતુછે નેતેમા હેવાપરકારનેશારુ મનાઇ આવેલીછે વાશતે ગ્નાનશાસ્ત્રનો હમારે જરુર કરીને આધાર લેવો જોઇએ તેથી નાચારીનો બાએશ છે. તેશીવાએ બીજુ કાંઇ નથી તે એકીનથી જાણવું.

જારેકે ઉપર મુજબ દરગુજર કરી આગલ વધવામાડેઊ તારે એક શવાલ ઊતપંન થએોકે જાહેરખીનો ને આએ દરગુજર ઘણુકરીને નાપશંદ થશે એટલામો ઇનશાફ જેપુર હમારો બાશ દોશત ખરો મુરબી અને પાકો મુરશેદ છે તેઓએ આવી હમાર ગલુંપકડીઊ કે ઉપલો ચુકાદો ઘટતો થયો નથી બલકે એ ઠરાવથી આપણુ બંનેને નામોશી છે, અગરચે તું એ જે દરગુજર કીધીછે તેથીકાંઇ અપમાન કરવાજોગ

નથી પરંતુ તફાવત એટલોજ છે કે તાહારી દરગુજર જ્ઞાનશાસ્ત્ર નેલગતી છે મગર તું જો કે એ કાએદો ધરમગુર તથા ધરમશાસ્ત્ર તથા ધરમશા-સ્ત્ર નાં સેવકો ને લાગુ કરીશકાએ નહી કાંજે ધરમશાસ્ત્રનો ખાસ કાએદો જુદોજ છે કે તે વીશે તું કાંઇ અંન જાણો નથી વાશતે એજગાએ જારે ધરમગુરૂઓનીશાથે કામછે તારેતો ધરમશાસ્ત્રનો કાએદો અમલમો લાવવાની ફરજ હતી તે મુજબ તુંએ કીધું નહી કે જેથી જાહેર-ખાન આંમલોકો એટલે જે ધરમશાસતંર નાં સેવકો ને હેનો સાર તથા ખોલાસો સોધીંકાહાડવો મુશકેલથઇ પડસે બલકે ધરમશાસતરના છપા ધોઆલોકો પોતાને ફાવતીરીતે શમજુત કરી એ બીચારાવોને કાંઇ ભલતીજ હદ ઊપર લાવી ઊભાકરશે તો તે વેલા તેમાથી એક અનંચી તવેલો નકાંમો ભડકો પેદાથસે તે બુઝાવતાં મેહેનત પોહોચસે વાશતે એક હાથપર ઇનશાફ ની ઇજત જલવાએ ને બીજા હાથપર કોઇજાતનો રખનો નહી ઉભોથાએ હેવી ચતુરાઇથી ચુકાદો કરવો જોઇએ.

જારેકે ઇનશાફ બહાદુર નો હોકમ ઉપર મુજબથઓ તારે આકામમો શારીપડે ગોર કરતાં શાર એટલોજ નજર આએવો કે જેશાહેબો એજવાબ આએપા છે તેવો અલબતે નહી આપનારાવો "કરતાં ખાલેશ દીલનાંછે. તેમ જવાબ નહી આપનારા શાહેબો કાંઇ હેવા હલકા શવાલો નો જવાબ વાલવામો અશકત હોએ એમ કોઈતરે હમારા તથા મુરબ્બી ઇનશાફ નાં શપનાંમાં પણ નથી. કારણકે ખોદાનાંફજલો કરમથી એશાહેબોમો બે તણ નબરો આપ્પા ટોળાંને રોશનીમાં રાખી તથા લાવીશકે હેવા છે. તેછતાં ખોદા માળુમ શવાશતે હમારા હલકા શવાલો નો જવાબ આપવામો આચકો ખાધોછે, તેકાંઇ શમજાતુ નથી, વાશતે દાનાવ લોકોએ શમજીલેવુ

હમારા શવાલો ૩ છે. તેમાં પેહેલો પારશીઓ ઉપર જે તોહોમત ભરેલા ચોપાનીઆથી હુમલો થઓ છે. તે વીશે બીજો ગોશતનાં ખોરાકબાશે અને તીજો રોવાંન ફરોહર તથા ફરવશી વોશેછે.

તેઉપર દાનાવ શાહેબોએ વીચાલેવુ કે એ નામાંકીત શાહુબો હમારા જવાબ નહી આપવામાં પોતાની દાંનાઇ મોહોટાઇ તથા પંડીતાઈ શમજા છે.તે કેટલે દરજે વખાંણવા લાએકછે.

કરી આપનાર એ ફરમાંબરદાર તરીકેછે એટલેજે અમલી જે છે તે અ
કલીનો એક ખીદમતગાર માફકછે.

ઉપલા ફકરાવો ઈઅજદાંપરશતી મુબતદી એટલે શીખાઉ શાલેક ને
ફકત ખુદશનાશીવીશે શબક આપનારાછે કે જેની બરકતથી મુબતદી શાલ
કને જાહેર બાતેની કવતો એકબીજાશાથે મુકાબલો કરી માહીઅતી મેલવ
વાને શકતીવાંન થઇ શકાએ.

હવે આફરીનેશ એટલે ઇઅજદાંન મુતલકે જે જે પેદાએશ પેદા
કીધી તેમાં મુંખીઅતવે કહી પેદાએશ અને તેમનાં પેટાંની પેદાએશ શું શું
તે વીશે નીચેનાં ફકરા મુબતદીને શમજ આપેછે તેની ટુક હકીકત.

એ પેદાએશનાં બઆંનમો હેવું આવ્યુછે કે હકતાલા ઇજેશાંનહુએ
જે પેહેલુ પેદા કીધુ તે હજરત બહમંન છે કે જેને પારશી લોકો અકલ
અવલ, ઇશલાંમી અકલેકુલ અને હીંદુ વીશનું કરી કેહેછે. તે વીશે કેટ
લાએક હોકમાં તથા ફરજંને શાહેબોએ ખાતરીથી મત આપ્યાંછે તેથી
એ વાત એકીન લાવવા જોગછે એટલેજે એ નીરમાંન બેશકને બેગુમાંન
છે એમ છતાં કેટલાએક શાહેબોનુ મત હેવુછે કે પરથમ નફશે કુલનુ ન
જુદ થએછે. ને તે વીશે ઘણુ કરીને હીંદુમતછે તેની શાથે કેટલાક ઇશ
લાંમી શાહેબો મલતા થએલા જણાએછે તેમજ ઘણાંખરા ઇશલાંમી તથા
હીંદુ શાહેબો પેહેલાં મત શાથે પણ મલતાછે. શબબ આએ નાકેશ વર
ક નવીશ પેહેલા મતવાલા શાહેબોની પેરવીમાથી દુર પડવાને મુનાશબ
જોતો નથી કાંજે પારશી કદીમ બુજરગોનાં ઠરાવ પ્રમાંણે મુખ્ય પેદાએશ

તથા તેહેનાં પેટાંની પેદાએશ વીશે જે નાંમ મુકરર કીધાંછે તે જોતાં બેશક કે પેહેલુ મત બાલુંજ માકુલ તથા મજબુત ઠરેછે તે વીશે પરથંમ દીબાચામો કીધેલા ઇશારા મુજબ હાલ એ વીશયમો વધારે ધ્યાંન આપ્યા વીનાં એ બીના અધુરી મેલુછું.

તોપણ શોકીન વાંચનારા બુજરગ શાહેબોને નાખુશ નહી કરવા શારૂ થોડો શંક્ષેપ ખોલાશો કરવાની જરૂર જોઊછુ તેથી તેવાની શેવા, નીચે મુજબ બજાવી આશા રાખુચકે એ ટુક ઇશારાથી તેવો શંતોશ પકડી આ કંમ ખેદમત ફકીરપર ગુશાની કશીશથી ઠપકા લાએક નહી કરશે. કાંજે તે શાહેબોને વીદીતછે કે એ બાબે અશલ આએ નાકશનો ઠરાવ જે ઘણી ઊપઇઓગી રીતે અને ઘણાં ખોલાશા શાથે જાહેર કરવાનો હતો તે એક નાગુજીર અટકાવને લીધે મુલતવી રાખવાની ફરજ પડીછે શબબ એ બાબે ફકત અગત જોગ બીનાંનો વીશતાર નીચે મુજબ—

હેવુ શીધ થઊછે કે જારે ખોદાવંદાંન ખોદા—એ બુજરગે પોતે પોતાની મેલે ઓલખવાની ખાહેશ કીધી કે તે ખાહેશની શાથેજ એકદમ હજરત બહમંનનુ વજુદ પેદા થઊ એ ખાહેશને હીંદુ લોકો ઇછા હેવું નાંમ આપેછે ને તે ઇછાને મા આરૂપી ગણેછે કે જેને ઇશનાંમી તથા પારશી ફરજાંને અકલે દાએમનો ખેતાબ આપેછે તે વીશે છુટુ પાડીને દાંનાવ શાહેબોની ખીદમત બજાવવાને જે આએ નાકશની શંપુરણ મરજી હતી તેમાં ઉપર કહેલા અટકાવને લીધે પાછુ હટવાની જરૂર પડીછે તે વીશે દાંનાવ વાંચનાર રેહેમ દીલ શાહેબો અલબતે વાજબી માફ આપવાને વાજબી શમજશે.

હવે હજરત બહમનનાં વજુદની જાહેરી બાદ આગલ શું શું નીપજીઊ તેનો મુખતેશર એહેવાલ નીચે મુજબ:—

હજરત ખોદાવંદે ખોદાએગાંન બુજરગ શાહેબે બરતરીન મંનજલત હજરત બહમન એટલેજે અકલ કુલને નીચે લખેલી લણ પેછાંનની શરાફત બખશેલીછે તેહની તફશીલ નીચે મુજબ:—

૧. પેહેલી પેછાંન તે જાતે બરહકની કે તે કોણછે અને કેહેવા શફતીવાંનછે.

૨. બીજી પેછાંણ તેહેની પોતાની કે તે પોતે કોણછે ને શું શકતી રાખેછે:—

૩. તીજી પેછાંણ પોતાની હાજતોની કે જે હકની તરફ છે તેહની:—

એ હરેક પેછાંણતમાંથી અકેકી ચીજ બીજી પેદા થઇછે તેહેની વીગત.

૧. હકતાલાની મારેફતથી એટલેજે પેહેલી પેછાંણમાંથી બીજી અકલ પેદા થઈ.

૨. બીજી પેછાંણ જે પોતાની મારેફતની તેમાંથી નફશ પેદા થઓ.

૩. તીજી પેછાંણ જે પોતાની હાજતોની તેહમાંથી જીશંમ પેદા થઉ.

એ તંણે ચીજો જારે એકઠી થાઇ તારે તેનુ નાંમ નફશે કુલ થઉછે.

એ ઉપરથી દાંનેશમંદ શાહેબોને શમજ આપવાની કાંઇ જરૂર જણાતી નથી મગર જે બીચારા અંનજાંણછે તેમની દરીઆફતી તથા પેછાંણતને વાશતે જરા તેમના પુરતો ખોલાશો કરૂછું કે અગરચે નફશે કુલ અકલે કુલનો જોડોછે તોપણ અકલે કુલની માફક તેહેની ઉતપંતી ખાશ એલાહેદી નથી તેમ અકલે કુલનાં જીમનમોથી પણ થઇ નથી અકલે કુલની મારેફતવાલી ચીજોથી તેહેનુ વજુદ થઉછે ઇમ ખુલુ શમજાઇછે.

આ બાબતમો આ કમતર બાકશારની જે ખાશ મતલબ કાંઇ વાજે બઆંન આપવાની હતી તેમાં હાલ તુરત નીશફળ થવુ પડુંછે તેથી બેહદ દીલગીર છેઉ તોપણ ચેતવણીને શારૂ એટલી છુટ લેઉ છેઉ કે જરતોશતી આલમ વ ફાજલથી તે નાદાંન ઉમી શુધી એ બંધે મુખે પેદા એશે હકકાંની વીશે કેટલી માહીઆતી તથા મરાતેબ રાખેછે તે વીશે વાંચનારા શોકીન શાહેબોએ કૃપા કરી ખુદ બખુદ ધારી વાલવું. તેની શાથે એટલું વધારે તપાશવુ કે એ અગતની બાબતમો પેશતર વાલાઓએ કાંઇ બઆંન આપેલછે કે નહી ને છેતો તેહનાં મુકાબલામો કાંઈ વાંધો પડેતો તે વીશે આએ નાદાંન નાલાએક લખનારને માફી બખશવી.

હવે ઉપર મુજબ હજરત બહમંનની પેછાંન તથા તે પેછાંનમાંથી ઉપજેલી પેદાએશનાં જાહેર થવા બાદ એટલેજે છેલી લણમાંથી બીજી અકલો બીજા નફશો અને બીજાં જીશમો જાહેર થાઆછે અને એ રીતે નવ મરતબે થઇને નવ ઉકુલ નવ નુફુશ અને નવ જીશમો પેદા થઆછે તે નવ જીશમ તે નવ આશમાંનછે નવ અકલ તે નવ આશમાંનોની અકલછે અને નવ નફશ તે આશમાંની નુફુશછે.

એ ઉપરથી એમ શમજાએછે કે હર ફલકને એક અકલ એક નફશ અને એક જીશમછે અને પેહેલા આશમાંનને અરશ એટલે અકલે અવલનુ શવસથાંન છે તેહેને ફલકે અતલશ તથા ફલકે અફલાક કરીને પણ કેહેછે.

૨. બીજા આશમાંનને કુરશી ફલકુલ બુરૂજ ફલકે શવાબેત અને વેહેમતંન કરીને કેહેછે તથા જીશમે કુલબી કેહેછે.

૩. બીજા આશમાંન નીચે જે આશમાંનછે તેહેને ફલકે જોહલ તથા ફલકે કૈવાંન કરીને કેહેછે એટલેજે તે શનીશચરનુ આશમાંનછે—

૪. તીજા આશમાંનની નીચે જે આશમાંનછે તે અહુરમજદ અથવા મુશતરીનુછે એટલેજે બરહેશપતીનુ આશમાંન કરીને.

૫. ચોથા આશમાંન નીચે જે આશમાંન છે તે મીરરીખ અથવા બેહરાંમ એટલે જે મંગલનુ આશમાંનછે.

૬. પાંચમાં આશમાંન નીચે જે આશમાંનછે તે શંમશ અથવા ખુરશેદ એટલે રવીનુ આશમાંનછે.

૭. છઠા આશમાંનની નીચે જે આશમાંનછે તે જોહરે અથવા નાહીદ એટલે શુકરનુ આશમાંનછે.

૮. શાતમાંની નીચે જે આશમાંનછે તે એતારદ અથવા તીર એટલેજે બુધનુ આશમાંનછે.

૯. આઠમાંની નીચે જે આશમાંનછે તે છેલુંછે તે કંમર અથવા માહોબતાર એટલેજે શોમનુ આશમાંનછે તેહેને અકલે ફઆલ તથા તેહેનાં નફશને વાહીબુલ શુવેર કરી કેહેછે.

આશમાંનો પછે ઊનશરો પેદા થઆં એટલે જે આતશ હવા પાંણી તથા ખાક અને તારબાદ હકતાલા વ તકદુશનાં હોકમથી અને શીતારાવોની તાશીરથી ઊનશરોનુ એકઠુ મલવુ થઊ એટલેજે એકનો પ્રવેશ બીજામા થવાથી મવાળીદે શલાશે. ઇઆને મઆદંન એટલે ખાંણ નબાત એટલે વનશપતી અને હૈવાંન એટલે જીનાતની પેદાએશ થઇ તારબાદ ઇનશાંન પેદા થઆં.

હરેક ચીજની પેદાએશ જે થાએછે તે તે શીતારાવોનો તાશીરથી છે કાંએજે શીતારા જે છે તે હજરતે ઇલાહી એટલેજે ઇઆજદાંન બુજર

રગનાં બાશ બંદાવોની માફકછે તેથી રાત દીવશ તેહેનાં તાબેદાર થઇ તેહનાં હોકમ મુજબ કાંમ કરેઆ જાએછે.

ઊનશરોની તરતીબ હેવી રીતે છે કે અવલ કુરર એ આતશછે તેહેનાં પેટાંમાં હવાનો કુરરોછે અને તેહનાં પેટાંમાં પાંણીનો કુરરો તથા તેહનાં પેટાંમાં ખાકનો કુરરોછે.

એ બાબે શમજવાની પેહેલી દલીલ એછે કે આતશનો કુરરો શઊથી ઉપરછે એટલા શારૂ ચેરાગ શમે તથા બરતાંનુ વલંણુ બુલંદી તરફ થાએછે તે પ્રત્યક્ષ આપરા જોવામો આવેછે.

બીજી દલીલ એછે કે આતશબાજીમાં જે કાંઈ ચીજો ભરવામો આવેછે તેહેને આતશ ઊંચાઇની તરફ લઈ જાએછે.

હવા પાંણી ઉપર છે તેની શમજને શારૂ પણ ઉપલી દલીલ કફીછે તોપણ બોલાશો એછે કે ચાંમડાંની મશકમાં પવંન એટલે હવા ભરીને પાંણીમો નાંખીએતો ડુબશે નહી પાંણીની ઉપરજ રેહેશે.

પાંણી ખાકનાં ઉપરછે તેથી માટીનો હરેક પદાર્થ ફતર ઇટ માટી ઇંત્યાદી જે પાંણીમો નાંખીએતો તે હરગેજ ઉપર રૈહેનાર નથી નીચે જઈ બેશસે એટલેજે હરેક ચીજ પોતાની અશલ તરફ રજુ થાએછે.

જાંણવુ જોઇએ કે અકલે કુલથી તે ખાકનાં કુરશ શુધી જે કાંઇ પેદાએશ છે તેહેને "મુબદા" કરીને કેહેછે અને ખાકથી તે ઇનશાંન શુધી જે કાંઈ પેદાએશની ચીજોછે તેહેને "મઆદ" કરીને કેહેછે.

એ ઉપરથી એમ જણાએછે કે નુરે ઇલાહી અને તે પાક જાતે મુતલકનુ ફેજ પરથંમ આશમાંનોનાં ઊકુલ નુફુશમાં પોહોચેછે અને તેમની મારફત અથવા તેમનાં તરફથી તે ફેજ ખાકમાં પોહોચેછે તારબાદ ખાકમાંથી તે નુર તથા ફેજ મઆદન નબાત હેવાંન વ ઇનશાંન એટલેજે ખાંન વનશપતી તથા હૈવાંનાતની તરફ પોહોચેછે તે નુર તથા ફેજ પાછુ હજરતે ઇલાહી તરફ મુતશીલ એટલે નજદીક અથવા બરાબર પોહોચવા તરફ રૂખ રાખેછે એ નુર તથા ફઈજ તેજછે કે જે પોતાનાં અશલ મુકાંમથી આવ્યુ હતું તેથી પોતાનાં અચલ મુકાંમપર પાછુ પોહોચવાને તેહેનુ વલંણુ ઘણુ કરીને હોએછે તેથી ચંદમુદત દુનીઆંમો રહી પોતાનાં પેહેલા મુકાંમપર જઈ પોહોચવાની ખાહેશ રાખેછે.

મગર મુરશીદે કાંમીલ વ અફ્ઝલ રશુલે ઈઅજદાંન હજરત જરતે
સ્ત અશફંતમાંનનાં ઈરશાદ પ્રમાંણે જે નુરધારીની, શારી કરણી એટલે
જે શરવે શીડી તથા મુકાંમોની શેરથી ફારગ થએલી કરણી વાલાનુ નુર
માત્રે પોતાનાં અશલ નુરમો જઈ મલી શકશે હેવું જે આપણને ખાત
રી લાએક માલુમ થએલુછે તેથી બેશકછે કે કુલ ચીજ પોતાની અશલ
તરફ રજુ થાએછે હેવી જે કેહેવત ચાલેછે તે ફકત ઉપર કહેલા ઊતમ
પુરૂશને વાશતેછે કે જે શરવે શેરથી ફારેગ થઓ હોએ કાંઈ શરવેને વા
શતે હોએ એમ શંભવતું નથી વાશતે ઉપલી કેહેવત ઉપર તકીઓ રાખી
અયુકત કીરીયામોજ પોતાનો જનમારો તમાંમ કરેતો બેશક ડાહેઆ લોક તે
હનુ ડાહાપણ વખાંણેઆ વીનાં રેહેશે નહી.

૬ દરએક અનસુરોમાં હેવી શકતી છેકે ફક બીજાનાં રૂપ તથા ખવાશ મુ
જબ પોતાનુ રૂપ ખવાશ બદલી શકેછે તેહેને ફારશીમાં ઈશતેહાલત કેહેછે
તે વીશે શવીશતર બોલાશો દાંનીશનામે જહાંન નાંમની ફારશી કેતાબ વા
લા હકીમે ઘણીજ શારી ચોકાશીથી આપ્યોછે તેથી તે બાબે લંબાંણ ક
રવા મુનાશબ ધારેઊ નથી કાંજે તેહેનાં આગલા ભાગનો ફકત ગુજરાતી
તરજુમો ઘણી મુદતપર એક દાંનાવ ગરહસ્તની કલમથી થએલા લાંબી
મુદત ઉપર આ નાકશ કલંમકશનાં જોવામો આવ્યોછે તે ઉપરથી હેવા
વીચાર ઉપજોકે જો કબી ઈશતેહાલત વીશે આકુરદીઆંમો કાંઈ બીના
એ ગુજરાતી તરજુમાંની મદદ વગરબી લીધામો આવે તોપણ નુકતેચા
ન શાહેબો અલજાંમ લાવવા ચુકે નહી વાશતે દાંનાવ શાહેબોએ ઈશતેહ
લતનાં બાબમાં તશદી લઈ શદરહુ તરજુમાંથી વાકફગારી મેલવી લેવી.

એ દાંનીશનાંમે જહાંન જોકે હોકમાં લોકોનાં મત પ્રમાંણે રચેલીછે
તોપણ તે મધેની કોઈબી બીના ગેરઉપયોગી હોએ એમ કેહેવા શરખુ
નથી તે છતાંબી એજદાંપરશતી અનુમતથી કાંઈક ફેરછે તે વીશે વાંચના
રા ધરમી શાહેબોને થોહેજ ઈશારો એટલા શારૂ આપવામો આવેછે કે
તેનો ઊપીઓગ આએ કુરદીઆંમો કરવા જરૂર જોઊ નથી.

હવે જાંણવુ કે વજુદ વીશે તંણ વીભાગ કરી કુલે પેદાએશ તથા
જાતે બરહેક વીશે બોલાશો કીધોછે તેમાં—

૧. પેહેલુ જે કાંઈ વજુદ કે જેની ગરર હોઈ તેહેને વાજબ કેહેછે.

૨. બીજુ જે કે જેનુ વજુદ ઈઆ નાબુદ એ બે માંથી કોઈનીબી જરૂર નહી હોએ તેહેને મુમકીન કરીને કેહેછે.

૩. તીજુ જે વજુદની નાબુદીની જરૂર હોએ તેહને મુમતને કરી કેહેછે.

હવે એ તંણે વજુદ વીશે વીશેશ રીતે શમજવાનું પ્રકરણ નીચે મુજબછે:—

હેશી રીતે કે મોજુદ ઈઆને વાજીબુલ વજુદછે ઇઆ નહીતો મુમ કેનુલ વજુદ છે એટલા શારૂ કે જે કાંઈ પોતાની જાતમો મોજુદછે તે ગેર ઇઆ બેગાંનાંની તરફ મોહોતાજ છે કે નથી એટલુ જોવાનુ રહું તે જારે જોઈ ને માલુમ થઈ કે ગેરનાં તરફ મોહોતાજ નથી તારે તેહેને વ જેબુલ વજુદ કેહેછે અને તેજ જાતે બરહકછે:—

અને અગર જે પોતાનાં વજુદમાં ગેરની તરફ મોહોતાજ હોએ તે હેને મુમકેનુલ વજુદ કેહેછે કે જેનાં વજુદથી વાજીબુલ વજુદની શાબે તી થઈ શકેછે શાથી કે મુમકેનાત કેહતાં જે મુમકેનુલ વજુદની તમાંમ શંખ્યાની જે વજુદી છે તે વજુદી બેશક કે ગેરનાં તરફથી છે કે જેની મે રાદ વાજેબુલ વજુદનીછે તેની શાથે બીજુ એછે કે જાંહાંશુધી વાજી બુલ વજુદ નહી હોએ તાંહાંશુધી મુમકેનુલ વજુદ ને મુમકેનાત કહી શ કાએ નહી એટલેજે તે ઓદાવંદાંન ખોદાએનો મોહોતાજ નહી એમ હર ગીજ થઈને કહી શકાએ નહી તેમ બીજી કોઈ ચીજનુ મોહોતાજછે એમબી કહી શકાએ નહી શબબ વાજી બુલ વજુદ વજુદે ગાએત છે એટલેજે નેહાએત ઇઆને છેરાપરનુ અથવા પેહેલુછે જેમકે દોરાનો છેડો જે છે તે પેહલોછે શબબ મુમકેનુલ વજુદની ઉતપતી તેહનાંથી થઈછે.

જે વજુદકે ગેર એટલે બીજાનુ મોહોતાજ ને વલી જેની નાબુદી અવશ્ય કરીને થવાનીજછે હેવાં જે વજુદ તે મુમતને અલવજુદછે.

હવે જે વજુદ કે બીજાનુ મોહોતાજ નહી હોએ તેહેને "જોહર" કરીને કેહેછે એટલા શારૂ કે જોહર જે છે તે બુદ જાતે પાક શાહેબ વ માલીકે હરચીજ અને બાંનીએ હરચીજ જે છે તેહેનું અંનશછે.

અને જે વજુદો કે બીજાનાં મોહોતાજછે તેહેને અરજ કરીને કેહે છે કાંજે અરજનાં વજુદો તે છે કે જે જાતે તકદુશ વતાઅલાનાં તરફથી

કાએમ તથા બરકરારછે ને તે શરવે ઘણુ કરી શીફાતી ચીજોથી મોરા
દ રાખેછે.

શીફાતી ચીજોની કારપરદાજી તથા કાર ગુજારીનાં આધારથી જે જે
વશતુ કે જે જાંદાર ઇઆ નીરજીવ એ બે પ્રકારમો વેંહેચાએલીછે હેવી
જે ચીજો તેમની જીદગીનાં વજુદો બાશ તે દરએકનાં રબ અથવા પર
વરદેગારથીછે.

તે વીશે એમ દેખાએછે કે કોઇ બે શખશોમાં એક દશ વરશની
આયુરદા ભોગવેછે ને બીજો શો વરશ જીવેછે પરંતુ વજુદમાંતો બંધે
શરખા તથા મોજુદછે તે છતાં એકનાં વજુદની જીંદગી શો વરશની ત
થા બીજાની દશ વરશનીછે તે જોતાં શાફ જણાએછે કે હરેકની જીંદ
ગી કબી વજુદે મુમકીનમો હોએ ઇઆ જોહર અથવા અરજ હોએ
તે શરવેની કાએમીઅતનો મુશબેબ તે પરવરદેગારછે.

રબ તથા પરવરદેગારમો કાંઇ તફાવત નથી ફકત બાશા ફેરછે એ
ટલેજે અરબ રબ અને ફારશ પરવરદેગાર કરી કેહેછે.

ઉપર જે વીશતાર હરેકની કંમતી જાશતી આયુરદા વીશે થએોછે
કે તે રબનાં અખતેઆરનો શબબછે તે વીશે જરા ખોલાશો કરવાની જ
રૂર જણાઇ તે એછે કે,

હાલી ચાલતા જમાંનાંને શારૂ હોકમાં લોકોએ તજવીજમો હીનદુશ
તાંનીઓની ઓમર ૧૨૦ વરશની અને ઇરાન શરજમીનનાં બાશીંદા ધરાં
નીઓને વાશતે ૧૫૦) વરશની ઓમર મુકરર કીધેલી જણાએછે તે છતાં
એ ઠરાવેલી હદો શુધી બંધે દેશોમાં કોઇ એકજ અથવા તેથી બાએગે
પોહોચેછે અથવા પોંહોચતા હશે તેમાં ઠરાવ કરનારોની બીલકુલ કશુર ન
થી એ કશુર આપણ બંદાવોની તરફછે કે હોકમાંવોનાં હોકમ મુજબ
આપરે આપરી શલાંમતીનો શંભાલ કરવાની રીતથી નાવાકેફીનાં શબબથી
બેનશીબ છીએ તેમાં દોલતમંદ લોકતો એ કાંમમો બીલકુલ પછાતછે
એમ ખુલુ નજર આવેછે.

ઉપલી બાબતમો અને તે શીવાએ બીજી કેટલીક બાબતોછે કે તે
હરેક બંદેઓદાએ જાંણવીજ જોઇએ પણ દીલગીરી હાંશલ થાએછે કે
તે શરવેનો આ મુખતેશર શાદાં ચીત્રમો શમાશ કરવાને મુનાશીબ વીચાર

વાનો નહી આવ્યુ કાંજે પરથંમ હલકી અને જલદી શમજાએ હેવી બા બતોની માહીઅતગારી તથા પુરવીણપણું થાએ તારબાદ બારીક વાતો શમજવાને રમુજ પડે એટલા શારૂ જીદગાંનીની શલાંમતીની શાથે આએ નાકેશ ફકીરની મોરાદ છે કે તે બાબે બીદમત બજાવવી તે બીદમત આ વતા ઉપયોગી વખતને વાશતે મુલતવી રાખીછે તેથી શોકીન વાંચનારા શાહેબોએ ધીરજ રાખવી.

વલી જાંણવું જોઈએ કે જવાહીર એટલે જોહરો પાંચ જાતનાંછે

તેની તફશીલ.

૧. અગરજો એક જોહર બીજા જોહરનો મેહેલ હોએ ઇઆને એકની ઉતપતી બીજાનાં મીલાપથી હોએ તારે પેહેલો જે કે મેહેલછે તે હેને હુઊલી તથા હુયુલાં કરીને કેહેછે શાથી હુયુલા જે છે તે ગોઆ શ રવ દુનીઆની વશતુઓનુ પેટું છે કે જે હરેક શીકલ તથા તશવીર બનાવ વાને લાએકછે.

૨. બીજુ જોહર જેને હાલ કરી કેહેછે તે મીલાપ કરનારૂછે એટ લેજે તેહનો મીલાપ હુયુલાનાં પેટમાં થાએ તારે તે શંજોગે કરી તેહેનુ નાંમ શુરત અથવા શરૂપ કરીને થાએછે.

૩. જારે કે જોહરે હુઇઊલાની શાથે જોહરે શુરત મલતુ થાએ ઇ આને મુરકબ થાએ તારે તેહેનુ નાંમ જીશમ કરીને થાએછે.

૪. અગરજો એ જોહરો ઉપરની વીગત મુજબ ત્રંણ જાતનાં જે છે તે ત્રંણમાંથી કોઇબી જાતનુ જોહર ગેરહાજર નહી હોએ તારે તેમાંથી જે જોહર ઊતપન થાએછે તારે તેહેને જોહરે મુફારેક કરીને કેહેછે એ ટલેજે તે શર જોહરછે.

૫. જારેકે એ શર જોહર જીશમોમાં તશરીફ કરનારૂ હોએ તારે તેહેની તદબીરો તથા કારબારનાં વાશતાથી જે ચીજ ઉતપંન થાએછે તેહે ને નફશ કેહેછે અથવા તેહેને અકલ કરીને પણ કેહેછે મગર એક શર તથી કે શાલેકની કોશીશથી તેહેને પોતાનાં નફશને જેર કરી નેક બશલતો ને લાએક કીધો હોએ તોજ તે અકલ જેવો નહી પણ અકલની બુજર ગી લાએક બુજરગ થઈ શકેછે.

અને જારે કે એ બુજરગી પાંમેલી અકલ તથા હફતાલાની જાતે

મુતલકનાં દરમીઆંન કાંઇ આડ નહી હોએ તારે તે અકલને અકલે કુલ કરીને કેહેછે.

અગરજો કોઇ અકલની નીચે બીજી અકલ નહી હોએતો તેહેને અકલે ફઆલ કરીને કેહેછે શાથી કે અકલે ફઆલની નીચે એટલેજે ચંદરનાં આશમાંન નીચે બીજુ આશમાંન નથી શબબ એ ચંદરનુ આકાશ છેલુ અથવા પેહલુ તેથી તેહેને અકલે ફઆલનો એતાબછે.

એ છેલા આકાશ નીચેની ચીજોને અકલે મુતવલીતે એટલેજે બીજાનાં વાશતાથી ઉતપન થએલી અકલ હેવુ નાંમ રાખેઉછે કાંજે છેલ, આકાશ નીચે જે ચીજોછે તે પ્રથમમો ઊનશરોછે તે ઊનશરો આકાશોનાં એકઠાં મલવાથી તથા તેમની તથા શીતારાવોની ગરદેશથી ઊનશરોનુ વજુદ પેદા થઊછે.

એજ મુજબ નફશબી અગરજો જીશમે બશીતમો તશરીફ લીએ એટલેજે શતગુણ પકડેતો તેહેને નફશે ફલકી કરીને કેહેછે. વલી જો કબી એ જીશમ બશીત હોએ કે મુરકબ હોએ તોપણ નફશને ઉપલો દરજો હાંશલ થાએછે.

બશીત વીશે શમજવુ એમછે કે જે અરબે અનાશુરથી મુરકબ નહી હોએ એટલેજે બીજા પદારથોથી મીશરીત થએલો જે કાંઇ પદારથ બને તેહેને મુરકબ કરીને કેહેછે ઇઆને જે ચીજ કે ચાર તતવનાં આધારથી નહી બનેલુ હોએ તેહેને બશીત કેહેછે અને ચાર તતવથી બનેલુ હોએ તેહેને મુરકબ કેહેછે.

જીશમે બશીત વીશે વલી શમજવું જોઇએ કે તે બે તરેનાંછે તેમ એકને અલવી કરીને કેહેછે કે તે ફકત આશમાંનોથી મોરાદ રાખેછે આંને બીજાને શીફલી કેહેછે કે જેની મોરાદ અરબે અનાશોરનીછે.

અલવી બશીત હેવુ નાંમ એટલા વાશતે છેકે તે પ્રકાશીત હોએ કીંવાં બીન પ્રકાશીત હોએ જેમકે આશમાંનોમાં શીતારા પ્રકાશીત છે પણુ ખુદ આશમાંન પ્રકાશ વગરનાછે.

શીફલી બશીત તે છે કે જીશમે મુરકબમાં નફશ અગર તશરીફ ફરમા થઓ હોએ કે જેથી તે જીશમને નીશ્વ નુમા નહી હોએ એટલેજે ઊગવુ તથા ખીલવુ નહી હોએ હેવા જીશમને જીશમે મઆદન એટલે ખાંન કરીને કેહેછે જેમકે શુનનું રૂપ લાલ હીરોજો અગર તે જીશમને

ઊગવુ બીલવુ હોએ અને તેમાં હીલચાલ નહી હોએ તારે તેહેને જીશમે નબાત એટલે ઘાંશ બુટી તથા ઝાડો કે જેને વનશપતી કરી કેહેછે અને જે જીશમ કે હીલ ચાલ કરી શકે પણ વાચા નહી હોએતો તેહેને હેવાંને ગેરનાતેક ઇઆ હેવાંને મુતલેક કરીને કેહેછે જેમકે ઘોડા ઊટ વગેરે પશુ પક્ષી અને જેવોને કે વાચા છે તેમને ઇનશાંન કરીને કેહેછે.

હવે શમજવું કે નફશ જારે કે જમાદી એટલે ખાંનનાં મરતબામો તશરીફ ફરમા હોએ તારે તેહેને નફશે તબઇ કરીને કેહેછે—અગર નબાત એટલે વનશપતીનાં મરતબામો હોએ તો તેહેને નફશે નબાતી કરીને કેહેછે અને જારે કે હેવાંની મરતબામો હોએ તારે તેહેને નફશે હેવાંની કરીને કેહેછે.

હવે છેલું જારે કે નફશ અગર ઇનશાંની મરતબામો હોએ તારે તેમાં ઉપલા શરવે જાતનાં નફશોની અશર હોઇને નફશે ઇનશાંની કેહેવાઇછે.

જે ઇનશાંન કે તારીફ લાએક ખુલક એટલે ખુબી ભરેલી બો ખશલત આતદનુ અને પશંદ થએલી શીફતોથી શીફતમંદ થએલું હોએ તારે તેહેને નફશે મલકી કરીને કેહેછે એટલેજે હેવા શાહેબો ફરેશતાવોનાં જેવાછે.

આ જગાએ ભારી મનશકતીનાં નેક નાંમ શાહેબોને જે શોચનાં કરવાની અગત જણાએછે તે કરતાં પેહેલાં મોહોટી ઓજરખાહીથી આ એ લખનાર માફ માંગી અરજ કરેછે કે એ શોચનાં વીશે કાંઇ બની શકતો જથા શકતી કોશીશ કરી ઇઅજદાંપરશતી મારગ ખુલો કરવાની ઇઊકતીઓ કાંમે લગાડશોતો બેશક કે તેહેનો બદલો ઇઅજદાંનવાલા શાહેબની દરગાહથી ખાલી જવાનો નથી તે શત્ય કરી માંનવું.

શુચનાં એછે કે ઉપર લખેલા છેલા ફકરામો કહેલા નફશે ફલકીના જોડાનાં શાહેબો કોણને કેહેવા તે વીશે પરથંમ નીશચે કરવો તાર બાદ હેવી પદવીનાં શાહેબો જરતોશતી ટોલામાથી નીકલી શકશે કે નહી તે વીશે ધારી ચાલવું અગર નીકલી શકે તારે તો ઠીકજછે ફકત તેવો કેટલા છે કાંહાંછે ને ખાશમાછે કે આંમમા છે તેટલુજ ફકત જાંણીતા થવાનુ રેહેશે અગર નહી નીકલી શકે તારેતો જરતોશતી ટોલામાથી ઘણુ કરી ખાશ તથા ખાશુલ ખાશ ટોલાનાં શાહેબોને બીજી ગીનાતની ખાશ તથા ખાશુલ ખાશ શંખ્યા શાથે મુકાબલો કરી પોતાની ગીનાંન શકતી પ્રમાંણે ધા

રી વાલવુ મુનાશબ જણાએતો તેમ કરવું ને કબી બીજી રીતે કરવાનુ ઇઓગ્ય જણાએતો તે મુજબ કરવાની ગેઆ તેમને શર ફરજ છે એમ તેવોએ શમજવું કાંજે હેવાં નેક કાંમમાં કોશીશની કમર બાંધવી તે જાતે બરહકની શનાખ્ત તથા તેહેની પેદાએશ માહેલી શીફાતી ચીજોનાં કારબાર તથા અશર તાશુરની શમજ પેદા કરવા વાશતે શોકનો ચેરાગ પોતાનાં રૂદેમાં રોશન કરવા તથા રેઆજત જેવા બલવાંન તથા બેરબાહ દોશતની દાંમનમો ચુંગાલ મારવાની જરૂર શરવ કોઈનેછે તેમાં કોઈને કાંઇ પાર ચડાવવા જેવુ નથી તે છતાં જરતોશતી બાશુલ બાશથી તે અવાંમુન નાશ શુધીનાં તમાંમ શાહેબો કેટલાક ઊદરપોશણનાં અટકાવને કારણે કેટલાક અંનજાંણ તથા અગનાંનપણાંને લીધે કેટલાક દુનીઆંની લીજતોને વાશતે જાંણીતા અનજાંણાં થઇને તથા કેટલાક આલશ બેપરવાઈ તથા બેહઆઇથી ઉપર કહેલી જરૂરની ફરજ અદા કરતા નથી તે શીરફ નાખુશી ઉપજાવનાર કારણછે તારે નફશે ફુલફીનો દરજો તે રશતામો બારેવાટ પડેઓછે કે જરતોશતી શાહેબો જારે ચાહાશે તારે રશતામોથી ઊચકી લેશે. વાહવા આએ વખણાએલા ટોલાનાં લોકોનુ જારે હેવુ ગનાંન તારે અગનાંનીઓને શું કેહેવુ—બેર પનાહે ઇઅજદાંન ૧ બોદાવંદ બોદાએગાંન ઇઅકતા શાહેબની.

ઉપલા શરૂપ ઉપરથી નફશે ફુલફીનો મરતબોતો સ્વપનાં શરબાજ થઈ પડોછે તેમાં નફશે ઇનશાંનીની ઊમેદ પણ કાચી પડવા કરેછે શાથી કે—શરે એ બોલ લંણ અક્ષરથી લખાએછે તેમાંનો છેલો અક્ષર જો કબી કાહાડી નાંખીએ તો આગલા બે હરફો બાકી રેહેછે તેહનો ઊચ્ચાર "શર" કરીને થાએછે અને અરબીમાં શરની માંએની બદી થાએછે તેથી બુજરગ ઓલમાં લોકોએ ચેતાવ્યુંછે કે "શરએ" એનો દરજો ને મોહોટો તેહેનાં કાએદા ફાએદા ભરેલા અને તેહેનાં હોકમો મુજબ અમલ કીધાથી જે મરતબો મેલવી શકાએછે તે છેલા બીજા હરફની બુજરગી તથા બુબીથીછે કે તે હરફને અએન કરીને કેહેછે કે જેની માંએની આંખ નકી બાલેશ તથા તે જાતે પાક બરહક વ મુતલકની થાએછે.

એ ઉપરથી બુલુ દેખાએછે કે જરતોશતી ટોલાનાં માંન પાંમેલા મુખ્ય ગરહશત કેહેવી વરતણુક વરતેછે તે દરોબશત દેખીતુ જાહેરછે શબબ

વીશતાર કરવાની કાંઇ જરૂર પડે તેવુ નથી મગર એટલુતો ખરૂ કે હરેક શરઇઅતનાં પેશવા અથવા પશરવ શાહેબોએ ઉપર કહેલો અએન મારગ પકડવા શારૂ શરઇઅતનુ મેદાંન જલદીથી મારીને બાહેર નીકલી આવવુ જોઇએ કે જેથી અએન વગરની શરેનાં શરવે ધોકા મટી જાએ પછેતો જેવી જેની ઇછા તોપણ આએ લખનાર નેકખાહ ફકીરને એક બીજી ચેતવણી અગતની વાતને શારૂ જરૂરની નજર આવેછે કે જે શુચનાં ઉપર કરવામો આવીછે તેહેની પુરવણામો કાંઇક ઉપઇઓગી કોલ જોઇએ તે એછે કે,

બેત—લીજતે શીરી ન યાબી તા ન બીની તલખ રા,
કદરે હીંદુસ્તાંન યાબી તા ન બીની બલખ રા.

માંએની—ઇજા રૂપી કડવાશ જાંહાં શુધી નહી વેઠવામો આવે તાંહાં શુધી મીઠાશ રૂપી નેકીનો બદલો નહી મલે જેમ બલખ શેહેર નહી જુવે તાંહાં શુધી હીનદુશતાંનની કદરશનાશી નહી થઇ શકે.

આ કોલ કોઇ દાંનાવ બુજરગ શાહેબનોછે તેનો શાર એજછે કે નેકીનાં કાંમ કરતાં કડવી હરકતો ઘણી આવેછે તેથી તે લીએ તાજ નેક કાંમ જે મીઠાશ રૂપીછે તે કરી તથા પાંમી શકે.

વાશતે દાંનેશમંદ ધરમાંભીમાંની નેક લોકોને ઘટેચ કે આએ નાકેશની શુચનાં અમલમો લાવતાં કોઇબી જાતનો કડવાશ ચાખવો પડે તો તે લઇ લેવો જરૂરછે કે તેમ કીધા શીવાએ મીઠાશની લેજત કદાપી કાલે મલી શકવાની નથી અને આપણા આખા ટોલાને કડવો સવાદ પશંદ નહી તેથી વાજબી તથા રીતી પુરવક મીઠાશ ભરેલા શવાદની દરકાર નહી કરતાં અખાડા કરવાની એબ ભરેલી આદત પડીછે તેથી ખરી બાબતો ઢંકાઇ ગઇ અને તેહેનાં બદલામો ધીકાર ભરેલી મજહબથી ઊલટી વાતોનો ફેલાવો અતીશે વધી પડેઓછે કે તે જોઇ હંમદીન ખેરખાહો બલકે જુદદીન દાનાવો ઘણો તરાશ પાંમી ગીલો કરેછે. માટે એ ગીલા માંથી બોલાસગી ફકત ઉપલી શુચનાનો અમલછે એમ ખુલુ દખાએછે પછે તો જે કાંઇ તંમ શાહેબોને શારૂ લાગે તે ખરૂ.

આએ નાદાંન હેમમદાંને થોડીક તબે જાદ બેતો પોતાનાં નાકેશ હોંશીબા પ્રમાંણે કહીછે તે આ જગાએ બર ગેહેલ શમજી નીચે મુજબ દા

બેલ કાપીછે ને તે વીશે એટલીજ ઊમેદવારી છે કે પોતાનાં ટોલાનાં કુલ બાશાઆંમ નેક લોકો તે ઉપર રેહમ નજરથી તેનો ઉપઈઓગ જેમ વાજબી જાંણે તેમ કરે ને આએ દરવીશને ઈઆદ શાદ કરે.

બેત—મરા કુજલ ઇઅજદાં કુશાદે દમાગ,
બરાએ નેહાદન શજર હા બ બાગ.

માંઇની—માહારૂ દમાગ ઇઅજદાંને વાલાનાં કુજલો કરમથી કોશાદ થઊછે તે એટલા શારૂ કે દુનીઆંમો ઈઅજદાંન પરશતીનાં બાગમાં તે હકે બરહકની મહબતનાં રોપા બેશાડી આપું.

બેત—બર આવરદમશ અજ ચમસ્તાંને દીલ,
તા ફેજ ઇઆબદ ગુલસ્તાને દીલ.

માંઇની—જેથી તે રોપા દીલનાં ચમંનમાથી બાહાર કાહાડીઆ કે તે હર નેક લોકોનાં દીલનાં બાગમો જગો પકડે તો તેનુ ફેજ તેવોને પ્રાપત થાએ.

બેત—ગુલો ગીલશ ગુલબોએ વ ગુલગુને,
કુનદ કદરે આંરા મોહકેક કુને.

માંઇની—એ રોપાનાં ફુલ તથા મીટ્ટી ફુલની માશાલે જે ખુશબોઈનાં ભરેલાંછે તેહેની કદર તથા બુજ જે શાહેબો કે હકતાલાનાં ભેદ તથા કુનેથી વાકફકાર હશે તેવો કરશે.

બેત—વલે ગીરીએ ઇનશત ન બીનમ કશે,
અગરચે બીબીનમકે હશતંદ બશે.

માંઇની—લેકીન એમ રડવુ આવેછે કે કોઈબી શાહેબ હેવો નજર આવતો નથી જોકે હું જોઇ શકુંચ કે દુનીઆંમાહેવુ શમજવા જોગ ઘણાંછે.

બેત—ન ચશમે દીલી ન અકલે જરૂર,
બજુજ બાબો ખુરેશ નદારદ શઊર.

માંઇની—જે શાહેબો કે નજરે પડેછે તેવોને જોઊચ કે તેમને જોઈતી અકલબી નથી તેમ તેવોને દીલની આંખો પણ નથી તેથી કરીને ખાવા પાવા તથા ભર નીદરામો શુઈ રેહેવા શીવાએ બાજુ કાંઇ શઊર તેવોને નથી.

બેત—ઇકે મશખરો ઇકે ખશમવર,
ઇકે સુખમેરો ઇકે રજમ બર.

માંએની—જે શાહેઓકે નજરે પડેછે તેમાં એક મશખરો ને એક
ગુશા ભરેલો એક ખુમારીવાલો તો એક લડાઈ લેનારો હો
એ હેવા તે શાહેઓ છે.

બેત—ન કદરે બુજરગાં ન દરદે શોતરગાં,
ન આઇન હોશંગોં ઇઅજદાંનીઆં.

માંએની—નહી બુજરગ લોકોની કદર કે નહી મોહોટા લોકોની ના
ખુશી વીશે દરદ રાખેછે નહીતો ઇઅજદાંની શાહેઓ ત
થા હોશંગીદીનની આઇન જાલવવા શમજેછે.

બેત—કે દીરગાહ બુદે અમલ હાએ આં,
જ ઇરશાદે જરથોસ્ત અશફંતમાં.

માંએની—કે જેનો અમલ રશુલે ખોદા હજરત જરતુશતનાં હોકમથી
પણ લાંબી મુદત શુધી એટલેજે ઇરાંનીઓની શાહેબી શ
લતનત ગુમ થઆ બાદ કેટલીક મુદત શુધી હીનદુશતાંની
પારશી ટોલો—બજાવતો આવેલો ખાતરી આપેછે.

બેત—બ મખજંને મેહજંદ શાલારે મેહ,
દુરરહા કશીદે બ ખાશાંન વેહ.

માંએની—કે જે વીશે તે બુજરગ શરદારે મેહજંદનાં ખજાંનાંની ખાં
ણમો એટલેજે દફતરે મેહેજંદમો મોતીઓની માફક શખુ
નોથી બુજરગ ખાશ લોકોનાં અમલને વાશતે તફશીલવાર
બઆંન આપું હતું.

બેત—બતારાજ રફત આં ખજીને નગીન,
શઆદત બનકબતશુદે હમકરીન.

માંએની—એ હીરા નગીનાંથી વધારે વજંનનો ખજાંનો જે મેહેજંદ
નું દફતર તે તદંન તારાજ થએ કે જેથી પારશી ટોલાની
નેકબખતી ભરેલો વખત આખર થઇને બદબખતીએ
નજદીકી પકડી.

બેત—રેવાજશ બહશએ અમર જંદે મેહ,
બખાશાં મીઆં દર બમોહકમ બુદે.

માંઇની—જંદેમેહેનાં દફતરમો ફરમાવેલા હોકમ પ્રમાંણે ખાશ લોકો
નાં દરમેઆંન મોહોટી ઊશતવારીથી રેવાજ જારી હતો.

બેત—વલે જ હાંદીશે હાએ ઈં જમાંને,
દશત બરદાશત જીં બેબહા ખજાને.

માંઇની—વલેકીન આએ જમાંનાંનાં હાદેશાવોની પરાપરીથી એ ટો
લાએ એ બેમુલ ખજાંનાંથી હાથ ઊંચકી લીધો એટલેજે
ઈઆજદાંપરશતી અમલ છોડી દીધો.

બેત—ગશ્ત નાપીદીદ તા ઈં જમાંને,
કે ઈઆજદાંપરસ્તીરંત અઝ ફરજાને.

માંઇની—કે તેથી હાલ જમાંનાં શુધી એ ઈઆજદાંપરશતી મારગ જે
છે તે એ ટોલામોથી આંનડીઠ શરખો થઈ પોઓછે
અએ દાનાવ શાહેબ.

બેત—રફત બઇરવીશ ઈરેહ જ મીઆંને,
હાએ બરીંકે કરદેજુદા જ ઈગાંને.

માંઇની—એ રવેશે એ મારગ પારશી ટોલામોથી નીકલી ગએો તે
થી હાએનો પોકાર માહારા તરફથી એટલા શારૂ ઊઠેછે
કે ઇગાંને ઈઆકતા શાહેબે તરફ પોહોચવાનાં મારગથી એ
ટોલો જુદો થઈ ગએો.

બેત—વાએ બર આંનાં કે હમ મુકીરો મુનકેર,
વકત દાવે મુકએર વકતે અમલ મુનકેર.

માંઇની—અફશોશ તે લોકનાં ઉપર કે જેવો ઈકરાર તથા ઇનકારનાં
કરનારાછે હેવી રીતે કે જારે ઈઆજદાંપરશતીનો દાવો ક
રેછે તારે તો મોહોટી પતરાજથી આગલ વધી આવેછે
અને જારે કે તેહેનો અમલ બજાવવા વીશે કાંઇ જીકરની
કલી તો તે વેલા દુમ દબાવી નાહાશી જાએછે અથવા ન
હીતો હશી કાહાડવા જોગ જાહેલી તથા ફુજુલી કરી ગ
રીબ આંનજાંણું અથવા બેશમજ આંમ ટોલામો ફેલાકી
આત કરેછે કે જેથી તે બીચારા લાકડાનાં ઘોડાની કાંન
તી ઉપર લલચાએછે ઠગાએછે ને પોતાનો બેમુલ વખત
નાહક જાંએ કરેછે—બેર તે શાહેબોને ઈઆજદાપનાહબાદ.

બેત—બ હીંદું દાવએ હકપરશતી મીકુનદ,
બીદુન અમલ અજબ ગલતી મીકુનદ.

માંઇની—એ રવેશે હકપરશતીનો દાવો કરવાથી એક તાજુબી શર
બી ચુકમો પડેછે કે જે દાવાનો અમલતો રાખતા નથી.

બેત—બતાફકે રફતે નશવદ કાએલ,
બતાએકે રફતે નશોઅદ બુલફજાએલ.

માંઇની—જે એક ભુલ થઇછે તે વીશે તેવો કાએલ થતા નથી ને
તે ભુલને પતરાજીથી ધોઇ નાંખતા નથી.

બેત—બતારા બીપોશદ ન જોઅદ શફા,
બતારા બીદાંનદ હોનર બેજફા.

માંઇની—ભુલને ઢાંકવાની યુકતી કરેછે ને શફાઇ શોધતા નથી બ
લકે ભુલ વીશે હેવું શમજેછે કે ગોઆ ભુલ તેજ બીન
શખતીનો હોનરછે.

બેત—બુરદ ગુરજે ગેરાં હાએ તઆંને,
બુરદ બંજરે જેહરી જબાંને.

માંઇની—તાંનાં મીનાંનાં ભારી ગુરજો તથા જેહરી જબાંનનાં બંજ
રો ખાઇ લીએછે.

બેત—બશરરી મી બરદ બઇં જખમ કારી,
મરહમશન બોહદ જ શરમ શારી.

માંઇની—હેવા કારી જખમો વેઠી લીએછે પણ તે વીશે લાજ પક
ડીને તે જખમને શારૂ મલંમ માંગતા નથી.

બેત બહરહાલ મી પોશદ એબરા,
બહમેહાલ નરીબીનદ બે રેબરા.

માંઇની—હરેક તરફથી એબ ઢાંકવાની કોશીશ કરેછે ને કોઇ તરે બે
શક બાબતોને જોતા નથી.

બેત—ને બેજાલત ને રજાલત દીદશવદ,
ઈં શરમગીં કાર રોજ અવજું શવદ.

માંઇની—શરમ તરફ કે ઇનશાંનીઅત તરફ જોવામો આવતા નથી
બલકે એ શરંમ ભરેલુ કાંમ દીન બ દીન વધતુ થાયછે.

બેત—ન ફેહમો ન વેહમે બ કરતા અકરતા,

કે કએ જાતે શીફાતે કએજાતે ઇઅકતા.

માંઅની—પોતાનાં કરતા અકરતા વીશે નથી ગીનાંન કે નથી વીચાર
કે શીફાતી જાતમો કોણ અને જાતે બરહક વ મુતલકમો કોણ.

બેત—ન ફકત તંનપરશ્તી જ અંમારે નકશ,

રવાં જારો બેજાર જ ફેરદારે અકશ.

માંઅની—નકશે અમારેની તાબેદારીથી ફકત તંનપરશતીજ થાએછે
એમ નથી બલકે નકશની ઊશકેરણીથી જે કાંઇ ઊલટાં
કાંમ થાએછે તેથી રવાંન બેજાર થઇને જારી કરેછે.

બેત—તજાવજ ન દારંદ બ ઊ વ અજો,

જીહી અકલો દાંનેશ શીતુદે ગીરો.

માંઅની—જે કાંઇ છે તે તદન તેહેનાં તરફથી અથવા તેથી એટલે
જે જાતે બરહકથી છે હેવુ જે શમજવું જોઇએ તે વીશે
કાંઇ તજવીજ રાખતા નથી તારે તારીફ પાંમેલા ટોલાની
અકલ તથા દાનાઇ કેહેવી શારી કેહેવાએ.

બેત—તફહુસ બરાએ જીકર હાએ કલબ,

ચે કરદે ફનાંનદે આં વાલા લકબ.

માંઅની—દેલની જીકર વીશે તે બુજરગી ભરેલા એતાબ ધારી શા
હેબાએ શું તપાશ કીધી તથા કરાવી એટલેજે શુ વીભાગ
લીધો તથા લેવાડેઓ.

બેત—ગુરેખતે જ રંજે રઆજત છંનાં,

ગુશેખતે જ હક એનાં દરએનાં.

માંઅની—આ લોકો રેઆજતની તશદીથી નાહાશીને હકશનાશીની
બેવડી લગાંમ તોડી નાંખી.

બેત—દરઆંમીખત બજી કરે જબાં ખીગુમાં,

ને આં હશબે અમરશ્ત બીદાં અફજવાં.

માંઅની—જીકરે જબાંન ઉપર ફકત બેગુમાંન થઇ અખતેઆર કરી
લીધી પણ તેબી અએ જબાંન તું શમજ કે હોકમ
મુજબ નહી.

બેત—નમી ગીરદ રાહે કે સુરેશક્ત બએબપોશી,
    હમીપોઆદ બકજ રહી અજ કજબેહેશી.

માંઈની—એબપોશી કરવાનો જે વારશીક મારગછે તે કોઈ પકડતુ
    નથી અને કજબેહેશી કરીને ઊલટે રશતે ચાલીઆ જાએછે.

બેત—એબે કેગીરદ એબગીરાં એબગીશ્ત,
    એબે શદીદ કે જવાબશ બા શવાબનીસ્ત.

માંઈની—એબ કાહાડનાર લોકો જે એબ બતાવેછે તે બેશક કે એ
    બ નથી પડતુ શખ્ત એબ એટલીજછે કે જે તે બાબે
    જવાબો આપ્યાછે તે ઘટતા ને મુનાશીબ નથી.

બેત—અજા અઝ બેરદ મંદ પાકીજે મગજ,
    બેરદ મંદ ચેખુશ ગોફ્ત વીજે વ નગજ.

માંઈની—અએ પવીતર મગજનાં બુધીવાંન શાહેબો હુશીઆર થઇને
    જુવો કે દાનાવ શાહેબોએ કેહેવુ ખુશ લાગે તેવુ પાકીજે
    તથા પુર મજમુન ગીનાંન આપ્યુંછે.

બેત—ખતારા ખતાકુન નશવી ઇબગીનતો,
    સુંકરદી ખતા શોદ વાજીબ અજ બેહરેતો.

માંઈની—જે ભુલ થઈ હોએ તેહેને રદ કર અને તેમ કરવામો તું
    કાંઈ એબ જેવુ નો શમજ શાથી કે જારે ભુલ થઈ તારે
    તો તુને અગત જેવી ફરજ થઇકે,

બેત—એબશ નીગીરી બઈકરાર આં,
    તા શવી બરી અજખતાવ એબઆં.

માંઈની—તે એબનો ઇકરાર કરવામો તું એબ નો પકડ કે જેથી
    ભુલ તથા એબ ઇ બંધે તોહમતોમાંથી તુ મોકલો થઇ જશે.

બેત—એબે કે હશત શરીહંન વાજીબો મુનાશીબ,
    નશવદ પોશીદ જ બેરદમંદાંન જીમનાકીબ.

માંઈની—જે એબ કે જાહેર વાજબી અને મુનાશીબછે તે તારીફ
    પાંમેલા અકલમંદોથીબી પોશીદે થઈ શકતી નથી.

બેત—નમીબીની કે દો તેગ દર ઇઅક મેઆં,
    નમીગુનજદ ખુશુશન બઈ આબરજમાં.

માંઙની--નથી જોતા કે બે તલવારો એક મેઆંનમો આએ આપ
૨ જમાંનાંમાં બશુશ કરીને શમાશ કરી શકે નહી.

બેત--હું હરદો ગોનાહ બશ અજીમો બેગુમાં,
કે દીદ વ દાંનીશતે કુની અજશરમે આં.

માંઙની--એ બંધે ગોનાહ બેશક કે ઘણાં મોહોટાછે કાંજે તું જા
ણી બુજીને સરંમને વાશતે કરી લીએછે.

બેત--ઇહરદોદીવે લઇનસ્ત અરબીદાંની અએજીગર,
દુરશો તાબીઆબી ન્યામતે ઊજમાં દર હશર.

માંઙની--ભુલ તથા એબ એ બંધે દેવ હેવા શરમમો નાખનાર લે
આંનતાછે કે જો અએ પેઆરા શાહેબ તું શમજે તો
ફમનાંથી દુરથા કે જેથી બુજરગ ન્યાંમત તુને કઆમતમો મલે.

બેત--નીજ બુબી કેઆં અશો વ અંનઅશોરા,
બાદ મુરદન હમશર કુનેમ, ઇંહરદોરા.

માંઙની--વલી જુવો કે આપરે અશો તથા અંનઅશોને તેમનાં
ગુજરવા બાદ બંધેને બરાબર એક શરખા ગણીએચ.

બેત--દીગર હમે દીલ જોઇએ નફશે શગોશેતાં,
બતાંનપરશતી વતંન આશાની મીશલે નાદાં.

માંઙની--બીજુ નફશ જે શગ તથા શેતાંનની બાશીઅત ધરાવનારોછે તેહેની બાતરને શારૂ તંનની આશાએશ તથા તંનની
શેવા એક નાદાંનની મીશાલે કરવામો આવેછે.

બેત--આં ઇબલીશ દરબરત મુંશીર બુખાર દાં,
વાં શગ મર તોરા કુબકુ ગરદાંન દાં.

માંઙની--તાહારા શરીરમો જે શેતાંનછે તે ગોઆ બુંખાર શેરના
માફકછે એમ શમજ અને જે કુતરો કે તાહારા બદંનમો
છે તેજ તુને ગલીએ ગગલી ભટકાવનારોછે.

બેત--કરદે બેનંગો નાંમુશ હમજ દોલતો ઇજત જુદા,
શોદાગરી બીજરફતો ગરતી જ હશમત બેનવા.

માંઙની--એ ઇબલીશ તથા એ કુતરાએ તુને બેહઆ તથા બે
નાંમોશ કીધો એટલુજ નહી પણ તેહેને ઇજત દોલતથી

પણ તુને જુદા પાડી નાંખેઓ તેની શાથે તારા હાથમાંથી વેપાર જતો રહ્યો ને હશમત દબદબાએ તાહારે વાશતે પેહેલે નંબરે હતો તે ગુમ થઓ તેથી તાહારી ફકીરી હાલત થઈ.

બેત —ગીશતકારશ જુજશગી વ એહેરેમની,
કાંશએ દોલતો ઇજ્જત ખુદ બખુદ મીશીકની.

માંઇની—એ નફશે અંમારેનુ કાંમ શગી તથા એહેરેમની શીવાએ બીજુ કાંઈ નથી કે જેથી તુ પોતે પોતાની મેલે તાહારી ઇજત તથા દોલતનુ પ્યાલુ તોરનારોછે એમ ૨૫૯ મા લુમ પડેછે.

બેત—દરહમ વ બર હંમ શવીજ ખોદાદાંની,
આરે જ નંગો નાંમુશ નીજ પશેમાંની.

માંઇની—ખોદા શનાશીનાં મારગથી બાહાવરા જેવા થઇ પડેઓછે કે જેથી કબુલ કરવુ પડેછે કે શરમ તથા નાંમોશી અને પશેમાંની તુને જે થઈ પડીછે તે ગોઆ ખુદ તાહારી હેવી વરતાણુકથીજછે.

બેત—ઇં બુજરગ નાતવાંનીશ્ત અએ અબશ,
નાતવાંની મેહેજ અજમેહે કુમીએ નફશ.

માંઇની—એ ભારી નાતવાંની ફોકટ અખતેઆર કરી લીધી હોએ એમ ખુલુ જણાએછે શાથી કે એ નાતવાંની શીરફ લેઆં નતી નફશે અમારેની તાબેદારીથી છે.

બેત—ચેકદર ઇં દાંનીશ કે રૂજુબ તરફે જાહેરી,
હમચુના બીના મેહરમ જસરફે બાહેરી.

માંઇની—આએ કેહેવી રીતની દાંનાઇ કે જાહેરી ચીજો તરફ રજુ થવુ બલકે આંધલાવોની માફક બાહેરની ખુબીઓથી પણ બેનશીબ રેહેવુ.

બેત—હાકેમે વજુદત કે જીંદે વ પાયંદે રવાંનસ્ત,
ન કદરો મરાતેબે આં શુલતાંને નાતવાંનસ્ત.

માંઇની—તારા શરીરનો હાકમ જે હમેશાં જીવતો રેહેનારોછે તેહેનો નહી દરજો કે મરતબો કે જે એક રાજાની ચાંની નો

તે ખામારો તું જે નફશી પેરવી કરેઓ જાઓછે તેથી
નાતવાંન થઈ ગઓછે.

બેત—પશકુજા ઇશરાર ગેબી વ હકીકતે બાતેની,
પૈમુદે શવદ બઇં પૈમાંનએ તંન તની.

માંઇની—તારે ગેબી ભેદો અને બાતેની હકીકત કેમ કરીને આવી
રીતનાં તંનતંની માપાંમાં માપી શકશે.

બેત—હેરત હાસ્ત કે શંજીશે ખાદમો મખદુમ નૈ,
હશરત હાસ્ત કે રંજીશે ખતાં વ અશુબ નૈ.

માંઇની—મોહોટી અફશોશ જેવી વાતછે કે નોકર તથા શેઠનું વજ
ણ નહી અને ભારી તાજુબી કે ભુલ તથા એબો વીશે
કાંઇજ દીલગીરી નહી.

બેત—તાચંદ અએ બાદેમાંને દુનીઅવી,
તાકએ અએ તાલેબાન શીફલવી.

માંઇની—કાંહાં શુધી અને કેટલુક અએ શીફલી દુનીઆંનાં તલબ
ગાર બેદમતગાર શાહેબો.

બેત—તા કુજા અએ શાએકાંને આરીઅતી,
નકદે ઓખાહ બેહરેબોદા અર બીખરદી.

માંઇની—કેટલે શુધી અએ ઉધારી ચીજોનાં શોકીન શાહેબ એ ગ
ફલતમો ગુજારશે. બેહતરછે કે કાંઇબી નગદીની તરફ બો
દાને વાશતે ખાહેશ કરો અગરજો તમારામો કાંઇ અકલ
મંદીની નીશાંન હોએતો.

બેત—નમીગોયંમકે ઇઅકદમજ દુનીઆં તારેકશવી,
મંનજલ બમંનજલ ખવારેક શવી.

માંઇની—હુ કાંઇ એમ નથી કેહેતો કે તું એકદમ દુનીઆં તરક
ર માહારૂ કેહવુતો એમછે કે મંનજલ બમંનજલ તાહારી
બો ખાહીઅત શુધારી નાંખીને ઇઅજદાંપરશતીનાં મેદાંન
મો શેર કર.

બેત—જાંએં મકુન ઇં ઉમરે બે બહાએ તો,
આખેર બીઅંદીશ બ બે બકાએતો.

માંઇની—તાહારી બેસુલ ઓમર વેરથ જાંવા નોદે અને તુને જે ઈહાં કાએમ રેહેવાનુ નથી તે ઉપર નજર કરી આખેર જરા વીચાર કર.

બેત—અર નતવાંની હકપરશતી દરજવાની,
ગીરીતોરા માંને નીસ્ત અરમીતવાંની.

માંઇની—અગર તું જવાંનીમો ઇઅજદાંપરશતી કરી નહી શકેએ, તો બેર બુઢાપો કાંઈ તુને એ પરશતેશ કરવાને મને કરે એમ નથી. તેબી જારે કે બુઢાપામો તારાથી બની શકવા જેવુ હોએ તારે.

બેત—ખોદાઆ ચેશુદ કે ચની બેખબર,
જ મોરૂશી મેહેરૂમ જ મા તા બશર.

માંઇની—અએ બારીતાલાએ શુ થઊ કે આએ વખણાંએલો ટોલો એકદમ ખોદાશનાશી તથા હકપરશતીથી હાવો બેખબર થઈ ગએ કે પગથી તે માંથાં શુધી પોતાનાં બુજરગોએ અખતેઆર કીધેલો જાળવી રાખેલો અને ભોગવટામો લીધેલો ખાશ વીરાશતનાં હદીઆથી બેનશીબ થઈ ગઆ.

બેત—કશેરામ બીનંમ જે શાબેત કદમ,
કે બાશદ બજીકરે દીલો હમદમંમ.

માંઇની—શાબેત કદમવાલો કોઇબી શખશ નજરે પડતો નથી કે જીકરે દીલીમો માહારો જોરીઓ થઈ પડે.

બેત—અગર ચેકે હશતંદ નેકુકીશ ગો,
જીહુરો બવાતીન દીગરશુને બો.

માંઇની—અગરચે જે શાહેબો કેછે તેવોને નેકફાકી કરીને નાંમ આપવુ જોઇએ શાથી કે જાહેર તથા બાતીન તેવોનુ જુદી જુદી ખાશીઅતનુ નજર આવ્યુછે.

બેત—કે આં હમ ન દો શે અવજુદ ને,
મુખલેશે દશતઇઆબ દરીમેહદુદને.

માંઇની—કે તેબી બે લંણથી વધારે નથી અને એ હદમો નીભા શકે હેવો ખાલેશ હાથ લાગો નથી.

બેત—કુજા જોઅંમ દોશતાંને શાદેકાં,
કે દરમાંને દરદમ બુઅદ બુ હાદેકાં.

માંઇની—શાચા દોશતોને કાંહાંથી ધુંડી કાહાડું કે તેવા હકીમે હાદેક ની માફક માહારા દરદની દવાઇ તરીક ગરજ મીટાવે.

બેત—અગર ઇઆબમ હકીમે હાદેકેમંન,
ફીદાએશ શવંમ જ હરસુએ તંન.

માંઇની—અગર હકીમે હાદેક માહારે વાશતે મલી આવેતો માહારા શરીરનાં હરેક બાલે બાલથી તેમનાં ઉપર કુરબાંન થાઊ.

બેત—કદરદાં નબીનમ મરકશેરા,
કદરદાનેસ્તંદ જુજ બુરો પોશરા.

માંઇની—કોઇબી બાશ શાહેબ કે કદરદાંની કરે હેવો માહારી નજરે પડતો નથી શાથી કે જે કોઇ કે છે તેવો બારાકી પોશાકી શીવાએ કદરદાંગીનાં કરનારા નથી એમ દેખીતુ નજર આવેછે.

બેત—જમશીદ બાંમુશ તાચંદ ઇંગરમ જોશી,
ન બેહેતરસ્ત દર હકે તોકેન કુનીએબપોશી.

માંઇની—અએ જમશીદ કેટલીક ગરમ જોશી કરેછે લાજમ કે બાં મુશી પકડ, શાથી કે તુંને એબપોશી કરવાની આદત નથી તેથી તે વાત તારા હકમો બેહેતર નથી.

બેત—બાએદ કે કુની દુર અંદેશે જ દીવ મરદુમ,
કે દીવ મરદુમસ્ત બદ બાહેતો ન નેક મરદુમ.

માંઇની—તુંને ઘટેછે કે એ લોકો તરફથી તું દુર અંદેશો રાખે કાં જે દ લોક તાહારા બદખાહછે પણ નેક લોકો કાંઇ તેવા નથી.

બેત—અગર નેક બીની નીશત રાજી ઇં હરદો,
આં ઇકે મુનાફેક વાં દીગર મુતનફેર અજતો.

માઇની—અગર બારીકીથી જોશેતો એ બંધે તાહારા ઉપર રાજી નથી કારણકે તારાથી એક મુનાફેક અને બીજો મુતેનફેર છે.

બેત—આં મુનાફેક કે રફતારશ બાગુફતારનીશત,
વાં મુતેનફરે કે ગોફતારશ બાકેરદારનીશત.

માંઇની--જે મુનાફેક કે જેની ચાલ કેહેણી પરમાંણે નથી અને
જે મુતનફૅર કે જેની કેહેણી પ્રમાંણે કાંમ નથી.

બેત--નીજ નાફરમાં જ એહેકાંમે શત અશફંતમાં,
હમ બેપેમાં બ અરકાંનહાએ ગુજશતેગાં.

માંઇની--વલી તેની શાથે શત અશફંતમાંન શાહેબનાં હોકમોથી પ
ણ નાફરમાંન અને વલી આગલા બુજરગોની રીતભાંતમો
પણ કોલ તોડનારોછે.

બેત--શાદબાશકે બેદમતે એશતે કરદઇ,
મગરૂર મશવ હરચંદ, શાકે રાહે બાએશતે પેમુદઇ.

માંઇની--ખુશ રેહ કે તું એ લાએક અને જરૂરની ખીદમત બજાવી
છે પરંતુ જો કે જોઇએ એટલો અગતનો મારગ તુંએ
માપી બતાવ્યોછે તોપણ તું કાંઇ મગરૂરીમો કર.

બેત--અલહજર ઇઆ ઇલાહી વલઆમાં,
શરમંમ તો દારી બઇં દોર આખેરજમાં.

માંઇની--ઈઆ ઇઅજદાં દુરરાખ અને અમન આપ અને તેની
શાથે આખેર જમાંનાંનાં દોરમો માહારી શરમ તું રાખ.

બેત--તગલગુલ જ દુજદાં રાહે પુર જ શંગ,
ચેગુને તવાં રફત બ શબ પુર જે જંગ.

માંઇની--ચોર લોકોનો ગલબો અને રશતો ફતરોથી પંથરાએલો ત
નો શાથે રાત અંધારી તેમાં શીતરે ચાલી શકાએ.

બેત--ન હંમદંમ ને હંમગમ બજ બેગમ,
નીસ્ત તાઅશુર બઆં બે અલમ.

માંઇની--કોઇ મીલ નહી કોઈ આશના નહી બલકે જેને જોઊછુ તે
માહારા તરફ ગંમખારી કરે હેવો નહી તેની શાથે માહારા
ઉપદેશથી તેમને કાંઇ અશર નથી અને બેદરદી જેવી વર
તણુક વાપરેછે બલકે દવેશ રાખેછે.

બેત--પશંદમ ગરચે મારા નમી પશંદદ,
અજી હરકત દીલમ હરગેજ નમીરંજદ.

માંઇની--અગરચે એ લોકોમાંથી કોઈ શાહેબ મને પશંદ કરતા ન
થી તોપણ તેમનાં તરફથી થતી બદગોઇથી માહારો દીલ

દુખી થતો નથી બલકે એ બેજા હરકતોથી જે કાંઇ બોજો
પડેછે તે હરકતો ઉપર રાજી થઈ પશંદ કરૂછુ.

બેત--વલે બોહમ કે હકો દાવએ બેશ શંજદ,
વાગુજારદ દુકાંદારી કમર બદાવે બેશ બંદદ.

માંજની—લેકીન એ શાહેબોથી જરૂર કરીને એટલું ચાહુંછું કે પે
તાનો હક તથા દાવાનુ તોલ કરે અને દુકાંનદારી કરવાની
ચાલ છોડી દઇ પોતાનાં ખાશ તથા વારશીક દાવા ઉપર
કંમર મજબુત બાંધે કાંજે.

બેત--બોહમ કે દીલે કશાં નરંજદ અજ મંન,
દરગુજશતમ બરગેરફતંમ આં તતવીલે મંન.

માંજની--હુ એટલુજ ચાહુછુ કે કોઇબી શાહેબોનો દીલ માહારાથી
કોઇ તરે રંજીદા નહી થાએ એટલા શારૂ મેં જે કાંઈ બાં
બુ લખાંણુ કીધુ હતુ તે પાછુ ખેંચી લઈ હાલ દરગુજર
કીધીછે.

બેત—ચુ વકતશ રશદ બોહમ નેહાદ શોજે દીલે મા,
પેશ કશે કે બાશદ ગંમખારે ઇઆરે મા.

માંજની—માહારી દીલ શોજીની હકીકત હું જાહેરમા લાવવાનો વખ
ત જોઇશ કે અમુક શાહેબ માહારી ગંમખારી કરનારા દો
શતછે તો તેહનાં આગલ હાજર કરશ.

બેત—ઈલહાલ ઈ હમે ગમખારી વ ગંમગોશારી,
મીશીપારમ બહીકુજો હીમાએતે આં બારી.

માંજની--હાલી એ શરવ ગંમખારી તથા ગંમ ગોશારી તે ખોદાવં
દાંન ખોદાએ અકબરની શંભાલ તથા હીમાએતમા
શોંપું છેઉ.

બેત—ઊમેદમ કવી હશત જાં માલેકે કુલી,
કુનદ ઇઆ કુનાનદ બાદીદાર સુતજલી.

માંજની—મને મજબુત ઊમેદછે તે કુલ ચીજોનાં માલેક તરફથી કે
તે શાહેબોનો શાહેબ પોતે માહારી મકશદ રવા કરે ઇઆ
કોઇ રોશંન દીલનાં દીનદારનાં હાથપર કરાવે.

બેત—ખોદાવંદા બેરેશાદો બેપી ઇરાદ,
રાહેકે વાનમુદમ હશત બાશે જે આબાદ.

માંઇની—અએ ખોદાવંદાંન ખોદાએતાલા તારી અજીમ કુદરતથી તારા બંદા ઉપર રેહેમ નજરથી તેહની માંગણીઓ કબુલ કરીને તેહની મોરાદ પોહોચાડ અને તે મોરાદ એજછે કે હુંએ તાહારી બખશેશથી જે મારગ ખોલેઓછે તે તુંને જાંણીતોછે કે તે હજરત આબાદ બુજરગથી એ બાશ મારગ ચાલતો આવેલોછે.

બેત—હસ્ત અશલ અજ અજલ આદમે અવલીન ઊ,
ફતહુલબાબ હં રકેનાં હમ આલમે અફજલીન ઊ.

માંએની—રોજે અજલથી એટલે અશલથી તે પેહેલો આદમછે કે જેને આલમે અફજલીનનો મરતબોછે અને તે શરવે કોઇની મુશકેલાતનો ખોલાશો કરનારછે. એટલેજે હરેક મહજબ વાલાવોનાં દરવાજા ખોલનારછે.

બેત—હજારાં દરૂદો તેહેનીઅત બરૂહે ફુતુહશ,
કે જહાં આફરીં કરદ મકબુલો મફતુહશ.

માંએની—હજારહા દરૂદ તથા શલાંમ તેહનાં ફતેહમંદ રવાંન ઉપર કે કુલ જહાંનનાં પેદા કરનાર બુજરગ માલેકે તેહને પોતાની દરગાહનાં એક બાશા તરીકે કબુલ રાખી ફતેમંદી બખશીછે.

બેત—હજારાં તેહેશીં હંમ બર અશો અશફંતમાં,
ગશતમ જ ફેજ ઊ મુશરફ બગાહે યજદાં.

માંએની—હજારહા તારીફ અશો અશફંતમાંન બુજરગ પેગંમબર શા હેબ ઉપર પણ કે તેહનાં ફેજથી ઇઅજદાંતાલાનાં રશતા ઉપર જવા લાએક બુજરગી ભરેલો થઓ છેઊ.

બેત—દારંમ એલતેમાશ બજનાબે ફેજમાબ,
કે હસ્ત બાશ વ બાશુલબાશ બ અલકાબ.

માંએની—બાશ તથા બાશુલબાશ અલકાબનાં જે શાહેબોછે તેમની ફેજ ભરેલી જનાબે આલીમાં અરજ કરૂ છેઊ કે.

બેત—કુનદ બઇલતેફાત નજર બશુયે અવામ ખેશ,
તાકે ઇઆબદ મુશતેહ કાં હકે ખેશ.

માંએની—તેવોએ પોતાનાં અવાંમ ટોલા ઉપર મેહરબાંનગી ભરેલી નજર રાખવી કે જેથી તેવોનાં હકદાર લોકો પોતાનો હક પાંમે.

હવે વાંચનારા નેક નાંમદાર ખાલેશ દીલનાં રાશત એતેકાદનાં અક લમંદ સાહેબોની શેવામો વીનતી એછે કે ઉપલી બેતો જો કાંઈ ઈનશાફ થી દાદ આપોતો આએ નાંદાંન ફકીરનાં હાલની સાથે અને જરતોશતી બાશેઆંમની બરતાલુક સાથે સાક મેલતીછે તોપણ જો કાંઈ કોઈ જગ્ય એ કાંઈ પશેપેસ અથવા ભુલચુક નજર આવેતો તે વીશે બુજરગોની રીત પ્રમાંણે જો અમલ થશેતો બેશક કે વાજબી કેહેવાશે કાંઈ તેહેનુ ઊ લટુ થશેતો તેમાં તે મુજબ હાંશલ મલશે તે સરવે પરમીશ્ટદાંનાવોને નજ દીક કાંઈ છુપુ નથી સબબ ટુકુ કરછું અને અસલ મુદઆ તરફ રજુ થાઊછું.

જોહરોનુ બઆંન ઉપલા વરકોમાં થઈ ચુકુછે તેથી હવે તેહેનાં લગ ત "અરજ" નુ બઆંન આપવુ જોઈએ તેનુ બઆંન નીચે મુજબ—

કે અરજ નવ કીશમનાં છે અને જો કાંઈ એ અરજનુ જોહરનાં સુ એકઠુ કરીએ તો દશની શંખ્યા થાએછે હેવી રીતે કે એક જોહર અને નવ અરજ મલીને દશ થાએછે તેઆરે તેહને મકુલાતે અશર એટ લેજે આલમે મોજુદાતની દશ બીલકત ઈઆને જાહેરી દશ પેદાએશ ક રીને કેહેછે તેહેની વીગત.

૧ અકલ. ૧ નવે આશમાંનો મલી

૧ જાંન. ને એકની શંખયા ગણેછે.

૪. તતવ એટલે આતશ હવા પાંણી તથા ખાક હેની ગણવો જુદી થઈછે.

૩. મવાલીદ એટલે માદન નબાત તથા હેવાંન.

ઉપરની વીગતે દશની શંખયા થાએછે.

શમજવું કે અકલ જોહરછે અને બાકીની નવ તે અરજછે તે અ રજો બરેપણે જોઈએતો અકલનાં ફરજંદો તરીકેછે.

હવે જાંણવુ કે મુરકેબાતના મરતબામો માદંનને દરમેઆંન એક મી આંઝ છે તેહેને મુરજાંન એટલે પરવાલુ કરીને કેહેછે એ પરવાલાંનુ ઝા હાડ દરીઆમો ઊગેછે તેથી જાંહાંશુધી પરવાલુ ઝાડ ઉપર રેહેછે તાંહાં

શુધી નરમ હોએછે લેકીન જારે કે તે ખુશકીમાં આવેચ તારે પથરની મીશાલ શખત થાએછે.

પરવાલાંને મીઆંજીપણાંનો ઓહદો આપેઓછે તેનુ જાંણવુ એ છે કે જાહેર જોવામો જોકે જાહાડને રૂપેછે પણ ખારા પાંણીની અશર અખંડ પોચાણીનાં તેહેની ઉતપંતી થઈ શકતી નથી અને બીજી જે કાંઇ મઆદની વશતુઓની ઉતપંતી થાએછે તેહને અખંડ મીઠાં કીંવા ખારાં પાણીની અગત પડતી નથી.

જો કદી પરવાલાંને નબાતમો શાંમેલ કરતેતો નબાતનો ખોરાક શીરીન પાંણીનોછે અને હેનો ખોરાક ખારાં પાંણીનો તેથી પરવાલુ નબાતી કીશમમોથી ઇલાહેદુ પડેશે તેમજ મઆદની બીજી વશતુઓને કોઈબી જાતનાં પાંણીનો શ્પરશ નથી તેથી તેમનાંથી પણ ઇલાહેદુ ગણવા જોગ થઊ તેથી હેને માદની વશતુઓમાં એક મીઆંજી તરીકે ગણત્રીમાં લીધુંછે તેહની શાથે હીકમતનાં કાએદા પ્રમાંણે પરવાલાંનો ગુણ માદની ચીજો શાથે ઘણુ કરીને જોડાએલોછે કે જેથી પરવાલુ મઆદનમો મીઆંજીનાં મરતબાને લાએક ગણવામો આવ્યુંછે તે વીશે હીકમતની કેતાબોમો જે ટીકા એટલે અરથ ગીનાંન આવ્યુછે તે બેશક કે અગત કરીને જાંણવા જોગછે મગર તે ઘણુ લાંબુછે તેથી હાલ મુખતેશર બઆંનથીજ શંતોશ પકડેઓછે.

હવે વનશપતી તથા હેવાનાતને દરમેઆંન ખજુરીનુ ઝાડ મીઆંજી છે કે તે કેટલીએક જાતનાં હેવાંનોની બરાબરનુ છે તેહેનુ શમજવુ એ રીતે છે કે જાંહાં શુધી હેવાંનાતની રીત પ્રમાંણે નર માદાની નજદીકી નહી કરે તાંહાં શુધી ફલ નહી આપે* જેમકે હેવાંનો પોતાનાં માદાની શાથે જાંહાંશુધી નજદીકી નહી કરે તાંહાં શુધી જુતફો ઇઆને તોખંમ

---

* એ વીશે જાણીતુંછે કે નરજાતી ઝાડોના પ્રાગ નારીજાતી ઝાડોને લાગી ફલ આપેછે, એપરથી—એક મહા પુરૂસે ખજુરીને તાડી છેજતાં જોઇ, કહીઉં કે આ લોક એનો સુમાગમ કરી ફુલની હાંશલતા કરી જાંણતા નથી, તે પરથી તેને નરનારીનો બનાવ કરી સમાગમ કરાવીઆથી તાડી થાને સરસ ખોરાક એના ફલ ખજુર ઉતપણ થઓ એ વીશે કીતાબોમાં જણાવેલુંછે.

હાંશલ નહી કરે તેની શાથે વલી હેવાંનોનુ માંથુ કાપ્યાથી તેવા હલાક થાએછે તેમજ ખજુરૂં પણ હલાક થાએછે એટલેકે મરણ પાંમેછે.

એ ઉપરથી ખુલ્લુ જણાશે કે ખજુરૂ જોકે જાહેરમા એક ઝાડને રૂપેછે કે જેથી બાંમ તબેનાં લોકો તેહેને વણશપતીમાથી જુદુ પાડી હેવાંનાત નાં દરજા લાએક ગણવા મુકત નહી શમજેતો તેથી કાંઇ ઉપલી હીકમત જે હકીમે મુતલક તરફથી તેહેને મીઆંજી ઠરાવવા શારૂ થએલી ખાતરી લાએક ઠરીછે તેહેને કાંઇ ધોકો લાગી શકતો નથી બલકે એ ખાતરી હકીમ મુતલકની હીકમત વીશે ઘણીજ કાફી મોતેબર તથા બશછે.

એટલા શારૂં તશવુફવાલા શાહેબો એ ઝાડને દુખ દેવાને તથા તેહેનો શીરો પીવાને રાજી નથી કાંજે એકતો એ ઝાડ હેવાની દરજાનુ ને બીજુ હેનો શીરો તે ગોઆ હેવાંનનાં લોહીની માફકછે એમ છતાં બે ખબર લોકો એ બાબે કાંઇજ હંમગંમ થતા નથી બલકે હલાલ શમજેછે હલાલ શમજેછે એટલુજ નહી પણ હેનાં પેટાંમાં જે મોહોટાંમો મોહોટી બાધકોછે તેબી અખાડા કરીને ગણતીમો લેતા નથી તે વીશે કાંઇબી વીશતાર આપવાને આએ નાકશ લખનાર કાંઇજ અગત પકડતો નથી કારણ કે દાંનાવ વાંચનારા શાહેબો તરફથી શંમપુરણ ખાતરીછે કે તેવા અલબતે પોતાનાં દીલથી ધારી લેશે અથવા શમજી શકશે.

હેવાંન તથા ઇનશાંન વચે મીઆંજીઓ ઘણાંછે મગર ઘણુંકરી અગતજોગ જાંણવા જોઇએ તેમાંનો એક "નાશનાશ" કરીને કેહેવાએછે તે એક જાતનુ આદમીછે પરંતુ તેહેનો પગ એકજછે અને તે આફરીકાનાં મોહોટા જંગલોમો ઘણુ કરીને હોએછે પણ તેની બોલી ઇનશાંન જેવી નથી બલકે ઇનશાંનનો દુશમંનછે.

હેવાંન તથા ઇનશાંન વચે બીજો મીઆંજી વાંનર છે કે તેનાં શરીરનાં શાંધા તથા બેશવુ ઊઠવુ વગેરે આદમીની માફકછે.

એ મીઆંજી લોકો દરેબશત રીતીઓમાં મોજુદાતની તમામ વશતુઓ શાથે મુરતબ થએલાછે.

હવે જાંણવુ કે કકત[illegible]ાં હોકમથી અને શીતારાઓની તાશીરથી ઊનશરો જારે એક બીજાની શાથે તરકીબ થઆં તારે તેની અશરોથી પરથમ ખાંણની પેદાએશ થઇ તારપછી વનશપતી પેદા થઇ. વનશપતી

જે હેવાંનોનો ખોરાક જારે તઈઆર થએઓ તારે હેવાંનો પેદા થઆં એ હેવાંની દરજામાથી જે જે કમાલીઆતનાં દરજાને પોહોચ્યાં તેવા ઇ નશાંન થઆં.

શારાંશકે ઇનશાંન શઊથી છેલે પેદા થઊ તેનુ કારણુ એજકે અવલથી આખર શુધી શરવે શીફાતી ચીજોને ઓલખી તેમનાં હક મરાતેબ તથા નાંમ કાંમથી વાકફ થઇ તેમની ઇઆદ એટલે વખાંણુ કરવાની તે કરી તથા તેમની બુજરગી તથા અશરોને શમજી શકે.

તારબાદ તે જાતે બરહક નીરંજંન નીર આકાર એકતા બેહંમતા શાહેબની મારેફત એટલેજે પેછાંણુ રેઆજત જેવા ગુરબીનાં વશીલાથી એજદાંપરશતી દંમકશી ની શાથે કરી લઇ રશતેગારી અને જાવેદાંન બેહેશતને લાએક થવાની કોશીશ કરે.

ખરૂંછે કે કોશીશ વીનાં ઉપર કુહેલા બંધે ફકરાનુ કાંમ થઇ શકે નહી અને કોશીશ કેહેવી રીતે કરવાની તે બાબે મુખ્તેશર શમજવાનુ એ છે કે તેની જાત તથા શીફાતોની નીશાંનો તથા નુરો જે આફાક તથા આલંમનાં લોકોમાં જાહેરછે તેહેને ઓલખી શમજીને વખાંણુ કરે આફાક તે પાહાડોનાં આશપાશની તમાંમ જમીનને કેહેછે એટલેજે આએ જેહાંનની કુલે ભુમી જેને રૂબેમશકુન હેવુ નાંમછે આલમનાં લોકોથી મારાદ શરવે જાતનાં અંનફાશથીછે.

એ અનફાશો તથા કુદરતી નુરની નીશાંનોની હકીકત વીશે મારેફત પેદા કરવાની તજવીજ તથા તશદી લીએ તેનુ નાંમ કોશીશછે જારે હેવી કોશીશોથી મેહેનત લીએ તારે જાત તથા શીફાતની મારેફત થઇ એમ કેહેવાએછે કોશીશ વીનાં ફોકટ કાંઇ બની શકતુ નથી.

જેવાએ ઉપલી કોશીશ કીધી નહી હોએ એટલેજે રેઆજતનાં અમલોથી ઇઅજદાંપરશતી નહી કીધી હોએ તેવાને એ અંનફાશો તથા નુરોની મારેફત થઇ શકતી નથી તે શબબથી હેવા લોકો ઊંડા દરીઆમા જમીનની અંદર તથા પાહાડોમાં જઇ શકે નહી અને નાચેની દુનીઆંનાં ભેદાને પાંમી શકે નહી અને આશમા[illegible]પર જઇ શકે નહી અને આશમાંનોની બારીક હકીકતો માલુમ કરી શકે નહી કાંજે જે શાહેબોએ ઉપર મુજબ ઇઅજદાંપરશતી રેઆજત હબશે નફશની શાથે કાએ

દા મુજબ કીધી હશે તેજ શાહેબોને મારેફતની નેકબખતી મલેછે અને તે નેકબખતીની બરકતથી ઉપર કહેલાં શરવે કાંમ તેવા ખુબી આશાંનીથી કરી શકેછે.

જોકે ઉપર મુજબ મેહેનત કોશીશ તથા પેરવીથી એ બુજરગ નેકબખતી હાંશલ થાએછે તે છતાં હકતાલાની તમાંમ શીફતો શરવે કોઇ પામી શકતુ નથી થોડાજ માત્ર પાંમી શકેછે શબબ તે બેચુનો બેચેગુન ખોદાવંદાંન ખોદાએ બરહક શાહેબે હેવા લોકોને આશાંનીથી કમાલીઅતને પોહોચાડવા શારૂ બંધે જહાંનની કુલ હીકમતે બેઇલત એટલેજે ખાંમી વગરની હીકમતોથી શરવે પેદાએશનો શમાશ ઇનશાંનનાં શરીરમાં કીધો કે જેની બરકતથી તથા આશનીદ તથા ગોશે શરૂદ અકલની મદદથી શરવે વાકફકારી મેળવવામો ફતેમંદ થઇ શકે.

વલી એ ઉપરાંત બીજી બખશીશ તે શરવ શકતીવાંન શાહેબે તમાંમ જાતની ખલકત પેદા કીધી કે દરએક જાતની ખલકતની ઓલખ લેવા તેહનાં ગુણ અવગુણથી વાકફ થવા તેનાં નમુનાં પ્રત્યક્ષ જોવાથી મુશકેલ નહી પડે—તેમાં જીશમ એટલે શરીરને રૂહ એટલે રવાંનને તાબે કીધું અને તેહની હરેક શીફતો જે હતી તેથી ઇનશાંનને મખશુશ ઇઆને ખાશ કીધો કે તે પોતાનાં શરીરનાં શાંધાવોની જોડણી કીધીછે તે ઉપરથી શમજ લઇને બંવે જહાંનની વકફીઅત મેલવે અને તેમાંથી પોંતાની શીફતો જે જનંમ લીએછે તે વીશે દરીઆફતી કરીને હકતાલાની શીફાતોને પોતાની હદ તથા મકદુર મુજબ શમજે અને જે પ્રમાંણે શરીરનાં અંદર રવાંનનુ કાંમ હોકમ ચલાવવાનુછે તે પ્રમાંણે હકતાલાનુ કાંમ હોકમ ચલાવવાનુ તમાંમ આલંમમોછે એમ શમજે એ વીશે જરા ખોલાશો નીચે મુજબછે.

૧. આદમી જે છે તે ગોઆ ખોદાવંદાંન ખોદાએતાલાનાં શરવે નાંમોનો એક નુશખો અથવા પુસ્તક રૂપીછે.

૨. વલી ઇનશાંન જે છે તે ગોઆ તે પાદશાહોનો પાદશાહ એટલે હકતાલાની ખુબીઓ જોઇ શકે હેવી આરશીરૂપીછે.

૩. બંધે જહાંનોમો જે કાંઇ ચીજોછે તે દરોબશત ઇનશાંનનાં બદનથી બાહિર નથી એટલેજે જે ચીજો બંધે આલંમમોછે તે એકંદર ઇનશાંનનાં શરીરમાંછે.

૪. જારે કે શરવે ચીજોથી ભરેલો અમ્મે ઇનશાંન ગુંજછે તારેતો તુને ધરેછે કે તુને જે જે વાકફગારી જોઇએ તે શરવે તાહારા શરીરનાં તરફથી તજબ કર.

ઉપલી હકીકત ઉપરથી દાંનાવ વાંચનારા શાહેબોતો અલબતે જોઇ શમજી તથા વીચારી શકશે કે આદમી એક અજાએબ અને બેસુલ વશ તુવોથી ભરેલુ જાંમદાર બાંનુછે ઇઆ નહીતો ઘણીએક નાદરમા નાદર વનશપતીથી બનેલી અકશીરછે અથવા નહીતો કીમતી જવાહેરાતથી બનેલી પાદશાહોને લાએક ભારી કીમતની ઇઆકુતીની માફકછે.

એ ઉપરાંત ખુલુ નજર આવેછે કે પેહેલે દીવશથી હકતાલા વ તકદોશનો એજ ઇરાદો હતો કે ઇનિશાંને તે જાતે બરહકને ઓલખવો અને એ કાંમમો અશમરથ નહી પડે એટલા શારૂ રેહેમદીલી તથા બંદેનવાજીથી હેનાં જીશંમમો ઓલખ કરવાની વખાંણ કરવાની તથા શમજવ, ની શરવ ચીજો ગોઠવી મેલીકે બરવકત જોઇને પોતાનાં પેદા કરનારની રંનજન નીરાકારને ઓલખે તેમજ તેહેની પેદાએશ વાલી શરવે શીફાતોને પણ ઓલખી વખાંણ કરે તથા તેમનાં કાંમકાજ તથા અશર તાશુર અને ગુણ અવગુણની શમજ પેદા કરે.

જારે કે ઉપલા પેરેગરાફોથી વાંચનારા દાંનાવ શાહેબોની ખાતરી થઇ અને બેશક કે ખાતરી થાએ હેવુજ છે તારે એ બાબે બંખાંણ કરવામો કાંઇ ફાએદો નથી એમ શમજી મુખતેશર કરતી વેલા એટલુજ વધારી લેવાને જરૂર જોઉ છેઉ કે એજ હેદાએતની બરકતથી આપરા કદીમ બુજરગો એ કાંમમો શીરૂવાતથી પેહેલે નંબરે ચડતી ગંણતીમાં હતા તે શંઘલુ આપણને કાંઇ અંનજાણ નથી તે છતાં જરતોશતી ખાશોઆંમ શાહેબો એ જરૂરી કાંમ બલકે જરૂરી તથા ખાશ પોતાનાં ફાએદા ભરેલી કે જે ફાએદો બંધે જહાંનની ફેજથી ભરપુરછે હેવી જે ફરજ તેને શા વાશતે છોડી દઇ આએ મુરદાર રૂપી દુનીઆંની પાછલ લાલચુ શીઆલની પઠંમ લલચાઇને આઓ જનમારો જાહેરી શફાઇપર લુભી તથા લભદ થઇ ખાલી હાથે ફીકે માહોડે અને વગર તોશે આ દુખ ભરેલા દોજખમાં ગેરફતા થવા શરખુ કરી લીએ.

આ જગોએ શફાઈએ જાહેર તથા શફાઈએ બાતીન વીશે શવાલ ઊઠેછે તેહેનાં જવાબમાં મકદુર ભર શુચનાં કરૂ છેઊ તે વીશે દાંનાવ અને ધરમ શોભી વાંચનારા નેક લોકોએ જરા તપાશી ધ્યાંન આપવું. કે જરતોશતી કોઈબી ગરહસ્તને પુછે કે તમારા ધરમની ઊતમમાં ઊતમ નીતી શુંછે તો તેહેના વલતા જવાબમાં જે કાંઈ શમજુટ તથા વહીવટ ચાલેઓ આવેછે તે પરમાંણે જવાબ મલશે કે પાકી શાફી રાખવી મગર તે પાકી શાફી કેહેવી અને શી રીતે રાખવાની તે વીશેતો બીલકુલ બે ખબર ફકત બોલેચ એટલુજ એમ નીચેનાં ફકરાથી ખુલ્લુ દેખાએછે.

પરથમ જાંણવુ જોઈએ કે પાકી બે તરાંની છે તેમાં એક જાહેરની અને બીજી બાતેનની કે જેને અશલ ફારશી જબાંનમાં "પાકીએ આંમીગી" અને "પાકીએ રવાઇ" કરીને કેહેછે. "રવાઈ" તે છેકે જે જાહેર શરીરની શફાઈને શારૂ નાહાવુ ધોવું વખતે વખત વજુ પાદીઆવ કરવા જબાંનની ફીકર કરવી ધરનો અશબાબ વાશંણ કુશંણ ટેબલ કુરશી ઈત્યાદી શફ઼ રાખવુ. નાંખ તથા મોહોડાંમાંથી નીકલતો કફ અથવા મેલ ઘરમો જાંહાં તહાં નહી નાંખવો જાંએ જરૂર શાફ રાખવું ઈત્યાદી.

હવે "આંમીગી" તે છેકે બાતેનનો મેલ તથા કાટ શાફ રાખવે એટલેજે બાતેનમા જે શદગુણો તથા દુરગુણોનોનુ જોડું ઘર કરીને રહે લુંછે તે વીશે પાક ઈઅજદાં દાદગરનાં પેહેલા હોકમ પ્રમાંણે વરતણુક કરવી જોઈએ એટલેજે દુરગુણોને દુર કરી શદગુણોની શંગતી પકડવી ઈમાંનનાં કાએદા મુજબ ચાલી રેઆજત કરવી દીલની ફીકર હબશે નફશની શાથે કરવી અને જાતે બરહકના મુબારક નુરનુ અંનશ જે આતમાંરૂપી ઈનશાનની જાતમો વાશો લઈ રહેછે તેહેની ઈજત તથા કદર કરવી અને તે બુજરગાંન બુજરગ શાહેબની કીમતી શેફાતો વીશે જાંણકાર થવું ઈત્યાદી ઈત્યાદી.

હવે રગુણોને દુર કરવાનાં હથીઆરો કે જેને પરથંમ "શરઈઅતનાં ફરમાંન" કેહેવે નાંમે ઓલખીએચ તે શરઈઅતી મેહેલમો અંમલ કરવાનો હક શરવ કોઈનોછે તેજ જારે અમલમો નહી લેવાએ તારે બતેનની શફાઈ રાખવાનો વખત કેમ કરીને આવી શકે શરઈઅતનાં મેહેલ

વાળા શાહેબો ઉપર કે જેવો હેવાંની ખશલતો શાફ કરવાની ફુકતી કરવી જોઈએ કે જેથી દુરગુણો દુર થાએ તેને ઠેકાણે તેવાએતો એ લોકોમા હેવુ મજબુત ઘર કીધુછે કે તેને તોડતાં મોહોટો વખત લાગે તોબી તે નાપાકો પોતાનુ વલગણ છોડી નીગંને શદગુણોની શોહોબત કરવા દેતા નથી હેવા જે શરકશ શરજોર અને શોખ શતુ લોકોને ફકત હાથની ટીચકારી અને જબાંનનાં શખુનથી શીકશત આપેછે તે કીરીઆ જોકે મજબુત ગણવા લાએકછે તોપણ તે અપવીલ દુરગુણોને કાંઈ અશર થતી હોએ એમ જણાતુ નથી કાંજે એ કીરીઆની શાથે શદગુણોની વરતણુક થવી જોઈએ તે તો બીલકુલ થઈ શકતી નથી તારે જારે કે આગલાવોની બદ ખશલતોનુ જોર જારી હોએ તારે પાછલાવોની અશોઈ ખશલતોનુ બલ કાંહાથી આગલ પડી શકે.

એ ઉપરથી શીધ થાએછે કે જરતોશતી શાહેબો પોતાનાં ધરમની ઊતમ નીતી જે પાકી શાફી રાખવા વીશે બતાવેછે તે કેટલે દરજે પશંદ તથા કબુલ રાખવા જોગછે તે ઉપર ધરમાભીમાંની દાનાવ વાંચનારાવોએ પોતાનાં દીલથી ધારી લેવું કે શદગુણી વરતણુક વીનાં દુરગુણી ખશલતો ઉપર કહેલી હલકી કીરીઆથી કેમ કરીને દુર થશે, કેમ કે જાહેરની પાકીથી તંન આશાંની અને બાતેની પાકીથી વશલે ઇઅજદાંની થઇ શકેછે તે વાત ખુલી રીતે ઉપલા ફકરાવોમાં શીધ થઇ ચુકીછે તેથી હવેતો વાંચનારાવોનાં બારીક વીચારપર એ વાત મુકુછુ કાંજે ઘણુ કરીને હાલ જમાંને શુધરેલા અને કાંઈક ઓહોદે પોંચેલા જાહેરી સફાઈ ઉપર ગરવ કરેછે પણ બાતેની શફાઈથી બેનશીબછે તથા બેખબરછે તેથી નાચાર બેર પનાહે બોદાવંદે બોદાએમાંન વ વાલાઇઅજદાંન શાહેબની એ બુજરગ નાંમાંનકીત અને તારીફ મેલવેલા શાહેબો ઉપર આવી ૬ પ્રકરણ બંધ કરૂછુ.

ઉપર આવી ગયેછે કે તંન જે છે તે રવાંનનુ ફરમાંબરદારછે તે વીશે વીશેશ બોલાશાની જરૂરછે તેની હકીકત નીચે મુજબઃ—

કે રવાંન જે છે તે ગોઆ ચેરાગની મીશાલેછે અને તંન જે છે તે ગોઆ ફાંનુશ હાંડી વાલશેટ વીગરે ચીજોની માફકછે જાંહાં શુધી એ ચીજમો ચેરાગની રોશની મેલાએ નહી તાંહાં શુધી ઉપલી ચીજોને કોઈ નંમતુ નથી જારે કે રોશનીની બતી રોશન કીધી કે ઝટ શરવ શાહેબો ઊઠી ઊભા થઇ નમતુ કરેછે એ વાત દેખીતી જાહેરછે.

એ ઉપરથી શીધ થાએછે કે તંન જેછે તે ફાંનુશની જગોએ અને
રોશઆન જે છે તે રોશનીની મીશાલછે તારે તંનની રખેવાલી કરવી અગત
નીછે કે રવાંનની ખુશનુદી કરવાની જરૂરછે તે વીશે દાંનાવ વાંચનારા શા
હેબોએ વીચારી લેવુ કાંજે કેટલાક અપટ જાહેલો એ બાબે કાંઇજ લક્ષ
આપતા નથી અને રવાંનની બુજરગી જાલવવી જોઇએ તે પડતી મેલી
તમાંમ કોશીશો તંનની રક્ષકારીમો ખરચ કરેછે એટલુજ નહી પણ વખ
તે હશવા જોગ દલીલ કરેછે કે તંન વીનાં રવાંનની ખુશનુદીનુ કાંમ થ
ઇ શકે નહી ખરૂછે બલકે બેશકછે કે એ દલીલ મઆકુલછે એમ કહી
એતો વાજબી કેહેવાએ મગર ગેરવાજબી એટલુજછે કે હેવી દલીલ લાવ
નારા શાહેબો તંનની રખેવાલી ઘટતી રીતે કરતા નથી બલકે તંન જે ચ
કરછે માંટે તેહને તેહેની ચાકરી બજાવવામો હરકત નહી આવે હેવી રીતે
તેહેની રખેવાલી કરવી જોઇએ તેની ઠેકાંણે આખો જનમારો રાત દીવ
સ તેહેની રખેવાલી શીવાએ બીજુ કાંઇ કરતા નથી તેથી રવાંનની કદર
બીલકુલ થઇ શકતી નથી જેથી તે જાર તથા બેજાર થાએછે તેની રેઆ
એત કરવા તરફ તદંન લક્ષ આપતા નથી અને જરા લગાર ઘટતા વી
ચાર પકડતા નથી કે તંન જે છે તે રવાંનની શવારીને વાશતે એક ઘો
૩. ત્રીજી દલીલ એછે કે ખાબમાં જે જગાઓમાં કે નફશ શેર કરે છે ને જે કાંઇ તમાશો કે નકશો તે જગાએ જુવેછે તે વીશે પોતે પોતા ને ખબર આપેછે કે હુ એમ બોલ્યો મેં એમ શાંભલ્યુ અને તે હાલ તનાં દરમેઆંન જો કબી તેહેને કાંઇ ઇજા થઇ હોએય તો તે વીશે શોક ર કરેછે હેવી રીતે કે એ ઇજા જાગરત અવશતામો નહી થઈ તે નેક થએ કદાપી એ હાલતમો એટલે ખાબમાં કોઈ જાતની લીજત પાંમેઓ હોએય તારે અફશોશ કરેછે કે શુ કરવા જલદીથી જાગી ઊઠેઓ હેવી રીતે જે હકીકત નીપજેછે તે વીશે બદંનને તો કાંઇજ ખબર પડતી નથી તે ઉપરથીબી શીધ થએ કે નફશે તથા બદંનએ બંધેનો મરતબો એક

બીજાથી જુદા ઇલાહેદાછે કાઈ એક જાતીવાલા નથી પણ નફશ જે હેવાંની ખાશીઅતો શુધરેઆથી હજરત રૂહનો દરજો પાંમેછે તે નુરાંની અને તંન ખાકીછે.

૪. ચોથી દલીલ એછે કે જે નફશ કે આપરા શરીરમાં આજછે તેજ આપરી વય પાંચ વરશની હતી તારે પણ હતો. અને જે જેશમ કે જે પાંચ વરશની વયમાં હતું તે આજ નથી શાથી કે તે વખત કરતાં આજે જેશમ બેવડુ ઇઆ તેવડુ લંબાઈ પોહોલાઈમાં થઊછે અને તે વેલા બાલક હતો તે આજે જવાંન થએોછે. જવાંની પછી અધીર થએો અને અધીરથી બુઢો થએો—હેવી રીતે જે ફેરફાર થએો તે માત્રે જેશમ મોજ થએો તે ઉપરથી શાફ જણાએછે કે બાલ અવસ્થામાં જે શરીર હતું તે બુઢાપી વખતનાં જેશમથી જુદુજ હતું બલકે હરશાલ જેશમમો ફેરફાર થાએછે એટલે જો કબી શુખાકારીનો વાગતો હોએ તોપણ જુનુ શરીર બદલાઇને નવુ થાએછે તેથી ખુલુ નજર આવેછે કે નફશ જે છે તે જેશમની જાતી માંહેલુ નથી પણ તેથી ઇલાહેદુ અથવા જુદુજછે.

૫. પાંચમી દલીલ એછે કે બદનની તરકીબ ચાર અનાશેરથી થએલીછે તે ઊનશરો જે અશલ કુલછે તેહેનો વીભાગ જે કે જુજવી છે કે જે દરએક બદનમો વેહેચાએલોછે તે વીભાગો પોતાની કુલ અશલ એટલે અશલ ઊનશરોનાં જયાબંદી કુરરા તરફ મલી જવાની તેની જાતી ખાશીઅતછે તે ઉપરથી શમજવાનુ એમછે કે જારે કોઇ આદમી ભુખ્યુ થાએછે તારે બદન માંહેલા જુજવી એટલે વીભાગી અનશુરો પોતાની અશલે કુલ જે જથાબંધ કુરરાવો તે તરફ જઈ મલવાની ઈછા દેખડેછે ને તે મુજબ પોતાનાં મરકજ તરફ એટલેજે અશલે કુલ કુરરાનાં ઈહાતા અથવા ઘેરા તરફ જાએછે તે શબબથી બદનમો નબલાઇ પેદા થાએછે એ નબલાઈ તે છે કે જે ભુખની વેલા ખોરાક નહી મલે ને ભુખ્યુ રેહેવું પડે તેથી થાએછે કે જેથી શરીરનાં શાંધા નરમ થઇ જાએછે તેની અશરથી નબલાઇની અશર પેદા થાએછે—હેવામે! જારે કે ખોરાક લીએછે તારે એ જુજવી અનાશેર તે ખોરાકને તેહેલીલ એટલે હાજમો કરવાને શારૂ પોત પોતાની જગોએ કાએમ થાએછે તારે તે નબલાઇ કે ભુખથી થઇ હતી તે દુર થાએછે કારણ કે એ વીભાગી ઊનશરોની ખાશી

આત જેવી પોતાનાં કુલ ઊનશરોમો મલવાની તેમજ ગેજા એટલે ખોરા
કની ઊતપંતાબી જે ઊનશરોનીજ મદદથી થએલીછે તે શબબથી તે ખોરા
ક જાણે તેમની અશલે કુલનોજ વીભાગ અથવા જુજવી છે તે મલેઆ
થી પાછા આવી પોત પોતાનાં ઠાંમ તથા કાંમપર વલગી જાએછે.

એ ઉપરથી ખુલુ જણાએછે કે બદનનાં શાંધા એટલે વીભાગો જે
પાંચ વરશની વયમાં હતા તેનાં તે પચાશ વરશની વય શુધી રેહેતા નથી
કાંજે તે શાંધાવોની તો તેહેલીલ થઈ ગઈ તેથી તે પચાશ વરશની વય વા
લા શાંધાવોનાં વીભાગો પાંચ વરશની વયનાં શાંધાવોથી જુદાજછે હેવી
રીતે કે જે પ્રમાંણે ખોરાક તેહેલીલ થાએછે તેમજ શાંધાવોની પણ
તેહેલીલ થાએછે.

મગર રૂહ એટલે શઉ ધરેલો નકશ જેનો તેજછે તેની મીશાલ હે
વી રીતે છે કે જેમ કોઈ શખશ એક શુરખ રંગનો તંબુ રાખતો હોએ
તેમાંથી અકેકી શુરખ રંગી ચોબ નુકશાંન પાંમવાને કારણે કાહાડીને તેહે
ને બદલે શબજ રંગની ગોઠવતો જાએ ને પછી લાંબી મુદતે જુવે તો
તેજ તંબુ કાએમછે એમ નજર આવે લેકીન તેમાંનો શરવે શાંમાંન બ
દલાઆને કારણે શોરખની ઠેકાંણે શબજ માત્રે નજર આવે તેથી તે અ
શલ તંબુ જેમ કાએમછે તેમજ રૂહબી જેનુ તેજ કાએમ છે એમ શમ
જવું ફકત તે તંબુનાં અશબાબનાં રંગમો તફાવત પડો તેથી તેની અશ
લ અવશ્થાને કાંઈ હરકત થઇ નથી જેમક બદનની કાએમાઅતમાં હરરો
જ બલકે વખતે વખત ફેરફાર થાએછે એટલેજે બદનની ઊતપંતી અ
નાશોરની તે ઊનશરોની ખુદ બાશીઅત બદલ થવાનીછે તારે બદનમો ફે
રફાર થાએ તેમાં કાંઇ અજબ નહી.

આ જગાએ નીચે લખેલો અમુલ્ય દાખલો વાંચનારા દાંનાવ ગરહ
શતોની હજુરમો મેલવાને જરૂર જોઊછુ તે એ છે કે ઉપર લખેઆ મુ
જબ જેમ ખોરાક તથા શાંધાવો તેહેલીલ થાએછે તેજ મુજબ ધરમ મા
રગની પાએરીઓનો પણ ફેરફાર થાએછે તે બાબે મુખતેશર ઈશારો પે
શતર આએ ફુરદીઆંમો આપેછે તે શીવાએ બાજી રીતીઓથી એ
બાબતની શાબેતી થએલી છે તેહેનુ બઆંન નીચે મુજબ.

૧. શુરહઆત એટલે દુધ.

૨. તરીકત એટલે–દહી.

૩. હકીકત એટલે–મશકે. અને

૪–૫. મારેફત તથા વેહેદત એટલે–ઘીઇ.

ઉપલા ઇશારો દાંનાવોને અછો રમુજ આપનારોછે કે મુલ પદારથ જે દુદ તે કેટલી રીતે બદલાએછે. જેમ દુધની સ્થીતી ફેરવાએછે તેમ જ ગીનાંનીઓને નજદીક અશલ મજહબ જે શરઇઅતનો તે પણ બદલાએછે તે અદલ બદલ ઉપલી વીગતથી આપણને ખુલી રીતે શમજ પડેછે તે છતાં ચાશટાખોર તથા લીજત પશંદ લોકો એ જાહેર વાતને કબુલ કરતા નથી, જો કબુલ કરેચ તો પોતાનાં અંમલો પાએરી દર પાએરી ફેરવવા પડેચ તેરી લેજતો છોડવી પડેછે તેથીજ માત્રે ના કબુલ કરવાનુ કારણ જનંમ લીએછે ને હેવી જાહેર વાતને નાબુદી આપીને હજી આપતા જઇએ છીએ તે કેહેવી ધરમ લોભી વાતછે તે દાંનાવ અને ધરમ ગીનાંની શાહેબો બેશક કે શમજી શકે હેવીછે તેથી તે બાબે વધારે લંબાંણ કરવાની અગત્ય જોતો નથી મગર એટલુજ કે જુવો શાહેબો બુજરગોનાં ઠરાવ પ્રમાંણે શરઇઅત જે છે તે દુધની મીશાલેછે ને શરઇઅતવાલા શાહેબો જે છે તે ગોઆ દુધનાં ખોરાકથી ઊધરનારાં નાંહાંનાં બાલકની મીશલમા અથવા હેવાંની ખશલતોનાં આશરામોછે શાથી કે નાંહાંનાં બાલકો મોહોટાં માંણશોની પઠંમ કાંઇ ગીનાંન ધરાવતાં નથી ને તેમનાં જેવો ખોરાક પણ લઇ શકતાં નથી.

હવે જારે બાલકોને દુદ પાવાની હદ પુરી થાએછે તારે તેહેને ખોરાકીની જીનશો આપતી કરીએચ ને દુધથી છોડવીએચ તેમજ શરઇઅતનાં મારગીએ શરઇઅતનો મારગ છોડીને તરીકતપર ઊતરવુ જોઇએચ એટલેજે દુધનું દહી બનાવવુ જોઇએચ.

જારે કે દહી તઇઆર થઈ તારે તે શરઈઅત વાલો તરીકતનાં મારગી તરીકે લાએક થઓ એમ કેહેવાએછે.

જારે તરીકતની લેઆકત પેદા કીધી કે પછી હકીકત પર ધ્યાંન પોહોચેઊ એટલેજે દેહીનો મશકા બનાવવાની અગત થઇ.

જારે કે હકીકતની લેઆકત મેલવી ત્યારે મારેફત તથા વેહેદતની તરફ ધ્યાંન લાગુ એટલેજે માંખણનુ ઘીઈ બનાવવાની ઇઓગીઅતા થઇ

જારે કે શીધ તઈઆર થઉ ત્યારે ગોઆ મારેફત તથા વેહેદતની પદવીમો પઉી પકવ થઓ એમ કેહેવાએછે.

જારે કે દુધનુ પીઇ થયુ એટલે શાલેક શરવે શીડીઓની શેર કરી ચુકો એમ શીધ થઉ જેમકે બાલકથી જવાંન થઓ, જવાંનીથી અધોર થઓ અને અધેરથી બુઢો થઓ ઇઆ નહીતો હેવાંની દરજાથી ઇનશાંન થઓ, ઇનશાંનથી ફરેશતા ખશલત થઓ ને તારપછી શેવટ ફરેશતાનાં મરતબાથી વધી ગઓ.

વાંચનારા ઉમદા અને ઉનડા મગજનાં શાહેબો જો ફાંઇ બારીકી થી તપાશ કરશે તો ઉપલા ફકરાવો તેવોનાં દાલ દમાગને તાજે દંમ કરવાને બેશક કે એક બેમુલ રમુજબ આપશે ને તેવોએ પોતાની વરતણુક કેહેવી કરવી તેની રીતી દેખાડશે એમ આએ હેચમદાંનની ખાતરી થાએછે પછે તો ગેબદાંન ખોદાએ ખોદાવંદાન.

ઉપર મુજબ ઓમર, અવશથા, શરીર અને મજહબની શીડીઓ બદલવામો જાંણે કુદરતી કાએદાછે એમ શીધ થઉ તારે જરતોશતી ટોલાનાં કુલે બાશેઆંમ શાહેબો એક શરખી રીતે હાલતે કારીઆએ અને ઇઆદ કરવાએ આખો જનમારો ફકત પેહેલી શીડીમાંજ પુરો કરેછે તે જોઇને હેતશ્રી લોકોને બેશક કે તોહોમત લાવવાને શેહેલ પડેઉછે વાશતે એ જગાએ હરેક જરતોશતીની ફરજછે કે પોત પોતાની મંનશકતી પર માંડે કેઆશ કરી બેહેતરીનો, તહોમતથી ખુલાશગીનો અને ઇઆજદાંપશંદીનો મારગ પકડવામો એબ તથા શરમ નહી પકડે પછેતો જેમ જેની મરજી મોબારક.

પેહેલી શીડીનાં ફરમાંનો વીશે જરતોશતી શાહેબોની ખાતરીછે કે તેથી બેહેશતની ઉમેદ તથા દોજખનો બીક ઉતપન થઇ શકેછે તેમાંથી કાંઇ જાશતી હાંશલ મલી શકતુ નથી તે છતાં એટલાજ લાભ ટોટાથી શંતોશી થવુ તે ગોઆ હાથ પગ વગરનાં માંણશનાં જેવુ કાંમછે વાશતે વીચારવુ જોઇએ કે છતે ફરમાંને ના ફરમાંન થવુ ઇઆજદાંપરશતીનાં બુજરગ નાંમનો ખરો હક જાંણી બુજીને ડુબા જવા દેવો અથવા તેનો લા દાવો કરવો તે વાજબી કેહેવાએ કે ચારે શીડીઓની શેર કરીને એટલેજે દુધથી તે ધોઇ શુધીનો અનુક્રમથી અનુભવ લીજીએ તે ઘટતુ કેહેવાએ

તે વીશે શરવે જરતોશતી શાહેબોએ ધ્યાંન અગત કરીને આપવાનુંછે. જો કબી ફકત દુધનાંજ ખોરાક ઉપર ઇઆને શરદઆતી મારગમાંજ પડી રેહેવાથી શતોશી કેહેવાડવા માંગીશુતો ધરમીઓને નજદીક તે કાંઇ શંતોશ નથી બલકે ગુમનાંમ કરનારી આલશાઇ તથા હઠીલાઇછે વાશતે આએ ગરીબ દરવીશની બાંગ પોકાર ઉપર ખોદા વાશતે કાંન ખુલા કરો, કાંન ખોલીને પછે રૂદએ ખોલો ને પછે વીચાર લેઓ કે આપરે શું કરવુ જોઇએ ને શું કરીએ છીએ.

જો કબી કોઇ શખશ ઘડીભર શખુંનપરવરીને શારૂ કેહેવા માંગે કે ફકત શીફાની ગુણોનુજ ઓલખ્વુ કરીને આગલ જવાની દરકાર નથી ઈઆ હોકમ નથી તારેતો નાચાર—મુકાએલુ તોહોમત આપો આપ શાબેત થઇ જશે તે દેખીતુંછે. વલી કબી કોઇ શાહેબ એમ કેહેવા માંગે કે હમારે તો એ દુદનોજ ખોરાક બશછે તારે તો વેમનાં ઉપર દહી મશકો અને ઘીઇનો ખોરાકબી હરાંમ થઇ પોડેછે કાંજે દુધનો ખોરાક જે બાલપણાંમાં લીધો તે વેલા એ ત્રંણે ચીજોથી વરજીત થવુ પોડેઊ હતુ તેમ વરજીત થવુ જોઇએ તેને ડેકાંણે તમે શાહેબોતો બેધોકે વાપરોછો તેથી આએ ગરીબ તાબેદારનુ કેહેવુ એજછે કે જારે એ શરવે વશતુ વાપરો તારે તો તેહની હદ હુ દુદ તથા પાએરી દર પાએરીની પણ ઘેર કરો નહી તો પછે તમારા ઉપર ઉપલા શખુંનો બોજો નાંખેછે તેહનો કાંઇ શતા ભરેલા રદીઓ તઇઆર કરો કે જેથી તોહોમત લાવનારાવોની ખાતરી થાએ કાંજે પેશતર રદીઆ તરીકે જે જે દલીલો માકુલ જાંણી ગુજરવામો આવીછે તેથી કાંઇ તેમની ખાતરી થઇ નથી, ખાતરી માત્રે તે શાહેબોએ એટલીજ તે દલીલો ઉપરથી કરી લીધીછે કે પારશીઓ એક લાએક ખોદાએને માંનવા ભજવાનો જે તેમનાં કદીમ બુજરગોથી ઊતરતો આવેલો રેવાજ તે ભુલી તથા છોડી બેઠાછે. એ ઉપરથી હેવો ભરાંત જાએછે કે જાંણે તમે એમ નીશચે કીધો હોએ કે હજરત પેગમબર અલેશલાંમે પોતાનાં ટોલાને ઉપલી શીડીઓ વીશે કાંઇજ ફરમાંવુ નથી ઈઆ નહીતો તે શાહેબે તે વીશે જાંણે મનાઇ કીધી હોએ—જો એમજ હોએ તારેતો માહારા પ્યારા શાહેબો તમે મોહોટો ભુલાવો ખાઓછો અને એ ભુલાવો કેમ થઓ, કેઆરે થઓ અને કોહોનાં તરફથી થઓ તે વી

શે ગંભીરાઈથી ધ્યાંનપર ખેંચો કે તુરત ખુલી રીતે એ ભુલાવાની શાબ્તુ
તી થઈ જશે ને જારે કે એ શાબેતીએ તમુને ખાતરી આપી તારે તો તે
હેનાં ઘટતા ઉપાએ અંમલ તથા કોશીશ કરવાની ફરજ તમારા ઉપર આ
વી પડશે એમ શાફ દીશેછે વાશતે જે કાંઈ મુનાશબ નજર આવે તે ઉ
પાએ જલદીથી લેવા જરૂરછે પછે તો જેમ જેની ખુશી.

જુવો કે હજરત પેગમબર અલેશલામે જેમ શારાં કેરદાર બદલ પે
હેલી પાએરીમો બેહેશતની ઉમેદ આપીછે તેમજ ચડતી પાએરીઓમાં
શારાંમાં શારી ઊતમ કીરદાર જે ઈઅજદાંપરશતીની ગણવાની તેહનાં ફે
જશી જાવેદાંન બેહેશતની પણ આશા આપેલી પ્રત્યક્ષ જાહેરછે તે છતાં
કેમ કરીને આપરે તારીફ પાંમેલા ટોલા તેહેનો ઉપભોગ નાહી કરીએ ને
કરનારાવોનુ માંન નાહી કરી જરા આંખો ઊઘાડીને જુવો કે જે કોમમો
એ ઊતમ કીરદારની કારીઆ ચાલુછે તે ચાલનારા પીરમુરશીદ તથા શં
ત શાધુ અને જોગી જોગેશ્વર તથા તપેશ્રી રખેશ્રી બુજરગ લોકોનુ માંન
શંનમાં શી તરે કરેછે તે વીશે કાંઇ વીશતાર આપવાની જરૂર નથી પણ
જો કુપી ખાતરીથી બારીક તજવીજ કરીશુતો હેવા ઊતમ લોકોને હર વ
ખત ઉપનાંમ તથા વખાંણ શીવાએ બોલાવતા નથી તેથી હેવા ટોલાને
ધંન્યછે એમ કેહેવુ જરૂરછે ને તે મુજબ આપરા લોકોએ પણ દાખલો
લઈને તથા આપરા બુજરગોનો વારશીક હક જાંણીને ચાલવુ ચલાવવુ
માંનવુ મંનાવવુ અગતનુછે પછે તો નાચાર જેમ જેની નજરમા ગોઠે તે
મ પોત પોતાનો શંભાલ પોતાનાં સ્વધરમ તથા સ્વજાતીની મારફત કરી
સીએ તો શારૂ.

હવે ઉપલા ફકરાવોમાં નફશ જે શુધરતાં હજરત રૂહનુ નાંમ તથા
બુજરગી પાંમેછે તેહેની અશલીઅત વીશે દલીલો આપી ગઈછે કે તે હ
જરતે આલીદર જાતની કાએમીઅત અશલથીછે અને શદાકાલ રેહેશે
તે ખાતરી લાએક શાબેતીઓથી શાબેત થઈ ચુકુ તારે એ જગાએ જ
રા લગાર ઈશારો કરવાને ફરજ પડી કે ઉપર મુજબ હજરત રૂહ પાઅંદે
છતાં અને નેકી ખુબી ભરેલો શુલતાંને રેહેબર છતાં તેહેની કદર નહી ને
શરીર જે નાશવંત અને દુનીઆંની હરજ મરજમો દોરાવનારૂ અને બીન
શુધરેલો નફશ જે હરાંમ વશતુ તથા અપરમાંન અમલો તરફ ખેંચી જ

નારો તહેની ઇજત તથા ખાતરદારીમો આખો જનમારો જરતોશતીઓ ખરચ કરી નાંખેછે તે કેહેવુ ડાહાપણ ભરેલુ કેહેવાએ તે વીશે જરતોશતી શાહેબોએ એકદીલીથી એકશરખી રીતે વીચાર લેવાની તેમની અગતની [illegible]છે નહીતો પછે નાચાર જેમ તેવોની ઇછા.

બીજુ આએ દુનીઆં ગોયા આપણી માતોશ્રીની માફકછે હેવી રીતે દાંનાવોનુ નીરમાંન થએછે શાથી કે એ દુનીઆંનુ કાંમ હરેક બચાંની માએનુ કાંમ જે આપરી આગલ દેખીતુ બલકે આપરા ઉપર વરતાએલુ છે તેહેનાં પ્રમાંણમોછે તેથી તેહેનો વીશતાર આપવાની કાંઇ જરૂર જણાતી નથી તોપણ શંનશારીઓ એ શનશાર માઇનાં કાંમથી જાંણકાર હોએ એમ શંભવતુ નથી શબબ હેવા અંનજાંણાંવોને વાશતે થોરો ખોલાશો આપવાને આએ શેવક પોતાની ઘટતી શેવા શમજેછે માંટે તે વીશે દાંનાવ વાંચનારા શાહેબોને નીચે મુજબ વાંચવાની તશદી આપેછે તે વાશે તેવોએ ઇશકાલ કાહાડવાને બદલે માફી આપવી પડશે અને ખાતરીછે કે એ માફી અલબતે મલવા જોગછે તેથી મુદા ઉપર ઉતરૂછું કે:—

પ્રથંમ બચાંની માએનાં કાંમ તરફ જોતાં ખુલ્લુ દેખાએછે કે એનેક ખશલત માઆલુ માતાવો પોતાનાં બચાંનાં રક્ષાંણ તથા પોશંણને વાશતે તેવો જે જે યુકતીઓ કરેછે તેમાં તેમની પેહેલી યુકતી એછે કે જારે તેમનુ નાંહાંનુ બાલક બીજી કાંઇ જાતનો ખોરાક લેવા લાએક નહી તારે તેહેને પોતાનુ દુદ એટલેજે પોતાનુ કાચુ લોહી પાઇને ઉધારેછે હેવુ જે દુધ તે બાલકને પેટ ભરતુ આપવાને કારણે દુધનો વધારો કરવાની આશા રાખીને પોતાનો ખોરાક હકીમોનાં હોકમ મુજબ જેમ ઘટમાંનછે તેમ પોતે લેતો કરેછે કે જેથી તે બચુ ધરાઇ પોશાઇને તાજે ફરબે તથા કવતમંદ થાએછે તેજ પરમાંણે દુનીઆંની ચારે તતવ કે જેને આપરે ખાઇ શકતા નથી તેહેને આપરા ખોરાકમાં આવે હેવી તરકીબ એટલે એક બીજા શાથે મીલાપ કરાવેછે હેવી જુગતીથી કે હેવાંન તથા વનશપતીનાં વીદમાંનથી એ ચારે તતવોને આપરા ખોરાકમો લઇ શકાએ એમ તજવીજ કરેછે હેવી રીતીથી કે ગોશપંદો તરફથી દુધ અને ઓરવરો તરફથી અનેક જાતીનાં ધાંન ફલ મેવો અને ભાજી તરકારીનો ખોરાક ઉતપંન કરી આપેછે કે જેનાં આધારથી પ્રાંણી માત્રનાં શરીરો કાએમછે.

ઉપલી બીનાં એટલા શારૂ આ જગોએ દાખેલ કરવામો આવીછે કે બારીક આંખોથી જોનારા અને તીક્ષણ બુધીથી તપાશનારા ગીનાંની શાહેબોને વીચારવુ શેહેલ પડે કે આદમ જાતને બલકે હરેક આતમીક પ્રાંણીને શારૂ તેવોની માતા જે શંનશાર માઇને નાંમે ઓલખાએલી વખણાએલીછે તે માઇ શાહેબે ચાર તતવનો ખોરાક ઓરવર તથા પશુ ગોશપંદોનાં વીદમાંનથી પેદા કીતોછે તેથીજ તેમનુ રક્ષાણુ પોશંણ કરવાને પેગંમબર અલેશલાંમે આપરે જે તે બુજરગોનો બુજરગ અને તે માહાગીનાંનીનાં ઊમતી તેથી આપણને બાબજા હોકમો ફરમાવ્યાછે તે હોકમો જો કે એકલા ભેદમોજછે એમ નથી તેમ અભેદ એટલે શીરફ ખુલા પણ નથી મગર તેહેનો ખાશ હેતુ એ પશુ પ્રાંણી વીગરે તમાંમ જંદબારની રક્ષકારીને વીશે ઊઘાડા અને ખુલા નજર આવેછે તે છતાં જીભનાં શવાદ નફશે હેવાં નીકશીશ અને કરમ બંધંનને કારણે આપરે તેથી ઊલટોજ ઉપીઓગ તથા ઊપભોગ કરીએ છીએ તે હજરત શત જરતોશત જેવા નાંમીચા અને શરવોપરી પેગંમબર અલેશલાંમનાં ઊમતીઓને છાજતુ નથી. ખેર ગઇ ગુજરીને શારૂ જીકર લાહાંશીલ તેમ કંપી અજાંણતાં એ ગુનો થઓ એમ ઠરશે તારેતો જરા માશીની ઊમેદછે પણ જાંણુકારોને વાશતે બારી મુશકેલછે હેમાંતો કાંઇજ શક નથી કાંજે ખોદાઇ ફરમાંન તથા નરઅશો હજરત શત અશફંતમાંનની શાથે દેખીતી નાફરમાંની થાએછે તે વીશે કાંઇ નહી પણ જરારતીની ગેરત શરમ તથા ખોફ પકડવો જરૂર છે પછેતો જેમ જેવોની ખાહેશ.

મગર જરા આંખો ચોલીને જોવુ જોઇએ કે શંનશાર માઇએ જે ઉપર મુજબ ખોરાક તઇઆર કરવાનો ઓહોદો પકડેલોછે તે શીરફ પોતાનાં શરવે ફરજંદોનુ એકશરખુ રક્ષાંણ તથા પોશંણ કરવાને પકડેલોછે તે ખુલ્લુ શાબેત થાએછે તે છતાં તેહેનાં મોહોટાં અને વલી ગીનાંની ફરજંદો તેહનાં નાહાંનાં દરજાનાં અગનાન તથા અશકત ફરજંદોને કાપી ખાએ તે ઉપર તે રાજી હોએ એમ શંભવતુ નથી બલકે નીરૂધાર અશંભવીકછે; ખેર જેનો ઇલાજ હાથમો રહો નથી તેથી શરવે કોઇ નાચારછે પણ એટલુતો કહી શકાએછે કે એ કાંમ નીરદયે લોકોનુછે ને નીરદયે લોકોને કદીમ જમાંનાંમાં દેવ, એહેરેમંન, દઇત, રાક્ષશ, જીન, ભુત, ડાકંન,

પાશાય અને પરી કફતાર હેવાં નાંમોની ઉપમાં આપતા આવ્યાછે તે ભુલી ને એકદમ આદમીપણાંની રીતથી ઊલટા ઉતરી પડ્યા છીએ તે બેશક કે આખેરી વખતને શારૂ નુકશાંનકારકછે શાથી કે—

૧. એકતો એ વાત પેગમબર અલે રેહમતનાં હોકમથી ઊલટી તે મજ શાધારણ રીતેથી ઊલટી તેની શાથે નેક ખશલતનાં હીંદુ તથા ઇ અજદાંપરશત ઇશલાંમી ભાઇઓની રીતથી પણ ઊલટીછે તે છતાં એ બંધે ભાઇઓ શાથે ધરમ વીરૂધની તકરાર પડે એટલા માંટે તેવોને પડત મેલુહ્યુ અને જરતોશતીઓનાં ખાશ પોતાનાં રીવાજની નોંધ કરૂહ્યુ તે નીચે મુજબ.

૧. ગહંમબારનાં જશંનો વખતે મનાઇ.

૨. બાજ ઇજવામો મનાઇ.

૩. માતમનાં ત્રણ દીવશોમાં મનાઇ.

૪. શાદીને દીવશે મનાઇ.

૫. દર મહીને ૪ હંમકારાને દીવશે મનાઇ.

૬. આખા વરશમાં એક આખા મહીનાંની મનાઇ.

આ જગોએ એક હશી કાહાડવા જોગ કઊતકની વાતછે કે હાવા ઊતમ તથા અગત જોગ દીવશે જે વશતુ વાપરવાની મનાઇ જરતોશતી ભાઇઓ પાલેછે તેથી તો ઊઘડુ જણાઇ આવેછે કે એ અંમલ ધરંમ વીરૂધછે તે છતાં એ ધરંમ વીરૂધ વશતુઓ આર દીવશે ધરમ શંબંધ કેમ કરીને થઇ શકે કે તેનો અંમલ જરતોશતી શાહેબો કરેછે—કે જેથી જરતોસ્તી પવીત્ર ધરંમનુ અપમાંન થઆ વીનાં રેહતુ નથી તે ઉપરાંત ના દેર રમુજ એક બીજી છે કે કેટલાક માંન પાંમેલા ને ધરમ ભેદનાં શમજ નાર શમજાવનાર કેટલાક શાહેબો એ મનાઇવાલી વશતુવોની બીલકુલ એટલે જે હમેશની મનાઇ વીશે ઇકરાર કરી તેહેની શાખેતી અવશતા નાં કલાંમોથી બાપોકાર આપેછે પણ અંદરખાંને જોઇએય તો તેવોબી એ ધરમ વીરૂધ અંમલ જાહેર રીતે કરેછે તે જોઇને ઘણોજ કંમકમાટ ઉપજેછે કે એ શાહેબો એ મનાઇથી અછી રીતે વાકફછે તેની શાથે નાવાકફોની જોડે એકશરખો પોતાનો અંમલ શાવાશતે ને શું કરવા કરે છે તે કાંઇ ખાતરી પુરવક જોઇ શમજી શકાતુ નથી. બેર હકતાલા ના

રવે નેક જરતોશતીઓનો નીગેહબાંન થઇ એ કંમકમાટ ભરેલા અપરાધ માંથી બચાવ કરે. આંમીન.

આગલા ફકરાવોમાં આવ્યુછે કે ઇનશાંનનુ શરીર એક આલંમની મીશાલછે તે બાબે વીશતાર આપવા જોઇએ કે જેથી વાંચનારાવોને ઊલટ તથા ઊતેજન થાય ફટના શારૂ એ બાગતપર ધ્યાંન આપુ છેઊ કે

ઇનશાંન જે છે તે ગોઆ જમીન તથા આશમાંનનુ એક પુસ્તક છે અને જમાંન તથા મકાંનનો જોડોછે ઇઆને તેહનાં જેવાછે. ઇનશાંનનાં શરીરમાં જે હાડકાંછે તે જમીનમો જેમ પાહાડછે તે માફકછે અને બાલ તે જમીનપર ઓરવરની માફકછે—જેમ જમીનમો શાત દવીપછે તેમ બદંનમો શાત ભાગછે તે નીચેની વીગત પ્રમાંણે—

૧ માંથુ, ૨ હાથ, ૧ પીઠ, ૧ પેટ, અને ૨) પગ, એની વીગતનાં શાત ભાગ તે શાત દુઇપનાં પરમાંનમોછે. જમીનમો જેમ લરજોછે તેમ આદમીમો છીંકછે. જમીનમો જેમ ખારા કડવા ને નાખુશ ચશમાંવોછે તે પ્રમાંણે બદનમો

આંખ—કાંન—મોહોડુ—નાંખ—એ ચશમાંવોની માફકછે. જમીનમો જેમ નદીઓછે તેમ શરીરમો નશોછે.

મગર આદમીનુ બરાબરીપણુ આશમાંનો શાથે હેવી રીતે છે કે જેમ આશમાંનમાં બાર રાશીનાં બાર બુરજછે તેમ બદનમો જાહેર તથા બાતીન મલીને બાર મારગછે તે નીચેની વીગત મુજબછે—

૨ આંખો—૨ કાંન—૨ નાંખ—૧ મોહોડુ—૨ ચુંચી—૧ ડુટી, અને ૨) શરમની જગો. વલી આકાશમાં ૨૮ નક્ષત્રછે—અશ્વની ભરણી વીગરે તેમ બદનમો ૨૮ જાતની ચરબછે કે જેથી શરવે શાંધાવોની જોડણી મજબુતી પકડી રહીછે. એક બુરજનાં ૩૦ હીશાને એક દરજો કેહેછે હેવા ૩૬૦ દરજા આકાશોમાં છે તેમ બદંનમોબી ૩૬૦ નશોછે. આશમાંનોમાં જેમ શાત શીતારા ફરતાછે તેમજ બદનમો ૭ શાંધાછે તેની વીગત આશમાંનમો શ્થીર શીતારા ઘણાંછે તેમ બદનમો કવતો ઘણી જાતનાંછે જેમ ઊનશરે મુહીત ઉપર આશમાંનો આવ્યાંછે તેમ બદનમો

૧. શફરા—એટલે પીત.

૨. બલગમ—કફ.

૩. ખુન--લોહી.

૪. શોદા—ચીત ભરમી થવાનાં સ્વભાવ તથા પ્રકૃતી

કરીનેછે જેમકે દુનીઆંમાં પાદશાહ, વજીર, કોટવાલ, જકાતી, શંદેશો પોંચાડનાર કાશદો જાશુશો અને કારીગરો તથા બબરચી રંગરેજોછે તેમજ બદનમાં પણ

૧ હજરતે રૂહ પાદશાહછે—૨ અકલ વજીરછે—૩ ગુશો કોટવાલછે.

૪. આંખ કાંન વગેરે બીજી ઈંદરીઓ શંદેશો પોહોચાડનારી-કાશદો તથા જાશુશો જે આશપાશથી હજરત રૂહને પોહોચાડેછે.

૫. હાજીમો પકાવનાર બબરચીછે.

૬. ગુશવીરે રંગરેજ અથવા તશવીર ખેંચનારેછે અને બીજા શંધા બીજી જાતનાં ધંનધાદારીઓની માફકછે.

હવે જાંણવુ કે હજરત રૂહને વાશતે જે જે શીફતોછે તે શીફતોથી હકતાલા શીફતદારછે એટલેજે હકતાલાની જે જે શીફતોછે તે હજરત રૂહને વાશતે પણ છે કાંજે હકતાલાનાં બુજરગ નુરનુ અંનશ અથવા જુજવી વીભાગી હજરત રૂહછે કાંજે હકતાલા જેમ શરવે ચીજોનો જાંણકારછે-જોનારો, શાંભલનારો, બોલનારો, કુદરત વાલો, હોકમ કરનારો તથા શરવે આલમનાં ઉપર નીગાહબાંની કરનારોછે તેમજ હજરત રૂહબી એ શીફતોથી શીફતમંદછે લેકીન તફાવત એટલોજ છે કે રૂહ પોતાનાં ખીદમતગારો જેહેનાં હથીઆર તરીકેછે તેમનો મોહોતાજછે અને તે પાક બેન્યાજ હથીઆરોનો મોહોતાજ નથી.

આ જગોએ આએ કમતર વાંચનારા દાંનાવ શાહેબોનુ ધ્યાંન ખેંચેછે કે રવાંનની બુજરગી શરીરની બુજરગી કરતાં કેટલી બધી વધારે છે અને જારે કે નીશચે થઈ કે રવાંનનો દરજો શરવેથી ચઢતોછે તારે આપરે જરતોશતીઓ તેહની પેરવી શું કરવા નહી કરીએ. બેશકછે કે જરતોશતી ટોલાનાં માંન પાંમેલા બુજરગ બુનીઆદનાં શાહેબો શરવે વાતે કોક ગણાઆ છતાં આએ અગતની બાબતમો તદંન પછાત પડેઆછે કે હજરતુ રૂહની પેરવી કરવા બદલ નફશે હેવાની તથા શરીરની આરાશતગી તથા પાએદારી વીશે હેવી હેવી હકીકતીઓ વાપરેછે કે ગોઆ એક વફાદાર ચાકર પોતાના શેઠને રાજી રાખવા શારૂ ખીદમતગુ

જારી કરે તેહેનાં જેવીછે તે બેશક કે દાંનાવોને રમુજ આપવા જેવી છે કાંજે જાતે બરહકને ઓલખી તથા નુરમો નુર મલવાની ખાશ રીતો છોડી ફકત શીફાતોનીજ તરફ બીલકુલ વલંણ કરવું તે ગોઆ અંધારાંને અજવાલુ શમજવા જેવુંછે વાશતે જાંહાં સુધી ચઢતી શીડીઓએ પોંહોચવા પોહોચાડવાનો ઊદીઓગ કરશુ નહી તાંહાં શુધી હજરત રેહની શીફતો તથા બુજરગીને શમજી તથા જાલવી શકીશુ નહી. ને જેહેરીતાનાં તથા નાખુશ તોહોમતોથી મોકલા થઈશુ નહી તે ખુલુ દેખાએછે માટે કોઈબી ખોદાનાં લાભે પોતાનો લક્ષ અંતઃકરણથી લગાડવો જોઈએ કે જેથી હજરત રેહની જાની લાએકી મુજબ તેહનુ શંનમાંન થઈ શકે અને તે શંનમાંનથી તે શખશ તે શંનમાંને લાએક થાએ એટલેજે બેહેશત અથવા જાવેદાંન બેહેશતની પરાપતી કરી શકે.

એ પરાપતી શરઈઅતનુ મેદાંન લપેટીને આગલ વધ્યા શીવાએ એટલેજે ચઢતી શીડીઓની શેર રેઆજત જેવા માહાભારત મોલની મદદ લીધા શીવાએ કોઈ કાલે થતી નથી, થઇ નથી અને થવાની નથી તે બેશક કરીને જાંણવું.

વલી એક વાત અગત કરીને શમજવાનીછે કે શરઈઅતનો એક ચતુરથાંશ તરીકતમો મેલાએલોછે તેથી આગલ કદમ મુકનાર મુબતદીને એકદમ કાંઈ મુશકેલ જેવુ નહી લાગશે તે ઉપર ધ્યાંન આપી આપરા કદીમ બુજરગોનો તરીકો હજરત રશુલે ખોદા અલે રેહેમતનાં ફરમાંન મુજબ દીલોજાનથી અખતેઆર કરવા શારૂ કંમર બાંધવી જરૂરછે પછે તો જેમ મરજીએ મુબારક.

આ જગાએ એક શવાલ ઊતપંન થએો કે કદીમ પારશી લોકો હેઅજદાંપરશતીમાં પંકાઈ ગએલા અને મોહોટે મરતબે ચઢેલા હતા તેનુ શું કારણ કે તેમનાં ભલાં નાંમોની બરકતથી આજ શુધી એ ટોલો ઉપલા મુબારક નાંમનુ માંન ભોગવેછે અને વલી આપએખતેઆરી હાલતમો પોતાનુ ખુશ ગુજરાંન પોતેજ એટલેજે બીજી કોમની મોહોતાજગીવીનાં કરી શકેછે.

આ શવાલનાં પાછલા ભાગમાં તો શીરફ ઇનાએતે ઇજદી શીવાએ બીજુ કાંઈ નજર આવતુ નથી અને તે ઇનાએત જે છે તે બેશક કે દીન જરતોશતીની બરકતથીછે.

હવે આગલા ભાગ વીશેતો શાફ ખુલુછે કે કદીમ પારશીઓ માહેલા ફકત આંમ ટોલાની વરતણુક હેવી હતી કે જમાંનાંનાં પરહેજગારો જેવી નીતીઓથી તદન અનજાંણપણાંને અશકુતીવાંન નોહોતા તારે તે કદીમ જમાંનાંનાં ખાશ લોકો શીફત કેહેવી અને કેટલી હશે તે બાબે વાંચનારા શાહેબોએ દરીઆફત કરી લેવો.

એ ખાશ લોકો જે ભારી શીફતોને લાએક તેનુ માતબર કારણ એજ કે એ બુજરગોની વરતણુક હેવી નીતરી અને નીરમલ હતી કે તેની બરકતથી તેમનાં દીલની શફાઇ જલદીથી થઇને આગાઇ ને તવાંનાઇને દરજે પોહોચી જતા હતા તેનુ મુખ્ય કારંણ એજ હતુ કે ઉપર લખેલા શરવે મુકાંમોની શેર ફકત બેજ મંનજલોમાં કરી શકતા હતા તે બાબ વીસ્તાર આગલ થઇ ચુકોછે.

હવે આએ નીચેની જહાંન પેદા કરવામો હકતાલાની ખાશ શીફતોની નીશાંણ ૯ મુકરર કરવામો આવીછે તેહની વીગત નીચે પરમાંણે—

૧. શરવે આશમાંનો—૨. શીતારાઓ.

૩. ઊનશરો—૪. ઓરવરો.

૫. ચરંનદાં—૬. પરંનદાં.

૭. બજીનદે—૮. ફુદનારાં.

૯. ઇનશાંન.

ઊપલી નવ નીશાંનોની વીગત બીજી રીતે નીચે મુજબછે તેની વીગત—

૧. આશ્મમાંનો—૪. ઊનશરો.

૧. ઇનશાંન—૧. હેવાંનો.

૧. નબાત—૧. માદંન.

એજ પ્રમાંણે પેલી જહાંનમા પણ ૯ શીફતોછે તેહની વીગત—

૧. નફશે કુલ ફટલેકે મલકુતે અફલાક ઇઆને ફુલીઆતે આશમાંની.

બાકી—૨. જીબર ઇલ, હાથ શપરર—ગોપાઇ—શંદેશા પોંચાડનાર.

આવી—૩. મીકાઇલ, મોહોડુ—ઊીફજ.

બાંદી—૪. ઇશરાફીલ, નાખ—ફીકર.

આતશી—૧. ઇજરાઇલ, આખ—કેતાબત.

૨ થી, ૫ શુધીના ચાર ફરેશતા ચાર તતવની માફક એટલેકે આશમાની ઊતશરછે.

૬ થી ૯ બીજા ચાર ઇનશાંની નુકુશ છે તેની વીગત--

૧. નકુશે તબઇ. ૨. નકુશે નબાતી.

૩. નકુશે હેવાની. ૪. નકુશે નાતેકે.

એ ચાર જે છે તેને મલકુતે ઇનિશાંની એટલેજે કુલીઆતે ઇન શાંની કરી કેહેછે.

ઉપર કહેલી નવ નીશાંનીઓની વીગત બીજી રીતે નીચે મુજબછે—

૧. નકુશે કુલ.

૪. જીબરઇલ વીગરે ચારે ફરેશતા તે ચાર અનશરોની કુલીઆતછે.

૫. કુલીઆતે ઇનિશાંની એટલેજે ઇનશાંની નુકુશ.

૩. મવાલીદ એટલે હેવાંન નબાત અને મઆદન તે દરએકનો ન કુશ તેજ તેમની કુલછે.

ઉપલા ફકરાવોમાં બંધે જહાંનોની ૯ નવ નીશાંનોનુ બઆંન આવ્યુ છે તેજ મુજબ એક તીજી જેહાંન કે જે જે ચીજોથી તેની બાંધણી, જો ડની તથા રચના થએલીછે તે શરવે ૧૮ નીશાંને‌ા એક ઇનશાંનની શુર તમા મેલી તેહેનુ નાંમ આલમે આદમ એટલેજે બંધે જેહાંનોથી નાંધલી જહાંન અથવા બંધે જહાંનને‌ા નમુને‌ા કરીને આવ્યુછે તે છતાં નાદિર એ છે કે એ નાંધલી જહાંનમો બંધે જહાંનની અઢારે નીશાંને‌ા મેલી આ પી તેહનાં બે ભાગ કરી તે દરએક ભાગનુ નાંમ ઠરાવુછે તેહની વીગત નીચે મુજબ—

૧. જાહેરી નવ નીશાંને‌ા.

૨. બાતેની નવ નીશાંને‌ા.

પેહેલા ભાગની જાહેરી નવ નીશાંનોની વીગત—

૧. આંખ. ૧. કાંન. ૧. નાંખ. ૧. મોહોડું. અને ૧. હાથ.

એ પાંચ જે છે તે શરવે આશમાંને‌ા તથા ચારે અંનશરોની કુલી આત માફકછે, બાકી જે ૪ નીશાંને‌ા રહી તે નીચેની વીગતેછે—

૧. એક—૧. દશ—૧. શો—૧. હજાર--એ ચાર શંખ્યા તે ૪ બાતે ની કવતનાં કુલ પ્રમાંણેછે.

બીજા ભાગની બાતેની નવ નીશાંનોની વીગત નીચે મુજબ—

૧. શાંભલવાનુ કવત.

૧. જોવાનુ કવત.
૧. શુંઘવાનુ ”
૧. બોલવાનુ ”
૧. દરીયાફ્ કરવાનુ ”

એ પાંચ બાદ જતાં જે બાકીની ૪ નીશાંનો રહી તે બાતેની ચાર શંખ્યાછે તે નીચેની વીગત મુજબ.

૧. પેહેલી એકની શંખ્યા તેની બાતેની તે ગોઆ ફીકરછે.
૧. બીજી દશની શંખ્યા તેની બાતેની તે ગોઆ કુવતે હાફેજેછે.
૧. તીજી શોની શંખ્યા તેની બાતેની તે ગોયા કુવતે નાતેકેછે.
૧. ચોથી હજારની શંખ્યા તેની બાતેની ગોયા કુવતે કાતેબેછે.

હવે જાહેરી આલમને એટલેજે આગે જહાંનને આફાકે બુજરગ એટલેજે મોહોટી જેહાંન કહુંછું કે જે વાત હજરત દશતુરે દશતુરાંન વા કફે ઇશરાર હરદો જહાંન નામદાર દશતુર ગોશફરીઆંન શાહેબનાં મત શાથે મલતીછે અને બાતેનો આલમ જે પેલી જહાંન તેને નફશે બુજરગ એટલે બુજરગ રૂહ અથવા રોઆંન કહુછુ. અને જાહેરે આદમ એટલે જે આદમની શુરતને ઇઆને તીજી જહાંનને આફાકે કુચક ઇઆને નાંધલી જહાંન કહુછુ. અને બાતીને આદમ એટલેજે ઇનશાંનનાં બદનમો જે રૂહછે તેહેને નફશે કુચક એટલેજે નાંહાંનુ રૂહ કહુંછું. તારબાદ આફાકે બુજરગ એટલેજે આગે જેહાંનની નીશાંનીઓને આફાકે કુચક ઇઆને આદમની નીશાંનો શાથે મુતાબક કરછુ તારે બંધે એકશરખા થઇ જાએછે.

એ ઉપરથી ખુલુ નજર આવેછે કે આદમ જે છે તે નીશચે એક આલમની માફકછે પણ તે નાંધલી આલમછે.

તારપછે નફશે બુજરગની નીશાંનોને નફશે કુચકની શાથે મેલવુંછું તારે તેબી એકશરખાજ દેખાએછે તે ઉપરથી પણ ખુલુ દીશેછે કે પુરશ જે છે તે ગોઆ એક આલમની માફકછે મગર તે નાંધલી આલમ છે અને મોહોટી જહાંન એટલે આગે જહાંન ખરેખર કે જે જીશમછે તે આદમ કરતાં મોહોટુછે.

હવે આએ જહાંનમાથી પેલી જહાંનમાં પોહોચુંછું અને એક ફર
માંન ઉપરથી કે જેનો અરથ નીચે મુજબછે તે ઉપરથી ખાતરી કરછુ કે
એ ફરમાંનમાં કાંઇ તફાવત નથી તે નીચેનો તફશીલ મુજબછે—

કે અવલ આખર તેજછે, જાહેર બાતેનબી તેજછે અને તે જેછે
તે કુલ ચીજોનો જાંણનારો તથા ગેબી અને અંનદીઠછે જેમકે કહુછે—

"દીલ જે છે તે હકીકતનુ મગજછે અંને તંન જે છે તે ગોઆ
"તેહેનુ છાલુછે વાશતે લાજંમછે કે રૂહનાં લેબાશમા એટલેજે તેનો અ
"શલ દરજો જે બુજરગી ભરેલોછે તે તપાશીને એટલેજે તેની ઇજત
"કરીને તે દોસ્તની શુરત ઇઆને ઇઅજદાંન વાલાનાં દીદાર કરો કેમકે
"જે જે ચીજો હશતીની નીશાંનો રાખેછે ઇઆને મોજુદછે તે ?રવે
"ઇઆતો તેહેનુ નુરછે ઇઆ ખુદ તે પોતેજછે તે જોઇ લો."

હવે જાંણવુ જોઇએ કે આશમાંનો તથા ઊનશરો જેમ પોત પોતા
ની જગોઆ જાહેરછે તેમ ઇનશાંનનાં જાહેરી પાંચે ઇંદરીઓને તેમની શા
થે બરાબરી આપીછે તે નીચેની વીગત મુજબ—

કાંન જે છે તે ગોઆ આશમાંનોછે, આંખ જે છે તે ગોઆ આ
તશની જગોએછે, નાંખ હવાની જગોએ, મોહોડું પાંણીની જગોએ અને
હાથ ખાકની જગોએછે અને એ મુજબ એક એકની શાથે બરાબર દર
જો આપંવા વીશે દલીલો ઘણીછે તે શરવેમા નીચે લખેલી એકછે કે—

અગર આશમાંનો નહી ફરે તો હેવાંનો એટલે જીવજંતુઓને શા
રૂ પાંણી એટલે વરશાદ નહી વરશે, કાંન જે આશમાંનોની જગોએછે તે
અગર નહી હોએતો શખુનો જે બોલવામા આવે તેની લીજત હાંશલ ન
હી થઇ શકે એટલા વાશતે કે અગર કોઇ શખશ માદરજાદ એટલેજે
માએના પેટથીજ બેહરો હોએ કે જેથી તેહેને શખુન તદન શાંભલેઓ
નહી હોએ તેથી તે કાંઇ બોલી પણ નહી શકે કેમકે શાંભલીજ શકે ન
હી તારે બોલવાનુ કેમ બને ને શું બોલે? એટલાજ શારૂ ખોદાવંદતાલા
એ પેદા કીધેલી તરેવાર ખલકતછે તે મધેથી બાલપણે જેવુ શાંભલેલું ત
થા શીખેલુ તેટલુ બોલેછે શાથી કે નહી શાંભલુ હોએ તારે તે વાત તેહનાં
જાંણવામા નહી હોએ જેમકે અરબ લોકો હીંનદી અને તુરકી લોકો અ
રબી બોલી જાંણતા નથી શાથી કે તેવાએ એ જબાંનોની શમજ લીધી

નથી તેથી કરી શીધ થાએછે કે જાંહાં શુધી કોઇ શબ્દુન શાંભલામો ન
હી આવે તાંહાં શુધી તે જબાંન ઉપર આવી શકે નહી એટલેજે કાંન ન
હી હોએતો શબ્દુનનુ શરૂપજ નહી હોએ.

આંખ આતશની માફક એટલા શારૂ કહીછે કે આતશ નહી હોએ
તો જમીનમોથી કાંઇ ઓરવર એટલે ઝાડ પાંન ઊગી નહી શકે બલકે
મોહોટાંબી નહી થાએ તેજ મુજબ જો આંખ નહી હોએતો હાતથી લ
ખવાનુ કાંઇ હાંશલ થઇ શકે નહી એટલેજે આતશ અગર નહી હોએ
તો કોઇ ઓરવર તઇઆરીને દરજે નહી પોહોચે માંટે આએ જહાંનમો
આશમાંનોનાં મીઆંજીપણાંથી હેવાંનો તથા ઓરવરોને પાંણી જે મલેછે
તે આતશનાં મીઆંજીપણાંથી જેટલુ જોઇએ એટલુ મલેછે એટલેજે પો
હોચેછે અને એ હાલત હવાનાં મીઆંજીપણાંથી થાએછે.

એજ મુજબ આલમે કુચકમાંબી આંખ તથા કાંનનાં વશીલાથી
લખવા બોલવા તથા સ્પરશ કરવાનુ હાંશલ થાએછે અને એ હાલત નાંખ
નાં મીઆંજીપણાંથી થાએછે અગર નાંખ નહી હોએતો દંમ ખેંચી તથા
મારી શકાએ નહી અને એ હાલત મેશર નહી થાએ.

એ દલીલ ઉપરથી માલુમ થાએછે કે કાંન જે છે તે આશમાંનોની
જગોમાં, આંખ આતશની જગોમા, નાંખ વાયુની જગોમાં, મોહોડુ પાંણી
ની જગામાં અને સ્પરશ ખાકની જગોએછે.

હવે જાંણવુ કે એકની શંખ્યાથી નિશાંનની મોરાદછે.

દશની શંખ્યાથી અરંદાં હેવાંનોની મોરાદછે—શોની શંખ્યાથી જમી
નમો રેહેનારાં જાંનવરોની તથા ઓરવરોની મોરાદછે અને હજારની શં
ખ્યામો પરંદાં જાંનવરોનો તથા માદની ચીજોનો શમાશછે. વલી ફીક્રથી
એકની શંખ્યાની મોરાદછે.

હીફજ એટલે હાફીજે દશની શંખ્યાની જગોએછે.

નુતક એટલે શબ્દુન બોલવો શોની શંખ્યા બદલછે.

અને કેતાબત એટલે લખવું તે હજારની શંખ્યાને અવેજેછે.

શાથી કે જે ચીજ વીચારમો ઊતપંન થાએ તેહેની આશુરત ઝાંઝી
નહી હોએ જારે કે તે હીફજની નજદીક જાએ તારે દશને તોલે તેનુ વ
જણ થાએ, જારે કે તે બોલવામો આવે તારે શો ગણુ વજંન પકડે અ

ને જારે કે તે લખવામો આવે તારે હજારની શંખ્યા જેટલુ તેહની ખરા ખરીપણુ થાએછે.

વલી એકની શંખ્યા જેથી ઇનશાંનથી મોરાદ રાખીછે તે બીજી શંખ્યાવો કરતાં તેની ઓછી મકશદ એછે કે ઇનશાંનની શંખ્યા હેવાંનો કરતાં કમતીછે જેમ દશની શંખ્યા શોની શંખ્યા કરતાં ઊતરતીછે તેમજ ચરંદાં જાનવરો બીજા હેવાંનો કરતાં કમતરછે તેમજ હેવાંન ઓરવરો કરતાં ઊતરતે દરજેછે. વલી શોની શંખ્યા હજારની શંખ્યા કરતાં જેમ ઓછીછે તેમજ ઓરવરો મઆદન કરતાં કંમછે.

હવે હજારની શંખ્યા શોની શંખ્યા કરતાં જાદેછે તેમ મઆદન ઓરવરો કરતાં જાશતીછે. શોની શંખ્યા જેમ દશની શંખ્યા કરતાં જાશતીછે તેમ નબાત હેવાંનો કરતાં ચડતાંછે અને દશની શંખ્યા એક શંખ્યા કરતાં જાશતીછે તેમ હેવાંનો ઇનશાંન કરતાં વધારેછે.

વાંચનારા દાંનીશમંદ બારીક ભેદનાં શમજનારા શાચા ઇકીન અને ખરા ધરંમનુ અભીમાંન રાખનારા તથા રખાવનારા શાહેબોની શેવામો કાંઇ ગરવથી નહી પણ શાદી રીતે આએ બેપરવા ફકીર ગુજારેશ કરેછે કે ઉપલા બે ફકરાઓ અલબતે અંનજાંણાં શાહેબોને એક ભારી વંમલમો નાંખી આપેછે તેમજ બીજા હાથપર ઇઅજદાંપરસ્ત શાહેબોને ઘણી ગુણકારી રમુજ આપેછે અને બેશક કે એ ફકરા રમુજ ભરેલા તથા ભેદ ભરેલાછે વાશતે જે શાહેબોને એ ભેદ ભરેલા ફકરાવો કંઇ કાંઇ વીચાર ઊતપંન કરેતો તે જગાએ હાલ તરત તે શાહેબોને આએ શાદાં ચીલમાં એટલીજ ભલાંમણ કરવાનીછે કે તેવોએ કાંઇજ રીતે અટકી નહી જવું પણ એટલો વીચાર કરવો કે જે ઇનશાંન ફરેશતાવો કરતાં આખેર કાર વધી શકે હેવુ અને જેનાં શરીરમાં બંધે જહાંનોની શીફતની નીશાંનો ભરેલી કે જેથી તે એક તીજી અથવા નાંધલી જહાંન હેવાં માતબર નાંમની બુજરગી લાએકનુછે તે છતાં તેહેને ઉપલા બે ફકરાવો કાંઇ નહી પણ હેવાંની ખશલતોથી શાફ થવાની જરૂર પાડવા શારૂ ઇબરત આવીને હેવાંનોથી ઊતરતા ઠેરવેછે તે અલબતે ભેદ ભરેલુછે. મગર દાંનાવોને નજદીકતો એક શાધારંણ વીચારથી ઘણુજ શેહેલુ લાગે હેવુછે કેમકે ઇનશાંન જારે હેવાંની ખશલતોથી પાક નહી હોએ તારે અલબતે હેવાંન કર

તાં કમતર દરજાનુ ગણવા જોગ ઠરાવ્યુંછે તેમાં કાંઈ અજાએબ જેવુ નથી બલકે એ ઠરાવ અગતનોછે એમ ખુલુ જણાએછે એમ છતાં કોઈ શખશને એ ઠરાવ મરજી પશંદ નહી થશે તો બેશક તેહમાંથી ઈબારતનુ ખાશ શરૂપ જાહેર થઈ મનુશ જાતનાં શું શું ધરંમછે તે તરફ ખેંચી લઇ જશે તો તે વાત કોઈ તરે ફાએદાથી ખાલી નથી વાશતે ધીરજથી એ જગાએ ગંભીરાઈ જે તમારો શલુકી ભરેલો હીમાએતછે તેનો આશરો લેશો તો જલદીથી તેવોને એ ફકરાવોની અશલ મતલબ તરફ પોહોચાડી આપશે તેમાં કાંઈને શક નથી લેકીન એક મુશકીલ વાત હેવી નુકશાનકારક વચે આવી પડીછે કે જરતોશતી શાહેબો એકતો ઊતાવલીઆ, બીજુ થોરી મેહેનતમો જાશતી નફાની ખાહેશ કરનારા, તીજુ ગેરશખશોની નકલ કરનારા, ચોથુ મોહોટા લોકોની નીંદા કરનારા અને પાંચમુ દુનીઆંની દોલત લેજતપર અતીશે લાલુચ કરનારાછે તેથી ઉપલી ગંભીરાઈ તથા નીતી અને ભેદ ભરેલા કુલાંમો શમજવાની રીતી કેમ કરીને એમની શાંમને આવી શકશે તે કાંઈ શમજાતુ નથી તેથી શખત નાચારીનો મોહોલછે વાશતે તે પાક દાદગારની જનાબમા એટલુજ ચાહુચ કે તે કાદેરે મુતલક વ બરહક એ ફીરતીવાંન ટોલાને નેક રેહેનુમાઈ કરે.

કદાચીત કોઈ શાહેબ પોતાની મંનશકીનાં ઘોડાને તશદી નહી આપતાં આએ નાકશના લંગડાં ટટુની શવારી માગે તો તેમ થતાં પેહેલાં એ ટટુ ઉપર જીન બાંધી આપચ કે ઈનશાંનનાં અશલ રવાંનની બુજરગી તો બેશમરા તેમા એક રેશ બલકે એક લેશ જેટલોબી તફાવત નથી પરંતુ પાછલથી શપેનાંમીનોનો હરીફ એટલેજે શાંમાંવાલીઓ ઈ.આ.ને શદગુણોનો દુશમંન જે દુરગુણ તેની ગફલતથી ઈનશાંન ભુલ ખાઈ પોતાનાં રવાંનની અશલ બાહોજલાલી ખોઈ નાંખી તેથી રફતે રફતે હેવાંનોથી ઊતરતે દરજે એટલુજ નહી પણ શરવથી ઊતરતા દરજાનો થઈ ગએોછે તે શબબથી ઈ.અજદાંપરસ્ત પરહેજગાર શાહેબોએ ચેતવણી દાખલ ઈ.આ ચાબુક તરીકે શુચનાં કીધાછે કે જેથી કાંઇ અરે પેદા થાએ ને પોતાનાં રવાંનની અશલ બુજરગી જાલવવા તથા તેહનુ અપમાંન નહી થવા દેવા વીશે આદત તથા કોશીશ કરે.

વાશતે રે પ્યારા હમદીન જરતોશતી શાહેબો તમે ઇઅજદાંતાલાનાં પાટવી પુત્ર એટલે આદમે અવલનાં પેહેલા ઓરાનાં નેક પુત્રની વંશનાં છો તેથી ઘણુ કરીને તમુને લાજમછે કે તમારા બુજરગ માતુ પીતાનાં પ્યારની મોતંનમાલા પેહેડી .તમારી ખુબશુરતી જે ઢંકાઇ ગઇછે તેહની શૈનક અને જેબાગેશ વધારવાની તથા તેમનાં દીદાર જોવાની પેરવી દીલશોજીથી કરવી જોઇએ અને હાલનુ બીદઅતપણુ તમાંમ છોડી બેપરવાઇ કરવાથી પાછા હટવુ જોઇએ પછે તો જેમ તમારી ઇછા.

એ બીદઅતપણુ અને એ બેપરવાઇનાં ફલ કેહવાં કડવાંછે તેની શાબેતીમો ઉપજા બે ફકરાવો શામને એક શખત દીલનાં ઊશતાદ તથા એક જેહેરી આંખનાં મીલની પડંમ ઘુરકેછે વાશતે એ ઓશતાદનુ શનમાંન તથા એ મીલની મુદારાત કરી તેવોની ઘુરકી બદલ તેમનો પ્યાર મેલવો કે જેથી તે બુજરગ માબાપની તરફ તેમની ગોદમાં જલદીથી જઇ પોહોચવાની ઊમેદ થશે નહીતો એ ઘુરકીવાલી હાલતથી તેમની હુજુરમાં શરમીનદા થવું પડશે બલકે તેહનાં દીલથી ઊતરીને પોતાના કેરદારનાં અનુક્રમ પ્રમાંણે શીક્ષા પાત્ર થશો તે બેશક કરીને જાંણવું.

વલી આગલ જીકર થઇ તે પ્રમાંણે બોલવાનુ કવત જે છે તે હજરત જીબરઇલની જગોએછે. જીબરઇલને શરોશેપેઆંમ શુપારની કેહેછે શાથી કે હેનુ કાંમ પેગાંમ લાવવાનુછે તેની શાથે બાતેની આલમથી ખબર આપવાનુ કાંમ પણ હેનુજછે તેથી હરેક શખશને બોલવાનુ કવતછે તેજ ગોઆ જીબરઇલછે.

કેતાબતનુ એટલે જે લખવાનુ કવત જે છે તે ઇજરાઇલની જગોએછે શાથી કે હેનુ કાંમ હરેક પ્રાંણીનાં પ્રાણને તેહેનાં બદંનથી જુદુ પાડવાનુછે તેજ મુજબ લખનારનુ કવતની અરથને શબદથી જુદો કરેછે અને તે અરથનુ શરૂપ શબદની મારફતે બીજી તરફ પોંચાડેછે તેમજ ઇજરાઇલ અરથરૂપી રૂહને શબદ રૂપી તેહની હોડીથી છુટુ પાડીને તેહના અએમાલ મુજબ બીજી તરફ જવાનો વખત લાવેછે—અને

હીફજ એટલે શમાલવાનુ કવત મીકાઇલની જગોમોછે કે જે રીજક પોહોચાડવાનો કાંમદારબાછે તેથી કવતે હીફજ જેમ પોતાનાં તરફ પોહોચેલા શદેશાને શંભાલી રાખેછે તેમ મીકાઇલ રીજકનો હીશાબ શમાલેછે.

ફીકર એટલે વીચારનુ કવત જે છે તે ઈશરાફીલની જએઅેછે, એ ઈશરાફીલનુ કાંમ એછે કે કયાંમતને વખત શુર વજાડશે એટલેજે બ્યુગલ કરશે કે જે આવાજથી ગુજરેલા શખશો ઊઠી ઊભાં થશે ઈઆને તન પશીનમોથી ઊઠશે તેજ મુજબ વીચાર કવતબી પોતાનાં કાંમમો માઆાં જીપાણુ કરી નતીજો આપેછે.

ઉપર કહેલા જીબરઈલ, ઈજરાઈલ, મીકાઈલ અને ઈશરાફીલ નાંમનાં કુવતો જે ફરેશતાવોને નાંમે ઓળખાએછે તેવો પારશી લોકોમાં કહા નાંમથી ઓળખાએછે તેહેની શમજુટ પારશી ફાજેલોથી વાંચનારા શાહેબો કબી અંનજાંણા હોએતો મેહેરબાંની કરીને કરી લેવી કારણ કે આ એ લખનાર નાકશ ફકીર તો તેહેનાં હેતેશ્રી નંબર વાલાનાં કેહેવા મુજબ એલમે દીની તથા તેહેનાં અમલોથી બેનશીબ ઠરેલોછે તેથી ઘણુ કરીને લાજમછે કે એ નંબરવાલા શાહેબે એ બાબે ઓટલી તશદી પોતે લેવી અથવા નહીતો જે શાહેબનાં ફરમાવાથી ઉપલો શખુન વાપરેઅેાછે તેમની મદદથી એટલાં નાંમ મુકરર કરી જાહેર રીતે પ્રશીધ કરવુ જોઈએ કે જેથી આએ લખનાર અનમ્રડને પણ તેહેનો લાભ મલે.

હવે જાંણવુ કે અગરજો ઉપલી આલમમો ફરેશતાવો નહી હોત તો ઈનશાંનનુ વજુદ બાતેલ થતે બલકે જે ચાર જાતનાં નફશ તેબી તે શબબથી નહી હોતે કે જેથી તંણ જાતની પેદાએશ જે હેવાંન, નબાત અને મઆાદન પેદા થઈછે તે પણ નહી થઈ શકતે.

અને એજ મુજબ આલમે કુચકમાં ઈઆને ઈનશાંનનાં બદંનમાં અગરજો આંખ, કાંન, નાંખ, મોહોડુ અને હાથ નહી હોત તો એ બાતેની ઈંદરીઓ પણ નકાંમી થાત.

એ ઉપરથી શાફ માલુમ થાએછે કે બાતેની ઈંદરીઆેાનુ કાએમપણુ એ આંખ કાંન વગેરે હથીઆરોથીછે અને

એજ મુજબ આલમે બુજરગનુ કાએમપણું ઊકુલ તથા નુફુશથી છે કે જે શીરફ હકતાલાની જાતથીછે.

એજ મુજબ જારે શાંધા, ઈંદરીઓં તથા બીજાં કવતો જે ઈનશાંનની જાતમાં જમે થએલાછે તે તરફ નજર કરીએચ તો તેવોની શંખ્યા ઘણી શરખી દેખાએછે પરંતુ ખરેખર રીતે જોતાં તે શંઘલુ દરાબશત

એકનાં એકથીજ જનમેલુ એમ નીશચેપણે એકીન થાએછે કે જેની પરશતેશ પારશી ઇઆજદાંપરશતો કદીમથી કરતા આવ્યાછે અને હાલી કરે છે કે જેનાં પુરાવામો આએ થોડા વરકોને જનમ લેવાનુ કારંણ થઉછે.

એજ પ્રમાંણે અગરજો આલમે બુજરગ તરફ જોઇએય તો તેમા આશમાંનો ઊનશરો તથા મવાલીદથી ઘણી ભરપુરછે એમ ખાતરી લાએક નજર આવેછે.

તેથા જરે કે બારી હકતાલાનાં બુલંદ ઇજત ભરેલી અને બુજરગ શાંનશોકતવાલી મોબારક અને બરહક જાતે પાક તરફ નજર છોડીએ છીએ તો શરવે તેહેની કુદરતો તેહેની કુદરત નીચે અને તેહેનાં કબજાવાલી તમાંમ ચીજોછે એમ શાફ જણાઇ આવેછે.

તેથી એ જગાએ તેહેનુ કુલપણું અને તેહેનુ ખરાપણું કે જેમાંથી વેહેદત તથા ઇત્તેહાદ એટલે ઇઆકતા બેહમતાપણાંનો ખુલો અરથ મલી આવેછે, જેમકે કહુછે:—

“જહાંનને બલંદી અને પશતી એટલે ઊંચપણુ તથા હેઠાપણું તા
“હારાથીજછે અને હું શું જાંણુ કે તું કેહેવોછે મગર એટલુજ કે જે
“કાંઇ કે છે તે શરવે તુંજછે.”

વાંચનારા દાંનાવ શાહેબોએ જાંણવુ જોઇએ કે આએ ઉપલુ શરવે લખાંણ કરવાથી આએ વરકનવીશનો એજ હેતુ છેકે ઇઆજદાંપરશત કેહેવાડનારા ફીરકાનાં લોકોની પેહેલી ફરજ એછે કે પ્રથમ પોતાને એ લખવું કે તેથી જાત તથા શીફતોની ખુબીઓ, બુજરગીઓ, કારીગરીઓ, અચરતીઓ તથા ભેદો વીશે જથા શકતી જાંણકાર થવુ અથવા થવાનુ બની શકેછે તેથા જો એટલુ કીધા બાદ કરી ઇઆજદાંપરશતોમાં નાંમ આપી દાવો કરીએ તો બેશક કે બજત વ શજા છે નહીતો બેજા વ નાશજાછે તે વાશતે જે કદીમ જમાંનાંમાં પારશી ટોલાનો રેવાજ હતો તે ઘણો મજબુત હતો તે બાબે એમ જણાએછે કે એ ટોલો હીનદુશતાંનમો ઊતરેઆ પછે થોરી ઘણી મુદત બાદ રફતે રફતે જેમ અશાકતપણુ, આલશ અને આફતી આવતી ગઇ તેમ તેમ ભેલી બેઠા તથા છોડતા ગઓ હોએ કે તે વીશે જે નકલ કરવાની નીશાંનો લાંબા ટુંકા પગથી આપરી ખાતરી થાએછે ને જે બાબે થોરો જરૂરી વીશતાર અવલ તેહેનાં મેહેલપર આપવામો

આવોછે તેથી એટલેજે તે રેવાજ છોડવાની અશરેથી ધીમે ધીમે ઊમેદો બીમ તથા અમરો નીહી વીશે અગતનો અમલ તથા એઆલ બીલકુલ નીકલી ગએઆ કે જેથી શું ખાશ કે શું આંમ જેમ જેની નજરમાં આવ્યુ તેમ ચાલીઆ ને ચાલેછે તેહેને અટકાવ કરનાર ઘટતા રેવાજ તથા ઉપાએ કે તેમની ખાશ હશતી કાએમ તથા અખતેઆરમોછે તે છતાં નેશત નાબુદ થઈ ગઆ બલકે બાંણા બુજીને થવા દીધા ને દીએછે તે જોઈને બેશક કે ભારી શંતાપ અને મોહોટુ દુખ ઉપજેછે અને વલી એ કરતાં વધારે દુખ થવાનુ એક બીજુ અગતનુ કારણ થઈ પડેઊછે કે જરતોશતીઓનાં હાથમાં એ અમલ રહો નહી તારે તોહોમત લાવનારા શાહેબોને કારણ મલશે કે જેથી નાંમોશીનો એટલો બોજો જરતોશતીઓની ગરદન ઉપર આવી પોએઓછે કે જેથી તેવો કંમરમેથી બેવડ વલી ગઆછે તોપણ જે ઘટતા ઈલાજ કરવા જોઈએ તેની ઠેકાણે કેટલાએક શાહેબો ઈઆ દાંપરશતીની વીરૂધ તકરાર કરવાને તઈઆર થઆછે બલકે ઇઆજદાંપરશતીનુ બીજ ખાલી ભશંમ કાધેલુંછે તે ભશંમનાં નમુનાંનો આધાર પકડી આ કંમતર કફીર એ ભશમને ખાતર એ બીજની ઉતપંતી કરવા શારૂ તરીક પુરીને કોશીશ કરેછે તેનુ અપમાંન અપકીરતીનાં હથીઆરો લઈને છુપી કોશીશો કરવા મંડી ગઆછે તે કેહેવી ડાહાપણ ભરેલી વાતછે તે વીશે આપણા ટોલામાં કોઈબી કદરદાંન નહી નીકલશે તેવી રીતે આશા ભ્રષ્ટ થતી નથી શબબ એ આશાનાં આધાર ઉપર આએ નેકખાહ પોતાનાં બેરખાહ ઘોડાને એડ મારતો આવેઓછે તે શેવટ શુધી નીભી શકે ને થાકી નહી જાએ તે વીશે શબોરોજ પાક બેન્યાજની દરગાહથી ઊમેદ રાખી આગલ મકશદ ઉપર જવાની રજા લઊછુ ને એ તકરારી લોકો દરવીશ લોકોની નેશજૂની અશલથી કરતા આવલાછે એમ શમજી તેમનાં તરફની તલખી તુરશીની પ્રાપતીને માફી મધ જેવી શમજુછુ.

હવે આ બરક નવીશ જરા ઉપર જીકર તથા ઇઆદ કરવામાં આવીછે તે વીશે વાંચનારા બુજરગ લોકોને ફરી તશદી આપુછુ કે હજરત જીબરઈલ એટલે શરોશ ઈજદ વગેરે ઉપર કહેલા ૪ ફરેશતાવો જે ઉપર મથલાંમી શાહેબોનો પાએઓછે એમ ખુલુ જણાએછે શાથી કે એ લોકો

એ ફરેશતાવોને મુલ આધારમો પકડી તેમની બુજરગી બાબજા વખાં
ણેછે અને તેવોની ઇઆદ હરેક કાંમમો મુકદમ તથા મુકરબ તરીક શમ
જી કરેછે તે જોતાં એક ભલી રમુજ મલી આવેછે કે જરતોશતી પારશી
લોકોના નીરવનાં અમલો પશંદ કીધા હોએ શાથી કે એ લોકોનાં આજુ
રફર ધરમ કીરીઆમો જે ફરેશતાવોની ઇઆદ હમેશાં દરએક કાંમને મુ
ખરે કરવાનો રીવાજછે તેવોનાં નાંમ માત્રે ફેરવીને તેની નકલ પોતાને
તાંહાં દાખેલ કીધી હોએ હેવી કલપનાં ઉપજેછે તે ઉપર દાંનવોએ દાંના
વોની શલાથી પોતાની ખાતરીને શારૂ કોશીશ કરવી જરૂરછે પછે તો જે
મ તેવોની મરજી મુબારક.

આ જગોએ આપરા કદીમ બુજરગોની દાંનાઈ તથા રશાઇનો એ
ક મોતેબર દાખલો ઘણોજ બલકે અતીઘણો તારીફ લાએક મલી આવે
છે કે આલમે આદમનાં ૪ કવતોનાં જોરીદાર જે આશમાંની ઉનશરો એ
ટલેજે એ ચાર ફરેશતા જે આશમાંનોનુ મુલછે તેને હરદમ અને હરેક
કાંમમો ઇઆદ કરવા શઊથી પેહેલુ ઠરાવ્યુછે કે જો કદી એ ઇઆદનુ કાં
મ કીરીઆ શુધ થાએ તો બેશક કે તેનુ ફલ લાહાંશલ નહી જવા પાંમે
હેવી રીતે ખાતરી તો ખરી મગર કમનશીબી કે એ બાબતમો હેવાતો
નીશફલ થઈ પડેઆ છીએ કે તેહેનુ બઆંન આએ નાકેશ કરવુ તે કાં
ઈ તેહેનાં ફાએદાને શોભતુ તથા ઘટતુ નથી તેથી દાનાવ જરતોશતીઓની
એ બાબે અગતની ફરજછે તે તેવોએ અદા કરવી જોઈએ તેની શાથે
જરતોશતી શાહેબો જે ઇઅશતો નીઆએશ વગેરે દોઆ મુનાજાતથી જે
નમાજ ગુજારેછે તે વીશે પણ ધ્યાંન આપી અગત જોગ ફાએદા તથા
અદબ આદાબની રીત બાંધી તેની શમજુટ શરવે બાશોઆંમને કરવાની
જરૂર શમજશે તો તેમાં થોરોજ ફાએદોછે એમ શંભવતુ નથી કારણ કે
એ અદબનાં કાએદાવો જે કદીમુલ અઈઆંમથી વપરાતા હતા તે બેશ
ક કે ઘણાંજ ઊતમને ઉપીઓગી હતા મગર કમનશીબીથી એ કાંમમો
હાલ જે બેપરવાઈ થઈ પડીછે તે બેશક કે દાંનાવ દીન દોશતોને દુખ પ
કડવા જેવી અને અશકાલ ધુડનારાવોને એક હથીઆર થઈ પડેઊછે તે
કાંઇ છુપુ નથી બલકે એ બાબે કુલ અનજુમનનાં શાહેબો જાંણીતાછે
વાશતે જાણકાર છતાં બંદોબશત નહી કરવો તે એક કબારે ગુનાહ જાં

ણી ખુબી ખરીદ કરવા જેવુ જાહેરછે શબબ ટુકાંમાં આમે શીદનીએ પોતાની ફરજ અદા કીધીછે તે વીશે વાજબી ધ્યાંન આપવુ એ અંનજુમન તથા અંનજુમંનનાં અકાબર શાહેબોનુ કામછે તે વીશે આશાછે કે એ મુજાંન શોચનાં ખાલી નહી જશે પછે તો જે કાંઇ ઇકબાલ.

હવે આમે પેહેલા ચમંનની શમાપતી કરતાં એક ગીનાંની માહા પુરશનો એક અમુલ વાકીઅં ઇઆદ આવ્યો તે આમે જગાએ વાંચનારા ધરમી, શોકી, ઇમાંની શાહેબોને શારૂ નીચે મુજબ ટાંકુંછું કારણ કે જો કબી એ વાકીઅ નાંહાંનો શરખોછે તોપણ આખા ચમનનો તાતપરીઅ એ વાકીઅથી મલી આવેછે, તે એછે કે—

" જો એમ માંનશે કે હું દેહ છેઉ—આત્મા નથી તો શરવ પાપ પુ
" ન્ય ભોગવવાં પડશે જેમકે કહુછે:—

" દેહને વીશેજ માંને જે—માહા પાપી કહીએ તે.
" આતમ બુધી જેહેને હોએ—મુકતી પતીતે તેજ હોએ.
" આતમ બુધીનાં મારગ જે—ઇઅજદાંપરશતીમાં કથ્યા તે"
" દેહ કથણી તો છોડી દો—શંનશાર પીજણી બાળી દો"
" દેહ કથણીતો છોડવી તે—શંનશાર પીજણી બાલવી તે
" ઇઅજદાંપરશતીપર આપે ચીત—શનશાર માતાનુ છોડી હીત"
" આપ પરછનાં કરવાં કાંમ—નીરંનજન પરછા એછે તેને ઠાંમ.
" પણ પાગલછે જમશીદ બીચારો—બેઉ કર જોડી ઊભો ન્યારો.
" વીનતી તેહેની એટલીજ રે—શલાહ શંપજથી માંનોરે.
" નીરંનજન કથંનતે કરો તમ—કરતા અકરતાને ઓલખો તમે.
" ચીદાકાશમો જઇ શકાશે—એ વરતણુકછે જેની પાશે.

———o———

આગલાં ચોપાંનીઆંનાં છેલા રદ જવાબ ઊપર ઈશારત.

જે એક ચોપાંનીઊ કે પારશીઓ ઉપર તોહોમત લાવનારછે કે જેની હયાતીથી આપણે કુરદીઆંનો જનમ થએલોછે તે છપાઈ બાહાર પડે તે પેહલાં તેહનાં કરતાનુ તથા તે કરતનુ વજન કાંઈક કમ થવાની કોશીશમાં કોઈએક જરતોશતીઓમાં પંકાએલા વખણાએલા એક અંજુમનને આગેવાંની કરવા શારૂ ફરજ પાડી જેથી તે શાહેબને તે ફરજ અદા કરવાની અગત પડવાથી ઉપલા તોહોમતી ચોપાંનીઆંનો રદીઓ જરતોશતીઓની શંભાલમાં અને ખીરીશતીઓની વીરૂધમાં કાઢેલો છેક દેરથી આપણે નાકેશનાં જાણવા જોવામાં આવેઓ તે જોઈ મોહોટી શોકર ગુજારી શાપે આનંદી કીધી કે એ ફરજ પાડનાર તથા એ ફરજ બજાવનાર બંને ધરશતોની મુલ મતલબ પાર પડી નથી અને માહારી મેહેનત અફલ જાએ હેવી ધારણામાંજ પરથમ પુરૂશની જે કોશીશ હતી તેહમાં તે ઈશવરી કીરપાથી નીશફલ થએલો ખુલી રીતે શોધ થાએછે ને વીશે કાંઈબી દવેશ ભાવથી નહી પણ પુરતી નેકબખતીથી જરા લગાર દાંનાવ વાંચનારા શાહેબોને નીચે લખેલી બીના ઉપર ધ્યાન આપવાની રજા લઊછુ.

તે એછે કે એ રદીઓ જોકે મુઆફુખ છે કે નહી પણ બીજા હાથપર માહારી મેહનત જાએ કરવાનો રદીઓ આપવાની ફરજ પાડનારનો હેતુ કોઈ તરે પાર પડેઓ નથી તે વીશે શોકરગોજારી કરવાને કેટલાંક કારણોછે—તેનો તથા એ રદીઆનાં બાબતમાં ખુલો વીચાર આપવાની કાંઈ અગત જણાતી નથી કાંજે એ ઉપરથી એટલુ શોધ થએછે કે બાવીશ વરશની મુદત બાદ જે ઉપલો હેતુ પાર પડાવાની અગત પડી ત કાંઈ નહી પણ આ કુરદીઆંનાં માંનમાં નુકશાંન પોહોચાડવાની મતલબથી ખાલી નથી મગર કેહવત છે કે ઓદા પાથરો તો વેરા આંધરો શબબ હેવી એક પેશબંદીથી જોઈતી શાખેની કેટલે દરજે થઈછે તે કાંઈ છુપી રહી શકે હેવી નથી મગર એ પેશબંદીમાં એ રદીઓ કરનાએ જે હુમલા શાંમાંવાલાવો ઉપર કીધાછે તે બાબે આપણે ગરીબ અને નાચીજ લખનારનાં અનુમતથી કેવલ બલકે તદન ઊલટુછે તે વીશે નીચે લખેલાં થોરાં બેનો શમે ફુકત બાહેરમાં મેલવાની અગત પડીછે તે ઉપર ઉપલા પરથમ

તથા દુહ્લ્યે પુરૂશો કાંઇ દવેશ નહી પકડશે એમ ખાતરી રાખુંછું ને તે બાબે મુનશેફ વાંચનારા શાહેબોનાં અપક્ષપાત ઇનશાફથી ચોકશ ઉમેદ રાખુછુ. કે એ બંધે મતમાં કીતી ગુણગાર, ફાએદાકારક અને શમે ઈઉકત છે તેહનો લાભ પોત પોતાની મંનશકતી પ્રમાણે લેવાને તેઓ ચુકશે નહી તો તે કાંઇ થોરૂ નથી.

બેત—અજીજે હીમત બહીમાએત બશતે અશત,
હુજતે કાતે બફકરે નાતમાં મીકરદે અશત.

માંફની—એક અજીજ પુર તમીજ શાહેબે હીમાએતને શારૂ હીમત પકડીને અધુરા ફકરાવો વીશે જોર આપી તેમાં દલીલ કાતે કીધીછે કે જો તે ફકરા પુરા લીધા હોત તો મુજાહેમત થઇ શકતે નહી.

બેત—હરચંદ કે ફંને ઓશતાદી બીન મુદઅશત,
નમીતર શમ કે બ્જ ફંત દશતશ રશીદે અશત.

માંફની—હેમાં એક ઓશતાદી ફંન વપરાયુછે કે તેથી હું નથી બીહીતો શાથી કે તેમનો હાથ એ દલીલથી મતલબપર પોહોંચી શકેઓછે—તોપણ

બેત—આકેલાં ખુબ મીદાંનદ ઇંમીશલ હમવારએ,
બીશાં અવલો બઆદશ દરવીશ દમબારએ.

માંફની—અકલમંદ લોકો આએ બરજશતે મીશલને ખુબ શમજે છે કે અવલ બેશાવંદ લોકો તારબાદ દંમ મારનાર ફકીરો તરફ નજર રાખવાનીછે.

બેત—બાજમી શરતેશતકે અવલ શરાદર હદ કશદ,
ચું શીકનજે કે કેતાબેરા બખુદ મી કશદ.

માંફની—ઉપર કહેલા પેહલાવાને તેમની હદ તરફ બેંચવા એ શરત લાજમ થએલીછે જેમકે શીકનજો કેતાબને પોતાની તરફ બેંચેછે.

બેત—ઇઆરતે જીશબબ બ હરતરફ માએલશત,
આકેલાં અજઆકેલી ખુદ બખુદ કાએલશત.

માંફની—હેવા શબબથી બંધે તરફ ઈબરત પોતાનુ પગલુ મેલવાને
ઈછા કરેછે કે જે વીશે અકલમંદ લોકો અકલમંદીથી આ
પો આપ કાએલછે.

બેત—અવલી નશ વકતે શરાફત જરૂરદાં,
કે ઊ દરદાવએ બેશબુઅદ કાતેબુરહાં.

માંફની—પેહલાની બુજરગી તે વખત જરૂર થઈ પોડેછે કે જારે
તે પોતાનાં દાવાની બાબતમો મજબુત દલીલો રાખતો હોઈ.

બેત—આખેરી તરાવા ગુજાર ગરઆકેલી,
બાનએ બેશ બીઆરા ગર ફાજેલી.

માંફની—જો તું અકલમંદ હોએતો પાછલાને બીલકુલ છોડી દે,
અને જો તું ફાજેલ હોઈતો તારા ઘરની આરાશતગી કર.

હમારો અજીજ જે દુઈત્ય પુરૂશને નાંમે ઓલખાએછે તેવોની ફી
રતીવાંન કલમશકતી વીશે આએ નાદાંન લખનારનુ ભારી મત ઘણી મુ
દતથી જાએગીર થએલુછે તે છતાં એ મોજીની હઊકત કલંમની વખાં
ણમો આએ હેચમદાંન મોહોટી તાજુબી શાથે બલકે ભારી દીલગીરી શા
થે તેહનાં છેલા અંકનાં એક ફકરા વીશે પોતાનુ ચીત લગાડેછે તે નીચે
ની વીગત મુજબ—

આખી દુનીઆંમાં તથા શરવે ધરમમાં શાફ ખુલુ થએલુછે કે બો
દાશનાશી જેવી જોગી વૈરાગી અતીત અજયાગત વીગરે બુજરગ લોકોથી
થાએછે તેવી દુનીઆંદારોથી કે જેવો પેહલી શીડીનાં પાએનાંમછે તેવોથી
કોઇ કાલે થઈ શકે નહી અને થઈ નથી એમ ખુલ્લુછે તે છતાં હમારો
દુઈત્ય અજીજ લખેછે કે......"જે વાતો બોલવામો શેહેલીછે તેમ શ
નશારી આદમીને તે પરમાણે ચાલવુ મુશકીલ પડે એવુંછે."

ઉપલો વાકીઅ વાંચતાંજ આએ શુલે તલબ ફકીરને જરા લજવા
ધુ પડેઊછે કે માહારો ચાતુર દુઈત્ય કેમ કરીને એ વાકીઅથી હઅજદાં
પરશતી શાબેત કરવાને યોગીઅ શમજેઓછે, બેર ગમે તમ હોએ તે વી
શે કાંઈ ગરજ નથી. ગરજ એટલીજછે કે શનશારીઓતો બેશક એ
ફાએદાવોથી બેનશીબછે શાથી કે દુનીઆંદાર લોક તદંન એ વાતથી, એ
દરજાથી, એ લાભથા અને એ અગત્યથા અંનજાંણ, અશક્ત અને અ

ઇજીકતછે તેમજ તેવોને હમારા અજીજનાં કેહવા પરમાંણે બોલવું શેહલછે તેથીજ એ માહાભારત બેતાબનો લાહેઓ લીએછે ને લેવા તઇઆર થાએછે પણ તેહની કીમતની ખીનાં જારે શાંભલેછે તારે હાથ ખાલી, ગજવુ ખાલી, અને મંન ખાલીનો ઇકરાર કીધા વીના તેવોનો છુટકો થઇ શકતો નથી તે ઉપર માહારા પુરતરીન અજીજ શાહેબે કાંઇબી બારીક વીચાર રાખવો હતો તે રહી શકેઓ નથી તેથી નીશચે તેમનો ફીદવી ફકીર બેહદ નાખુશછે.

હમારા ચાતુર દુશત્ય શાહેબે ખાતરીથી જાંણવુ કે તેવોનો રદીઓ જે છે તે માત્રે જીકરે જબાંનનાં પુશતકો ઉપર લાવેલા હુમલા વીશેછે તારે જીકરે દીલી કોઇએક જુદી બાબતછે. જુદુ પ્રકરણ અને જુદુ વરણંનછે કે જેની અગત જાંણેઆવીનાં એજદાંપરશતીનો ખાશ દાવો જે જરતોશતીઓનોછે તેનો હક મલવો મુશકીલછે માંટે ફકત એ જીકરે જબાંન વીશેનાં પુશતકો માહેલી નીતી ઉપર મગરૂર થવુ નહી જોઇએ ને કબી થાઓતો તમે મુખતાર છેઓ તે બાબે જેમ તમારા પરથમ ફ્રેશે આ કરતાનુ વજણ હલકુ પાડવાની ઇજીકતી એક હેવાંની ખશલતથી કીધીછે તેમ તમારો નાદાંન શેવક નપશાંનીઅત ભરેલી રીતી વાપરતો નથી, ફકત બુજરગોની રીત પ્રમાંણે શૌચનાં કરવામો આવીછે તે વીશે માફ આપશો હેવી ખાતરીછે પછે તો જે કાંઇ તમો દાંનાવ શાહેબની મરજી મો બારકમો આવે તે ખરૂ.

વલી હમારા ચાલાક દુશત્ય શાહેબે ઇકીનથી શમજવુ જોઇએ કે હરેક મજહબ વાલાને જીકરે દીલી જેનાં પેટાંમાં હકશનાશી અને ઇજદાંપરશતી શમાએલીછે તેહની ફરજ થએલીછે તે જીકરે જબાંનની પેહેલી પાએરીનાં અમલોથી પુખતે પરવરદ થઆ શીવાએ અદા થઇ શકે હેવી નથી અને તે અદા કરવામો અવરીઅ કરીને દુનીઆદારી દુનીઆં તલખી કરનારા અએશી તથા શોકીન લોકો બીલકુલ બેનશીબ અને પછાત છે તે વીશે જે જે શાબુતી આએ ફુરદીઆંમો આવીછે તે ઉપર હીકારતની નજરથી જોઠવા કરતાં બારીક નજરથી જોવામો જેટલો ફાએદોછે તે તમોએ કીધેલા રદીઆ પરમાંણે ઇઅજદાંપરશતીનો શમપુરણ લાભ હેમાંથીજ મલશે હેવો વીચાર વેગલો મેલશો તોજ તેહેની પ્રાપતી થશે શાથી

કે આએ કાચા ચીલમાં આપરા હાથ ઉપરનાં ઇઆને ચાલુ અમલના દફતરો મધે ઇઅજદાંપરશતી ઇશારા જાબજા આવેલા તે વીશે માહારી કબુલાત પરથમ થઇ ચુકીછે તેથી પણ તમારો તાબેદાર ખેરખાહ નીરભય તથા મગરૂરછે કે પરથમ પુરૂશનો ઇરાદો કબી ઉલટો હશે તો એ બાઇબંધ મોહોટી ભુલમોછે, ખેર.

વાંચનારા દાંનાવ શાહેબોએ બારીકીથી તપાશવુ જોઇએ કે બંદા શું ચાહેચ અને ખોદાએ શું કરેચ જેમકે કોઇ બુજરગે કહુછે.:—

બેત—માદરમે ખ્યાલમ વ ફલક દરમે ખ્યાલ,
કારીકે ખોદા કુનદ ફલકરા ચે મજાલ.

માંઇની—હું શું બેઆલમો છેઉ અને તે વીશે આશમાંન શું વીચારમોછે. લેકીન બંદા શમજતો નથી કે જે કાંમ ખોદાવંદતાલા પોતે કરેછે તેમાં આશમાંનને શું તાકત.

ઉપલી બેત અને આએ નાચીજનો મુકરદમો જાંણે એક શરખુ રૂપ રાખેછે કે હમારો દાંનાવ મીત્ર જે કે ઉપર લખવા મુજબ પરથમ પુરૂશછે તેવાએ કેહેવી કોશીશ કીધી અને આશમાંનની જગોએ જે હમારો ચંચલ દુહત્ય શાહેબછે તેમને જે પ્રથમાંને વાશતે ઊદીઓગ કીધો તે ઊદીઓગમો આએ નાચીજને જે મુલથી ફીકર હતી તે ઇઅજદાં બુજરગે હાવા એક શાંમાંવાલીઆનાં ખુદ કરતથી દુર અને દફે કરી નાંખી તેહનો શાર જોવા તથા વીચારવા શરખો થઇ પડેઓછે તેનુ લાંબુ બઆંન આપતાં હમારા ઉપલા બંધે માત્રોની ખાતર હમારા ખરા દીલથી હમોને ઘણી અજીજછે તેહનાં ખરાંપણાંની બરકતથી તે શાહેબે જે ધારેઊ હતુ તેહનુ ઊલટુ થઇ ગઊ તે એક કુદરતે ઇલાહીની રમુજ ભરેલી કીરીઆથીછે એમ ખુલુ પડી ગઊછે તેનો શાર એછે કે આએ કાચા ચીલનો દીબાચો લખતી વેલા શીરૂથીજ હેવી એક ગેબી ફીકર ઊતપન થઇ હતી કે ઇઅજદાંપરશતી મજહબનાં શાંમાંવાલીઆવો બેશક કે એ ધરમની શાબેતીમાં અવશતાનાં દાખલાવોની શાબેતી માંગશે તેથી આએ નાચીજ ફકીરે અવશતાની ખુબીનાં બાબમો પોતાનાં મત પ્રમાંણે જે ઇશારા કીધેલા તે વીશે એટલેજે તેહેની શાબેતીને શારૂ અવશતાનાં ખરા ભેદો શમજનાર ગરહશતની તપાશમો હતો તે હમોને જારે નહી મલી શકેઓ અને જે

જે જગોએ હમોએ એ બાબતનાં આલાશા મેલવવાનાં હેતુથી કોશીશ કી
ધી તેહમા નીશફલ થઆ તારે ઇઆજદાંન બુજરગે તેહની કારશાજી હે
વી રીતે કીધી કે તે આ જગોએ તાજુબ થવા શરૂ થઇ પડીછે કે
એ પથમ અને દુઇત્ય શું કરવા ગઆ ને શું થઇ ગઊ—એજ થઊ
કે આએ નાકશ જે અવશતામાંહેલી શાબેતી ધુંડતો હતો તે હેવા ગરહશતો
એ કરી આપી કે તેમનાં ઉપરની બદગુમાંની પણ દુર થઇ ને એક બે
ન્યાજમ નામુદનાં તરફથી બંદેનવાજી થઇછે તે વીશે બાલે બાલ શોકરગુ
જારીથી તે બુજરગ દાતારોનાં દાતાર શાહેબનું એહેશાંન માંની કબુલ ક
રી ચુકુ કરૂંછુ કે એ શાબેતી હરીફોને નજદીક ગમે તેવી હાલત પકડે તે
વીશે આએ ફકીરને કાંઇજ ભાંજગર નથી મગર ઊમેદ એજ કે હમારા
અવલ દુઇત્ય અજીજની તલેશમાતી કલંમને ઇઆજદાંનવાલાની બખશેશ
થી જશ મલે અને તે વીશે મુજ બેરખાહ આધીનની જે પ્રારથનાંછે તે
તે માલેકની દરબારમો મંનજુર થાએ. આંમીન!

બાગે પારશા.

ચમંન બીજો.

પ્રારંભ.

શ૦—તમારા ધરમનો પાએો શું અને શા ઉપરછે.

જ૦—હમારા આજુરફ્ફર ધરમનો પાએો શીફાતી ચીજોને ઓલખ વા ઉપરછે.

શ૦—એ ઓલખ શી તરે કરોછો.

જ૦—અવલતો ફરેશતા શીતારા વગેરે જે આશમાંની શીફતોછે તેહેને અને જમીન ઉપરની શીફતો જે હએવાંન નબાત તથા માદની ચીજોછે તેહને તથા જમીન આશમાંન વચેની તતવીક વશતુઓછે તે એક બ એકની ખુબી, બુજરગી, અશરો, બશલતો, ચાલ, ઉતપંતી અને તેમની નાસવંતપણાંની વશતુઓની જડબેબની માહીઅતી ધરાવનારો એ ટોલો હતો કે તે મુજબ બીજો કોઈબી ફીરકો એ બાબે માંનવંત થએો હોએ એમ કહી શકાએ નહી પણ તાર પછી બખતની શુરીઅતથી વરતણુક ફેરફાર થતાં ૬ શંબલી દાંનાઇ, ચતુરાઈ, વીદીઆ, કલા, શરવે જાંણકારીનો છેડો આવી ગએો હોએ હેવું હાલ જમાંને શીધ થઈ શકેછે.

શ૦—આશમાંની પેદાએશમા મુખે શીફતો વીશે કાંઈ વીગત આપી શકોછો.

જ૦—આશમાંની મુખે શીફતોની વીગત નીચે મુજબછે.

૧. અરશ—કુરશી—એટલેજે લોહવ કલંમ અને તેની ઉપર હજરત અહુરઅકતાનુ મકાંન જેને લા મકાંન કહીએ છીએ અને તેહેની નીચે શાતે આકાશ તેહેનાં ફરતા શાત શીતારા અને તેહને લગતા બીજા શીતારાવો અને આઠમાં આકાશના ઉપરનાં બાર બુરૂજ તથા તેહને લગતા બીજા અગણીત સ્થીર શીતારાછે તેમાં કેટલાએક મુખતવે ગણાએછે.

તેની શાથે તમાંમ આશમાંનોને વાશતે હજરત ફરેશતાવોનાં કેટલાક વરગ છે તેમાં મુખે જે માહા બલવાંન મોહોટા તાલુકદાર ઓહોદેદારછે.

શ૦—એ માહાબલવાંન મુખે ફરેશતાવોની શંખ્યા વાલાવોનાં નાંમ ઠાંમ કાંમ અને અશર તાશીર વીશે કાંઇ બઆંન આપી શકોછો.

જ૦—એ બાબત ટુકાંમાં અપાએ હેવી નથી તેમ લંબાંણ કરતાં શમજનારાવોની શકતી વીશે લગાર દીલગીરી ભરેલા દગદગોછે તેથી લાંબુ વરણંન હાલ તેકુબ કરી જેટલુ જાહેરી અનુભવમાંછે તે વીશે. કહુછુ તે શાંભલો કે એ લોકોમાં મોહોટામો મોહોટા લીશ શાહેબોછે કે જે શ્રી અહુરમજદ ખોદાએથી તે માનુ અનેરાંન શુધીછે તેમની શાથે બાજા લંણ તેમની પગતીમાં બરાબરી કરનારાછે તેવોને તેમની શાથે જડી લીધાછે એટલુજ નહી પણ બીજા કેટલાક અઇઆંમી અથવા હંગાંમી ઓહોદાવો ઉપર નીમાએલાછે.

શ૦—ઇ અઇઆંમી શાહેબો વીશે વારૂં કાંઇ ખોલાશો આપી શકોછો

જ૦—કે હા શાહેબ તે શાહેબો નીચેની વીગત મુજબછે.

૧. ફશલ તથા જમાંનની ઓહોદેબરાઇને શારૂ કેટલાએક નાંમજદ થએલાછે તેહમાં હાવંન ગાહનો મુખ્ય તથા તેમનાં શોહોબતીઓછે.

૨. એજ મુજબ રપીતંન, ઓજીરણ, એવેશરૂતરેમ તથા ઓશહેન ગાહનાં મુખ્ય તથા તેમનાં શોહોબતીઓછે.

૩. વલી હરશાલ અશફંદારમદ માહની આખરીમો જે ગાથાનાં દીવશા પોછે તે દરએક દીવશોનો એકેકો અધીકારી જુદો જુદોછે.

શ૦—વારૂ ઉપરની તફશીલ શીવાએ મોહોટી પંગતીમો લેવા જોગ બીજાબી કોઇ શાહેબોછે ને છે તો તેમને વીશે કાંઇ બઆંન કરી શકોછો.

જ૦—હા શાહેબ એહવા બીજા શાહેબો ઘણાછે કે તેવો પોતપોતાનાં ઓહોદા બજાવનારાછે તે વીશે ટુકામાં કહુતો હફતોરંગ નેરાઓશંગ તથા વનંત પારંદ વગેરે અગત જોગ કાંમદારી ઉપર નીમાએલાછે.

શ૦—ઉપલો ખુલાશો માત્રે મુખ્ય શાહેબો વીશે જે તમોએ કીધોછે પણ તેમનાં તાબાનાં બીજા તીજા વરગના શાહેબો વીશે કાંઇ ખોલાશો આપતા નથી તેનુ શું કારણ.

જ૦—એ કારણ વીશે બઆંન આપવામો લગાર દીલગીરી ભરેલી હ

રકત આવીછે તે એછે કે અવસતામાં જે તેવોનાં નાંમ આવાંછે તે જ દ પેહેલવીનાં પેહલવાંનોએ ચાલુ ભાશામાં તરજુમો આપેઓ નથી એટલુ જ નહી પણ તેમનુ કાંમ શું શું છે તે વીશે પણ તદન ખુલાશો કીધો નથી બલકે મુખે શાહેબોની કારદારી વીશે પણ પુરતો ખોલાશો કીધો નથી.

શ૦—શદરહુ પેહલવાંનોએ જે ઉપર મુજબ વરતાણુક કીધી તેનુ શું કારણ હશે.

જ૦—કે એ પેહલવાંનોનો આજનો ચાલુ મુનાકેશો આપણને જેમ દુખદાએક થઈ પડેઓછે તેજ મુજબ અદેખી અદાવત એક એક સાથે કદીમથી જોડાએલી ચાલી આવેછે તે કારણથી ઇઆ ચાલુ ભાશામાં તેહનાં અરથો શમજાવવામો અશકતીવાંન હોવાથી એ વરતણુકે જનમ લીધોછે તે કાંઇ થોડીજ નાખુશી ઉપજાવે એમ નથી તારે હવે એ નાખુશીનો નીવેડો કેમ કરીને આવે તે વીશે કાંઈ શમજી શકાતું નથી.

શ૦—વારૂ જારે કે એ પેહલવાંનોની હેવી વરતણુક શીધ થઇ તારે શું તમેબી તેમની પંગતીમાંજ જગો પકડવા ચાહોછો કે અંધારાંમાં લાવી મેલલી બાબતોને એ અંધકારમાંથી બાહાર કાહાડવા ઇછોછો ને તેમ કરવાને તમે તમારી ફરજ શમજોછો કે નહી.

જ૦—હા શાહેબ હરેક બંદેખોદા બલકે બશતે કુશતીમાંનોમોથા કોઇબી જરતોશતી એ ફરજ વીશે બંધાએલા નથી એમ કોઇ તરે કહી શકાએ નહી તેથી માહારી ફરજતો મેં માહારી મકદુર પરમાંણે અદા કીધીછે ને વલી દીલોજાનથી હદલ મકદુર પોતાનાં બુજરગ ટોલાની ખીદમત બજાવવા તઇઆર છેઊ.

શ૦—જારે એમજછે તારેતો તમને જે જે જરૂરી બાબતો મુનાશબ જણાતી હોએ તેહેને અંધારાંમાંથી અજવાલાંમાં લાવવી જોઇએ.

જ૦—હા શાહેબ તેમ કરવાને હું પણ માહારી ફરજ શમજુછુ પણ દુખ એટલુજ છે કે બારીક કુનેહની બાબતો વીશે જારે ચરચા કરીએછીએ તારે શાંભલનારાવોની શમજ શકતી તેમની શાથે વફાદારીથી ટકાવ કરી શકતી નથી તારે તે લોકો ઊછલી પડેછે એટલુજ નહી પણ પોતાનાં ગરવીશ્ટ ઘોડાની લગાંમ તેમનાં હાથમાં રહી શકતી નથી તેથી ઘણુ કરી તેમાંથી શારૂ પરીનાંમ નીપજતુ નથી તારે હવે શી તરે તેનો ઇલાજ લે

વો તે કાંઇ મુકરર થઇ શકતો નથી તોપણ હું માહારા તરફથી હરેક તરેહની શેવા ઘટતી રીતે બજાવવાને મોહોટી ખુશી શાથે ઘણો ખંતી છેજ વાશતે લાજમછે કે પરથમ તશદી લઇ જે અગતની બાબત નજર આવે તે વીશે શવાલ કરશો તો ખોદાવંદાંન ખોદાએતાલાની બખશાએશ અને ઇઅજદાંનવાલાની મદદથી અલબને તેહેના જવાબ બા શવાબ હાંશલ થશે.

શ૦—વારૂં ઉપર જે તમોએ મુખે તીશ ફરેશતાવો વીશે ખુલાશો કીધો તેમાં ઇજદ અમશાશફંદો તથા મીનો વગેરે જે ખેતાબ ધારીછે તેહેની તફશીલ ટુકાંમો આપો.

જ૦—કે અમશાશપંદો ૭ શાતછે જેની ગણતી અહુરમજદથી અમરદાદ શુધી થએલીછે—વલી બાજે લોકો અહુરમજદ શીવાએ છ અમશાશપંદો કેહેછે અને શ્રી અહુરમજદને મુલ ખોદાવંદાંન ખોદાઇ તરીકે ગણેછે.

શ૦—ઉપલા તફાવતનુ શું કારણ હશે.

જ૦—કે ઉપલા તફાવતનુ કારણ બીજુ કાંઇ નથી પણ એટલુજ કે ઇઅજદાંપરશતી મારગનાં અમલોથી બેનશીબ હોવાને લીધે ઘણું કરીએ તફાવતનો જનમ થએલો જણાએછે.

શ૦—અમશાશપંદો વીશે જે તમોએ ખુલાશો કીધો તે બાબે પુરતો ખુલાશો થતો નથી તોપણ હાલ તે વાત એક તરફ તેકુબ રાખી અરજ કરૂછુ કે એ તીશ મુખે કાંમદારોમો પરથંમ પેહલો જે શ્રી અહુરમજદ છે તે વીશે કાંઇ અગત કરીને જાંણવા જોગ બીના હશે ને તેહનો વીશતાર આપવાને ઇએોગીઅ ધારો તો તે વીશે કૃપા કરવી જોઇએ.

જ૦—અમશાશપંદો વીશે ઉપર જેટલો ખુલાશો કરવામો આવેઓ છે તે બેશક કે પુરતા ખુલાશા શહીત નથી તેનુ કારણ બીજુ કાંઇ નથી પણ ટુકું બઆંન આપતાં પુરતો ખોલાશો થઇ શકે નહી એમ દેખીતું છેજ તેથી તેનુ લાંબુ વરણંન જાણી બુઝીને રાખેલુછે એમ શમજવું અને તે સરવે મોહોટા મરતબાનાં શાહેબોમાં પરથમ શ્રી અહુરમજદ વીશે ખુલાશો શમજવાની ખાહેશ તથા મરજી બતાવીછે તે ખાહેશ મુજબ અમલ કરવાને મોહોટી ખુશી અને ભારી ઇશતેઆકની શાથે શેવા બજાવવામો પોતાની ફરજ શમજુછું પણ માહારી મતલબ એછે કે જે જે બાબતોમો એ નાંમવર બુજરગ વીશે તમોને કાંઇ શક હશે તે વીશે તમોએ

કૃપા કરી છુટા અને ખુલા શવાલો કરવા કે જેથી હમોને હમારી શેવા બજાવવામો બાંધક તથા હરકત નહી આવે.

શ૦—તમોએ જે બાધક તથા હરકત દુર કરવા વીશે હેતુ બતાવો તે બેશક કે વાજબીછે શબબ એ બાબે હું જથાશકતી તશદી આપુછુ તે ઉપર ધ્યાંન યથાયોગ આપીને ખોલાશા કરશોતો ફકત માહારા ઉપર નહી પણ આખા ટોલાનાં નેક જરતોશતી શાહેબો ઉપર તમારી મોહોટી કૃપા થશે.

૧. માહારા જાંણવામો એમ આવ્યુછે કે છઠા આશમાંનનો પતી જે ને હીંદુ લોકો બરહશપતી અને મુશલમીન લોકો મુશતરી કરીને કેહેછે તે હેને ફારશી નજુમની કેતાબોમાં બલકે પારશી લોકોની જંદ ભાશાનાં અવશતા કલામમાં અને દશાતીર વગેરે બીજી માહાભારત કેતાબોમાં શ્રી અહુરમજ કરીને કેહછે તે વાત ખરીછે કે નહી.

૨. માહારા જાંણવામો વલી એમ આવ્યુછે કે એ અહુરમજદનાં હંમકાર તથા હંમઈઆર ત્રંણ નાંમવર શાહેબોછે કે જેવોને આપરે દૈપ આદર, દૈપમેહેર તથા દૈપદીન દાદારને નાંમે અવસ્તા વાંણીનાં આધારથી ઓલખીએ છીએ તે વાત ખરીછે કે નહી.

૩. વલી માહારા જાંણવામો આવ્યુછે કે શ્રી અહુરમજદ આપરા શાત અમશાશપંદો માંહેલો પેહલો અમશાશપંદ તરીકે ગણતરીમો લેવાએ લોછે તે વાત ખરીછે કે નહી.

૪. માહારા જાણવામો એમ પણ આવ્યુછે કે શાતે અમશાશપંદોની ખશનુમંનમાં દરએકને વાશતે અશલ કદીમથી શાત શાત અહુનવરનો મરતબો આપેલો હતો તેમાં ફકત શ્રી અહુરમજદનાં અહુનવર ૧૦ આસરે વરશ શો ડોહોરશોની મુદત ઉપર બુજરગોએ ઠરાવ કીધેલો વહીવટ જારીછે તે વાત ખરીછે કે નહી.

૫. વલી એમ પણ જાંણવામો આવેછે કે શ્રી અહુરમજદને આ શમાંનનાં દશતુર અથવા કાજીનો ઓહોદોછે તે ખરૂછે કે નહી.

૬. વલી હેવુ પણ જણાઉછે કે શ્રી અહુરમજદનો બેતાબ મોહોટી નેકી કરનારો કરીનેછે તે વાત ચોકશ છે કે નહી.

૭. વલી એમ પણ જાંણવામો આવ્યુછે કે શ્રી અહુરમજદ તમાંમ ફરેશતાવોનો ગુરૂ તથા તમાંમ ઇનશાંનોની રખેવાલીનાં ઓહોદા ઉપર

નીમાએલાછે બલકે ઈનશાંનોની પાશબાંની દીવશને વખતે કરવા કરાવા શારૂ હેનાં શવાચીનમાં આપેલુછે તે વાત ખરીછે કે શી તરેછે.

૮. અને વલી એમ પણ ખાતરી થઇછે કે ઇરાંન ગવીજની શર જમીન તથા હદ ઉપર શ્રી અહુરમજદની મવકલીછે.

૯ છેલુ હેવુ પણ નીશચે થઊછે કે હરેક બાલક જે તેની માતાનાં ઓદાંનમાં ૯ માશ શુધી પરવરેશ પાંમેછે તેમાં બીજે તથા ૬) માં માશમાં શ્રી અહુરમજદ રક્ષાંગુ કરેછે તે વાત ખાતરી લાએકછે કે નહી.

૧૦ વલી એમબી જણાઊછે કે હરેક જરતોશતી ફરમાંબરદાર કે જો કબી તેવા મોહોટા પુનવાંન હોએ કે મોહોટા ગુનેહગાર હોએ હેવા લોકોને મરત્યુ કાલે જે નેકી બદીનો નતીજો આપવાનો તે હજરત રશ ને રાશત તથા મેહેર દાવરનાં અખતેઆર ઉપરાંતનાં મુકરદમાં હોએછે તેહનો ચુકાદો શ્રી અહુરમજદનાં અખતેઆરથી થાએછે તે વાત ખરી છે કે શી તરે.

જ૦—ઉપલા શવાલમાં જે તમોએ પુરશીશો કીધીછે તેહેનાં પાશુખ નીચે મુજબછે તેની વીગત.

૧. જેને હીંદુ લોકો બરહેશપતી અને ઇશલાંમી લોકો મુશતરી ક રીને કેહછે તેહેને પારશી લોકો ફારશી જુબાંનમાં અહુરમજદ કરીને કેહે છે હેમાં કાંઇજ શક નથી.

૨. શ્રી અહુરમજદનાં જે વંણ હંમકાર તથા હમઇઆર વીશે ત મોએ બઆંન આપુછે તે બેશક બેગુમાંન અને ખાતરી લાએક તથા અકલ પશંદછે શાથી કે જે પ્રમાંણે શ્રી અહુરમજદને દાદારનો બેતાબ છે તેજ મુજબ એ વંણે શાહેબોનો બેતાબ પણ દાદારનોછે.

૩. શ્રી અહુરમજદ શાત અમશાશપંદોમો પેહલો અમશાશપંદ ત રીકે ગણવામો આવોછે તે ગણવોજ જોઇએ હેમાં કાંઇ શક શુબે નથી.

૪. જેમ શરવે અમશાશપંદોની ઇઆદમો શાત શાત અહુનવરનો ચાલ છે તેમજ અહુરમજદના અહુનવરબી અશલ કદીમથી શાતજ હ તા એમ ખાતરી લાએક નીશચે થઊછે. મગર તજવીજમાં ફકત એમ જણાઊછે કે આશરે ૨૦૦) વરશની અંદર શ્રી અહુરમજદનાં અહુનવર ૧૦ કીધાછે અને અમશાશપંદો ૭ ની ઠેકાંણે ૭ ને ગણવાનો રેવાજ ચ

જાવેઓછે પરંતુ તે વાત બારીકીથી તપાશીએચ તો અકલ પશંદ ઠરતી નથી મગર કલપનાંથી હેવુ ઠરેછે કે જાંણે શ્રી અહુરમજદને ઉપર મુજબ ગણવામા આવેતો તે ખોદાવંદાંન ખોદાએની જગાએ ભજવા લાએક નહી ગણાએ અને જેમ હાલમા એ બાબતશર હુમલો થઓછે તેમજ ઈશલાંમીઓએ એ બાબે હુમલા કીધા હોએ તે વીશે હેવી હકીકતી કીધી હોએ.

૫. શ્રી અહુરમજદ આશમાંનનો કાજી અથવા દશતુરછે તે વાત બેશક બેગુમાંનછે.

૬. શ્રી અહુરમજદ મોહોટી નેકીનોજ કરનારછે બલકે તેવા પેદા આડવામા હેનાં જેવો બીજો કોઈ મોહોટો ગણવામા આવ્યો નથી અને ગણવા જોગ પણ નથી.

૭. શ્રી અહુરમજદ તમાંમ ફરેશતાવોનો તથા કુલે ઈનશાંનોનો ગુરૂ છે તેમાં કાંઈજ વાંધો નથી બલકે દીવશને વખતે ઇનશાંનોની પાશબાંની પણ હેનીજછે તે મોતેબર દલીલાથી શીધછે.

૮. શ્રી ઈરાંન ગવીજ ઉપર મવકલ પણ એજ શ્રી અહુરમજદછે.

૯. હરેક બાલકોનુ રક્ષણ તેમની માએનાં ઓદાંનમાં નવ માશની મુદતને દરમેઆંન બે માશ શુધી કરવાનુ શ્રી અહુરમજદનાંજ શવાધીનમાં શોપએલુછે તેમાંબી કાંઈ શંધે નથી ને તે વીશેબી ખાતરી લાએક નીરધાંન થઈ ચુકુંછે ને તે બાબે પેહલા ચમનમા તફશીલવાર ખુલાશો થએલોછે.

૧૦ મરનાર જરતોશતી અગર માહાપુનવાંન કીંવા માહાપાપી હોએ તે બંધેને નંતીજો આપવાનો શ્રી અહુરમજદનો અખતેઆરછે એમ ખાતરી પુરવક શીધ થાએછે.

શ૦—કે ઉપર જણાવ્યુછે કે બાજે લોકો શાત અમશાશપંદાની ગણતી શ્રી અહુરમજદથી શ્રી અમરદાદ અમશાશપંદ શુધી ગણેછે ને બીજા શ્રી અહુરમજદને પાછલથી ખોદાવંદાંન ખોદાએ તરીકે માંની છ અમશાશપંદોછે એવુ જે મત ચલાવેછે તારે તો શ્રી અહુરમજદ વીશે ઉપલી પદવીઓ તથા તેહેની કારકીરદી જોતાં ઘણો મોહોટો શક ગુજરેછે કે બશે વરશની મુદતને દરમેઆંન જે શ્રી અહુરમજદની પદવી વધારીછે

તે વાજબી નહી હોએ શાથી કે ઉપલી તકરીર મુજબ જારે શ્રી અહુરમજદ બારેહેશપતી કરે તારેતો તેહેને ખોદાવંદાંન ખોદાએ તરીકે ગણુવુ તે ઘણુ બેવજન કરી શકેછે તેનુ શી નરે.

જ૦—કે હા શાહેબ એ વાત ઘણુ કરીને બેવજણુ માંનવા જોગ છે કાંજે છ અમશાશપંદો વીશે ઇશારો માત્રે નાંમશેતાએશનેનાં મધ્ય ભાગમો આવેલો જણાએછે તેમજ એ દોઆનાં છેલા ફકરામો પાછો શાત અમશાશપંદો વાશે પાછી કબુલાત કરેછે તેથી એ ઠરાવ દગદગા ભરેલો ગણાએછે તેથી શીધ એજછે કે અમશાશપંદો શાતજછે અને તે ગણતીમો શ્રી અહુરમજદની ગણતરી રાખવા વીશે અગતની ફરજછે એમ ખાતરી પુરવક કહી શકાએછે.

શ૦—કે હમારી તજવીજમો હેવુ જણાઉછે કે બહરેશપતીને પણુ અહુરમજદ કેહછે અને બધે જહાંનને પેદા કરનાર મુલ માલેક જે નીરજન નીરાકાર તેહેને પણ શ્રી અહુરમજદ કરીને કેહછે એ વાત અકલથી દુરછે તેથી કાંઇ ખોલાશો એ બાબતમા આપવા જોગ હશે તો મેહરબાંનીની રાહે કરશો [illegible]

જ૦—એ ખોલાશો [illegible] આશાંનીથી કરી શકાએ હેવો છે બલકે ઉપર ઇશારા થઇ ચુકાછે તેપણ તમે વીશતારની ફરજ પાડોછો તો એ બાબત અલબતે જરા હમોને મોહોટા વીચારને આધીન કરેછ તેથી એ બાબ ચુનોચરા કરવાને માહારૂ દીલ કબુલ કરતુ નથી પરંતુ જારે કે જે એક બાબતની ફરજ પડી તારેતો જથા શકતી તેહેનો નીવેડો લાવવાની ખરી અગતછે એમ શમજી એ બાબે જરા ટુંક ઇશારા દાખલ માહારી ફરજ અદા કરૂછુ તે એછે કે જારે ઉપર લખતા પરમાંણે એક શ્રી અહુરમજદ તે શરવે ઉતપંતીનો પેદા કરનાર અને બાજો શ્રી અહુરમજદ તે શાહેબે મુતલકથી પેદા થએલો એમ એ તકરીરથી શીધ થઉ તારે પેદા કરનારની ખશનુમંન પેદા થએલાની ખશનુમંનની માફક એકશરખી નહી હોવી જોઇએ એમ શાફ અને ખુલી રીતે આપણને વાચાસ્માની અગત પડેછે શાથી કે એ વીચારનો જનમ થવાથી જારે એ ખશનુમંન બાબે તપાશ કરીએચ તો એકજ ખશનુમન શીવાએ બાજો કોઇ આધાર પેદા કરનારને વાશતે ચઢતી ખશનુમંન વીશે મલી શકતો નથી

તે ઉપરથી ખુલી રીતે શીધ થઇ જાએછે કે પેદા કરનારનુ નાંમ કાંઇ જુદુછે ને બેશક કે જુદુ હોવુંજ જોઇએ ને તેની જુદી ખશનુમનબી હોવી જોઇએ ને તે ખશનુમન જારે નહી તારે બેશક કે શ્રી અહુરમજદ તે બરેહશપતી શીતારાનેજ કેહછે અને તેહની જે ખશનુમન વીશે ચાલુ રેવાજછે તે બેશક કે તેહેનાં મરતબાને લાએકનીછે. કાંઇ પેદા કરનાર નીરનજન પરમાતમાને લાએક નથી.

શ૦—કે મુલ માલેકનુ જાતી નાંમ તથા તેહેની જુદી ખશનુમંનની જરૂરત વીશે જે જે આપરા અશરાફ મોબેદ દશતુર શાહેબોથી ખુલાશો માંગીએચ તે વીશે મોહોટી દીલગીરીની વાતછે કે તે દરએકનાં મત એ બાબે એકરારખાં પડતાં નથી તેથી જો માહીઅતી વીશે જે જે આશા રાખવામો આવે તે નરદમ બરબાદ થઇને કાંઇ અશલ મતલબ હાથ લાગતી નથી શબબ તમે કાંઇ એ બાબે હમારી ખાતરી કરવાને ઇઓગ જાંણો તો કૃપા કરવી જોઇએ.

જ૦—એ બાબે જે હમારૂ મતછે તે વીશે હાલ અગત જેટલુ પેહલા ચમનમાં તેહનાં ઘટતા મેહલો ઉપર હમોએ ઇશારા કીધાછે ને વળી ખુલી રીતે વીશતાર આપવાને કોઇબી તરફનાં શવાલની ગરજ નહી રાખતાં હમોએ હેવો નીશચએ કીધોછે કે આ બાબત જેમ મોહોટી ઉપીઓગીછે તેમજ ભારે કીકતો લાવનારીછે તેથી જો ચાહાવુ તે મુલ માલેકનુ હશે તો હમારાં પાકાં ચીતમાં આ બાબતની પુરવણી આશાંનીથી શમજી શકાએ હેવી રીતે જાહેરમો લાવવાનો મજબુત અને ચોકશ ઇરાદો છે તે વીશે માહારી ઉમેદ પાર પડે હેવી દરખાશત મુલ ખાલેકની મદદ માંગી થોરી મુદત શબર પકડવી જરૂરછે.

શ૦—વારૂ બેર, અમશાશપંદોની બાબત તથા પેટાંમાં જે તમોએ શ્રી અહુરમજદ વીશે ખોલાશા આપેઓ તે અલબતે શંતોશકારક છે પણ ફકત એ એકજ બાબતમો જે લંબાંણ થઉ તે જોતાં શરવે અમશાશપંદો વીશે બઆંનની માહીઅતી વીશે તશદી આપુ તો બેશક કે ઘણુજ લાંબુ થઇ જાએ અને તે હાલ જમાંને નાપશંદ થઇ પડવા જેવુ ખુલી રીતે શમજી શકાએછે શબબ એ જરૂરની બાબત હાલ તેકુબ રાખી અરજ કરૂંચ કે હવે અંમશાશપંદોની શેવામો જોડાએલા "ઇજદો" વીશે કાંઇ મુખતેશર બઆંન આપવાની તશદી લેશોતો એહેશાંનથી ખાલી નથી.

૪૦—કે હું આપરા નેક અને બુજરગ ટોલાનાં અશરાફ તથા અશખાશ શાહેબોની નજદીક એક એચીકદાર ખાકશારી પદવીનું માંન ચાહુછુ તે ઉપર જો કબી તમે ધ્યાંન ઘટતી રીતે આપો તો ખુલું દીશેછે કે હું જે ખીદમત બજાવુંછુ અને બજાવીશ તે શમનથી તમારા આજેજ ફકીરનો હેતુ કોઇનાં ઉપર આભાર ઉપકાર ચડાવવાનો નથી, કોઇ તરેનું માંન મેલવવા વીશે નથી અને બારીકી તપાશી જોશો તો બીજાવોની પેઠે કાંઇ લોભ, લાલુચ કે લીપશાને કારણે નથી. ફકત કારણ એજ છે કે કેટલાએક અપટ, અદેખા, ચીબાવલા, ભરમાએલા ગરહરથોની કારશીરદીથી હમારા નાંમવર બુજરગવારનાં રોશન નાંમને ઝાંક લગાડી તે બાંનદાંની લોકોનો છેડો લાવવાને જે હીમત પકડીછે તેમને કાંઇક ઘટતી ફરજ અદા કરવા ઉપર લાવવાનુ તથા તે નાંમાંનકીત બુજરગવારોનાં ફુલથી તેમની ઓલાદમો શલા શંપજનો શીલશીલો નવેશરથી બરપા કરવાનુછે કે જેથી તે નાંમદારોની નાંમદારી હમેશાં પ્રદીપ્ત રેહેવાનો શંજોગ મલે વાશતે તમારો શેવક મોહોટી આધીનતાઇથી તમુને દર કુલ છુટ આપતી કરી અઓર ભલાંમણ કરેછે કે તમો શાહેબે ઇઆ બીજા હર કોઇ શાહેબે માહારી ફરજ ભરેલી નોકરી માહારા તરફથી લેવામો કોઇ તરે પછાત પડવુ નહી, એોજર કરવી નહી, અને અલશાઇ જવું નહી, અને હાલ જે ઇજદો કે અમશાશપંદોની શેવામો જોડાએલાછે તે વીશે જે ટુંક બોલાશો કરૂછુ તે ઉપર ધેઆંન આપવું.

૧. તમુને રોશનછે કે અમશાશપંદોની શાથે જોડાએલા ઇજદો ૧૫) છે. એજદની માંએની ખોદાએની થાએછે અને ખોદાએની માએની ખુદ પોતે પોતાની મેલે પેદા થએલો કરીને હરેક શરઇઅતનાં શરદારોએ કીધાછે એ માંએની ઇઅજદાંની શાહેબો બાલકુલ નાપશંદ કરેછે તેની વીગત નીચે મુજબ—

૨. ઇઅજદાંની શાહેબોએ લફજે ખોદાએની માએની હેવી કીધીછે કે એ ઇજદોને જે કાંઇ કારદારી ઉપર મવકલ કીધાછે તે તેવો એક બીજાની મદદ વગર ખુદ પોતાનીજ કોશીશથી બજાવી શકે હેવાછે ને તે મુજબ તેવો બજાવતા આવ્યાછે ને ચંદરોકાલ શુધી તેવો બજાવશે હેવાં કારણથી એ શાહેબો ઇજદ એટલે ખોદાએ હેવા એતાબથી નાંમજ

દ થએઆછે તે છતાં એકલા શ્રી અહુરમજદને ખોદાએ બોલથી બેતાબ ધારી ગણવામાં આવેછે અને ગણીએતો એક રમુજ જેવું થઇ પોછે—બલકે ઇઅજદાંની શાહેબો એ જગાએ હેવી શમજ ધરાવનારા ગરહશથો ઉપર કાંઇજ ધીકાર કરતા નથી પણ તેમની મંનશકતીનું વજણ એટલુંજ છે, એમ શમજી ખાંમોશી પકડેછે.

૩. એ ઇજદ બોલનો અરથ અરબ લોકોએ રબ કરીને કીધોછે. અને રબ એ બોલનો અરથ દાંનાઓએ જે કીધોછે તે જોતાં ખુલુ નજર આવેછે કે એ કાબેલ લોકોએની ઘણાં રબ મુકરર કીધાછે તે જોતાં શાક જણાએછે કે જાંણે એ શાહેબોએ આપગ કશાવ ઉપરજ પોતાનો પાએો બાંધીઓછે તે જોતાં અનેક ખોદાએને માંનવા વીશે પારશી ટોલા ઉપર જે લોક તોહોમત લાવેછે તે કાંઇ નહી પણ શીરફ અગનાંન તથા બાલક બુધીવાલાઓને જાંણી શમજીને ભુલ ખવાડવા શારૂ એક જાતની ચાલાકી દેખાડેછે તે વાત ગાનાંની લોકોતો શાગંપેઠે શમજી શકેછે તોપણ તે વીશે કાંઇજ સુનોચરા કરતા નથી પણ કુક ગનેઆંનવાલા શાહેબો તેમનાં ઉપર બાનવીચારથી ટુટી પડેછે ને બેશક કે એક મોહોટી દીલગીરીનું કારણ ઊભુ કરેછે બલકે નાખુશી ઉપજાવનારૂ એક જેહેરી હથીઆર તેવોનાં હાથમાં આપેછે તે વીશે આગે કદર દરવીશ બેહદ દીલગીર બલકે શરમીનદાછે તે વીશે કાંઇજ લાંબુ નહી કરતાં ફકત એટલાજ ઇશારા ઉપર કંનતેશાર કરેછે.

૪. આ જગાએ અનેક ખોદાઓને ખોદાવંદાંન ખોદા તરીકે ભજવાનુ ફેંકડ અને અધટીત તોહોમત ભારે આશાંનીથી રદ થઊછે તે કાંઇ નરતોશતી ચાલાક શાહેબોને થોડુંજ શંતોશકારક થઈ પડે તેમ નથી પણ બીજા હાથપર જે એ નાંમાંનકીત ટોલાનાં નાંમાંચ્યા દાંનાવ ફાજીલ શાહેબોએ જે જે પેતાનાં બચાવરૂપી શરેદનુ ગાએણ કીધુછે અને અદે આપ કરેઆ જાએછે તે બેશક કે ઇઅજદાંની શાહેબોને એક ભારે દુખ ભરેલુ થઇ પડેછે તે દુખનો નીવેડો શી તરે આવશે અને કહી રીતે લાવવો જોઇએ તેનુ ટુક બયાંન પેહલા ચમનમાં થઈ ચુકુછે તે બશ છે, વાશતે આગલ વધુ છેઊ કે—

૫. જેમ ઇશલાંમી મજહબવાલાવો અનેક ખોદાવોને વાશતે કાએલ
છે તેમજ હીંદુ ગીનાંની લોકો બી કાએલછે બલકે શાચુ બોલવાની છુટ
મળેતા કરીશટી શાહેબો પણ એ બાબે કાએલછે અને તેજ ધારણ મુજ
બ પારશી ટોલાનો પણ હેતુછે તારે હવે પારશીઓ ઉપર ઉપલું નાશજા
તોહોમત લાવનારા ગરહશતો શું કરવા બીચારા ગરીબોને શંતાપેછે. બેર
કેહવતછે કે—

“આંરા કે હીશાબ પાકશ્ત”
“અજ મુહાશીબે ચીબાકશ્ત”

એટલેજે જેવોનો હીશાબ ચોખોછે તેવોને હીશાબ લેનારોની તરફ
થી કાંઇ બોક નથી, બેર હેવા બેરખાહોને માહારા તરફથી ઇઆજદાં
પનાહ બાદ.

૬. ઉપલી તકરીરમાં શીધ થએછે કે જેમ બીજી કોમ વાલા અનેક
ખોદાને ભજનારા નથી તેમજ જરતોશતી ટોલો પણ અનેક ખોદાવોને ભ
જનારો નથી પણ ઇઆદ કરીને તેવોનાં ગુણ, તેમની ચાલ, તેમની અશ
રો તેમનાં ઓહોદાઓ વીશે વાકફગારી મેલવવા શારૂ હજરત રશુલે ઇઆ
જદાંનનાં ફરમાંનથી બંધાઆ છીએ તેનો અમલ કરનારા છીએ.

૭. વલી ઉપલી તકરીરમાંથી એમ શીધ થએછે કે ઉપર કહેલો હેતુ
છતાં તેનાંથી ઊલટા અરથો કરીને ઊલટા જઇએ છીએ અને નવા શુ
રખુ કરીએ છીએ તારે તેમાં બીજાવોનો શું દોશછે. દોશ તો નરદમ આ
પણુ પોતાનાં તરફથી ઊતપન થાએછે કે આપણે જાંણી બુજીને દોશીક
કાંમ કરી લીજીએ અને નીરદોશપણાં ઉપર ધ્યાંન આપતા નથી તે શીરફ
આપણી પોતાની ગેરચાલછે તારે પોતાનાં બચાવમો ખુદ પોતે ફરમાંની
ઇજદાંપરશતીનાં અમલીઆત બજા લાવવાની કોશીશ કાલજી રાખી કર
વી જોઇએ ને તે મુજબ થએ તો પરથંમ પોતાનુ શારથક અને પછે
ચાલાક લોકોની ચાલાકીથી બચવું શેહજ થઈ શકેછે ને શાફ જાહેરછે
વાશતે શારાંશ એછે કે પોતાનાં મહાગીનાંની ગુરૂનાં ફરમાંન મુજબ ચાલ
વું શરવ કોઇની અગતની ફરજછે તે શત્ય કરી માંનવુ.

શ૦—કે ઉપર મુજબ શ્રી અહુરમજદ તે શરવે ઊતપંતીનો પેદા કર
નાર અશલ જાતે બરહક પોતેજ હોએ તારે તેહેને દાદારનો ખીતાબ નહી

હોએ શાથી કે દાદારનો ખેતાબ શ્રી અહુરમજદનાં શરીક દેપાદર દેપમેહર દેપદીન—એ ત્રંણ ફરેશતાવોને પણ છે. વલી શ્રી અહુરમજદ જો કથી ઉપર મુજબ અશલ જાતે મુતલક પોતેજ હોએ તો તેહેને દશતુરનો ખેતાબ નહી હોવો જોઇએ શાથી કે દશતુરીનો ખેતાબ તો જમાંને દશતુરને; શરોશ ઇજદને, બહમન અમશાશપંદને, હજરત જરતોશતને, આદરબાદ માહારેશપંદ તથા અરદાએ વીરાફને પણ છે. વલી જો કથી ઉપર મુજબ શ્રી અહુરમજદ ખુદ પોતે એકકો શરવ વશતુનો પેદા કરનારજ હોએ તો તેનુ નાંમ અશો કહીને આપેછે તે નહી આપવુ જોઇએ શાથી કે નેક મરદોને હજરત જરતોશતને તથા શરોશ ઇજદને અને એ વગેરે બીજાવોને અશોનાં ખેતાબથી ખેતાબ ધારી કીધાછે તારે એ ઉપરથી તો એટલેજે દાદાર, દશતુર, તથા અશો એ ત્રંણ ખેતાબથી શ્રી અહુરમજદ તે ઉપર કહેલા ફરેશતા તથા બુજરગ લોકોની પંગતીનો ગણાએ. વલી અથોરનાંન એ ખેતાબ મોબેદ દશતુરનોછે તેજ નાંમ શ્રી અહુરમજદ હજરત જરતોશતને કેહેછે કે તેહેનુ નાંમછે તેથી શ્રી અહુરમજદબી તેમની બરોબરીનો ઠરેછે—એ પરમાંણે એ ચારે મેહેલપર મોહોટો શક ગુજરેછે કે એ બોલોથી શું મોરાદ હશે તે બાબે અગરજો મેહરબાંની કરી કાંઇ ખુલાશો કરવા શકોતો ઘણી ઊતમ વાતછે.

જ૦—કે એ ચારે ખેતાબ બેશક કે ખોદાવંદે મુતલકની બુજરગી બજાંદી બરતરીને લાએક નથી બલકે એ ખેતાબ શ્રી અહુરમજદ જે બરેહેશપતીને ખુલી રીતે લાગુ પડી શકે હેવાછે કાંજે હજરત જરતોશતે અવશતામો જે શ્રી અહુરમજદની પદવી અગરચે મુખીઅ તવે ગણીછે તેથી તે કામીલ રેહબરની મોરાદ શ્રી અહુરમજદથી શ્રી ભરેશપતીની હતી † કાંઇ જાતે મુતલકને વાશતે નોહોતી એમ શાબીત થાએછે શાથી કે અવશતાવાંણીથી શીનગારેલો મજહબ અવાંમ લોકોની હેવાંની બશલતો દુર કરવા તથા બચગીની બદખવાશો છોડવવા વાશેછે કે જેમાં આશમાંન ઉપરનો ફરેશતા શીતારા અને જમીન આશમાન વચેની તથા જમીન ઉપરની

---

† એ બાબે અવશતામાં પણ ઘણે ઠેકાણે આવેછે કે•હોરમજદે ફલાણા ઇજદની આરાધના કીધી તથી તેનો છેડો આવી જાએછે કે, તે શ્રી બરેહેશપતા હતો.

તમાંમ શીફાતી વીશે માહીઅતી મેલવવા વીશીછે કે જે જંદે કેહને નાંમે બોલવાએછે અને જંદે ગેહ કે જેમાં જાતે મુતલક બીજાતે મોહોતેરમની ઓલખ પાછાંન જે મુકાશેફાત તથા મુશાહેદાનથી થાએછે ને તે વીશે જે ઇઅજદાંપરશતી ધરમ ખાશ લોકોને વાશતે આશકારછે તે મુલ અને મુખ એક જુદોજછે એમ ખુલ્લુ શાબેત થઈ ચુકુછે વાશતે ઇઅજદાંની લોકોનાં ઠરાવ મુજબ શ્રી અહુરમજદને બરહેશપતી જે શરવે ફરેશતાવોના ગુરૂ શીવાએ બીજો નથી એમ ખાતરી થાએછે.

શ૦—માહારા જાંણવામો હેવુ આવુંછે કે જેવી રીતે ફરવશીનુ કવુઅત કુદરતે ઇલાંહીની કારીગીરી દાખલ હરેક પરાણી તથા ગેતીના ઇજદો શુધાં તે પરાપત થએલુછે તેજ મુજબ શ્રી અહોરમજદ કે જેને આપરા લોકો જાતે મુતલક તરીકે શમજે તથા શમજાવેછે તેહેનેબી છે બલકે હરેક નુરાંની ફરેશતા તથા મીનોઈ ચીજોને પણ છે તેથી એ જગાએ મોહોટો શક ઉપજેછે કે જે નામનુ કવત કે જે પેદાનાં કરનારનુ હોએ તેજ નાંમનુ કવત પેદાએશની શેફાતી ચીજોને નહી જોઇએ તે છતાં આપરા અવશતા કલાંમથી ઉપર મુજબ શીધ થાએછે ને કોઇ રીતે શોભતુ નથી તે છતાં આપરા દાંનાવ લોકો હરીફોની મુજાહેમત વીશે કાંઇ દુરઅંદેશી લીધા વગર આંધરા ઘોડાવોની પેરે દંમ બાંધીને દોરેઆ જાએછે તે વીશે માહીઅતગારીની મોહોટી અગત થઇ પડીછે તે બાબે કાંઈ ખોલાશો કરો તો ઘણી મેહરબાંની.

જ૦—જાંણવુ જોઇએ કે ફરવશી એ ફરોહરનુ જુજછે અને ફરોહર તે એક કુલછે એ જુજ તથા કુલને હાલ ચાલુ ભાશામો કહા નાંમથા ઓલખી શકાએછે તે વીશે ખોલાશો કરવાની માહારી શમપુરણ ઇછા આએ બાગે પારશાનાં જનમ કાલથી હમારા દીલમો ઘર કરી બેઠીછે મગર નાચાર છેઉ કે અંનચીનવેલા અટકાવે હમોને રોકી નાંખેઆછે તેથી જો કે ઘણી દીલગીરીછે તોપણ બીજા હાથપર મોહોટી ખુશનુદી છે કે આએ અંધારામો પોડેલી અગતની બાબત હવે અજવાલામાં આવવાની તઇઆરીમોછે તેટલે જરા શબર પકડવી જરૂરછે તોપણ તમારા દીલને જે તાજુબી ઉપજીછે તે મીટાવવાની અગત જાંણી મોહોટી હીમત તથા દલીલ દાખલાવોની હીમાએતથી હાલ એટલુજ કેહેવાની અગ

તછે કે જો શ્રી અહુરમજદને અશલ જાતે મુતલક તરીક શમજીએ તા
રે તો બેશકછે કે તેહેનીબી ફરવશીછે એમ કહી શકાએ નહી, ને કહીએ
તો બેશક મોહોટી ખામીછે, પણ જો કબી શ્રી અહુરમજદને બરહેશપતી
નુ નાંમ મુકરર કરી તેહેની શાંનમો ને તેહેનાં, મનાકેબો ઉપર જે બઆં
ન થઆંછે તેહેને વાશતે એ ફરવશી બોલનુ માંન આપવાને કાંઇજ હરક
ત પડશે નહી વાશતે જુવો કે અવશતાવાંણી ખુદ શાબેત કરી આપેછે કે
શ્રી અહુરમજદને પણ ફરવશીનુ કવત બખશાએલુછે તે બખશનાર કો
ઇ એક સરવ શકતીવાંન જુદોજછે ને જુદો હોવોજ જોઇએ શાથી કે
જો એમ નહી હોત તો શ્રી અહુરમજદ હજરત ઇગાંને શમદીઅત રશુ
લ ઇઅજદાંન શત અશફંતમાંન જરતોશતની શાથે તકલુમ કલાંમમો શા
ફ કેહેછે કે જો માહારી ફરવશી નહી હોત તો અમુક અમુક કાંમ માહા
રાથી થઇ શકતે નહી, બલકે કેટલાંક કાંમ તેહનેથી નીપજેઆંછે તે શીર
ફ એ બલવાંન ફરવશીઓની મદદથી નીપજેઆંછે અને અમુક કાંમો ફ
રવશીઓ માહારી કુમકે પોહોચેઆથીજ હું કરી શકઓ છેઉ એ ઉપર
થી શાફ શીધ થઇ જાએછે કે શ્રી અહુરમજદ આશમાંનનો એક મોહો
ટો બલવાંન અને નેકીપશંદ શરદારછે કે જેને બરહેશપતી કહીએ છીએ.
જો કબી ઉપલા વાકીઅ મુલ જે એકંદર શીફાતી વશતુનો પેદા કરનાર
એકના બેહમના શાહેબને શ્રી અહુરમજદનુ નાંમ આપીને લાગુ પાડીએ
તો કેવલ દોશ ભરેલુ થઇ પડેછે એટલુજ નહી પણ ફીલશુફીની આગલ બા
રે શરમીનદે થવા જેવુ છે અને એક નાદાંન બાલક પણ હશી કાહાડે હે
વુ છે કાંજે જે એક શરવ શકતીવાંન શાહેબછે તેહેની શાથે બીજા કોઇની
શીરાકત નથી તેહેને બીજાની મદદ લીધી નથી હેવુ છતાં આપરા દાંના
વો જે ભુલ ખાએછે તથા ભુલ ખવાડેછે તે એક તેમની ખાંમ બુધીનુ
અથવા અધુરા એલમનુ કારણછે બલકે જો વાજબી કહીએ તો પરહેજ
ગારી વગર તથા રેઆજતની ઉપર પાંણી ફેરવવાનાં કારણથીછે વાશતે
એ જગાએ જેમ તાજુબ નહી થવુ તેમજ એ લોકને ઠપકો પણ ઘટતો
નથી કાંજે ઘણુ કરીને ઠપકા લાએકતો મોબેદાંન મોબેદીનું માન માગવ
નાર જે ખાશુલ ખાશ લોકોછે જે બીજા બોલમો દોલતમંદોને નાંમે એ
બખાએછે તેવોછે કાંજે અંગરેજ લોકો તથા હીંદુ લોકો મુશલમાન લો

કો વગેરે દુનીઆંની શપાટી ઉપર જે જે મુબીઅ લોકોછે તેહેવા એક જોખમ ભરેલા ઓહોદાનુ નીમનોક ફક્ત શેઆલો ઓઢાડવાથીજ કરતા નથી પણ પરીક્ષાથી કરેછે તે છતાં આપરા બાશુલ બાશ શાહેબો એટલેજે અનજુમનનાં મેમબરો, ખુશાંમદગો મુરોની જુઠી ખુશાંમત ઉપરથી હેવાંનીનોક, ફરીને શાલો ઓઢાડવાનુ માન આપેછ તથા અપાવેછે તારે હાવું અંધેર થાએ તેમાં શું તાજ્જુબ. હવે જો બીજા હાથ ઉપર નજર કરંચ તો એમ જણાએછે કે આપરી કોમનાં એક માહા કીરતીવાંન શાહેબે પોતાની ખાશ પુંજીનો એક મોહેટો ભાગ રાખીને કુલવાંન ખાંનદાંની છોકરાવોને મુલમે દીનીની કેલવણીનાં ખાશ હેતુથી એક મદરેશા કાહાડીછે * તેહેને લાંબી મુદત થઇ પણ તે અફશોશ મંનજલત માહા પરોપકારી શાહેબનો ખાશ હેતુ પાર પડેઓ નથી ને તેની કેલવણીની રીતી જોતાં કોઈ કાલે પાર પડે એમ આશા બાંધી શકાતી નથી તે વીશે ભાઇ શાહેબ ખુદ તમેજ તમારી બુધી પરમાંણે તપાશ કરી તોલ કરી લેશોતો ઘણું શારૂ. વલી માહારા નેક શાહેબ તમે જરા કુરપા કરીને તશદી લઇ અવશતાની માંફનીનાં પોથાંવોનો મુતાલો કરશો તો તમોને જણાઇ આવશે કે એ પોથાવોમાં જાબજા હેવા વાકીઅ આવેઆછે કે દાદાર અહુરમજદે કેટલાએક ફરેશતાવોની આરાધનાં કરી લેવાને જોર આપેલછે હેવી રીતે ખુલે છોગે આપરા દાંનાવ દશતુરોએ માએની ઉઠાવીછે તે ઉપર જરા વીચાર કરો કે જે એક શરવ શક્તીવાન બેનમુન શાહેબ તેને પોતાની શીફાતી ચીજોને હંજીને જોર આપેલ કહીએ તો કેહેવી એબ અને કેટલી ખાંમી નીકલી શકેછે. ખરૂં છે કે એ ખાંમીઓ એ શાહેબો લાંબા વીચાર વગર ઇઅજમેદની ઇજદા આરાધવાની એકશરખી રીતે કીધાથી તથા પેદા કરનાર તથા પેદાએશી ચીજોની બરાબરી શમજવાથી કીધીછે તેથી જો દાનાઇથી જોઇએ તો દાદાર અહુરમજદ તે શ્રી ભરેશપતીજ ઠરી શકેછે કારણ કે તે એક

* મરનારનો અસલ વિચાર યજદાંપરશતી વીશે હતો તે ઉપરથી તેઓએ તે બાબેતો ઇશારામાં કેટલાંક પુસતકો જાહેર કરાવેલાં મોજુદછે અને છેલે આ મહાભારત કામ જાહેર કીધું કે એમાં કોઇ કવાઇઓ થઇ કાંઈ ઉજાલું કરશે—પણ નીશફલ કે તેમ થઉ નથી.

ફરેશતાવોનો ગુરૂછે તે પદવીથી પોતાનાં શીશીઅ એટલેકે ફરેશતાવોને આરાધવા બદલ ઉપદેશ કરીને જોર આપેઊ એમ માંનીએ શમજીએ તો વાજબી ગણાએ વાશતે એ દાનાવોની ખાંમીઓને શુધારી લેવાની આ પહલી અગતની ફરજછે તે જાંહાં શુધી અદા નહી થાએ તાંહાં શુધી એ અંધારાંમાં અજવાંલાંનાં કીરણો પોંચી શકનાર નથી તે વીશે દાંનાવ તથા દાલતમંદ હરદો શાહેબે એ બાબે પોતાની ફરજ અદા કરવાની મોહોટી અગતછે એમ હમારો નાંકેશ વીચાર હમુને ફરમાવેછે, પછીતો જેમ કાંઈ દાનવ શાહેબોની મરજી.

શ૦—મજદએશને કરીને જે આપણ ધરમનુ નાંમછે તેનો અરથ અહુરમજદી અથવા ખોદાપરશતી ધરમ હેવો અરથ આપરા દાનાવો કરેછે તે વીશે હમોને એટલોજ શકછે કે શ્રી અહુરમજદતો ઉપલી તકરીરમો બરેશપતી ઠરી ચુકોછે કે જેને બીજા ખોદાવાની માફક ખોદાએનો ખેતાબછે તારે શું આપરે બરેશપતીનાં પુજારા છીએ.

જ૦—નહી નહી આપરે બરહેશપતીનાં પુજારાતો નથી, આપરો ટોલો ખાશ હઅજદાંપરશત એકજ ખોદાએને માનનારોછે કે જે ખોદાવંદાંન ખોદાએછે મગર એ ધરમની શીરૂઆત એહોરમજદી દીન હેવે નાંમ થઈછે કે જે શરહઅની ધરમછે કે પારશીઓ જેને આ ધરમને નાંમ મુકરર થએલોછે તેમાં જે મુખે શ્રી અહુરમજદને ગણોછે તે બેશક કે ઇક ખોદાવંદાંન ખોદાએ નહી પણ શ્રી બરહશપતી જેને ફારશી ભાશામાં શ્રી અહુરમજદ કેહેછે તે છે—હેને મુખે ગણવાનુ કારણ બીજુ કાઇ નહી પણ ફરેશતાવોનાં ગુરૂપણાં તરીક એની પદવી મોહોટી ગણી હોએ એમ જણાએછે અને એ દીનની મારફતથી હઅજદાંપરશતી દીનનાં અરકાંન જોવા જાંણવા તથા ભોગવવા લાએક થઇ શકાએછે તેથી એ પેહલી શીડીમો હેનુ મુખીઅપણુ ગણેલુ ને ગણવાઇઓગ જણાએછે કે જેની બરકતથી હેવાંનીઅત તથા તુફુલઅતની બદ ખશલતો દુર થાએછે તેથી અહુરમજદી દીનને દીન મજદએશને ફરી નામ આપેલુ જણાએછે કાંજે મજદ એ બોલનો અરથ દાનાવ કરીને કાધેલો તેથી મજદ એશનેથી મારાદ જે હાલ ભરેલી હેવાંની તથા તીફલગીની બદ ખાશીઅતોમાંથી નીકલી દાનાઇ ભરેલો મારગ જે હઅજદાંપરશતીછે તેહમાં જવાને લા

એક થઇ શકાએછે તે શબબ આપગ શરદઇઆલી ધરમનુ નાંમ મજદ દઇઆશને કરીનેછે તેથી કાંઇ દઇઆજદાંપરશતીની બુજરગીનુ માંન એ ધરંમને નથી એમ ખુલુ શમજાએછે.

વલી શ્રી અહુરમજદ જે બરહેશપતીછે તેને કેરદેગારનો પણ ખીતાબ હોએ એમ જણાએછે શાથી કે હેનાં શરીકો શાથે દુનીઆંની ઊતપંતી હેનાં હવાલામેછે તેહની શાથે ખાશ ઇનશાંનોની પેદાએશની શરૂવાત તેની માએનાં ઓદાનમો તેમજ તવલોદી પછી નીરક્ષકારી એવોનાં હવાલામો હોએ એમ ખાતરી થાએછે વાશતે કણા હેને દુનીઆં પેદા કરનાર તથા રખેવાલી કરનારા જે ૪ દાદારો મુખીઆ છે તેમાં એ શરેષ્ટછે એમ જારે શીધ થઊ તારે એહેને પેહેલી શીડીનાં ધરંમમો મુખીઆ તરીક ગણે આથી કાંઈ હરકત નાહી પણ બેશક બેગુમાંન તો એજછે કે જે નીરનજન શરવે પેદાએશોની મોહોટી કુલીઆતો પેદા કાધીછે તેમાંની એક મોહોટી કુલીઆત શ્રી અહુરમજદને ગણીએ તો લાએકછે વાશતે દીન મજદીઆશને તે અહુરમજદી દીનછે એમ શમજવુ.

વલી બીજી તકરીર એછે કે આપરા અવશતા કલાંમમો "વીદેવો અહુર દકેશો" હેવો એક બોલ જે આવેલોછે તેનો અરથ હેવો થાએછે કે જાંણે એ શબદોનો બોલનાર એમ કેહછે કે બુતપરશતીને વીરૂધ ખોદાપરશતી ધરમનો બંદો છેઊ એ ઉપરથી એમ શમજવુ કે ઉપલી તકરીર મુજબ એ વાકીઅનો બોલનારો જાણે બુતપરશતીનો ધીકાર કરી એમ કેહછે કે તે શ્રી અહુરમજદ ખોદાઇને આપેલી બુજરગી વાલો ખોદાપરશતછે.

શં૦—કે જારે શેફાતી નુરાંની ચીજો જુજવી તથા કુલીની આરાધનાં કરવાનો ચાલતો વહીવટછે તે છતાં આપરા ખાશ લોકો કોઇ પુછેછે કે જાત બરહકની આરાધનાં ખુલી રીતે જેમ ફરેશતાવોની આરાધનાં થાએછે તેમ કરવાનો કાંઇ આધારછે તારે તેહેનાં જવાબમાં ફકત એટલુજ બતાવેછે કે અહોરમજદ જે છે તેજ જાતે મુતલકછે તેની આરાધનાં બીજાવોની પઠંમ બલકે બીજા એકલાવોની ખાશ આરાધનાં હોએછે તો તેની શાથે પણ શી અહુરમજદની દઆદ થાએછે તે ઉપરથી જારે ફરીથી ઉપલી તકરારોમાં અહુરમજદ તે જાતે મુતલક નહી પણ બરહેશપતીછે હેવી ખાતરી થાએછે ને જારે શમજેછે કે શરવે ફરેશતાવોનીક

આરાધનાં કરવામા આવેછે તારે હેવી તકરીર કરેછે કે શી અહુરમજદે
હજરત પેગમબર શાહેબની મારફત હેવુ ફરમાંન કીધુછે કે જેને મારી મુ
રાંની શેફાતી ચીજોને એટલે જે ફરેશતાવોને આરાધિઆ તેહેમે ગોઆામ
ને એટલેજે હુદાદાર અહુરમજદને આરાધિઆ બરાબર થશે હેવી દલીલ
થી ફરેશતાવોને ભજવાનો ફાએદો વાજબી ગણી ખુદ નીરંનજનની નહી
તો નહી પણ શી દાદાર અહુરમજદને પણ આરાધવાની અગત શમજતા
નથી તે શું વાજબી કેહેવાએ કે શી તરે તેનો મેહરબાંનીની રાહે ખોલા
શો કરવો જોઈએ.

જ૦—કે એ શાહેબો શી અહુરમજદ તથા બીજા ફરેશતાવોની પરે
શતશ કરેછે તે જાહેર વાતછે તે વાશે તો કાંઇ અગત શરખુ નથી; જા
ણવા જોગ અગત એજછે કે શી અહુરમજદને એ શાહેબો મુખીઆ ત
રીક ગણીને આરાધનાં કરેછે તે વજણ આપવા લાએકછે કે નહી તે વી
શે ઉપર લખેલી શરવે તકરીરમાં પુરતો ખોલાશો થઈ ચુકોછે કે શી અહુ
રમજદ મુખીઆની જગો ઉપર ગણવામા કાઇ નહી પણ નજર ચુકછે. ક
નજર ચુક જાણે જાણી બુજીને કરતા હોએ એમ શાબેત થાએછે કાંજે
શી અહુરમજદને મુખ્ય તરીક નહી ગણતે તો કદીમ બુજરગો જેમ રેઆ
જતની મારફતથી ઇઅજદાંપરશતી કરતા આવેલા તેનો વહીવટ જે છોડી
દીધોછે તે પકડવો પડે અને તેમ કીધાથી શું શું તકલીફ, શું શું પરહેજ
અને શું શું વરતણુક રાખવી જોઇએ તે રાખવાની અગત પડે કે જે
થી દુનીઆંદારીનાં કાંમોમાં હરકત પડીઆ વીનાં નહી રેહ તેથી દુનીઆંદા
રીની રીત મુકદમ પકડી ઇઅજદાંપરશતી છોડી દીધી બલકે તેહેનુ નાંમ
નીશાંનબી નાબુદ કરી નાંખેઉ ને દુનીઆંદારીનાં પેટાંમાંથીજ ઇઅજદાંપ
રશતી થાએછે હેવુ અભીમાંન સ્થાપી બેઠા કે દુનીઆંની જુઠી મોજ મજા
છોડવાની અગત નહી પડે—હેવુ એક દેખીતુ કારણ શીધ થઈ શકેચ તો
પણ એક શખ્શ પરવરી અને બાજુ ઉપલી કશ્ટીથી બંચાવ કરવાની મ
તલબથી કાએલ થતા નથી ને તેમાં જે નાંમોશી તથા શાંમાવાલીઆ મંત
કી લોકોનાં હુમલા થાએછે તે ઉપર કાંઇજ ધ્યાંન આપતા નથી તે વા
ત ધોરીજ દુખદાએક નથી મગર લાચાર કે જરતોશતીઓનો શીતારો
દીન બદીન નીરબલ થતો ચાલવાથી કોઇબી શાહેબ પોતાની અગત ફર

જ બજાવવા પેહલ કાહાડતા નથી વાશતે હાલતા એ જગાએ ટુકુ કરી, તે બેમાશલોમાંનીંદ શાહેબની મદદ માંગી દરખાંશત કરૂછું કે તે માલેક પોતાની પનાહમો જલદીથી ઊચકી લીએ અને આએ લખાંણથી એ બુજરગ ટોલામો કાંઈ હેવી અશર પેદા કરે કે જેથી તવો રેઆજત ને મારગે ઇઅઝદાંપરશતી ઉપર ઊતરવાનુ લાજબી, પરતુ અને ઉપી ઓગી શમજે.

૭૯—કે પારશી લોકોનાં પેગમબર હજરત જરતોશત અલેશલાંમ નાં જમાંનાંની અવલ એ ટોલાનો બેતાબ ઇઅજદાંપરશતીનો એમનાં ઉપર જારી થએલો જણાએછે અને તે બેતાબ મુજબ હજરત મોશુફનાં જમાંનાં પછી તેહેગી ઊમતમો જારી હતો તે છતાં હાલનો વહીવટ ફકત શ્રી અહુરમજદનેજ વરેષ્ઠ તરીકે ઇઆદ કીધાંથી એ લોકો પોતાને ઇઅજદાંપરશત શમજેછે તેથી મોહોટો શક ગુજરેછે કે જે વેલા શ્રી અહુરમજદની ઇઆદ હાલની રીત મુજબ નહી હતી તે વેલા તે લોકો ઇઅજદાંપરશતામાં મુખ્ય ઇઆદ આરાધનાં કોહોતી કરતા હશે.

૮૦—કે તે વેલા ઇઅજદાંપરશતી ફકત ઇઅજદાંનની પરશતશથી જ થતી ને હાલમાં કદાચ કોઈ કરે તો તેજ રીતછે મગર શ્રી અહુરમજદની મુજે ઇઆદ હજરત પેગમબરે ખાશ શતઅશફ઼ંતમાંન શાહેબ અવાંમ ટોલાને શારૂ જુદી પાડી હોએ એમ શંભવેછે, શાથી કે ઇઅજદાંપરશતીનો ખાશ રેવાજ જે ખાશ લોકોનો તે તો જેમનો તેમ કાએમ રખી તે મુજબ તથા તે શીવાએ બીજા શુધારાનાં કાએદા ઊમેરી તેમને જે દફતર આપ્યું હતુ તેહેનુ નાંમ તે શાહેબે જંદ મેહે કરીને રાખેલુ ફ્મ બતરી થાએછે, વાશતે કદીમ રેવાજ મુજબ હરેક જરતોશતીએ પોતાની વરતણુક કરવી જરૂરછે બલકે અવાંમ ટોલાની તો અગતની ફરજછે કે જેમ બને તેમ જલદીથી પેહેલી શીડી ઉપર પુખ્ત થઈને આગલ ચડતી શીડીઓની શેર કરવાને પોતાનાં દીલોજાંનથી ઊમંગ તથા ઊલટ રાખે, કે જેથી ઇઅજદાંપરશતીનાં વારશીક હકની પ્રાપ્તી થાએ અને તે પ્રાપ્તીથી મુકતીની ઊમેદ મજબુત થાએ. કદાપી જરતોશતી દાનાવ ફાજીલ શાહેબો શ્રી અહુરમજદ તેજ ઇઅજદાંન અને શ્રી ઇઅજદાંન તેજ શ્રી અહુરમજદ એમ ઠરાવવાની તજવીજ કરે તારે તો બીજો અહુરમજદ

જે બરહેશપતી તેની તથા ઇઅજદાંની મરતબાનાં શ્રી અહુરમજદ તેહની દીન આઈનની કીરીઆ કરમાંનતરમો જુદી જુદી બશનુમનો દરએકનાં દરજા પ્રમાંણે હોવી જોઇએ તે કાંઈ જણાતુ નથી તે વીશે પરથમ તકરીર થઈ ચુકીછે તેથી હાલ એટલુજ કે બંધે અહુરમજદ જેમો એક પેદા કરનાર અને બીજો પેદા થનારછે તે બંધેની અનુક્રમ પરમાંણે બશનુમનો તથા ઇઆદ કરવા તથા ઇજવાની બાશ રીત અવશીઅ કરીને જુદી જુદી હોવીજ જોઇએ તે નથી, તાંહાં શુધી ઇઅજદાંન તેજ અહુરમજદ ઠેરવવાને મુજ નાકેશની કલમ જોકે બે માંથાં રાખેછે તોપણ એક વીગાંપુ ઊચકી શકતી નથી. શારાંશ એજછે કે કદાપી એ ભુલની હજી મારપરદાજી કરવા તથા જેમ ચાલેચ તેમ ચલાવવાની અગત પકડીએ તો હરગીફ્રો જેટલા જોઈએ એટલા હાલ જમાંને તઈઆરછે તેની શાથે ભુલને કાએમ ચલાવેઆ કરતાં શુધારી લેવાનુ કામ ડાહાપણ ભરેલુછે, ફ્રમ હમારો નીરણય છે તે વીશે વાંચનારા દાંનેશમંદ શાહેબોએ ઘટતુ વજણ તથા જોર આપવુ તે તેવોની ફ્રરજછે:—તે અલબતે તેવો અદા કરશે મગર ફરી બીજીવાર તકરીર એજછે કે શ્રી અહુરમજદ જે પેદાનો કરનાર તથા બીજો અહોરમજદ જે પેદા થનાર તેમાં પરથમ અહુરમજદ મુલ અને બરહેશપતી અહોરમજદ પછી તેની ઉતપંતી છઠા આશમાનની સાથેજ થએલી એમ શીધછે, તારે વીચારવુ જોઇએ કે હજરત મેઆબાદનાં જમાંનાં પેહલાં એક પછે બીજા શાહેબનુ વજુદ ઠરેછે તે હઆંમથી અહુરમજદનુ કોઈ જગોએ જરા નાંમ નીશાંનબી જણાતુ નથી. શ્રી અહુરમજદનુ પગોતુ નાંમ ફકત શ્રી જરતોશતથી આશકાર થાયુંછે તારે હવે એ તકરીર મુજબ શીધ થાએછે કે શ્રી અહુરમજદ ફએક પેદા થએલો બરહેશપતી શીતારા શીવાએ બીજો ચડતા દરજાવાલો એ નાંમનો શાહેબ કોઇ નથી અને નહીજ હોવો જોઇએ, કારણ કે પરથમ લાખો વરશની મુદત ગુજરી તેમાં બરહેશપતી અહુરમજદની બુજરગીને લાગુ વજન મલુ નથી ફકત પેશદાદથી તે કઆંની શાહેબોનાં વખતમો જે શીતારાવોની ઇઆદનો ચાલ માત્રે હતો તે પેદા કરનાર તરીકે નહી પણ પેદા થનાર શીતારા તરીકે જેમ બીજા શીતારાવોને વારે તેમની ઇઆદ થતી તેમજ બરેશપતવારે શ્રી અહુરમજદની ઇઆદ થતી હતા

કાંઈ હમેશ નહી અને હરેક કોર્શઆવોમા પણ નહી. ખાશ હેનાં ચે, કશ દીવશેજ હેની ઈઆદ કરવામો આવતી તે દલીલથી પણ શીધ થાએછે કે જો કંઈ શ્રી અહુરમજદ શરવે વશતુનો પેદા કરનાર હોત તો ઉપલા વખતમો શઊથી ચડતે દરજે તેહેની ઈઆદ કરવામો આવી હોત, મગર તે વખત તો નહી પણ હજરત શત જરતોશતનાં જમાંનાથી એ શાહેબને બુજરગી આપવામો આવીછે તે કાંઈ હીકમતથી ખાલી નથી તેમાં પેહેલી વાત તો એછે કે એ બુજરગીનુ માંન આંમ લોકોએ રાખવા વીશેછે કાંઈ ખાશ લોકોને વાશતે નથી અને બીજી વાત એછે કે જેમ હીંદુ લોકો વધારે માંન શનીશચરને, ઈશલાંમી શુકરને અને કરીશટીઆંન રવીને આપેછે તેમજ કદીમ પારશીઓનાં દોરથી એ શાહેબનુ વધારે માંન કરવાનો ચાલ ચાલતો આવેલો તેમાં જોવાનુ એટલુજછે કે ઉપલી કોમવાલા દરએક જેમ અકેક શીતારાનુ માંન વધારે રાખેછે તે ફકત તેમનાં અશલ મુલક ઉપર તે શીતારાવો મવકલ હોવાથી તેમનાં દેશનો ઘણો ખરો લાભ, હાંણી તેહેની ચાલ પરમાંણે હોયછે તેમજ તેવો પોતાનાં મવકલી દેશની શહાએતા જોઈતી રીતે કરેછે એટલીજ વાત ઉપર ફ કોમવાલાવો તેમને બુજરગી આપેછે પણ પારશી લોકોફ અખતેઆર કીધેલા શ્રી અહુરમજદ જે ઈરાંનવેજનો મવકલ નીગેહબાંનછે તેથીજ નહી પણ એ શાહેબ બીજી માહાભારત શીફતોથી શીફતમંદછે કે તેનો શવીશતર વીશતાર ઉપર જોઈતી રીતે થઈ ચુકોછે શબબ આ જગોએ વધારે લંબાંણ કરવાની તદન અગત જેવુ જણાતુ નથી. જો કંઈ ઘડીભર તકરારને શારૂ એમ કહેવામો આવે કે બંધે અહુરમજદની એક શરખી એકજ ખશનુમનછે તારે તો હેવુ બોલનાર અને એ વાત કબુલ રાખનારની અકલ ઉપર આફરીન કરવી જોઈએ કે જે શખશ પેદા કરનાર તથા પેદા થનારને શરખા ગણેછે. ખેર હેવા શાહેબોની શેવામો હઅજદાંપનાહ બાદની પેશકશી પોહોચાડી બીજી એક તકરીર ઉપર ધ્યાંન ખેચાએછે તે એછે કે જરતોશતી લોકોનાં એતેકાદ પ્રમાંણે જંદ ભાશા આકાશવાંણીછે અને કેટલાક વીદવાંન પંડીત ઓશતાદોનુ મત હેવુછે કે એ ભાશા ઘણી જુનીછે એટલે જે હીંદુ લોકોની શંશકૃત તથા કરીશટીઓની લેટીનનાં વખત પેહલાંનીછે તેમાં શ્રી અહોરમજદની બરાબરીનાં બીજા શાહેબતી

ઓની ઇઆદ થઇછે તેમજ તેહેની પણ થઇછે તેહમાંથી કાંઇ હેતુ નીકલતુ નથી કે શરવે શેફાતી ચીજો જેને માખુદાતને નાંમે ઓલખીએ છીએ ને તેમા જુદી વશતુઓ જે આકાશથી તે પાતાલ શુધી આપરા જાંણવામાછે તેનો પેદા કરનાર તે શ્રી અહુરમજદ છે વલી બીજા હાથપર જંદ ભાશા તેજ દશાતીરની ભાશાછે હેવી શાબેતી જે મલી આવીછે તેથી જારે જંદ ભાશાનુ પુરાતમપણુ હાવી માતબર રીતે આશાંનીથી શીધ થાએછે તારે હેવી જે પુરાંણી ભાશાનાં નમુનાંમો દશાતીર જેવી નાદર બેમીશલ કેતાબ હાજરછે તેમાંથી બે અહુરમજદનુ નાંમ જેમ મલતુ નથી તેમજ એકજ અહુરમજદને પણ કાંઇ પેદા કરનાર તરીક વધારે માંન મલેલુ જણાતુ નથી. એ જગાએ ગેબદાંન ખોદાએછે કે ખોદાવંદાંન ખોદાએ કોણછે મગર હાલ તરત દશાતીર કરતાં વધારે શતા ભરેલી શાબેતી મલે તાંહાં શુધી તો બીચારી નાકશ અકલને કબુલ કીધા વીનાં ચાલતું નથી કે શ્રી અહુરમજદ તે બરહેશપતી શીવાએ બીજો નથી, કે જેની પરેશતશનો રેવાજ દશાતીરમોથી તેહેના બીજા શોબતીઓને જોવામો આવેછે તે માફક ઉપર દાંનાવ શાહેબોએ ઘટતુ ધ્યાંન આપવું જરૂરછે; અને એ બાબે કાંઇ પણ વધારે ખોલાશો કરનારી ઉપાઓગી દલીલ કોઇબી ખોદાનાં લાભ તરફ હશે તો તે જાહેરમો લાવવાની તશદી લેવી તેમને જરૂરછે કે જેથી આએ લખનારને એ વીશઅનાં બાબમાંજે આતુરતા ઉતપંન થઇછે તે દુર કરવાનો શંજોગ તેહેને મલી આવે અને જો કદાચ દશાતીરની ભાશા તે અશલ જંદ નથી ને જે અવશતાવાંણી તેજ જંદ ભાશા તરીકે કાએમ થઇ શકે તોપણ જોવાનુ એટલુજછે કે હેમાં જે અહુરમજદનુ મુખીઅપણુ દેખાડુંછે તે તેહેનુ મુખીઅપણુ શીરફ બીજા તેહેનાં શોહોબતીઓમાં ગણવા લાએક હજરત શ્રી જરતોશતનો હેતુ હોએ એમ ખુલ્લુ દીશેછે. કારણ કે તે હજરતે મુલ જાતે મુતલકની આરાધનાં ફકત ખાશ લોકોને શીખી તારે આમ લોકોને વાશતે કોઇ મુખ્ય જોઇએ તે મુખીઅપણાંમો શ્રી અહુરમજદને લીધો હોએ એમ શાફ નજર આવે છે કાંજે શ્રી અહુરમજદ પોતાની રીદેમો બીજાવો કરતાં ચડતી ખુબી, ચડતા દરજાનો તથા ચડતા ગુણ ધરાવનારોછે હેમાં તો કાંઇ શક શુબે નથીજ, અને એ બાબે શંધે પકડવાનુ ખુલ્લું કારણ પણ કાઇ મલી

શકતુ નથી તે ઉપરથી અગનાંન અવાંમ લોકોને વાશતે શી અહુરમજદનુ
મુખેપણુ થયું તારે હવે ખાશ ગીનાંની લોકોને વાશતે જે મુખેપણુ જો
ઇએ તે મેહેજંદમાંજ એહે કાંમો ઇઅજદાંપરશતી શંબંધી આપેલા કે
જેનો અમલ આપણને ખુલ્લું દેખાડેછે કે એ અમલો તો હીંદ વહીદને
વાશતેછે તારે હવે જે શાહેબો જમાંને કાબેલ નાંમદાર શેહેબાંન વાએલની
મીશલમો અથવા તેહેની દાંમનની હુંકમાં જગો પકડવાનુ ઇછીને શ્રી અ
હુરમજદનાં મોબારક નાંમપર જે જોર આપેછે તે કેટલે દરજે વજણદાર
છે તે દાંનાવોએ જોઇ લેવું. દાંનાંવોને જોવાનુ એટલુજછે કે પરથમ તો
એ શાહેબોનાં બુજરગોથી એ જોર અપાતુ આવ્યુછે તેથી તેહેને ટેકો આ
પવાની ગોઆ એ શાહેબો પોતાની ફરજ શમજેછે. તેની શાથે બીજુ જો
વાનુ એટલુજ જરૂરનુછે કે એ જોર આપવામો તેવોની તબાજીવીકા
નો મુલ આધાર રચેલો તથા રચાવેલોછે તે ઉપરાંત તીજુ એછે કે જો
કબી ખાશ પંગતીમાં વીભાગ લેવા કરેચ તો નફશ તથા જેશમની લ
જતો છોડયા વીનાં છુટકો થતો નથી; તેની શાથે રેઆજત જેવા મેહેનતુ
મુરબીનો આશરો લેવાનો તે નાંમવર મુરબીતો હેવોછે કે એક પલભર
બીનકશ્ટ જોઇને અગમાશ કરે એટલેજે અખાડા કરે હેવો નથી હેવા
કારણોથી જમાંનાંનાં જરતોશતી પરેજગારો જે જાહેરી ડોલ લઇ બેઠાછે
તેવો કેમ કરીને પોતાનાં ભોગવટો છોડવા, છોડાવવાની પેરવીમો શાંમેલ
થાએ? ખેર જેવી જેની ઇછા. એ કામ જેમાં આકેબત ખેરછે તે જેને જો
ઇએ તેવોએ અખતેઆર કરવામો તેવો મુખતીઆરછે, કોઇનુ જોર નથી;
તેમને પોતાનાં અએમાલનો હીશાબ આપતી વખત પોતાની ગુમરાહીની
શમજ પડશે ને તે વખતેનો પશતાવો શીરફ ગેરઉપઇઆેગી થઇ પડવાનો
છે. વલી બીજી એક તકરીર છે કે જે મુલ જાતે બરહક જેને શરવે વશ
તુ હજરત બહમંનની પેદાએશની મારફત પેદા કરી પોતે નીરંનજંન ની
રાકારનુ નાંમ તથા રૂપ ધારણ કરી અલગ છે તે વાત શરવે નાંહાંનાં મો
હોટાંને જાંણીતીછે અને શી અહુરમજદ તો બીજા ફરેશતા તથા શીતારા
વોની પેઠે કેટલાએક કાંમના ઓહોદાવો ધરાવેછે ને તે ઓહોદાવોનો જી
મ દોર તરીક ફરમાંન મુજબ અમલ બજાવેછે તેથી શાફ જણાએછે કે
જો કબી શ્રી અહુરમજદ જાતે મુતલક પોતેજ હોત તો તેહનાં ઉપર ઉપ

ला ઓહોદા બજાવવાનો જોખમ કેમ કરીને તેહનાં ઉપર હોએ એ ઉપર
થી શાફ શાબેત થાએછે કે શી અહુરમજદ નીરંનજંન નથી પણ નીરન
જન શાહેબનો એક ખાશ અને તેથી વધારે માંન આપીએતો ખાશ ઊલ
ખાશ મોહોટા ઓહોદાવોનો શાહેબ તથા શરદારછે અને એ મુજબ હેને
માંન આપવામો કાંઇ બાધક નથી; પણ જારે હેને નીરનજન કરાવીએ
તારે તો અપરમપાર બાધકોનો નશવ થઇ પડેછે તે શરવે દેખીતુછે તે
છતાં ગુમરાહી તથા ગફલતીથી અંનધટની ઉપમા કે જે ઉપમાને લાએક
તમાંમ શીફાતી વશતુમો કોઇની નજરે પડતો નથી, બલકે આખેરશ શર
વે શીફાતી ચીજોનો નાશ થવાની દલીલ જબરદશત ને જોરાવરછે તે
ઉપર વાંચનારા ખુબીબલીષ્ટ શાહેબોએ બારીકી તથા ધીરજથી ધ્યાંન આ
પવુ ને ઊતાવલ કરવી નહી, કારણ કે એ જગોએ મોહોટી ગંભીરાઇ વાપ
રવાની અગતછે પછે તો જેવી જેની ઇછા.

વલી બીજી એક દલીલ હેવીછે કે હજરત ખોદાવંદાંન ખોદાએ બ
રહકનાં નાંમ એક તથા બેહંમતા બેચુન બેનમુન કરીને આવેલાછે તે
નાંમોની જગોમો શ્રી અહુરમજદને માંન આપીએ તો હરીફ લોકો શું કે
હેશે તેનો વીચાર દાનાવોએ કરતી વખત હરીફો તરફથી જે મુજામ તો
હોમત મેલવામો આવ્યુછે તે વીશે અછી તરે તોલ વજન કરવું જોઇએ.
એ હરીફો ઘણા શીઆંના ઘણી માહીઅતીવાલા અને પક્કા ગીનાંની
છે તેથી ગીનાંન મારગમો જરતોશતીઓનાં પગલાં છે કે નહી તેહની એ
ક હાથપર અજમાએશ અને બીજા હાથપર જારે એ ટોલાનુ અગનાંન
પણુ શીધ થયું, તેનો આશરો આધાર લઇ કાચી બુધી તથા કાચી વએ
નાં તથા પોતાનાં ધરમનાં અશલ મગજથી નાવાકફ લોકોનુ ચીત હરણ
કરવામો મોહીની રૂપી માશમારીજરી તથા ફરમશીનાં ચમતકારી બલ
કવત તથા શકતી દેખાડેછે તેમાં તેવોને ટીકાવ કરવાનો આધાર જડતો
નથી તારે નાચાર તેવો પોતાનાં ફલ દાએક ધરમનો ધીકાર તથા તીરશકા
ર કરવાનાં પગલાં ભરેછે. એ વાત ઘણીજ અફશોશ ભરેલી શાથી કે જે
લોકો શીરફ અગનાંનપણાંમો ખરાંને ખોટું શમજેછે, એટલુજ નહી પણ
તેમની પોતાની કશુરને લીધે એ બનાવનો જનમ થાએછે તેની કાંઇ ત
જવીજ કે તપાશ કોઇ કરતુ નથી ને નાહેક મજહબ ઉપર દોશ મેલછે કે

જેમાં એકમાં એક ખોદા એટલેજે ખોદાવંદાંન ખોદાને આરાધવા ભજવા
જુ નથી જે એક પવીત્ર પુરાતમ અને પાતકી પતીત પાગલોનાં છુટકારા
નો ખાશ ઇઅજદાંપરશતી ધરમ છે તેની ફોકટ નીંદા કરેછે તેથી નાચા
ર; પણ હેવા લોક જે પોતાની આકેબતનો ખરાબો કરી લીએછે તેવાને
ઘટેછે કે ઇઅજદાંપરશતી ધરમની ખુબીઓ જે તોહીદ વહીદ અને એક
કા એગાંને શાહેબનાં જાવતપનો ખરો આધાર અને જે આધારથી નીરા
ધાર છુટકારાને પાંમી શકેછે તે મારગની પેરવી કરે તો પછી તેમનાં ઉપ
ર, ઉપર લખ્યા પરમાંણે મોહીણી ફરમશી તથા માશમારીજરીઓની
ઇઊકતીઓ કવચીત લાગુ થઇ શકવાની નથી તે શત્યછે, શત્યછે અને શ
ત્યછે. હવે ઉપર આવી ગયુંછે કે મુલ પુરૂશ જે કુલે મખલુકાતનો
ખાલેક તથા માલેક છે તેહનાં મોબારક નાંમ એક તથા બેહમતા અને હે
વાંજ બીજાં મોહોટાં નામોનો નામધારીછે તેહની જગોએ શ્રી અહુરમજ
દ જેનાં મોબારકજાતી નાંમ પાક અશો તથા દાદાર કરીને રાખેલાં છતાં
આએ નાંમની પદીઅતી છતાં કેમ કરીને ઉપલા બુજરગી ભરેલાં માતબ
ર નાંમોને લાએકનો થઇ શકે અથવા લાએક કહી શકાએ તે વીશે દાં
નાવોએ વીચારી લેવું; તેમાં જરૂરી એજછે કે એ બંધેમો કહાં નાંમ જા
તે બરહકને લાએકનાં અને કહાં નાંમ શીફાતી દરજજાનાંછે તે વીશેબી જો
કબી ઘટતો વીચાર બારીકીથી થશે તો શ્રી અહુરમજદ તે એક પેદા થ
એલો મોહોટા દરજાનો શાહેબ તથા શરદારીનાં દરજા શીવાએ ઠરશે ન
હી હેવી ખાતરીથી ઊમેદછે.

અરે અરે ઇઅજદાં ઇઅજદાં જરતોશતી તારીફ લાએકનો માહ
ગીનાંન અને મોહોટો માંનવંત ટોલો જે દુનીઆંદારીનાં ખટલાવોમાં મો
શીગાફી કરી શકેછે તે ટોલો પોતાનો ધરમ જે શઊથી શરશ તે વીશે જે
લોક પેટને અરથે શખુનપરવરીને વાશતે અને મેહેનતથી કંટાલીને અગત
નો મારગ છોડી દેવા છતાં ભુલ ખાઇ બલકે જાંણી બુજીને ભુલ ખવા
ડી અને હજી શુધી એટલેજે હરીફો ચાબુક મારીને ભુલ વીશે જાંણે ચે
તવણી આપતા હોએ તેમ નીદમોથી જાગરૂત કરેછે તોપણ આંખો ચોલી
ને કોઇ જોતુ નથી કોઇ વીચારતુ નથી ને ભુલમો ગોતાં ખાએછે ને ખ
વાડેછે એટલુજ નહી પણ ઉપલા ચાબુકો નહી પણ જો વાજબી બોલી

એ તો ગુરૂજ ભાલા અને તલવાર ખંજરોનાં જખમો શહંન કરેછે અ ને કરાવવાની હકીકતી કરેછે તે દેખીતીછે કે કોઇ શાહેબ કેહેછે કે કદા ચ તેવોએ એ શમવીશ અશમનથી પોતાનાં રીશાલાવોમાં કાઇ લખાંણ કીધુ હશે તો ઈઆદ નથી અને તે રીશાલા જોવા માંગીએચ (ખાશ કીમત આપવાની શાથે)તો આપતા નથી. બીજા શાહેબો ખાતરી આપેછે કે ઉપલા શાહેબે એ વીશય પોતાનાં રીશાલાગો લીખોજ નથી—તીજા શાહેબ કેહેછે કે અમુક શખશે રદીઓ આપોછે તે ખાતરી લાએક તથા અકલપશંદ નથી અને ચોથા શાહેબ તો શાફ કાંનપર હાથ મેલેછે કે ફ તોહોમતી ચોપાંનીઊ તથા તેહેનાં રદીઆ શુ છે, કોહોનાં તરફથાછે તે કાંઈ તેવોનાં જોવા જાંણવામો તદન આવ્યું નથી. પાંચમાં છઠા શાહેબો વલી કાંઈ ભલતુંજ બોલેછે હવે વાંચનારા બાગીકબીનોએ જેમ ઇઓગય જણાએ તેમ ઇનશાફની દાદ આપવી. એ શાહેબોની કીરતી તપાશવી તારબાદ એ ચોપાનીઆંની આશરે ૧૦ હજાર કાપીઓ ઉજલામો ફેલાઇ તેજ મુજબ તેહનાં રદીઆનાં ચોપાંનીઆં પણ શંખ્યાબંધ ખપેલાં જણાએછે તે છતાં એક નામદાર શાહેબ અનજાણાં થઇ જાએછે તે કેહેવું વજણ આપવા જોગછે! ખેર ઇઅજદાંપનાહ બાદ—વલી ફક તકરીર હેવીછે, કે શ્રી અહુરમજદની તારીફનાં ચોકશ મેહલપર જાબજા અવશતામો હેવા ઈશારો આવેઓછે કે શ્રી અહુરમજદે પોતે ભગતી કીધી શતુતી કીધી પોતાની બરાબરી તથા ચડતા ઊતરતા દરજાનાં શોહોબતીઓની નમાજ કીધી એ વાકીઅ ઉપલી તકરીરોને કહેવું જોર આપેછે; તે દાંનાવ વાંચનારા બુજરગ શાહેબોફ વીચાર કરી લેવો, કે શ્રી અહુરમજદે ભગતી સ્તુતી તથા નમાજ જે કીધી તે શું પોતે પોતાને વાશતે કીધી એમ ઠરેછે? કે કોઈ બરતર બાલાતરને કીધી ફમ ઠરેચ ? ફ જગાએ ખુલી રીતે શીધ થાએછે કે અવશતાવાંણીનાં આધારથી પણ શાફ શાબેતછે કે શ્રી અહુરમજદ મુલ ધણીનો પેદા કીધેલા એક બુજરગ અને ખાશ બંદોછે; જો એમ નહી હોત તો એ પોતેજ મુલ ધણી હોત તો હેને બીજાની સ્તુતી ભગતી તથા નમાજ કરવાની કાંઇજ જરૂર ન હતી. વાશતે જારે કે એ શાહેબ બગહેશપતી પોતેછે તારે અલબતે હેને લાજમછે કે પોતાનાં ધણીની ઈઆદ કરે, તથા પોતાની બરાબરીનાં તથા ચડતા ઊતરતા દરજાવાલાવોની

વખાંણ કરે, એ જગાએ વીચાર લેવાનોછે કે શ્રી અહુરમજદ જેવા ખુ
જરગ શાહેબ પોતે પણ બંદગી કરેછે–તે છતાં આપરે ખાકી બંદાવો એ
કાંમમો કેટલા પછાત, કેટલા બેપરવા અને કેટલા બેહઆ થઈ પડેઆ છી
એ તે દખીતુછે, તેની શાથે જોવાનુ એટલુછે કે નુરાંની ફરેશતા તથા શ
તારા શરવ શાહેબો પોતાનાં પેદા કરનારની સ્તુતી, ભગતી તથા નેમાજ ક
રેછે તેવોને ખાકીઓની પેઠે ખોરાકની તો જરૂર નથી તે છતાં પોતાનાં
ઓહોદાનાં કાંમ ઘણી શાવચેતીથી વગર ભુલે કરેછે અને આપરે ખાકી
ઓ તે માલેકે બખશેલુ રીજક ખાઇએચ તેની શાથે નુરાંનીઓની પેઠ
કારદારી કરવાનો જોખમ તો બીલકુલ નથી, ફકત તે માલેકની ઇબાદ
સ્તુતી કરવાનીછે તે વટીક કરવાની તેમાં પણ ગાફેલુ કરીએ છીએ. એ
કેહેવી ભુલ ભરેલુ કાંમછે તે ઉપર દાંનાવ બુજરગોએ દીલશોજીથી વીચાર
કરવો જરૂરછે પછે તો જેવી જેની ઇચ્છા.

આ જગોએ જરા વધારે વીશતાર આપવાની જરૂર જણાઈ તે એ
છે કે મેહરબાંન સ્પીગલનુ મત એ વીશે એટલુછે કે શ્રી અહુરમજદે ફક
ત પોતાનાં બરાબરીનાં જોડીઆની બંદગી કીધી. બીજા હાથપર જમાં
નાંનો બતલીમુશ કાંમાંજીનુ મત એ બાબતમો હેવું પરેછે કે શ્રી અહુર
મજદે ફકત પોતાની બરાબરીનાંવોનીજ વખાંણ કીધી એમ નથી પણ
પોતાનાં કરતાં ચડતા ઊતરતા દરજાવાલાવોની પણ સ્તુતી કીધીછે. આ બં
ધે બારીકબીન શાહેબોને આ જગોએ મોહોટુ માંન ઘટેછે કે બીજા નાંમ
વરોની માફક આપે અગતની બાબત ઉપર અંધારી ભુરકો નાંખેઓ ન
થી. જો કે એ બંધે શાહેબોએ શ્રી અહુરમજદની અશલ અખોકાતનુ ત
થા તેની જાતેશરી રૂનુ ખુલુ વરણન કીધુ નથી તોપણ તેવોએ હમારા હે
તુને કેટલો ટેકો આપેઓછે, તે બારીક વીચારવાલા શાહેબો આશાંનીથી વી
ચારી શકશે; શબબ એ તકરીરની શમાપતી ટુકાંમો કરૂછુ કે શ્રી અહુર
મજદ બેશક કે આશમાનનો કાજી ઊલક જાત એટલેજે ગવરનર જનરલ
છે તેથી પોતાની બરાબરીના તથા ઊતરતા દરજાવાલાવોની વખાંણ ક
રવાનો ગોફઆ તેહનો ખાશ ઓહોદો, ખાશ ધરમ અને ખાશ હકછે તે
થી અવશતામો જો જાબજા એ બાબતમો બઆંન આવ્યુ હોએતેઃ તે કાં
ઈ ગેરવાજબી નહી બલકે એ બઆંન મબુજ ઊપાઈઆગી તથા અગત

નુછે. આ જગાએ ઉપલા બંધે બારીક વીચારનાં શાહેબો તરફથી જે બંદાને બોલ ઉપરથી મત ઉઠેઆંછે તેબી ગોફઆ આએ નાકેશના અનુમતને લગંતુછે કે ખુદાતે તે પોતે પોતાની મેલ પેદા થએલા નહીં પણ પેંતે ખુદ બખુદ પોતાની ખીદમતગુજારીનાં નીમાએલા ઓહોદા બજાવનારા મુલ માલેકનાં ખાશ બંદાવોછે તે છતાં જરતોશતી ખાશ દાનાવો જે બુઝ કરેછે તેમાં દેખીતી તેવોની ખાંમી જેવું નજર આવેછે; મગર એ બારીમા તેવો નહી શમજી શકે હેવુ હું કહી શકતો નથી મગર એટલુંતો નીશચએ કે જાંણે ઉપલી દલીલો ફવોને જે જે બાબતોએ અગતની ફરજ પાડીછે તેને લીધે અખારા તથા ઢાંકપીછોડા કીધા શીવાએ નહી ચાલતુ હોએ એમ શંભવેછે, પછે તો ગેબદાં ખોદા. વલી અવશતા કુજાંમમો શપેનતામીનો નાંમે એક શબદ મલી આવેછે કે જેનો અરથ વરધી કરનાર અથવા અહુરમજદ એમ તરજુમો કરનારાવોએ અરથ ગોઠવેઓછે, હે વીશે જારે બારીકીથી ધ્યાંન આપી તપાશ કરીએચ તારે એ શપેનતા બોલ અવશતામો જાબજા જરા જરા ઊચ્ચારમાં ફીરીઆપદોની જોડણી ફેરફાર રીતે બોલાએછે, તેમજ તેહના અરથબી ફેરફાર થએલા જોવામો આવેછે તે શરવેનુ બઆંન કરૂંતો ઘણું લાંબુ થાએ એટલુજ નહી પણ હજ જેવુ ઠરે તેથી નાચાર; તોપણ એ બોલોની જોડણી તથા અરથમો જે જે તફાવતની ગોઠવણો કીધીછે તે બેશક કે વાંચનારાવોને વાશતે એક તાજુબી ભરેલી રમુજ જેવીછે તે જુવો:-

શપેનતા—બુજરગ.

શપેનતેમ—બુજરગછે.

શપેનતાબીઓ—ઘણી વરધી કરનાર.

શપેનતોતેમો—ઉપર મુજબ.

શપેનતો મેનીઊમ—શપેનતેમદ ગેહ અથવા ગાથાનુ નામછે.

શપેનતેનામ—અમશાશફંદો.

શપેનતેબીઓ—અમશાશફંદોને.

શપેનતોમદ—ગાથાનુ નામ જે વરધી કરનાર.

ઉપલા ચાર ચાર શબદો જે એકશરખા પણ જરા જરા ફીરીઆ પદનાં ગરદાંનમો જે જે અરથોની ગોઠવણો કીધીછે તે તરજુમાંને ગોફઆ

પોતાની મરજી મુજબ જેમ જે જગોએ જેવી જુગતી આવી તેમ બંધ બેશાડેલી જણાએછે તે વાત દેખીતીછે; તેથી વધારે ટીકાની જરૂર જોતી નથી. મગર છેલા ચાર બોલો તેવોજ શપેનતીઆવનો એક પાંચમો બોલ કે જેનો જાહેર અરથ અશપંદાદમદ અમશાશપંદનો થઈ શકેછે કે જે જમીનની પેદાફશમો વરધી કરનારો મવકલી કરેશતોછે, તે ઠેકાંણે શપેનતાનો અરથ અહુરમજદનો કરી બેશાડેછે તે કાંઈ થોરીજ તાજુબી ઉપજાવનારી હું ધારતો નથી; તેમ એ દરએક બોલ ઉપર ટીકા લાવવાને પણ લાજમ જોતો નથી. જે ઉપલો નમુનો આપેઓછે તેજ માત્રે વાંચનારાવોની ગીનાંન શકતીને વીચારી લેવા બશ થશે, તોપણ શપેંતામીનો અરથ અહુરમજદનો કરી બેશાડેછે તે વીશે જરા ખોલાશો કરવાની અગતની ફરજ જેવુ જાંણેઉ તેથી વાંચનારાવોનુ ધ્યાંન એંચુછું કે શપેતામીનો તથા ગનામીનોથી અશલ મકશદ મોરાદ શદગુણ તથા દુરગુણનીછે તે જગાએ મુજામ અહુરમજદ તથા એહેરીમનની માંએની આપી દીધીછે તે બેશક આખા ટોલાને ગફલતમો નાંખનારી છે તો છે પણ જુદદીનોનાં હાથમો બલાંમણ કરવાનુ હથીઆર આપવા જેવુ કીધુછે તેથી નીશચે મોહોટી નાખુશીછે.

ઉપલા ટીકા પુરા કરતાંજ હમારી ઇઆદે હમોને નીચે લખેલી એક બાબત વીશે ચેતવણી આપી તે અગત જોગછે તેમજ બીજા હાથપર અગત જોગ કબી નહીબી ઠરે, તોપણ વાજબી મારગ એજછે કે ખુશાંમતની બા જેમાંથી નહી નીકલી શકે, શબબ નાચારે વાંચનારા રમુજ પશંદ શાહેબોનુ ધ્યાંન ઊશકેરૂ છેઉ કે જેમ ઉપર મુજબ અવશતાનાં તરજુમાંન શાહેબોએ જે રીત વાપરીછે તેજ મુજબ હમારા એક માહા વીદવાંન શાહેબે પણ જરા ગોતું ખાધુંછે; કે પરથંમ તે શાહેબે પોતાનું ખાશ મત શ્રી અહુરમજદ વીશે સીગલના અનુમતથી શુધારીને આપેઉછે તે કાંઈ થોરૂજ માંનવંતછે એમ હું ધારતો નથી. પણ બીજા હાથપર મોહોટી દીલગીરી જેવુ થઈ પડેઉછે તે એછે કે એ નાંમવર ગરહશ્થ એક જગોપર પાછો શ્રી અહુરમજદને પરથમ પુરૂશ જેનો ખેતાબ નીરંનજંનનો તેહેનાં બાયકાંની મેહેલપર લઇ જવા, બેશાડવા, શથાપણુ કરવાનો ઇશારો આપેઓ હોએ એમ દેખીતુ જણાએછે તે વાત અલબતે એ પુર

વીણ ગરહસ્તની કાબેલીઅતે કેમ કરીને વાજબી તથા પશંદ કરવા જોગ
માંની લીધી હોએ, તે વીશે ખુલી રીતે જોકે શમજાતુ નથી, મગર શારાં
ઊશ એટલુ જણાએછે કે જાણે ઉપલુ મત ભારી શંખ્યા વાલા અવાંમી
ટોલાનુ ઘણી મજબુતીથી સુશત થએલુછે તે એકદમ ફેરવી શકાશે નહી
એમ શમજી કદાચ જાંણી બુજીને અખાડા કીધા હોએ એમ શંભવેછે
શાથી કે એ અપક્ષપાત ગરહશતે શપીગલનાં મતથી જુદુ પડવાને જ
રા બોક ખાધો નથી તે શબબ અવાંમ ટોલા વીશે લાંબા વીચારપર ઊ
તરેતો તે કાંઈ ઘણી તાજુબી જેવી નથી પછે તો ઇઅજદાં વાકફ કે
શી તરેછે.

વલી જરતોશતી રીવાજમો જે મુખીઅ ફરેશતાઓ ઇજદ અમશાશ
પંદોને નાંમે ઓલખાએછે તેહેને એક દાનાવ શ્રી અહુરમજદની શીફત
તથા ઉપ શીફત હેવે નામે ઓલખેછે તથા ઓલખાવવા ચાહેછે પણ
સુલ હેતુ જે બોલ કે "ખોદા" પોતે ખુદ પેદા થએલા શાહેબને વાશતે ગો
ઠવેછે તેનો કાંઈ વીચાર લેતા નથી કાંજે ઇજદો એટલે ખોદાઓ તે પો
તે ખુદ પેદા થએલા તેમાં ખશુશ કરીને કેટલાક ચોકશ શાહેબોને તો
અવશતામો જાહેર "ખદાતે" બોલનાં બેતાબ તથા લકબથી મુલકબ કી
ધેલાછે તે શરવે જરૂર કરીને ખુદ પોતે પેદા થએલા એમ ખુલો અરથ
થઈ શકેછે તે કેટલે દરજે ખાંમી ભરેલો તથા એબ લગાડનારોછે તે જો
તા નથી ને જોઇઆ તપાશીઆ વીનાં અખીઆરૂની રીત પ્રમાંણે મંનભાવતી
ગોઠવણો કરતા આવેઆછે ને કરેછે; તે જોઇ ભારે અફશોશ અને મો
હોટો શંતાપ થઈ પડેછે વાશતે એ જગાએ વાંચનારા દાંનાઓ ઇજદ
અમશાશપંદો તથા ખદાતે બોલનુ ચોકશ અરથ ગીનાંન લઈ જોવુ જો
ઇએ કે જે ખદાતે બોલનાં બેતાબથી તથા ઇજદ અમશાશપંદોનાં બે
તાબથી અવશતાવાંણીમાં ઓલખાવેઆછે તે શરવે તે જાતે બરહકનાં પે
દા કીધેલા ખાશ તથા ખાશુલખાશ બંદાછે કે નહી અને તે શરવે શા
હેબોને જાતે મુતલકનાં હોકમ મુજબ પોતાનાં નામપર નીમાએલી કારપર
દાજી કરેઆ જાએછે, કે નહી અને તેજ મુજબ શ્રી અહુરમજદબા એ
ક ખાશુલખાશ બંદા તરીકે પોતાના ઓહોદા બજાવેઓ જાએછે ને
બજાવનારોછે કે નહી એ વીશે ઉપલી તકરીરમાં જોકે ખુલુ થઈ ચુકાછ

છે તોપણ ફરીથી તેની શાથે મુકાબલો કરી જોવુ જોઇએ કે આપરા દાંનાવો જે ઉપલી માતબર હુકમો ગોતાં બાએછે તે જાંણી બુજીને બાએછે કે અંનજાણપણાથી બાએછે—નહી, નહી, અંનજાંણપણુબી જેમ નહી તેમજ જાંણી બુજીને પણ નહી એમ નીશચે થાએછે શાથી કે પાયમ શ્રી અહુરમજદને ખોદા કરીને માંણેછે તેમજ બીજા ચોકશ શરદારો કે જેવો બદાતે ખોલનાં ખેતાબધારીછે તેવોબી શ્રી અહુરમજદનાં જેવા જ ઠરી શકેછે—બલકે બદાતેનાં ખેતાબધારી શીવાએ બીજા એજદો તેવા પણ બાશ ખોદાનાં બોલથીજ ખેતાબ ધારીછે તારે તે શરવે શાહેબો શ્રી અહુરમજદનાં ખેતાબ પરમાંણે ખેતાબી ગણવા જોઇએ બલકે ગણેઆ વગર ચાલતુ નથી તેની શાથે હજદો કરતાં અંમશાશપંદોની ચડતી પાએરી માંનવામો આવીછે તેમની ગણતરી શાત અમશાશપંદથી થઇછે. તે ગણતરીમાં પણ શ્રી અહુરમજદ આવી જાએછે તે કાંઇ નીરનજનતરીકે ઇલાહેદો હોએ એમ જણાતુ નથી માટે એ શરવે દલીલ દાખલા પરમાંણે શ્રી અહુરમજદ તે માલેકનો બુજરગી ભરેલો બાશ શરદારછે, શાહેબછે, બલકે જુરાંની શરવે નાંહાંના મોહોટા શરદારોનો ગુરૂછે ને તે હકથી જુરાંનીઓમા બુજરગછે. હેવાં કારણથી હજરત જરતોશતે પોતાનો શરઇ અતી મજહબ એ નાંમવરનાં મોબારક નાંમપર શ્થાપણ કીધોછે તે બેશક બેગુમાંન વાજબી અને ઘટતુંછે તે જરતોશતીઓએ બાતરીથી માંની લેવું અને તે વીશે કાંઇજ શક પકડવો નહી જોઇએ, પછે તો જેમ જેની મોબારક નજરમો તથા અકલમાં શમાએ તે મુજબ તેવોએ પોત પોતાનો મારગ જોઇ લેવો—વલી ભાઇ શાહેબ તમે શાહેબો જે હુશીઆરી માહીઅતગારી અને ડાહાપણનાં બાકાં ફુકોછો પણ હું જોઉચ્ છું કે તમો શરવે શાહેબોનો ઇ દાવો બીલકુલ ખોટો અને હશી કાહાડવા જોગછે શાથી કે તમોને જેટલી ફરજ, જેટલી જરૂર અને જેટલો હકછે તે તદન તમે લોક ઘટતી રીતે વાપરી તથા અમલમો લાવી શકતા નથી બલકે તેટલી તાકત તમે લોકોએ પેદા કીધીજ નથી તે શબબથી ઘણો બરો ઘોટાલો થએો, થાએછે ને દીનપર દીન તે વધારે થતો જશે હેવી મજબુત ધાશતીછે વાશતે આએ હમારી કડવી શોખનાંને મીઠાશ તથા ગુણગારી શમજી આએનદે જરૂર કરીને તમો શાહેબોની વીરતી વરતણુકમો શુધારો કરવો જોઇએ કે

જે ધુટાળા થઇ પડેઆછે ને થતા જાએછે તેહનો અટકાવ થાએ. શાથી કે દેખીતી વાતોમો જે ધુટાલા થઓછે તેજ જારે તમે શાહેબો જોતા નથી અથવા જોવાની શકતી ધરાવતા નથી તારે ભેદ ભરેલી છુપી વાતોમો કેટલો બાગારો તથા ધુંટાલો થવો જોઇએ તે તમોએ પોતેજ વીચારી લેવું અને તે બાબતની અગતની ફરજ તમો શાહેબોને શોંપી હાલ હું એક બે બીજી તકરીર આ તકરારી બાબતને લગતી નીચે પ્રગટ કરૂછુ. તે ઉપર બારીક નજર પોંહોંચાડવાની ભલાંમણ કરૂછુ તે એછે કેઃ—

જુવો ભાઈ શાહેબ આએ બીજો ચમન આબો શ્રી અહુરમજદની જ બાબતમાં લખાઓછે તોપણ હજી એ વીશય પુરતી રીતે લખાઓ હોએ હેવી રીતે હમારી ખાતરી નથી કાંજે હજી કેટલીએક તકરીરો જરૂરનાં વખત શારૂ બાકી રાખવામો આવીછે તેમાંથી જરા અગત જોગ નીચે લખેલી તકરીરોની જગો આએ ચમંનમો કરવા યોગ્ય જણાઇ તે ઉપર તમારી બારીકીને પામનારી મંનશકતીને તશદી આપુછુ તે વીશે તમારા ખેરખાહને માફ આપશો એમ ઉમેદછે.

હવે એક હાથપર શ્રી અહુરમજદને નીચે લખેલા વાકીઅની ઉપમા શંશ્કુત આશીરવાદમો આપવામો આવીછે તે વાકીઅ નીચે મુજબઃ—

'દયા દેવો દાતા શરવ ગીનાંની શ્વાંમી' હેનો અરથ ખુલી રીતે દેખાડી આપેછે કે શ્રી અહુરમજદ એક દયાવંત દેવ એટલે ફરેશતો જે શરવ ગીનાંની ગુરૂછે—શરવ ગીનાંની શવામી એટલે જે શાહેબ કે કુલ દેવતાપોનો ગુરૂ તે સાહેબને અલબતે શરવ ગીનાંની ગુરૂનાં લાએક લેઆકત હોવીજ જોઇએ તે લેઆકતવાલો જે શ્રી અહુરમજદ પોતે શવામીછે. શવામી એટલેજે દેવ, ગુરૂ, રાજા, શનેઆશી, તપશ્વી વગેરે મોહોટા લોકો તેમને ગુરૂપદીઅતી આપેછે તે જગોએ એ બોલ વાપરૈછે-હેવી જે જાહેર ઉપમાં તે છતાં તેહને મુલ નીરનજન ધાઅકતા બેહમતાની જગોએ લઇ જઇએ, ધારીએ તથા શ્થાપન કરીએ તો તેમાં કેટલી બેઅદબી, કેટલી શરમ અને કેટલી મુરખાઇ પ્રાપત થઇ શકેછે તેનુ તોલ, તેનો હીશાબ અને તેહેની હદ પરથમ તપાશી બીજા હાથપર શ્રી અહુરમજદ તથા તેનાં શોહોબતીઓ જે લંણુ દયેછે તે લંણેને અવશતામો શ્રી અહુરમજદનાં જેવાજ ગણેલાછે તેની શહાદત પરથમ નીચે ટાંકેલો એકજ વાકી

અ જે ઇજશનેમા આવેલાછે તે ઉપર અગત કરીને ધ્યાન આપવા જોગ શમજીને તે વાકીઅ નીચે ટાંકુંછુ તે જુવો:—

તીશ્રે રોજમાં પોહેલા જે શ્રી અહુરમજદ તેહેની વખાંણનાં બાબમાં

“અહુરે મજદાઓ” અથવા અહુરેમ મજદાંમ અને લંણુ દએ જે શ્રી અહુરમજદનાં ખાશ ઇઆર અને ખાશ મદદગાર તેવોની વખાંણનાં બાબમાં.

“દથો શો અહોરેમજદાઓ” અથવા “દદવા વંધેમ અહુરેમ મજદાંમ”

ઉપર મુજબ ઇજશને તથા શીરોજામાં દાખલો આવેલાછે તેનો અરથ આપરા જંદનાં જીંનદીક અને પેહલવીનાં પેહલવાંન શાહેબોએ જે અરથ કીધોછે તે એ ચારેં શાહેબોને વાશતે એકશરખોછે; એટલે જે અહુરમજદ, દેપઆદર, દેપમેહર, અને દેપદીન એ ચારે શાહેબો એકશરખા દાદાર અહુરમજદછે.

આએ અરથ જોતાં અરથ કરનારાવો ઉપર આફરીન કરીએ, કે એ અરથો પશંદ કરી રવા રાખનારાવો ઉપર બલેહાર જઇએ તે વીશે કાંઇ શમજ પડતી નથી. ખેર! આ બાબત હેવી માહાભારતછે કે એક હાથપર ઇઆતો બાલકુલ ખાંમોશ થઇએ ઇઆ નહીતો બીજા હાથપર હેની ટીકા વીશે રેશે રેશા જુદા પાડીએ, મગર દીલગીરી એટલીજછે કે હમારી સ્થીતી હમોને એ બધે વાતમો અટકાવ કરેછે વાશતે અરજ એટલીછે કે કોઇબી ઓદાનાં લાલે અગતનુ અજવાલુ કરી લેવુ કે જેથી ટોલાની શંભાલ થાએ અને ઇજદાંપરશતીને આશરો મલી તેનો રેવાજ જે ડુબી ગએોછે અથવા મરણ પાંમેઓછે તે પાછો શજીવણ થઇ તરી નીકલે કે જેથી ફોકટ તોહોમતનાં તીરોએ જરતોશતીઓનાં તમાંમ રૂઆં વીંધી નાંખેઆંછે તે એકે ફોરન રૂજ લાવનાર જંગલની જડી બુંટી અથવા વનશપતીનાં પાલાતરીક ઉપીઓગી થઇ પડે. શાથી કે આએ નાકેશ આએ બાબતમો જે પોતાનુ ખંતીપણુ ધરાવેછે તે વીશે તેહેને એટલીજ આશા રાખીછે કે તેહનો કોઇબી હેતેશ્રી ભાઇબંધ એ બાબતમાં પોતાનુ પનોતુ પગલુ દેખાડવાની જરૂરી ફરજ શમજે પછે તો જેમ તેવોની ઇછા. મગર ભાઇ શાહેબ તમારી ખાતરી થઇ ચુકીછે કે આગરા ઉપર કહેલા જીનદીક તથા પેહલવાંનો કદાપી ઉપલી ફરજ બદલે હેવો મારગ પકડી લી

એ કે એ બાબતો તકરારીછે તેથી તે લંબાંણપર લઇ શકાએ નહી તાં
રે તો નાચાર તમારા ખેરખાહ શેવકને પોતાનાં પાકાં ચીતમાં પોતાનાં બં
તીપણાંનુ શેવટ લાવવાને અગત થઇ પડશે વાશતે હાલતો એ વીશયની
શમાપતી કરવી મુનાશબ શમજુછુ તે ઉપરથી કોઇબી દાનાવ વાંચનારે ઠ
અધુરા વીશય વીશે અધીરા થવુ નહી.

આ ચમનની શમાપતીમાં વાંચનારા ગીનાંન બંતી શાહેબોને શોચ
નાં કરવાની અગત પોડેછે કે આ વીશય ચાલુ ધરમનાં જોગી લોકો જે
ફોકટનો જોગી વેશ ધારણ કરી બેઠાછે તેમની છુપી કારીઆગરી ઠીક
મત જાહેર પાડી આપનારોછે કે પારશી બુજરગો જે હજરત શેપાશીન
હેવાં ઊતમ નાંમથી ઓલખાએછે તેવોએ કદી જોગી વીરતી તથા વેશ
ધારણ કીધો નથી બલકે તે શાહેબો હેવા લોકોને તથા તેમનાં અમલને
નાપશંદ કરેછે બલકે ધીકારી ગએછે કારણ કે એ વીરતી તથા વેશનુ
તાતપરીઅ ફકત દુનીઆંદારી તથા તેહને લગતાં માંન પેદા કરવાનાં કાંમ
તથા કાંજનછે એવા લોકો જેકે ભોલા લોકોને ચમતકાર બતાવી ઠગી લે
વાની શકતી પેદા કરી શકેછે મગર બાલેશ ઇઅજદાંપરશતી જેમાંથી વા
જબી તથા જોઈતી ઊમેદ આશા પુરણ થાએછે બલકે મુકતીની પરાપતી
થઇ શકેછે તેથી જોગી લોકો બેશક કે બેનશીબછે એમ છતાં એ લોકોમાં
જોગીપણાંનુ શામરથ પણ રહુ હોએ એમ નજર આવતુ નથી કાંજે પો
તાની શરૂઆત એટલેજે પેહલી શીડીમાં ફરમાવેલા અમલો વીરતીઓ
વટીક જાલવતા નથી, હરાંમ હલાલ જોતા શમજતા અને ધારતા નથી, અ
ને હેવી કારીઆ ભ્રષ્ટ રીતી લઇ બેઠાછે કે અવાક્ષે પશેમાંન હમોને એ
બાબતનુ ખુલુ વરણન આપતાં ઘણી શરમ લાગેછે અને બેશક કે તે વા
ત એક પારશી બાગમો ગુજારેશ કરવાને લાએક નથીજ. શબબ અરજ
એજછે કે જરતોશતીઓએ પોતાનાં બુજરગવારો જે શેપાશી ટોલાને નાં
મથી ઓલખાઆછે તે નામ પાછુ તાજુ કરે, એટલેજે ઇઅજદાંપરશતી
બરો અને બાશ મારગ પકડી લીએ, અને શ્રી અહુરમજદ જે એક પે
દા વએલો બાશ બુજરગ મરતબાનો પુજણીક શરદારછે તેમાં તથા તેહેને
તથા શરવ શરષ્ટી ઊતપન કરનાર એકકો બેશીરક વગર જોડાનો નીરન
જન નીરાકાર જે શ્રી "અહુ"નાં નામથી પારશીઓમાં અને ઇશલાંમાઓ

માં "હુ" નામથી ઓલખાએછે ને જેની પેહલી અકલ જે હજરત ઈઅ જદાંનનાં નાંમથી પરએઆત તથા પુજવા લાગ્એકછે તેમાં કેટલો તફાવતછે તે જુદો તથા છુટો પાડી તોલ વજણ કરી પોતાની વરતણુક શ્થાપણ કરે. જુવો શાહેબો ઉપલી બીના ઉપરથી એ તંણે શાહેબો માહા ગીનાંની અને માહા શકતીવાંનછે તેની શાથે બીજી અકલ જે શકતી ધરાવેછે તે બેશક કે હીંદુઓનાં દીન પ્રમાંણે શકતી રુપછે તેહમાં શ્રી અહુરમજદ તથા બીજી અકલનુ શરેષ્ટપણુ ગણવા શારૂ હજરત જરતોશત અલેશલાંમે આંમ લોકોને જંદે કેહનાં ૨૧) નુશકની મારફત આગના કીધી અને પેહલી અકલ તથા મુલ માલીકનુ શરેસ્ટપણુ ઓલખવાનુ કાંમ જંદે મેહની મારફતે એ ટોલાનાં ખાશ લોકોને શોંફ્યુ તે બંધે વળીવાટ જાંહાં શુધી ઊશતવારીથી ચાલેઆ તાંહાં શુધી એ ટોલો આખી પુરૂથવીમાં નામાંનકીત ગણાઓ મગર જારે કે ખાશ લોકોએ મેહજંદની ઊશતવારી છોડી આંમ ટોલાની ચાલ ચલકત તથા વરતણુક પકડી તારથી પામાલી તથા લગતશોખીમો એ ટોલાનો ભોગ થઈ પડેઓછે તે વીશે ઘટતા ફાએદા બાંધી તેહેને પાછો શજીવન નહી કરશે તાંહાં શુધી બેશકછે કે એ ટોલાનો અશલ રોશની ભરેલો શંજોગ કવચીત મલવાનો નથી હેવી મુજ નાકશની ખાતરીછે તે ઉપર શરવ ખાશોઆંમ શાહેબોએ અગત કરીને ધ્યાંન આપવુ જોઇએ પછે તો જેમ જેની મરજી.

ઉપર લખેલી તકરીર ઉપરથી શીધ થાએછે કે જાતે બરહક શ્રીની રંનજન નીરાકારનુ મોબારક નાંમ અવશતાવાંણીમાં "અહુ" કરીને થાય છે કે જે ભાશા હજરત જરતોશત અલેશલામનાં વખતનીછે તારે ખુદ મલેલી શાબેતી પ્રમાંણે દશાતીરની ભાશા શઉથી વધારે જુનીછે; તેમાં હજરતશત વખશુરે વખશુરાંન જીઅફરાંમનાં નામાંમો મુલ જાતે બારીક મુતલકનાં મુબારક નાંમ જે આવ્યાંછે તેહેની વીગત તેહેનાં અરથ શાથેની ચે મુજબ વાંચનારાવોની ખાતરીને શારૂ ટાંકુંછુઃ—

૧. હજરત જીઅફરાંમનાં નાંમાં મધે ફકરો ૫૦—૫૧.

૧. "જુદ્દુખરૂશ"—એટલેજે તમામ ચીજોનો પેદા કરનાર અને એક છેડેથી બીજા છેડા શુધી હશતીનુ બખશવું તેહેનાં પોતાનાં ગોહરથીછે તેહેને પેદા કીધાંછે અને જે ચીજ કે તેહને પેદા કીધીય તે પેદા કરા

ને લાએકનીછે અને જે ચીજ કે જાહેર કીધીચ તે જાહેર કરવાને શુજાવારછે.

૧. "અવરંગાંન પુશ"—એટલેજે શરૂઆતોની શરૂઆત કે જેની શરૂઆત છેજ નહીં. અને જેહની શરૂઆતની શરૂ પાંમી શકાએ નહી અને તે હમેશાંનો કાએમ તથા અંત વગરનોછે.

વાંચનારા આલીગોહર બુજરગનજાદ શાહેબોને આ જગોએ ભલામણ એટલીજછે કે ઉપર લખેલી તકરીરોમા હજરત અહુ તથા અહુરમજદ વચેનાં તફાવતનુ બઆંન તથા સાબેતી અવશતાવાંણીથી જોઇતી તથા ઘટતી રીતે થઇછે કે જે વીશે કોઈ તરે શક રેહો હોએ એમ ખાતરી નથી પછે તો દાનાવ શાહેબોનાં દરીઆદીલ ખાંણરૂપી મનશકતી અને આકાશરૂપી બુજરગી બલંદી અને ચમતકારી કુલીઆત બશાએત વ જુજવીઆતની ફેહમીદગી અને હુશીઆરીમાથી જે કાંઇ બાહેર આવશે તે જોવાને તથા તેનુ શનમાંન કરવા શેવક મોહોટી આતુરતાથી ભારે ખંતીછે કાંજે આએ નાકશની મતલબ એજછે કે કોઈબી બોદાનો લાલએ બાબતમો વધારે રોશની આપનારો દીપક પોતાનાં ટોલાની અંજાઇ ગએલી આંખોની શાંમુ મેલી આપેતો તે જેવી અગતની બાજી કોઇ બાબત ધારવા તથા માંનવા જોગ નથી.

વલી 'અહુ" એ બોલ વીશે એક ચમતકારી રમુજ ભરેલો દાખલો આ જગોએ જરૂરનો જાંણી દાખેલ કરૂછુ તે વીશે ખાતરી લાએક ઉમેદછે કે વાંચનારા ધરમ શોધક બાંની શાહેબો અગત કરીને મોહોટી ખુશીથી ધ્યાન આપશે.

અશલમો માણુશ જાતીનાં બદનમો કેટલીક જાતનાં માનોઈ કવતો કુદરતે મેલ્યાંછે તેમજ કેટલાંક કવતો ગેતીનાં પણ તેમની શાથે જોડાએલાં તથા શામેલછે તેવો એક બાજાની મદદથી એ બદન જે એક શેહર રૂપી છે તેહેનો કારબાર ચલાવેછે તેમાં પરથમ જે માનોઈ કવતો મધે નીચે લખેલાં બે કવતોછે તેનાં નાંમ નીચે મુજબછે.

જંદમાં...... ......

એ બંધે કવતોને જમાંનાંના ફાજેલાંન કાંમાલ શાહેબો નીચે મુજબ વાંચેછે.

જંદમાં...... ....

સદરહુ બંધે કવતોનો અશલ ખરો ઉચ્ચાર ગુજરાતી લીપીમાં નીચે મુજબછે:—

અબ્રુ તથા બોએ તેહેને અબુ તથા બાદ કરીને વાંચેછે એટલુજ નહી પણ એ બંધેની હંમ શોહોબત બાકીની ત્રણ માંનોઈ કે જેમાં ફરોહર એક જાતનું કવતછે તેહેને કુલ ઠરાવી એ વાંમમોથી એ કવતને બદલે ફરવશીનુ નાંમ દાખેલ કરેછે તે કાંઈ નહી પણ એક અજાએબ જેવી ચમતકારી રમુજ આપનારી એક દેખીતી બાબતછે તે વીશે લંબાંણ વીશતાર શાથે જે કાંઈ હકીકતો જાહેર કરવાનીછે તે હમારા બાકીનાં બે વીશય પાકાં ચીલમો ચીતરવાની કબુલાતછે તે મુજબ તે વેલા ઘટતી શેવા બજાવીશુ, હાલ તરત તો ફકત અબુ નાંમની મોહોટી બુજરગીને જે એક અબ્રુ નાંમનાં હલકાં કવત શાથે બદલ કરવામો એ શાહેબોએ જે દાનાઈ વાપરીછે તેજ માત્રે દેખાડવાની મતલબ હતી તેનો મુખતેશર ખુલાશો કીધોછે તે બશ થશે એમ ધારૂછુ. એમ કરતાં કદાંચીત હેવો શવાલ ઉઠે કે ઉપર મુજબ મોહોટાંને નાંહાંનો, નાંહાંનાંને મોહોટો અને એજ જીંદીકી પેહલવાંનોનાં મત મુજબ ફરવશીનુ કવત જે શઉથી મોહોટુ તેહેને જુજમાં દાખલ કરવાથી તેમનાં ખાશ હેતુ શું હશે તો આ અગતનો જવાબ જોકે મુખતેશરમો નહી થઈ શકે હેવોછે તોપણ હાલ તરત તો એટલુજ કે ઇઆતો ઇઅજદાંપરશતીનો ચાલતો આવેલો રેવાજ માંડી વાલવા ઇઆ નહીતો પછ્વાડેવાલા એ વીદીઆનાં હેવા વીદવાંન રહા કે જેમને અરથ ગનાંન નહીતો નહીજ પણ તેમને વાંચવાની શકતી નોહોતી તેથી એ રીતે ધુટાલો તથા ગુંચવારો થઈ ગઓ હોએ એમ શંભવેછે પછે તો ઇઅજદાંન વાકેફ. હાલ તરત એ વીશય ઉપર હમોએ જે ધેઆંન આપવાનુ બંધ કીધુછ તેનો ખાશ હેતુ હમારો જાહેરછે કે દશતુર શાહેબો ઉપર કીધેલા હમારા શવાલોના જવાબ ફરી વલેઆ નહી તે કારણથી છે. વાશતે ચાહાવું ઇઅજદાંતાલાનુછે તો થોરી મુદતમો એ નબરાવાલી માશુક હાલના ચાલ પ્રમાંણે પોતાનાં બાલ પોતાની મલે ઉઘાડા મેલશે તાંહાં શુધી વાંચનારાવોએ શબર કરવી.

વલી એ ઉપરાંત વીચારવાનુ એટલુજછે કે દશાતીરની જુની ભાશા જે ઘણુ કરીને જંદનાં પુરાતમપણાંને લગતી કદીમછે તેમાં શ્રી અહુરમજદનુ નાંમ બીલકુલ મુલ પુરૂશની જગોએ વપરાએલુ જણાતુ નથી બલકે બીજા શેતારાઓની માફક એ બુજરગ શાહેબની શીતાએશથી થએલી અને મુલ માલેકની મોહોટંમતાની વખાંણમાં તેહેની બુજરગી લાએક નાંમોથી વરણ થએલ શાફ જણાએછે તે શ્રી અહુરમજદને બરહેશપતીનો મરતબો આપવા લાએક મજબુત દલીલછે એમ ખાતરી પુરવક શાબેત થઈ શકેછે તે બશછે વાશતે અગતછે કે જરતોશતી શાહેબોએ ઇઅજદાંપરશતી ધરમ જે તેવોને શારૂ હાલ શમે પોતાનાં બુજરગોથી ઊતરતો આવેલો વારશીક અને શીરે માદરની માફક હલાલ તથા જરૂરનોછે તે ઉપર અંતકરણી પેઆરથી, લોભથી અને શોકથી તેવો લક્ષ આપેછે કે જેથી ચાલાક અને ચાતુર ગરહશતો જે બોહોતાંનનાં રૂપમાં અને હુમલાનાં આકારમાં જે અજમાએશ લીધી, લીએછે અને પોતાની જે જે મતલબો શાંધી તથા શાંધેછે તેહનો અટકાવ થઈ તેમાથી મોકલા થવાને બની આવે બલકે આશાછે કે એ બલવાંન મારગની બરકતથી તે શરવે શાહેબો બેશકછે કે પોતાની ભુલનો ઇકરાર કરી હેવી બેજા હરકતોથી પાછા હટશે એમ ખાતરી થાએછે શબબ એ વીશએ અશમનથી વધારે તુલાતવીલ કરવાનુ હાલ મોકુફ કરી આવતા વખતને શારૂ બાકી રાખી એ વીશએ શમાપત કરૂછુ તે બાબે આએ કમતર શેવકને વાંચનારા શાહેબોએ માફ આપવી જોઈએ.

ચમંન બીજો સમાપ્ત.

બાગે પારશા.

ચમંન ત્રીજો.

પ્રારંભ.

આએ નીચે લખેલો એક મુકરદમો જેની શુરત તઈઆર કરવાની મકશદ માત્રે એટલીજછે કે એ શુરતનો નમુનો જોઈને પોતાને તથા પોતાનાં રક્ષકારો તથા પોતાનાં જીઆંનગારો કોણ કોણ છે, તેમનુ કાંમ શું છે ને તેવો શા વાશતે એ શુરતમાં આવી પડેઆછે તે લોકોને પીછાંને, તેમની રીતભાંતથી વાકફ થઈ પોતાનાં કરતા અકરતાવોને ઓલખવાને શકતીમાંન થાએ અને એ રીતે શકતીમાંન થવાથી આખેરશ તેને શઉ પ્રાપ્તી થાએ તેહેની હકીકતનાં બાબમાં--

કોઈ ઓશતાદ લખેછે કે એ મુકરદમાંમો રૂહ એટલે રોઆનાં મુદઈ એટલે ફરીઆદી અને નફશ એટલે મંન હઆને જીવ દાદીછે—તેવો એક દીવશ એક બીજા શાથે હલી મલીને વાતમો બેઠા, વાત કરતાં રફતે રફતે વધી પડેઆ તેથી ઈનશાફની કોરટમાં જવા અને ઈનશાફનો લાભ લેવાની નોબત આવી પોંહોંચી બલકે પેહેલી કોરટનાં ઈનશાફપરથી અપીલ કરવાની પણ જરૂર પડી. પેહેલી કોરટમો અકલ જે શલાંમતી ભરેલાં કાંમનીછે તેહેનાં ઉપર બંધે રાજી થઈ તેનાં ઈનશાફમાં જે ચુકાદો થાએ તે ઉપર શંતોશ પકડવાનુ ઠરેઉ હતુ તે છતાં ઉપલી કોરટ જેનુ નાંમ કજા વ કદર કરીનેછે એટલેજે પારશીઓ જેને અકલે અવલ તથા અકલે દુયમ ને નાંમે ઓલખેછે તેમની એટલેજે ઉપલી કોરટનો ઈનશાફ માંગેઓ કે જેને એક ભાશામો હાઈ કોરટ કહીએ અને બીજી ભાશામો હાકેમોનાં હાકેમની કોરટ કરીને કહીએ છીએ તે કોરટનાં ઈનશાફથી એ મુકરદમાંનુ શેવટ આવ્યું—હેવી રીતે કે તજવીજથી ફેશલાનો છેલો હોકમ જે ઉપલી કોરટે ફરમાવ્યો તેમાં અકલ જે શરઈઅતનાં કાએ

દા મુજબ ઠરાવ આપ્યો હતો તે બહાલ રાખી આપીલમો આપીલવાલાની તરફથી ઇબલીશ એટલેજે શેતાંન મુખતાર થઇને ઊભો થએો હતો તેનાં ઉપર લેઆંનત નાંખીને હાંકી મેલ્યો.

જારે કે ત્યાંનતી ઇબલીશને કોરટે હાંકી કાહાડીઓ તારે "નફશ"ની શાથે શાંમેલ થઇને રૂહને ફરેબમો લેવાની ઇજ્ઞકતીઓ કીધી, મગર વજીરે અકુલની મદદ તથા ગેબી મદદગારીની બરકતોથી તે નાપાકનાં ફરેબ માંથી રૂહ બચી ગઓ અને જારે કે રૂહને ગેબી મદદગારીનો આશરો હતો તેથી હેવો એક બનાવ બન્યો કે "અકીલ" નાંમની ઓરત ૧) રૂહને નજદીક પરદેથી જઈ મલી અને તેથી કરીને "નફશ"નાં ઉપર રૂહ ગાલિબ આવ્યો.

ઉપલી તંમહીદ એટલે શરૂપ દેખાડવાનુ કારણ એછે કે ખોદાવંદાંન ખોદાએતાલાએ આએ દુનીઆંની બુનીઆદ એટલે પાયો હેવી ચીજોથી નાંખેઓછે કે તે એક એકથી ઊલટા શવભાવનીછે એટલેજે તેઓનાં વચમાં ઇતેફાક અને મીલાપ રેહેવો મુશકેલ છતાં તે શાહેબની કાંમેલ કુદરતની અશર હેવી મજબુત અને જોરાવરછે કે જેથી કરી એ ચીજો એક બીજાથી વીરૂધ હોયા છતાં એકદીલીથી મલી એક બીજા શાથે શામજીને રેહવા શીવાએ તેઓને કોઈ જાતની તાકત ઇઆ શરજોરી કરવાની જુરત રહી નથી તે ચીજોમો પરથમ તો ચાર અનસુર એટલેજે ચાર તત્વ કે તે એક બીજાથી બીલકુલ ઊલટો ખવાશ રાખનારછે તે છતાં ફક જગ્યામો એક બીજા શાથે મલી હલીને એકઠી રહી શકીછે કે જેથી તમાંમ રૂહ એટલે રોઆંનોની જીદગીની પુંજીછે જેમકે કોઈ શાહેબે હાલ એટલે એકતારી શરોદ ગાનાર ખોદાનો બાલ ફરમાવેછે કે—

"માહારૂ મરવું તું અજબ શમજેછે પણ માહારૂ જીવવુ એ અજબ થવા જેવું છે".

"શાથી કે—જે ચીજોનો ખવાશ એક બીજાથી ઉલટોછે હેવી ચીજોને શાથે એકઠી રેહેવાનાં કારણથી માહારૂ જીવવુછે". ને વલી

"માહારૂ ખાકી મકાંન એટલેજે માટીનુ ઘર પાંણીની ઉપર બનાવેલુછે". તેથી

"એક શહવાર શુધી બલતો રહેલો ચેરાગ જેમ એક પવંનનાં શપાટામો બુઝાઈ જવાને ઇનતેજારી કરનારોછે"–તેમ માહારૂ શરીરબી પડી જનારૂછે.

હવે શરીરનો બાંધો જેમ ઉપર મુજબ એક એકથી ઊલટા ખવાશની ચીજોથી બંધાએલોછે તે ગોઆ પાંણી ઉપર બાધેલાં ઘરનાં પ્રમણમોછે અને શહવારનાં ચીરાગની આયુરદા જેવી જરાવારમો ટુટી જવા જેવી હાલતમોછે.

જે પ્રમાંણે શરીરનો બાંધો ઉપર કહો તેજ પ્રમાંણે ખોદાવંદતાલાએ ઇન્શાંનોને વાશતેબી તેહનાંથી ઊલટા ખવાશની ચીજને શાથે જોડી આપીછે એટલેજે "રૂહ"ને "નફશ"ની શાથે તરકીબ આપીછે કે તે બંધેબી રૂહે ઇનશાંનીની શાથે ઊલટો ખવાશ રાખનારોછે કારણ કે રૂહનો દરજો આલમે અલવીથી અને નફશે બશરીનો આલમે શીફલીથી ગણવામો આવ્યો. છે તમાંમ નેક કાંમ રૂહની તરફનાંછે કાંજે તેહેને ખાલેકે રૂહ એટલેજે રૂહ પેદા કરનાર તરફની મદદ પોંહાંચેછે–અને નફશની તરફનાં શરવે કાંમ પાપીષ્ટછે.

હેવી રીતે ખોદાવંદતાલાએ એક એકથી ઊલટા ખવાશવાલાવોને એક બીજા શાથે એકઠા કરીને એક અજાએબ મઆજુત એટલે પાક બનાવ્યાછે કે જેનુ નાંમ ઇનશાંન કરીને રાખ્યુંછે તે બાબે કોઈ મરદે ખોદાનો વચનછે કે––

"આદમજાત એક અજાબ તરેની મઆજુત એટલે પાક છે"–કે

"ફરેશતાવોની માફક તેહેને અમર કીધુંછે"

"તેથી અગરજો એ નફશની તરફ વલણ કરેતો તેનાં જેવો દુરગુણી થાએછે".

"અને અગરજો રૂહની તરફ ધ્યાંન આપેતો તેનાં જેવો શદગુણી થાએછે.

હેવી હર રીતે તે કુદરતનાં માલેકે પોતાનાં આશચીર્યકારક ચમતકારો ઇનશાંની પરદામો કરી મેલ્યાછે કે તે ખુદ બખુદ જાહેરછે–તે શરવેનાં બઆંનમાં ખશુશ ઊનશરોનુ ઊલટાપણું જે મનુશનાં શરીર વીશેછે તે વીશે ટુંકમાં એટલે પંડીત લોકોની જબાંનથી વીસતાર થએલોછે કે જેથી

કરી હીકમતની કુલે કેતાબો તેહની શરેહ શાથે ભરપુરછે અને જે કાંઈ નફશને રૂહની શાથે તમાંમ ઊલટાપણું છતાં જે રીતે વરતણુક ચાલેછે તેનાં શુપ વીશે જે કાંઇ આએ ઓશતાદનાં ધ્યાંનમાં ઊતરૂછે તે મુકરદમાંનાં શરૂપથી બઆંત કરવામો આવેછે તેની તફશીલ નીચે મુજબ:—

ફરીઆદી રૂહ એટલે રોઆંન ઈઆ શદગુણ.

દાદી નફશ એટલે મંન અથવા જીવ ઈઆ દુરગુણ.

શવાલ પેહલો રૂહનાં તરફથી શમજુટ તથા શંપજની રીતે.

“અએ નફશ હું તુને એમ નથી કેહેતો કે તું તાહારી આદતો છોડીને પાછો હટ.

મગર એક હરફ માંલ કહુછુ કે થોરો ઈનશાફ તુંજ તારી મેલે કર.

નફશે અમારે લાલચુ જીવની હજુરમો હાથ જોડી અરજ કરૂછુ કે હું કાંઈ જબરીથી હોકમ કરતો નથી અને વધારે તશદીબી આપતો નથી અગર અકલપશંદ અને ધરટુ લાગેતો ઈનશાફની દરકારછે અગર ગેર ધરટુ કહુ તો તેનો જવાબ દો—મગર તે જવાબ મઆકુલ અને દાંનાઈ પશંદ જોઈએ. નફશાંનીઅત એટલે જે કે અકલ પશંદ નહી કરે હેવું તેમાં બીલકુલ નહી આવવા પામે અને તે એજછે કે અય નફશ આજે તું ઈઅજદાંનવાલાની મેહરબાંનીથી તાહારી અકલ ઠેકાંણે અને હવાશો એટલે ઈનદરીઓ જાએશીર રાખેછે અને બોલવા ચાલવા તથા અખતીઆરની તાકત હાંશલછે અને વચમો કોઈ મને કરનારનો બોફ કે કોઈ તરેની હરજ એટલે અટકાવ ભરેલો વીચાર આવવા જેવુ નથી અગર તું તોબા કરેતો તે હેવીછે કે કબુલ થયા વીનાં નહી રેહે. તાહારી ઈમાંનદારી પણ કાંઈ જેવી તેવી નથી, ઘણી માતબરછે—તોબા કરતાંને વાર તાહારા ગુનાહ માફ થઇ જાએછે, તાહારી દોઆઓ હેવીછે કે તે ખોદાવંદાંન ખોદાએની દરગાહમાં કબુલ અને મંનજુર કરાવવા શારૂ ફરેશતાવો ઈનતેજાર રેહેછે અને જારે તું બેકરાર ઊમીત થાએછે તારે તેહેનાં ખુલાશા વીશે તુંને વાએદો એટલે દીલાશો. મલેછે અને જે ઊમેદથી તું જે કાંઈ શવાલ કરેછે તે કબુલ થાએછે વલી હરેક શવાલ જે તું કરેછે તેની બખશીશનો વાએદો તુંને મલી શકેછે અને અગર તું તોબા કરેતો તાહારા તમામ ગોનાહની માફી મગફેરત એટલે તેની રેહેમત તુંને મલી શકેછે

અને તુને નાઉમેદી નહી થાએ તાંહાં શુધી તેની રેહેમત તાહારા હાલ ઉ
પર હમેશ નજર રાખનારીછે—જરા જરાબી અગર તાહારી નેકી, ખુબી,
શફાઇ, શચાઇ અને ઇબાદત હોએચ તો તે ઉપર નજર રેહેછે ને લખી
રાખેછે. વલી તેની શાથે તાહારા બાબમાં હેવુ ફરમાવેછે કે તાહારી કો
ઇબી કોશીશ કોઇબી નેક કાંમમો ફોકટ નહી જશે ને તેહેનાં ઘટતા બદ
લા તુને મલશે અને તાહારી બુરાઇઓ ભલાઇઓની શાથે દફે કરશે, અ
ને તાહારી કોઇબી નેકી ખુબી હેવી નથી કે ઇઅજદાંન તરફથી મોહોટા
બદલાની શાથે તુંને તેહની દરગાહમાં દાખેલ નહી કરે અને તાહારાં કો
ઇબી કાંમની નેકી ખુબી ફોકટ ન જવા પાંમે અને તે વાશે કાંઇ ગુમાંન
નહી ઉતપંન થાએ એટલા શારૂ ઘણી શખ્ત નજર રેહેવા માટે તાહારા
ઉપર બે ફરેશતાવો મોઅકલ કીધાછે તેહમાં જેને કે તાહારી નેકીઓ લ
ખવાનો હોકમછે—તે હેવી રીતે છે કે નેકી કરવા વીશે જેવો તું તાહારા દી
લથી વીચાર કીધો તેવો તુરત તે વીચારને બદલે એક શવાબ તાહારા નાં
મપર લખી વાલેછે ને જારે તે વીચાર મુજબ તે નેક કાંમ તું અમલમો
લાવેછે તારે તેનાં બદલામો દશગણો શવાબ દાખેલ કરેછે અને ખોદાની
તરફથી તો દશગણાં કરતાંબી વધારાની ઉમેદ રહીછે—અને જે ફરેશતો કે
તાહારી બદીઓ લખવા ઉપર નીમાએલોછે તે ઘણુ કરીને કબી તું બદી
ભરેલો ઇરાદો તાહારી ખાતરમો લાવેછે તોપણ હરગેજ તે લખતો નથી
મગર જારે કે તું તે વીચાર પ્રમાંણે અમલ કરેછે તારે લંણ ઘડીથી તે
છ ઘડી શુધી લખતો નથી અને હેવી ઇનતેજારી રાખેછે કે અગર એ
ફુરશતનાં અરશામાં અગરજો તું તોબા કરે તો તે ગોના નહી દાખેલ ક
રે ને જો કબી તોબા નહીજ કીધી તારે તો નાચારે જે એક ગોનાહ
કીધોછે તેજ માત્રે દાખેલ કરેછે. અને તારપછી જો કબી તાહારાથી
કોઇએક શવાબનુ કાંમ થાએછે તો તે પેલા ગોનાહની શામો બદલો ક
રી નાંખેછે અને તેમ નહી તો કબી મુદત ભર જીનદગીમાં તોબા કર
શે તો તે ગોનાં રદ તથા માફ થશે. એટલેજે હેવો એક ગોનાહ થ
આ બાદ આખી ઓમરમો તે ગોનાહ ફરીથી નહી કીધો હશે તો તે
ગોનાહ તોબાની અશરથી માફ ઇઆ રદ થશે તેમ ફકત માફી ઉપર
જ આધાર નથી બલકે બદીઓ નેકીની શાથે બદલ થઇ શકેછે—વલી

મવકલી ફરેશતાઓનુ કાંમછે કે તું જે કાંઇ શવાબ કરે તે જારે ઉઘાડો થાએ તારે તેમને ખબર પડેછે તેથી તેઓ લખી શકેછે—અને કેટલાએક શવાબ છુપાછે કે તે છુપા શવાબો ખોદાતાલાની શાથે ખાશ નીશબત રાખવા અને તેહની શાથે મોહોબત તથા ઈખલાશ રાખવાનાંછે તે જો રાખવામો આવેછે તો તે વીશે ઉપલા મવકલી ફરેશતાઓનેબી ખબર પડી શકતી નથી કે તે લોક તે શવાબો લખી શકે બલકે ખુદ તુંને પણ તે વીશે યાદ તથા ખ્યાલ રેહતો નથી તેથી ઈહાં શુધી ખાતરીછે કે તું જે કાંઈ નેકીનો ખ્યાલ તાહારા દીલની શાથે કરે તે ફોકટ જવા નહી પાંમે બલકે તેનોબી હીશાબ રેહેછે—વલી બીજા કેટલાએક ફરેશતાઓ તાહારી તમાંમ બંદગી તથા શવાબનાં કાંમોને વાશતે જુદા જુદા મુકરર કીધેલાછે તેઓ હરદમ ઇનતેજાર તથા તઇઆર રેહેછે કે જે કાંઇ શવાબનાં કાંમ તાહારાંથી નીપજે તે આશમાંનપર પોહોચાડી આપે—વલી શવાબનાં કેટલાંક હલકાં કામ જો કે રાઇનાં દાણાં જેટલાં નાંહાંનાં બીન ઇરાદે તાહારાથી નીપજે કે તે વીશે તુંને ગુમાંનબી નહી હોએ તોપણ તે ફોકટ નહી જાએ—વલી કેટલીએક શખતી અને ઇજાઓ પોહોંચવાને કારણે કેટલોએક ગોનાહ નાશ પાંમેછે એટલુજ નહી પણ તે શખતીનાં વખતમો શબર કીધાથી તો એટલો ફાએદો થાએછે કે તેહેનો હીશાબ નહી અને જો કબી રાહત અને નેઆંમતનાં વખતમો શોકર કીધાથી તે રાહત તથા નેઆંમતોનાં વધારા શાથે બદલો મલેછે—તે ઉપરાંત જે કાંઈ ખુશી ખુશહાલી તું પોતાનાં કુટમબીઓ શાથે ગુજારેછે તેનો પણ બદલો મલેછે અને એજ મુજબ કરંમ ધરમની કીરીઆ વીશે જે બદલો મલવાનો તે મલેછે તે તો ખુલુછે તેની તફશીલની તો કાંઇ અગત નથી.

વાશતે હવે જરા ચેતો અને હોશીઆર થાઓ કે એ શરવે નેક બદલા તથા નતીજા દુનીઆંમાં જે અમલો થાએ તેહેનાંછે માટે દુનીઆંમાં જીંદગી જે છે તે ગોઆ ખેતી કરવાની ફશલ રૂપીછે—જારે કે આંખો બંધ થઈ એટલેજે ફશલ નહી જલવાઇ તો ખેતી નીપજે નહી તેમ જાંહાંનાં તાંહાં તે શરવે વેરથ.

“તે વેલા અફશોશ અને હશરત શીવાએ બીજુ કાંઇ મલશે નહી.

તે વખત હેવોછે કે હશરતથી કાંઇ ઊચડતુ નથી જે હશરતની આગની કે દીલ ઉપર અશર કરેછે તેહને શાહેબ દીલ લોકોએ દોજખ હેવું નાંમ આપ્યુછે. અને મોહતને વાશતે કાંઇ વખત કે ઘડી મુકરર નથી તે હરદમ તાહારા શર ઉપર ભમતું અને તે કહે વખતે આવશે તેની કાંઇ તુંને ખબર પડવાની નહી કે જેથી આગમજથી ચેતી પેશબંદી કરી લીએ અને જારે કે એકદંમ મોહત આવી પોહોંચશે તારે જો કવી તાહારી જીનદગીનાં થોરા દંમ બાકીની રહેલા હશે તોપણ એ વખત નજદીક પોહોચવાને કારણે જો કે તોબા પશેમાંની કરવાનો વખત ખુલોછે તે છતાં તોબા પશેમાંની થઇ શકશે નહી બલકે તેની જોગવાઇ મલશે નહી.

એ વખત હેવો કઠણછે કે તે વખતે જો તાહારૂ ઇમાંન મોતબરખી હોએ તોપણ તે નામોતેબર અને તે વેલા તાહારી બંદગી તથા શવાબની કાંઇજ તાકત નહી રેહશે. વલી બંદગી ખેરાત તથા શવાબ અને દોઆ કબુલ થવાની જે જે આશાઓ હતી તે માત્રે દુનીઆંની જીંદગી બાકી હતી તાંહાં શુધી હતી તે શરવે એકબારગી આંખ વીચતાંમો નહી શરખુ થઇ પડશે તે વેલા તું પોતે જોશે કે તે વખતે કીધેલા હશરત અને ગંમથી તાહારૂ કામ કહી હદને પોહોચી ગઊ. "જારે કે આંખો બંધ થઇ તારે જાગરૂત થસો".

હવે અમે નકૃશ તુંને જાંણવુ જોઇએ કે એ વખત એ શંઘલો ગંમ તથા હશરત કાંઇજ કાંમ લાગવાનો નથી, તેજ ગંમ અને હશરત જો કવી દુનીઆંની જીંદગીમાં થઓ હોત તો અલબતે ફાઇદા ભરેલા અને ઉપીઓગી હતો—કે જે વીશે ઉપર લખેલી હકીકતમાં ખુલી રીતે શંઘલુ દેખાડી આપ્યુછે તે મુજબ જો તું ચાલેતો તાહારા આખરી વખતપર તું તાહારા મુકાંમશર જઇ શકે—અને તે વખતે તાહારો દરજો "નફ્શે અંમારે"નાં દરજજાથી બદલાઇને "નફ્શે મુતમઇઅને"નાં દરજાને લાએક થાએ.

વાશતે વખતનુ કાંમ વખતે કરવું જોઇએ શાથી કે ગઓ વખત તો ગુજરી ગઓ ને કાલનીતો ખબર નથી વાશતે આજનુ કાંમ આજેજ કરવુ જોઇએ—આજનુ કાંમ કાલપર મા નાંખ કાંજે કાલનો

અખતેઆર તો ખોદાનાં હાથમાં રહેછે—માટે કોઇ કાર ઓકુતાદે બુજરગનું જે કેહેવુંછે તે ઉપર લક્ષ આપો—"વખત એજ દંમ છેલો દમ હોએ"——આએ વચંન ઉપર નજર રાખી કઆંમત શુધી હેવીજ હાલત નીપજવાનીછે તેનો લાભ લો, નહીતો પછી હેવો વખત આવી પોંહોંચશે કે જીવતાવોનાં તરફથી એક "ફાતીઆ"ની પણ તુંને મોહોતાજી થશે જેમકે આજે ગુજરેલાં લોકો તાહારા તરફની એ ઝરીઆ શારૂં મોહોતાજછે એ શીવાએ બાકીની કષ્ટી તથા હોલ જે—દુખમાંમાં રેહવાની મરતી વખતે નાંહાંની કેઆંમતની ગુજરશે તે વીશે હું શું કહું કે તું તે પોતે જાંણેછે.

દુનીઆંમાં જે હઆતીની મુદત કે ઘણી થોરીછે તેની શાથે જે મુદત કે મોત પછી કઆંમત શુધીનીછે તેની શાથે તોલ કરવી જોઇએ કે થોરી મુદતની હઆતીમાં કઆંમત શુધીનાં ફાએદાને વાશતે બીજ વાવવાનાંછે અને આએ થોરી મુદતની હઆતીમા ખેતી કરીને તેનાં ફલ જે લાંબી મુદત શુધી બલકે અબદુલ આબાદ શુધી વાપરવા તથા રાહેત, આશાએશ અને આરાંમ ભોગવવાનુંછે—તે ઉપર થોરો ખેઆલ કરવો જોઇએ કે એ ખેતી કરવાની મેહેનતનો વખત કેટલે દરજે ટુકો અને રાહત પાંમવાનો વખત કેટલે દરજે લાંબોછે, તારે એ ટુકા જમાંનાંની ખેતીને ગફલતથી શેહજ શમજી ફોકટ ખોઇ નાખવી અને તેહેને બદલે હમેશગીની તમાંમ રાહત તથા આરાંમને હમેશાંની હશરત શાથે ખોઇ નાંખવી અને શોહોબતી લોકોમા જેવો એક દાંનો વાવીને મોહોટો બલો ભોગો કીધો તે જોઇને કેટલે દરજે એ હશરતની અગની દીલનાં ઉપર અશર કરશે તેમાં બલવું તે કેવુ ભુલ ભરેલુંછે.

શારાંશ કે એ ચોલ અગનીથી દીલપર જે બોજો પડશે તે માત્ર ગફલતથી થોરા વખતની ખેતીને શેહેજ શમજી પાપકરમમા ગુજરાંન કરીને તરે તરેનાં મેવાને બદલે થોર તથા કાંટા વાવવામા આવે તેનાં ફલ એ ચોલ અગનીમા વધારો કરે હેવાંછે.

વલી એટલાજ વાશતે નાકશ શમજનાં લોકોને શાંપ, વીછુ તથા દોજખનાં અજાબની તાબીરથી દેહેશત આપીછે શાથી કે આએ વાત દેખીતીછે કે એ ચોલ અગનીનો ધબાકો ચોટ જે દીલ ઉપર આવેછે તે જા

ઝેરમો શરીર ઉપર શાંપ વીછુનાં જેહેરી ડંખ બરાબરછે કાંજે જે જગો એ રૂહાંની આલમછે તે જગાએ શમાંની ચોટ ધરાકા શું નુકશાંન પોહોચાડી શકે.

તેહકીકછે કે રૂહાંની ચોટ ધરાકો જે શમાંની જાહેર ચોટ ધરાકા કરતાં હજાર દરજે વધારે ગાલેબીથી બેશેછે—તેથી રૂહને તો ફકત એકજ કડવો અથવા શખત શખુન એટલે દરજે અશર કરેછે કે તે તબર તથા તલવારનાં હજારો જખમથી પણ વધારે ગાલેબ થઈ પડેછે તેથી જે લો કોનાં રૂહને ચોટ લાગીછે તેમનુ કેહેવુછે કેઃ—

"ખુશીથી વખત ગુજરે હેવો તોશો પોતાની આખરી મંનજલને વાશતે મોકલ".

"કારણ કે પાછળથી કોઇ તારે વાશતે મોકલી શકે એમ નથી.

શારાંશ કે રૂહે મુજરદે પોતાની વાત ઇહાં શુધી પોહોચાડી તારે નફશને જવાબ આપવાની કાંઈ જગો ન રહી તોપણ શેવટે નફશનો ગુણ જે અંમારેછે તેથી રૂહની ઉપર ગુશે થઇને કેહેવા લાગો.

"જવાબ નફશે અંમારે તરફથી.

કે અએ હજરત તમારા તરફથી જે હોકમો થઆ તે બજાને દુર શતછે. કોણની મકદુરછે કે હેમાં કાંઈ બોલી શકે અને ઇનકાર કરી શકે મગર જારે કે પરથમથીજ તમોએ જવાબ તથા ઇનશાફને શારૂ ફરમાવેલુ છે તેથી બેઅદબી માફ માંગી હું પણ તમારા તરફથી ઇનશાફ ચાહુંછું.

"જારે કે તમોએ માહારી પાશે ઇનશાફ માંગયો.

"તારે હુ પણ તમારી તરફથી ઇનશાફ ચાહુછુ માંટે લગાર ઇનશાફની આંખોથી જોવાની દરકારછે કે માહારા અખતયારની લગાંમ કોહોનાં હાથમાંછે ને તે વીશે શરવેનાં શમજવામો શી તરેછે—તેહેની શાથે માહારા જનમની ઊતપતી માહારા પોતાનાં અખત્યારથી નોહોતી જે શરવ શકતીવાંન શરવે શરષ્ટીનો પેદા કરનાર તેહેને માહારી હેવી પ્રક્રતી પેદા કીધીછે કે જેથી હરકાંઈ બદી તથા ગુનાહ નીપજેછે તેમાં હું નાચારછું—પેહલે દીવશથી બુરાઇ ઇછીત પેદા થએલો છેઊ—પેગમબર લોકોનેબી મારા હાથ પર આજેજ કીધાછે—જોકે તેમની જીભ્યાએ જે વાકીઆંન થાએ તે

ગોઆ ખુદ ઇશવરી જીભ્યાનુ વાકીઆંનછે—એમ છતાં કોઇબી પેગમ
બરને માહારા ઉપર અખત્યાર આપ્યો નથી. તેથી ખુલ્લુ જણાએછે કે
માહારા અખત્યારની લગાંમ ખાશ તેહેનાં પોતાનાં હાથમાંછે, કાંઈ ઇનશાં
નનાં હાથમો નથી—દર અશલ માહારી ઉતપતીજ હેવી ઉતપન થઇછે કે
મનાઈ કીધેલી વશતુનાં કાંમ ઉપર માહારો લોભ થાએ—સ્વરગની નેઆં
મતોમાં કાંઇ કમી નથી ને તે શરવે હલાલ દુરશત તથા હાજરછે અને
તે મલી શકે હેવીછે—ને શરવે ન્યાંમતોમાં બેહેશતે હકીકીની ન્યાંમતોને લા
એક નહી હેવી જે એક વશતુ કે જે ઘઊનુ ઝાડ હતુ તેહેનેજ શારૂ મા
ત્રે મનાઇ હતી કે તેહેની નજદીક નહી જવુ તે છતાં ઇઅજદાંની ખલી
કો જે હજરત આદમ તેહેનાંથી તે મનાઈ ઉપર નજર ન રહી ને નફ્શ
નાં હોકમ પ્રમાંણે અમલ કીધો કટલેજે તે મનાઇ કીધેલી વશતુ ખાઈ લીધી.

એ ઉપરથી શાફ શમજી શકાએછે કે પેહલે દીવશથીજ ઇનશાંન જા
તી ઉપર મને ગાલેબ તથા જબરદશત કીધોછે અને ગુમરાહી ભરેલાં શ
રવે કાંમોનુ જાહેર થવું માહારા તરફ રાખ્યુંછે કે જેથી કરીને આદમી
જાત જે શંઘલી નેક શીફતોનુ ભરેલુછે તે ઉપલી માહારા તરફની પાપી
ષ્ટ શીફતોથી ખાલી રેહેવા પાંમતુ નથી તે ઉપરાંત રૂહની શાથે માહારો
મોકાબલો કરીએ તો હું કાંઇ ચડતો તથા ગાલેબતો નથી તોપણ માત્રે
ફરેશતાવોનાં ઓશતાદ તરફની મોહોટાંમો મોહોટી બદી જે ગુમરાહીની
શીફતો માંહેલી એક શીફત જે માહારાજ તરફથી ઊતપંન થઇ હતી તે
જોતાં ખુલ્લુ નજર આવેછે કે હાવો મોહોટો ફરેશતો કે જે ફકત માહા
રા તરફથી થએલી ગુમરહીને કારણે જેનુ નાંમ "ઇબલીશ" હેવુ પરેઊછે
તારે વીચાર કરવો કે હું કેવો જબરદશત છેઊ—તે ઉપરાંત માહારી એ
શ ભરેલી શોહોબતની તાશીર છતાં હજરત રૂહની તબીઅત શાથે હું મ
લતો થવા ચાહુ તો ઇબલીશ મને અટકાવ કરેછે શાથી કે ખુદ એ શે
તાંનને તેહેનું જોર, તેહેની તાકત, ચાલી શકવાની મેહેતલ તેહને મલેલીછે.

જારે કે માહારી અશલ ખાશીઅત હાવી, માહારૂ જોર હાવું અને
મેહતલ તથા ગાલેબાનો હોકમ હાવો તારે હવે માહારા ઉપર તોહોમત શું
કરવા, કાંજે માહારૂ તમાંમ કાંમ તથા માહારા કુલે અમલનો અખતેઆર
ખુદ ખાલેક તથા તેહેનાં મખલુક તરફછે—જે જે તોહોમતો કે માહારા

ઉપર મેલછે તે વીશે જોવુ જોઇએ કે તેહેનો છેરો કાંહાં લાગેછે–ફાએલ હકીકી કોણછે અને માહારો શું અખતેઆરછે.

એ ઉપરાંત દુનીઆંનાં કાંમો તરફ જોવું જોઇએ કે ઘણાં કાંમોની મશ્ગુલીનુ જે લશકર તેહેનાં ઘેરામોથી કોઇ વખત પરવાર મલતો નથી. હજારો તરેનાં કાંમ કાજની ફીકર, આફતો, પરેશાંનીઓ, ગફલતોનુ થવું અને હમેશાં હરદંમ કાંમ કાજ તઇઆરનાં તઇઆર–તારે હવે ઇનશાફ કરવો જોઇએ કે બેહેશ્તમો તમાંમ બેહીશાબ ન્યાંમતો મોજુદ હલાલ તથા હાંશલ હતી તે છતાં હકતાલાનો ખલીફો આદમ એક હલકાંમો હલકાં ઝાડને નજદીક જવા શારૂ તેહેને મને કરવાંમો આવેલો તે છતાં તેહેનાંથી બાખતો રહી શકેઓ નહી ને તેહેનુ ઊલટુ કે દુનીઆમો હલાલ થોરૂ અને જે કાંઇ કે છે તે મધે કેટલુએક બેનાકતીનાં શબબથી હાથ આવી શકે હેવુ નહી. અને મનાઇ વશતુઓની બોહોતાએત અને તે ઉપર અખતેઆર પોંહોચતો.

એ ઉપરથી શીધ થાએછે કે માહારો ગલબો, જોર તથા હોકમ આ જગોએ હકતાલાનાં ખલીફા કરતાં ઘણોજ ગાલેબછે અને વલી મનાઇ વાલી ચીજોની ચહાવટ એતો માહારી તબીઆતનોજ ખવાશછે તારે તે કીધા વગર ચાલે હેવો આદમી જાતનો ઇલાજ શું છે–એ ઉપરાંત શરીરનાં શરવે શાંખાવોમાં એક નાદાન પેટ હેવુ પેદા કીધુછે કે તેહેનાં કાંમ કાજ આગલ એકદમબી પરવાર તથા ફુરશદ મલતી નથી તેની શાથે એક પેટજ ખુદ એકલુછે એમ નથી તેની શાથે બીજાં ઘણાં પેટ લાગેલાંછે તેથી કરીને માહારો હાલ હેવો મુતઅલેક રેહછે કે તે કામથી કોઇ તરે માહારો નીકાલ થઇ શકતો નથી એટલુજ નહી પણ તેમાંથી પરવારી જવા શારૂ જે ઇલાજો તે પણ લાગુ થઇ શકતા નથી. અગરજો દીલ શખત કરીને એ પેટનાં કાંમથી જરા કનારો પકડી આકિબતનાં કાંમમો જરા લક્ષ આપવા કરૂહુ તો દુનીઆંમો નાંમોશી થઇ ખરાબી પોહોચી જાએછે અને એમ કીધાથી આકબતમો પણ છુટકો થઇ શકતો નથી શાથી કે કુટમ પરીવાર, પેટનાં બચ્ચાં તથા નજદીકનાં શગાંવાનો હક એક ચાકરનાં હક કરતાં જાશતીછે—અગરજો એકલુ એકજ પેટ બીજાં હેવાંનોના માફક હોત તો જરાબી તેહેને એટલેજે એબલાં એક પેટને બાજે તવકુલી ફકી

રોગી માફક શબર શોકર તથા તવકુલની શાથે વખતપર જે કાંઇ હાજર તે ઉપર રાજી કરીને હજરત રૂહની તબીઅત શાથે જેમ બનતે તેમ મુ વાફેકત કરતે પરંતુ તેમ કરતાંબી અડચંણુ આવેછે કે જો કબી હજરત રૂહનાં કાંમ કાજમો એક તરફથી જરા રોકાઊછુ તો બીજી તરફથી માહા રાંજ હોજરી તથા આંટરડાં તરત બુમ પાડી મેલેછે તેહની શાથે એક તરફથી કુટંમ પરીવાર કકલી ઊઠેછે ને એક તરફથી આકેબતની એંચનો દગદગો હજરત રૂહની તરફમો કે જેવાને કુટુમ કરીને કહીએ છીએ તે મની શંભાલ તથા ઓહોદેબરાઇ વાજેબછે તારે એ જગાએ બાચારો ન ફશ શું ઇલાજ અને શું શું કાંમ કરે જેમકે કહુછે—

"રાતનાં નમાજ કરવાને જો બેશું તો શહવારમો છોકરાં શું ખાઇ.

તે ઉપરાંત શંનશારીઓ તરફની લાંન તાંનનાં નશતરો કલેજે વાગે તે જુદાં—જેમકે કેહછે—

"જુવો પેલા બેહઆને કે હરગીજ નેકબખતીનુ મોહોડુ જોવા આ હતા નથી અને પોતાની તંન આશાંની કરીને બાઇરી છોકરાંને શખતી મો છોડી દીઇછે."

અને અગરજો હજરત રૂહના હોકમ મુજબ હલાલ રીજક ઉપ ર પોતાની હીમત પકડી બેશું તો તે જાંણે શંનશારમોથી નાબુદ થઊ હો એ તેમછે અને જેને કે હલાલ કુત કહીએ તેતો પાંચ ટકાથી વધારે નં થી અને તેબી જો શવારથી શાંજ શુધી આંખો ફોડીને શખત મેહેનત મંજુરી કરેતો મલેછે અને તેટલુબી હેવા શખશને વાશતેછે કે કાંઇબી ધંનદો કારીગરીનુ કાંમ જાંણતો હોએ નહીતો પછી ભીખ માંગવી ઇઆ બોજા ઊઠાવવાની મજુરી શીવાએ બીજુ કાંઇ થઇ શકે નહી. હેવી હા લતમો ઠરાવેલી નમાજનાં વખત કેમ કરી જલવાએ—અને હેવી શખતી ઓની શાથે જો કબી થોરા પઇશા હલાલ રીજકનાં મલઆતો તે એબ લાં એક પેટને શારૂ તો ઘણુ ગનીમતછે ને જો કબી તેમાંથી બીજાં કુ ટમની જવાબદારી કરવાનીછે તારે તો તેથીજ જીવને બલાપો તઇઆરછે અને અગરજો મોહોતાજ લોકોની માફક ભીખને શારૂ શવાલ કરતો તેબી હરાંમ અને તેબી હલાલ રીજક નહી હેવી રાતે મનાઇ થએલીછે તારે હલાલ રીજક તું શી તરે બની તેહની શાથે જો કબી શવાલબી કરતો

કોણ આપનારછે અને અગર શો ભટકવારાથી, ગલીએ ગલી રઝડવાથી અને હજાર ખરાબી બેઆરીથી શાંજ શુધી કાંઇક મલઊતો તેનો અડશટો દેખીતો થઈ શકેછે કે તે શરવ કુટુમને બશ થઇ શકે તે પ્રમાંણે દરરોજ મલેઆ કરે તારે કુટુમ પરીવારને શારૂ શું તદબીર, અને ભીક્ષા માંગવામો કેટલી ખુઆરીછે તે વીશે કોઈ અનુભવીક ગ્રહશ્થનુ વચંનછે કે

"મરતબો, દબદબો, દોશતી, દીલ લગી મોહોબત અને ભરોશો.

"ગેરત, શરમ, નાંમોશી, આબરૂ, ઇજત અને વકર.

એ શઘલુ જતુ રેહેછે જારે કે હેનાં વચમો કાંઈ શવાલ કરવામો આવે તારે.

ઝીલત બેઆરી અને બદબખતી તે જગાએ આવી બેશેછે.

હવે શું કરવું જોઇએ જારે કે કુટુમ પરીવારને શારૂં અગત જોગ આજીવીકા શંનશારમાં પેદા કરવા શીવાએ ઇલાજ નથી તો તે મકર, જોર તથા બેઆંનત વગર યોરીજ મલી શકેછે અને જે કે વગર જોરાવરીનુ હલાલ રોજકછે તેની બાનાતો ઉપર આવી ગઇછે અને તેબી કાંઇ કાંમ કીધા વગર મલે તેવું નથી તારે હવે શું કરી શકીએ.

વાશતે આ કાંમમો બીચારા નફશને શારૂ શું તદબીર, શું શલાહ, અને શું હોકમછે. હજરત રૂહનુ કાંમતો ફકત બંદગી તથા ઇબાદે બોદા કરવાનુછે અને રૂહની ગીજામો તો એજ ઇઅજદાંની જીકર શીવાફ બીજુ કાંઇ નથી તારે હવે નફશ નાચાર શું કરે કે હાવી બલાવોમાં ગીરફતાર, હાવા કાંમોમાં એકતો બેપાજીર ને બીજુ એકે ફરમાવેલો બંદા, અને બદીતો શીરફ ડાહાપણની ગણત્રીમો, તેની શાથે ઇબલીશ જેવાની શરદારી નીચે રેહેવાનુછે જેમકે કોઈ બુજરગે ફરમાવ્યુછે કે—

"ઊંડા દરીઆનાં વચમો માહારી તખતેબંદી એટલે માહારા શરીરની જોડની કીધીછે.

"તેની શાથે મને કેહેછે કે તાહારી દામંનને છાંટો નાહી લાગે હેવી રીતે હુશીઆર રેહેજે."

એ જગાએ મુજ બાચારા ઉપર જે કાંમ આવી પોઊછે તેથી હજરત રૂહતો બંચેલોછે બલકે એ બાબતની પેશવાઇ કરવી તેનુ કાંમ નથી અને રૂહનો મુકાંમ દેવતાઇ લોકોમાં દેવતાંપોણી માફક ફક્ત બોદાતાલાની

શુકર તથાં તશગી વગર તશદી અને મેહેનતે હરદંમ જબાંનપર જારીછે.

અને નફશની ગીજા તો પેહેલ દીવશથી આપો આપ માલુમછે કે પેલોજ ધણીનો દાંનોછે અને તે તો ઉપર લખવા મુજબ હવે મેહેનત કીધા વગર હાથમો આવી શકતો નથી તારે શું કરી શકાએ.

ફરેશતાવોનેતો તેનુ ઊલટુ કે તેવોને નહી પેટ, કે નાહી શહેવત, નહી કુટમ પરીવારનો બોજો કે નહી ખોરાકની ફીકર, ફકત ઇબાદતની આદત જે તેમનીછે તેજ મુજબ હજરત રૂહનો માંમલોછે તેથી હવેતો હજરત રૂહનાં તરફથી જે કાંઇ હોકમ મલે તે બજાછે.

એ જગાએ જે કાંઇ બોલું તે ફોકટછે શાથી કે જે શખશ શાંમનેવાલાનાં દુખથી વાકફ નથી તે શી તરે ઇનશાફનાં કાંમમો લાએક તથ માતબર થઇ શકશે જેમકે કોઇ શાહેબ કેહેછે કે—

"અગરજો માહારા જેવી તાહારી હાલત નહી હોએ

"તો માહારી હાલત તાહારી નજદીક એક કહાંણીની માફક હોએ.

"જે શખશે કે પોતાની ઊમર ભરમો ડંખ ખાધો નથી.

"તેહેની આગલ ભંમરાનાં ડંખની વારતા કરીએ તો અપઇઓગી થઇ પડે."

શેવટ તીજા શખશ શીવાએ કે જે બંધે તરફ બહુકરી, અનુભવીક અને બુધીમાંન હોએ હેવા શખશ શીવાએ ઇલાજ નથી કે મુકરદમાંનાં શરૂપ ઉપર દરીઆફ કરીને ઇનશાફ આપે—એટલા શારૂ અકલે શલીમ એટલે શ્વસ્થ બુધીની હજુરમો ઇનશાફ લઇ જવો જોઇએ.

આ વાત હજરત રૂહે પણ ખુશી શાથે કબુલ રાખી તારબાદ બંધે જણ એક મત થઇ બુધીનાં ઇનશાફ ઉપર કરાર કીધો અને ઇનશાફને શારૂ તેહેની પાશે ગઆ અને દાદખાહી કીધી.

બાદ મુકરદમાંનાં કાગજો મીશલશર તરતીબ કરીને છેલા હોકમની ઇનતેજારીમો બેઠા.

અકલે અવલથી તે આખર શુધી મુકરદમાંની માશલનાં તમાંમ કાગજોમો ઊંડી નજરથી જોઇને તથા શારીપેઠ ગોર તથા•વીચાર કરીને લગાર વાર ખાંમુશી પકડી દીલમો કેહેવા લાગી કે હાવી કીશમનાં મુકરદમાં આગલ થોરાજ આવ્યા હોએ—અગરજો રૂહને માફક કહીએતો કેમ બ

ની શકે કે તે ખુદ પોતે તેહેને તાબેછે અને તેહેની તમાંમ દલીલ તથા હુજતો મજબુત તથા ધરમનાં હોકમ પ્રમાણેછે—અગરજો કબી નફશને ઈલજાંમ આપીએ એટલેજે ફરજ પાડીને તેહેને શખતીથી પકડે તો તે વીશે પણ કાંઈ દલીલ નજર આવતી નથી શાથી કે તેબી બીચારો હોકમથી બંધાએલો અને માજબુર એટલે ઓજર નહી થઈ શકે હેવી હાલત રાખેછે.

એમ છતાં ફરીથી જારે શારી પેઠે દરીઆફત કીધો તારે હજરત રૂહની તાબેદારી કરવા શીવાએ બીજો કાંઈ ઈલાજ નહી જોઈઓ શબબ હોકમ આપવા શારૂ અમુક દીવશ મુકરર કરી તરફેનની તકરારો ફરીથી શારીપેઠે ધ્યાંન રાખી શાંભલીને કલમ વાર નોંધ કરી લીધી ને પ્રથમ કાએદા પ્રમાંણે શાહેદ ગોઆહ વગેરે ફરીઆદી તરફનો પુરાવો માંગેઓ તારે તેહેને જવાબ આપ્યો કે મેં કાંઈ દાવો બાંધેઓ નથી કે ફરીઆદી તરીકે પુરાવો આપવાની મને જરૂર પડે બલકે મેંતો ખુદ નફશની તરફથી ઈનશાફ માંગેઓ હતો વાશતે જે શખશ ઈનકાર કરે તે કશંમ ખાએ. જો કબુલાત કરે તો તે મુજબ ઈનશાફ આપવો જોઈએ ને જારે કે દાદી કબુલાત આપે તારે તો શાએદોની જરૂર નથી શબબ મકદુર પ્રમાંણે માહારી હરેક વાતમાં જોએલા તથા શાંભલેલા વચણો માહારી તરફનાં શાહેદોનાં વચણો પ્રમાંણે હાજર નાજર કીધાછે—વાશતે નફશને પુછવુ જોઈએ કે જે કાંઈ મેં કહુછે તેમાંની કહી કહી વાતનો ઈનકાર કરેછે.

હવે આ જગોએ નફશને બોલવા અને ઈનકાર તથા રદીઓ કરવાની શું તાકત હતી કે બોલી શકે તેથી તમાંમ વાતો કબુલ કરીને કેહેવા લાગો કે એંબી જે કાંઈ વીનતી કીધીછે તેમાં ખુલુ અને શમે ઈગીકત કહુછે શબબ માહારા તરફથી મુલ વાતોની દલીલ દાખલા આપવાની કાંઈ હાજત નથી કાંજે માહારા વચણો કાંઈ અધરમ ઈગીકત નથી અગરજો હું કાંઈ ખોટુ બોલેઓ હોગતો આબબતે પુરાવો આપવાનુ લાગુ પડે.

વાંચનારા દઆલુ અને કદરદાંન શાહેબોને આએ વરકો વાંચેઆથી આ કમતરની ઇમાંનદારી, વફાદારી અને નેકબાહી પોતાનાં ટોલાનાં બાબમાં કેહેવી રીતે વપરાઇછે તે જાહેર માલુમ પડે હેવીછે તેથી કેટલાક આલશુ મશતાંનો જોકે બેહદ આએ તરફની નોક તોરવાની ઇઊકતીઓ કીધી, કરેછે અને કરશે તે વીશે ધ્યાંન આપવુ નહી આપવુ તે શમનધી દાનાવ શાહેબોની ફરજછે તે બજાવવાને ચુકશે નહી હેવી ખાતરીછે તેથી તે પીંજન છોડીને વીનતી કરૂછુ કે આએ લીનો ચમંન ઘણો લાંબોછે તેહની આખરી લાવતાં આએ "બાગે પારશા"નુ કદ હજરત અનુશેરવાંન નોશીરવાંન આદીબનાં બાગેદાદનાં કરતાં વધી જાએ ને તેથી શેર કરનારાવો શેર કરતાં અકલાઇ જાએ તોપણ તેહેનો છેડો નહી આવે તારે અધુરી શેરથી બાજગશત થવાની મરજી કરે તારે તેથી કાંઇ તેવોને એ બાગની શંપુરણ શેર મલી એમ કેહવાએ નહી શબબ હેનુ શાંધણ આઅંદે જીનદગીની શલાંમતી અને શોકીન લોકોની રૂખતીની શાથે પાકાં ચીત વીશે જે આએ જાંનીશારની કબુલાતછે તેહમાં જોડી લેવાનો ઠરાવ કરી હાલ માફ માંગુછુ તે માફી આપવી જોકે વાજબી હશે તો જ તેનો લાભ લેવા લેવાડવાને આએ કમતર પણ વાજબી શમજશે.

હવે એક ચોથો ચમંન આએ મુખતેશરમાં મુખતેશર રીતે દાખલ કરવાને કેટલાએક ખેરખાહ નેકીપશંદ શાહેબોની ફરમાએશ અગત કરીને થઇ કે જે વીશે આએ ગેરતપશંદ નાંમુશપેવંદ કંમતર ફકીરનો બીલકુલ ઇરાદો શીરૂથી નહી હતો તેહેની ખાતરીમા જે કાંઇ ટુક ઇશારો દીબાચામા આવી ગઓછે તે બશછે મગર જારે કે નેકખાહોનો આગ્રહ વાજબી જણાઓ તારે નાચાર; પોતાનો અશલ ઠરાવ ફેરવી પોતાનાં અપક્ષપાતી ટોલાનાં શરવ ગીનાંની કુલ ખાશોઆંમ શાહેબોની ખીદમતમા તે મધે ઘણુ કરીને જે જે શાહેબોને લાગેચ વલગેચ તેવોની આસીજનાબમા મોહોટી નમંનતાઈ શાથે ગુજારેશ કરૂછુ કે એ નાગુજીર બાબતનો ચમન આએ બાગમા ખુદ પોતાની ખુશીથી જગા લેતો નથી બલકે લાગવલગવાલા શાહેબોએ જાંણે ખુદ બખુદ ફરજ પાડીછે તે કાંઇ છુપું નથી તોપણ તેમની ઇનશાફી દરબારમા દશતબશ્તે થઇ માફી માંગુ છેઊ તે આપવામા તે નાંમવર શાહેબો દરેગ નહી કરશે હેવી ખાતરીછે પછે તો

જોઈએ પરદે ગેબ કેહેવુ શરૂપ બતાવેછે તે દાંનાવોને જોવા લાએક થઈ પડેછે ને થઈ પડશે તેથી મુખતેશર કરી મતલબ ઉપર ઊતરૂ છેઊ.

તે એછે કે આએ બાગે પારશાનો પાએો નાંખવાની કીરીઆ કરતાં પેહેલાં પારશી ટોલા ઉપર જે ચાતુર લોકોએ તોહોમતની જાલ નાંખી પોતાની મતલબનો શાર ખેંચી લીધો તે બાબતમો લાગવલગવાલા શાહેબોએ શી તરે પોતાનાં પગલાં ભરેઆંછે તેહેની માહીઅતગારી મેલવવાને બીજી જરૂરી બે બાબતો જોડીને નીચે કહેલા નાંમદાર જરતોશતી શરગીરો શાહેબોની શેવામો ઈજીજનાંમાં લખવામો આવ્યાં હતાં તેહેની વીગત નીચે મુજબ:—

૧. નેકનાંમ દશતુરજી પેશોતનજી બેહરાંમજી શંનજાંણા.

૨. નેકનાંમ દશતુરજી જામાશપજી મીનુચેહરજી જામાશ આશાનાં.

૩. નેકનાંમ દશતુરજી એરચજી શોહોરાબજી મેહરજી રાંણાંનાં.

૪. શ્રી પુણાંવાલા નેકનાંમ દશતુરજી નોશરવાંનજી તથા હોશંગજી જામાશજી.

૫. શ્રી ઊદવારાનાં નેકનાંમ દશતુરજી મીનુચેહરજી દારાબજી તથા બરજોરજી તેહેમુરજી મીરજાં.

૬. શ્રી નોશારીનાં નેકનાંમ દશતુરજી માહીઆરજી કેકોબાદજી મેહેરજી રાંણાં.

૭. શ્રી શુરતનાં નેકનાંમ દશતુરજી નોશેરવાંનજી કેખુશરોજી મોટાફરાંમના.

૮. શ્રી શુરત રૂશતમપુરાનાં નેકનાંમ દશતુરજી અશફંદીઆરજી ફરાંમજી ઊરફે લુલાધારૂ.

૯. શ્રી ભરૂચનાં નેકનાંમ દશતુરાંન દશતુર દીનશાજી પેશતનજી કાંમદીનજી મરહુમના.

ઉપર મુજબ નંબર ૧ થી નંબર ૪ તથા ના. ૮ નાં શાહેબોની શેવામો ઈઆજદજરદી શને ૧૨૪૧ નાં દએ માશમો પતરો લખવામો આવેઆં હતાં તારબાદ એજ વરશનાં ગાથા ગહંનબારમો નંબર ૫–૬–૭-૯ નાં શાહેબોની ખીદમતમો લખવામો આવેઆં હતાં તારબાદ ના૦ ૧૦ થી ૧૪ જમશેદજી શોરાબજી કુકાધારૂ, મુનશી અરદેશર તથા બમનજી ડોશાભાઈ તથા પુણાંવાલા દા. હોશંગજી તથા રૂસતમપરા વાલા દોરાબજી

બરશીદજી ઉપર અને ૧૨૪૩ મા લખવામો આવેઆં હતાં તે શરવે પત્રોનો શાર તારીખ વાર તથા એ પત્રોનાં જવાબમો જે જે નાંમદારો તરફથી તુરત જવાબ મલેઆ તેનો તારીખ વાર શાર અને તે શીવાએ જે જે શાહેબોનાં જવાબ લાંબી મુદત શુધી નહી મલવાથી તેમનાં ઉપર ફરી બીજી તીજી તથા ચોથીવાર રીમાઈનડર એટલે શુચનાં કરવામો આવી તેનો શાર તારીખ વાર અને તેમ કીધાથી જે જે શાહેબો તરફથી જવાબ હાંશલ થઆ તેનો શાર તથા એ મુજબ શુચનાં કરવા છતાં જે જે શાહેબોએ બીલકુલ જવાબ આજ પરીઅંત નહી આપેઆ તેમનાં કીરતીવાંન મુબારક નાંમ ઠાંમ માલંમ પડવા જોગ રીતે તે ઉપર પેહેલા શવાલ વીશે માતરે ટુક ટીકા લખી હેની પછવાડે જોડવામો આવુંછે.

શીવાએ જે બે શવાલો પાછલા કે જે વીશે જે જે શાહેબોનાં તરફથી જવાબની ઇનાએત થએલીછે તે વીશે આગે હેચમદાંન નાકશનુ જે મતછે તે બાકીનાં અગત જોગ નાંમાંનકીત શાહેબો તરફથી જવાબ હાંશલ થાએ તાંહાં શુધી જાહેરમો લાવવા મુનાશબ નજરે આવેજ નથી પણ ઉમેદછે કે હમારાં પાકા ચીલમો એ જરૂરી બાબતને જગો આપવાને બની આવવા શારૂ હમારા નાંમવર ભાઈબંધુવો પોતાનાં જવાબ મોકલી આપવાને દરેગ તથા દીરંગ નહી પકડશે.

ચમંન ત્રીજો સમાપ્ત.

બાગે પારશી.

ચમન ચોથો.

પ્રારંભ.

શ્રી હીંદુશતાંનનાં કુલે જરતોશતી દશતુર શાહેબોની ખીદમતમાં કેટલાએક મજહબને લગતા શવાલો વીશે પત્ર લખા તથા જવાબ આવા તેની તારીખ વાર નકલ.

મુકામ નવશારી રોજ ૧૧ મા ૧૦ મો શ. ૧૨૪૧, તા૦ ૨૮ જુન શ. ૧૮૭૨

શ્રી શુરત રૂશતમપુરાવાલા દશતુરજી શાહેબ અશપનીઆરજી
કુરાંમજી ઊરફે લુલાધારૂ જોગ—

પેહલો શવાલ.

ધી રેવરેંડ મી૦ ધનજીભાઈએ પારશીઓ ઉપર એક ચોપાંનીઆંની મારફત તોહોમત મેલેઊછે કે પારશીઓ એક ખોદાને માંનતા નથી પણ અનેક ખોદાવોને માંનેછે તે છતાં ઇઅજદાંપરશતી એટલે એક ખોદાને માંનવાનો દાવો કરેછે અને જુવાબમાં શરવે ચીજોને નુરાંની કેબલા તરીકે માંનવા વીશે દલીલ કરેછે—એજ ચોપાનીઊ ફરીથી શને ૧૮૬૧ મા પ્રશીધ કીધુછે તેમાં શ્રી મુંબઈનાં વડા દશતુરજી શાહેબ પેશુતનજીને વલગણ કીધુછે કે તેવો શાવાશતે જવાબ આપવા બાહાર પડતા નથી. એ વાંધાનો જવાબ કોઈએ આપો નથી મગર હેવુ જણાઊછે કે તમોએ કાંઈ અકલ પશંદ જવાબ આપ્યોછે, જો એમજ હશે તો તેહની એક નકલ મોકલવી જોઈએ અને કબી બીજા કોઈ શાહેબે એ વીશે કાંઈ જવાબ આપ્યો હશે તો તેમનુ નાંમ લખી મોકલવું અને તેમનાં કૃતની નકલ કહી જગેથી મલી શકશે તે વીશે તશદી લઈ લખવું.

બીજો શવાલ.

ફરવશ ફરવઅશ ફરવશે ફરવશીમ ફરવશીઓ ફરોહર તથા રોઆંન.

એ શરવે લાગતોનો અરથ શું પેશતરકે હાલનાં આપરા આશોઆંમ શાહેબો હેવી રીતે શમજેઆછે તથા શમજતી ગઆછે કે આએ દુનીઆંમેથી જે જરતોશતીઓ ગુજરી જાએછે તેવોને હેવાં ફરતાં નાંમેથી કે જેનો અરથ એકશરખો ગણેછે એટલેજે એ શરવે શબદોનો અરથ અશો રોઆંનનો કરેછે તે ગુચવારા ભરેલા લાગેછે તેથી તમોને દીનઆશીદાર જાંણી તશદી આપુ છેઉ કે એ શબદોનો અરથ ઉપર મુજબ શરવનાં શમજવામેછે તેજ મુજબ તમારૂંબી મતછે કે કાંઈ પશો પેશછે તે વીશે તશદી લઇ ખોલાશો કરવો જોઇએ.

તીજો શવાલ.

વલી એમ જાંણવામો આવેઉછે કે ઇંજેઆ વગર ગોશત બીલકુલ ખવાએ નહી. અને હજરત જમશીદને દેવ લોકોએ ફરેબ દઇ ગોશત ખવાડેઊ હતું તેહેનો ઇશારો ઇજશનેમો આબ્યોછે.

આએ બાબત એક હાથપર હાલ જમાંને કોઇબી શાહેબ પશંદ કરે હેવી નથી પણ બીજા હાથપર ઘણી અગતનીછે તેથી તમોને બુજરગ અધીકારી જાંણી તશદી આપ્યામો આવેછે. એ બાબે ખોલાશો તમારી વાકફગારી પ્રમાંણે એટલેજે એ બાબે ઇઆ તો શાબેતી ઇઆ તો રદીઆ વીશે કરવાની તશદી લેવી.

---o---

શ્રી શુરત રૂશતમપુરાવાલા દશતુરજી અશપંદીઆરજી પરાંનજી ઊરફે લુલાધારૂનો આવેલો જવાબ.

તા૦ ૫ મી જુલાઈ ૧૮૭૨

જવાબ પેહલો.

ધી રેવરેંડ મી૦ ધનજીભાઈને પગાર મલેછે તે માત્રે બીજા ધરમોની હજો કરવાને વાશતે મલેછે અને તેમની તેવીજ ફરજછે તે તેવંણ અદા કરેચ—તેમાં કાંઈ નવાઈ જેવું નથી૦ તેમનાં જવાબમાં શેવકનાં તરફથી લખાંણ થએલુ કાંઇ ઇઆદ નથી પણ ફરજીઆતે જરતોશતી, હા

દીદ ગુમરહાંન તથા આઇને જરતોશતી હેવાં લંણ નાંધલાં પુસ્તક શેવકની નાકશ અકલથી છપાઆંછે તેમાંનાં કોઇબી પુશતકમાં હેવી બાબત આવી હશે તે જોવાથી શાહેબને રેશન થશે એ લંણમાંનુ એકબી પુશતક શેવક પાશે રહેલુ નથી માંટે શાહેબે મેલવી તજવીજ કરવી. એ બાબત બીજા એોનાં તરફથી અલબતે લખાંણ થએ હશે પણ તે શાહેબનુ નાંમ હાલ ઇઆદ નથીજી.

જવાબ બીજો.

ફરોહર અને રવાંન એ બંધે શબદોનાં અરથમાં બારીક તફાવતછે સે નોશારીનાં દશતુરજી શાહેબથી વાકફ થવું.

જવાબ તીજો.

ઇંજેલુજ ગોશ ખવાએ હેવુ જે બોલે તે નકાંમુછે. ગોશપંદ કાપવાની મનાંછે તારે ગોસતની વાત અવશતામાં હોએજ કાંથી—પણ હેવી વાત રેવાએતમાં દશતુરોથી લખાએલી દેખાએછે તેમાંબી ઊલટ પાલટ ઘણુ જોવામો આવેછે. તે વાતની ખાતરી આઇને જરતોશતી નાંમની શેવકની ચોપડી જોઆથી થશે. જમશીદે ગોશત ખાધુ તે ઇજશનેનાં નવમાં કરદાની શરેમાછે પણ તે વાતમાં ભેદછે અને ગેહેશારનાનાં તીજા કરદામાંથીબી દશતુરો દલીલ પકડેછે પણ તેબી શમજ ફેરછે.

---o---

દશતુરજી શાહેબ અશપનીઆરજી ફરાંમજી લુલાધારૂ શ્રી શુરત રૂશતમપુરાવાલાના જવાબ ઊપર વીચાર.

૧. એવો લખેચ કે પાદરીઓને જે પગાર મલેછે તે બીજા ધરમની હજો કરવા શારૂ મલેચ તેથી ગોઆ તેમની ફરજ તેવોએ અદા કીધી. ખરૂંછે કે તેવોએ તેમની ફરજ અદા કીધી તારે આપરે આપરી ફરજ શું કરવા નહી અદા કરીએ? એ ફરજ અદા કરવાને ખશુશ કરીને કહા શાહેબો બંધાએલાછે ને તેવોએ અગતની ફરજ શી તરે અદા કીધી છે અને કેવી રીતે કરવાની હતી તે ઉપર દાંનાવ વાંચનારાવોએ પોતાનાં દીલથી ધારી વાલવુ.

૨. એવો લખેછે કે તેહનાં જવાબમાં શેવકનાં તરફથી લખાંણ થએલુ કાંઈ ઈઆદ નથી. એ બાબે લખવાને મોહોટી દીલગીરી ઉપજેછે કે એ શાહેબે ખશુશ કરીને એ બાબે અગત શમજી કાંઇ અકલ પશંદ લખાંણ કીધુ હોત તો બેશક તે વીશેની ઇઆદદાશમો ખલલ નાહી આવતે. એ ઉપરથી ખુલો અરથ કેહેવી રીતે થઇ શકેછે તે વીશે અજમાએશ કરનારા નેક લોકોએ વીચારી લેવું.

૩. એવો લખેછે કે કદાપી કાંઈ એમનાં તરફથી લખાંણુ થએલ હશે તો એવોએ બનાવેલાં ત્રંણ પુશતક મધેનાં કોઈએકમાં કાંઇ હશેતો જોઈ લેવું અને તે પુશતકોની શીલક તેમનાં પાશે રહી નથી—એ વીશે શું લખવુ અને શું રાખવું તે વીશે જરા અદબની શરત મંનજુરછે તેથી મુખતેશર કરૂચ પણ આ વાત જરા હમને એક અજાએબ જેવી રમુજ આપેછે તે બાબે પણ દાંનાવોએ દરજ્ઞઆફત કરી લેવો શાથી કે બે પુશતકોમાં એ બાબે કાંઇ નથી હેવું ફરચજી દશતુરનાં કાગજથી જણાએછે ને તાજા વીશે હમારો એક દોશ્ત ખાતરી આપેછે કે તેમાં પણ કાંઈ નથી. હેવી જાહેર વાતમો હમારા ભાઈબંધે જે ભભકો કીધોછે તે કેટલે દરજે રમુજે દીલ પશંદછે તેનો લાભ વાંચનારા જરીફ શાહેબોએ પોતાની મરજી મુજબ ઊઠાવી લેવો.

૪. એવો લખેછે કે એ બાબે બીજાવોનાં તરફથી અલબતે લખાંણ થએ હશે પણ તે શાહેબોનાં નામની ઇઆદ નથી એ વીશે જરા બેઅદબી માફ માંગી લખવાની ફરજ શમજુછુ તે એછે કે એવોની અગતની ફરજ હતી કે એ બાબે ખંતી થઇને માહીઅતગારી મેલવી જોઈતો ઈલાજ લેવો હતો ઇઆ લાગી વલગીને બીજાવો પાશે લેવાડવો હતો તે પરમાંણે એવોએ નાહી કીધુ તેનુ શું કારણ તે વીશે દાંનાવોએ કેઆશ કરવો.

——o——

શ્રી મુંબઈનાં દશતુરજી એરચજી શોહોરાબજી મેહેરજી રાંણાંવાલા ઊપર રોજ ૨૦ મો માહા ૧૦ મો શને ૧૨૪૧, તા૦ ૭ મી જુલાઈ શને ૧૮૭૨ને દીને મુ. શ્રી નવશારી થી ઊપર મુજબનોજ (આ૦ ૫૦ લુલાધારૂપર લખેલાં જેવો) પત્ર લખેઓ હતો તેનો તેઓના તરફથી રોજ ૧૪ મો માહા ૧૨ શને ૧૨૪૧ નો લખેલો જવાબ મલેઓ તે નીચે મુજબનોછે:—

તમારો રોજ ૨૦ મો માહા ૧૦ નો શ્રી નવશારીથી લખેલો પત્ર પોહોચ્યો તે વાંચી શરવે બીનાથી વાકફ થાઓ છેઉ--તમો જેવા અકલમંદ બુજરગવાર શાહેબ શંઘલી વાતે વાકફ હોવા છતાં શેવકને ઇઆદ કીધો છે તો જેટલુ મહને માલુમછે એટલો ખુલાશો કરવાની રજા લેઊંચ.

૧. તમોએ લખ્યું કે રેવરેંડ મી૦ ધનજીભાઇનાં ચોપાંનીઆંવીશે કે જેમાં પારશીઓ એક ખોદાને માંનતા નથી પણ અનેક ખોદાને માંનેછે હેવું તોહોમત જે અવશતાનાં હાખલાથી પારશીઓ ઉપર મુકેછે તેનુ જાણવુ એજે એ ચોપાંનીઊ કોઈએ વગર નાંમે છપાવીઊ અને તેનો જવાબ એ૦ કાવશજી મંનચેરજી માહીએ શને ૧૮૫૩ માં ખોલાશે માજ્દી અશની નામની એક ચોપડી છપાવીછે તેમાં આપેલોછે તે મને બરાબર દીલપશંદ જણાતો નથી. લુલાધારૂની લંણ ચોપડીમાં બે જે માહારા વાંચવામો આવીછે તેમાંતો એ વીશે કાંઈજ નથી પણ તીજી જે આઈને જરતોશતી તે માહારા જોવામો બીલકુલ આવી નથી અને એ લંણે ચોપડીઓ તમોએ કીમતથી મંગાવીછે પણ તે હાલ મલતી નથી ને જો કબા મલશે તો શરો ચશમથી મોકલશ પણ ઉપલાં ચોપાંનીઆંનો કોઈએ ચોકશ જવાબ આપો હોએ એમ મારા જાંણવામાં આવ્યું નથી.

૨. બીજુ તમો ફરવશ, ફરવશે, ફરવશીમ, ફરવશીઓ, ફરવક્ષ, ફરોહર, રવાંન એ શબદો લખીને પુછોચ કે તેનો ખોલાશો શુંછે તેનુ જાણવુ એકે એ શઘલા શબદો રવાંન વીગરે જે લખેઆછે તે ફરવશીને વાશતેછે ઇઆને ફરોહરોને વાશતેછે પણ એની વીભગતીઓ ઇઆને પરતીએઓ લાગાથી રૂપ બદલાએછે અને ફરોહર તથા રવાંન એ બે

જુદી ચીજછે જે આએ દુનીઆંથી ગુજરી જાએછે તે રવાંનછે અને ફરોહર તે જુદી ચીજછે તેથી એ વીશે હાલમાં હમોએ "ઈઅશત બાગાંહની" ઈઆને દશ ઈઅશતની ચોપડી છપાવીછે તેમાં ફરવરદીન ઈઅશતખાછે તે ઈઅશતની ચોપડીમાં અને તેહની નોટમાં વધારે ખોલાશો કીધેલોછે તે વાંચેઆથી વધારે ખોલાશો થશે.

૬ બાબે ફરવરદીન ઈઅશતમો વધારે ખોલાશો નીચે મુજબ જણાયછે:—

હરેક પરાંણીને ફરવશીછે એ ફરવશીની બરતરી હેવી શરવોપરી કહીછે કે તેહની શાબેતીમાં દાદાર અહુરમજદ ખુદ તેહેની પણ ફરવશીછે અને એ ફરવશી જે પ્રાંણી માતરને વાશતે મુકરર થએલીછે તે ફરવશી એોની બલતવારી હેવીછે કે જેની મદદની ખુદ દાદાર અહુરમજદને પણ જરૂર પડી હતી ઈઆને ફરવશીની મદદ નાહી હોત તો શરવ વશતુની ઊતપંતી કરવામો અશકત થઈ પડતે હેવો શાર નીકલેછે.

૩. તમે લખોચ કે કોઈ દાવકે ઠેકાણેથી જાંણવામો આવ્યુછે કે ઈજ્યા વગર ગોશત બીલકુલ ખવાએ નાહી. જમશીદને દેવ લોકોએ ફરેબ દઈ ગોશત ખવાડેલ હતુ તેનો દાખલો ઈજશનેમો આવેલોછે તેહનાં જવાબમાં જણાવીએ કે અવશતામો કેટલીએક જગોમો ગોશત ખાવા જણાવેલુછે પણ (તે વાત) કાંઈ જુજવી જગોએ આવેલીછે પણ તાંહાં કાંઈ ઈજીને ખાવા વીશે ખોલુ નથી પણ ઈજશનેનાં અગીઆરમાં કરદામો હોમ ઈજદનાં દરૂન શાથે કાંન આંખ તથા જીભ ઈજવાને લખેલુછે તોપણ એથી વધારે કશું લખેલું નથી કે શંઘલુ ઈજીનેજ ખાવું. તાંહાંતો ચોકશ ત્રંણ ચીજનાં નાંમ લખીને લખેછે કે હોમનાં દરૂન શાથે ઈજવું પણ હમેશાં ઈજીને ખાવું હેવુ લખેલુ નથી અને જમશેદને દેવે ફરેબ દઈ ગોશત ખવાડેલ હેવુ ઈજશનેમો કોઈ જગાગે આવેલુ નથી. ઈજશનેનાં અગીઆરમાં કરદામાં ઊપર જણાવ્યા પ્રમાણે આવેલુછે બાકી શઘલી જગોએ ગોશપંદાની પરવરશી કરવા, શંભાલ કરવા બલકે, તેવોનાં રવાંનોની ઈઆદ કરવા લખેલુછે તે કરતાં ગુજરાતી છપાએલા ઈજશને તમે પોતેજ તપાશી જોશો તો તમોને જણાશે. વલી ફારશી•રવાએતવાલાવોતો લખેછે કે બેહદીનને હાથે કાપેલુ ગોશત ગણ ખાવું નહી પણ મોબેદનાંજ હાથનુ કાપેલુ ખાવું પણ અકલની રૂવે જોતાં મોબેદ થઈ ની

રદાશ ગોશપંદોનાં ગલાં ઉપર છુરી મુકી તેનો જીવ લીએ તો તેહને મોબેદને બદલે વાઘ વરૂનો બેતાબ આપીએતો તે વાજબી ગણાએછે.

—o—

દશતુરજી શાહેબ એરચજી શોહોરાબજી મુંબઈવાલાના જવાબ ઉપર વીચાર.

૧. એવો લખેચ કે પારશીઓ ઉપર મેલેલા તોહોમત બાબે જે ચોપાંનીઊ નીકલેઊ હતુ તે ધી રેવરેંડ મી० ધનજીભાઈએ નહી પણ કોઈ દાંનાવ શાહેબે વગર નાંમે છપાવેઊ હતુ ને તેહનો જવાબ એરવદ કાવશજી મંનચેરજી મોદીએ શને ૧૮૫૩ ની શાલમો છપાવેઓ હતો પણ તે કાંઈ મને બરાબર દીલપશંદ જણાતો નથી. લુલાધારૂની લંણ ચોપડીઓમાં બે ચોપડી જે માહારા વાંચવામો આવીછે તેમાંતો કાંઈ નથી ને તીજી તો માહારા જોવામો આવી નથી એ લંણે ચોપડીઓ તમોએ મંગાવી પણ હાલ મલતી નથી એ બાબે આએ અદના ફકીર વાંચનારા પાક દીલનાં શાહેબોને ઇશારો કરેછે કે આએ દશતુર શાહેબને જારે કે ઉપલા ઇરવદનો જવાબ પશંદ નહી આવ્યો તારે પોતાનાં તરફથી પશંદ થવા જોગ લખાંણ કરવાને આંનાકાંની તથા આભાડા કરી જવાનુ શું કારણ સું એ શાહેબની એ બાબે અગતની ફરજ નહોતી. બેર લુલાધારૂ પોતાનાં પત્રમાં અજાણા થઈને લખેછે કે એવોએ કબા એ લણ પુશતક માંહેલા કોઈએકમાં એ બાબે કદાચીત જવાબ આપેઓ હોએ તો ઈઆદ નથી હેવો ભરમ રાખી લખેલુ તેમાં તેમની બે ચોપડીઓ વીશેતો ખાતરી થઈ હવે તીજીમો શુંછે તે જોવાનુ રહુછે પણ નાચાર કે હમારી અરજ શરવે ઠેકાંણેથી એ ચોપડીઓ વીશે તથા બીજા એ પ્રકરણ શમનથી લખાંણો કીમતથી મોકલી આપવા કરેલી બરબાદ ગઈછે તેથી દીલગીર છેઊ કે તે ઉપર ધ્યાંન આપવાને બન્યુ નહી બેર.

૨. એવો લખેછે કે ઉપલા ચોપાંનીઆંનો કોઈએ ચોકશ જવાબ આપો નથી આ જગો આએ નાદાંન ફકીર કાંઈ ગરવ કરવાને રાજી નથી પણ ગરવ એટલોજ કે આજ ૨૨) વરશ પછી આએ અગતની બાબતમો હમારાં જોરાવર નશીબે હમુને ઇઆરી કીધીછે એટલુજ નહી પણ કેટલાક નવરા નકાંમાં જાહેલો હેવી બુમ મારેછે કે એ ચોપાંનીઆં

નાં જવાબો પેશતર ખાતરી લાએક વાલવામો આવી ચુકાછે હેવી રીતે જે અંજાંણાંવોને શમજાવી હમારી વફાદાર કોશીશને જાએ કરવા હાઊ કવી શોંધી કાહાડી હુજત લેવાને તથા તશદી આપવાને અને શરમ પોહો ચાડવાને બંનતી કોશીશ જે તેવોએ કીધી હતી તે રદ થાએછે એટલેજે આજ શુધી એ અગતની બાબત વીશે આટલી લાંબી મુદત થઆ છતાં કોઇએ ચોકશ મારગ પકડેઓ નથી હેવી જે ખાતરી થઇ તે ઘણીજ ગનીમત અને પુશકલ પુશકલછે. મગર બીજા હાથપર એ જગાએજ રા જોવા વીચારવાનુ તથા આચકો ખાવાનુ બાકી રહુછે એમ વીચાર આવેછે તે એછે કે આએ ચોપાંનીઆં વાલાએ જે એક નામાંનકીત ની દામંન પકડી હતી કે જેથી તેવોએ જાહેર શભામો વાએજ કીધેલી જ ણાએછે તેથી જો તે ઉપર અગર કોઇ શાહેબ, ગરવ કરેતો તેબી બે વજણ ડરેછે શાથી કે જો કબી આએ દશતુરજી શાહેબનાં બોલેલા બો લથી બોલીએતો એજછે કે આજ શુધી કોઇએ ચોકસ જવાબ આપેઓ નથી તે બશછે અને તે વાત થોડીજ શંતોશકારક લખી શકાએ હેવી નથી તે ઉપરાંત જોવાની અગત તો એટલીજછે કે જો કબી એ વાએ જ કાંઇ આએ જેહરી તોહોમતનુ જેહેર ઊતારનારુ પાવ જેહેર એટલે તીરીઆક તરીક હોતતો આજ શુધી તેની અશર તથા બરકતથી જોઇતો ફેરફાર નજર તલે આવતે પણ અફશોશ કે દીન બદીન તોહોમત લાવ નારાવોનાં લાભમાં પારશી ભાઇઓની વરતણુક વધી પડેલી ખુલી રીતે શીધ થાએછે તારે નીશચે થઊ કે ચોકશ જવાબ આપવામો આવેઆ જ નથી અને જે અપાઆછે તે બેફાએદે બલકે નુકશાનકારક હોએ એમ ખાતરી થઇ શકેછે તે વીશે દાનાવ બુજરગોએ અછી રીતે ગોર ફ રમાવવો જરૂરછે.

———o———

માંઙ્ની—અકલમંદ લોકોને લાજમછે કે એ જગાએ બાંમુશ રેહેવુ કે જે વરતણુકથી તેવોને ભારે જેબ મલેછે અને જાહેલો જે બેહુદુ બોલેછે તેથી તેવો ફજીહત થાએછે.

બેત—દાંનીશ ચેગોઅદ નીશત રાહેન જાત,
જુજશનાશાઇએ જાત બાદ અજ શેફાત.

માંઙ્ની—અકલે હેવું કહુછે કે છુટકારાનો મારગ કોઇ રીતે મલતો નથી પણ એકજ રીતે મલી શકેછે તે એછે કે શેફાતીઓનોની ઓલખ કરવા બાદ જાંહાં શુધી તે જાતે બરહકની પેછાંન નહી કરે તાંહાં શુધી.

બેત—વાએ બર જરતોશતીઆંકે અજીં જાએકે,
બે બેહરે અશાનીએ અજીં ફાએદે.

માંઙ્ની—અફશોશ છે કે જરતોશતીઓ એ ખુશ લેજતોથી જાહેર રીતે બેનશીબાથી બેફાએદે થઇ પડેઆછે.

બેત—ચીશતશરતે અકલ બેહરે ખાશાંને જમાં,
ખુદતફહુશકુન અએ આકેલે નોજવાં.

માંઙ્ની—જમાંનાંનાં ખાશ લોકોને વાશતે અકલમંદીની શરત શુંછે તે અઙ્ નોજવાંન જુવાંન શાહેબ તમે પોતેજ તપાશી જુવો.

વીનતી એછે કે,

ગઆ ૧૪ માશમાં તમારા ઉપર તથા હજરત ખાંન શાહેબ ઉપર પત્ર ૩ એકઠા એટલેજે બંધે શાહેબોનાં નામપર લખવામો આવેલા તેનો જવાબ હજરત માશુકે ફકત હાલ તુરતનાં વખતમો પોતાનાં તરફથી વા

લખેલોછે તે ઉપર જેમ તમારી શહી નથી તેમજ ખુદ હજરત શલાંમતની પણ શહી નથી અને તેહને બદલે એ બુજરગ મરાતેબનાં રાજદાંન ભાઈ બરશેદજીએ તેવોની તરફથી શહી કીધીછે તેમાં તમારૂ નાંમ બાલકુલ શાંમેલ કીધુ નથી શબબ તે વીશે તશદી નીચે મુજબ:—

૧. એ પત્રમો લખેલી કેફીઅત તમો બંધે નાંમવરોનાં હોકમથી લખાએલીછે કે શી તરે ?

૨. કંબી ફક્ત એ બુજરગનાંજ હોકમ તથા મંનજુરીઅતથી લખાઇછે તો તે વીશે તમારૂ મત મલતુછે કે શી તરે ?

૩. શેવકનો હેતુ તમો બંધે નાંમવરોનુ અનુમત જાંણવા વીશેછે એમ શમજી જવાબની ઇનાએત કોઇ તરે ચશમે હીકારતને રાહાજની કરવાને રાહા નહી આપતાં ઊમેદછે કે બેદરેગ વ બેદીરંગીથી કરશો.

ઊપલા પત્રનો જવાબ પુણાંના તારીખ ૫ મી અકટોબર શને ૧૮૭૩ નો એવોના નુર ચશમ ફીરોજજી શાહેબની શહીથી આવેઓ તેની નકલ નીચે મુજબઃ—

મેહેરબાન દસતુરજી સાહેબ જમશેદજી રૂસતમજી દસતુર ભરૂચવાલા
જોગ,

જત–તમારૂં મેહરબાની ભરેલું પત્ર રેજીસટર કરેલું હમારા મુરબી બાવાજી સાહેબને નામનું પોહતુંછે મગર હમારા મુરબીજી શાહેબ ચાલતાં અઠવાડીઆમાં હેદરાબાદ સધારેલાછે તેથી સાહેબને વાકેફ થવા સારૂ આએ કાગજ વાંચવાને તકલીફ આપીછે તે માફ.

લા૦ ફીદવી

ફીરોજ હુશંગ દસતુરની

દોઆ સલાંમ કબુલ કરજોજી.

એ ઉપરથી બીજો પત્ર એ સાહેબ ઉપર શ્રી મુંબઈથી રોજ ૬ ઠો માહા ૨ જો શને ૧૨૪૩ ને દીને લખી ભાઈ પેસતનજી ઈનાસા હસતેક મોકલવામા આવેઓ તેની નકલ નીચે મુજબઃ—

વીશેશ લખવા જરૂર એછે કે શાહેબ મેહરબાંનની શેવામો પત્ર ગાથા ૪ થો શને ૧૨૪૨ ને દીને શ્રી ભરૂચ મુકામથી લખેલો તેહનો જવાબ ફતેમંદ ફીરોજ બખત ભાઈ ફીરોજજી તરફથી પોહોચેલો કે—શાહેબ મેહરબાંનની શવારી શ્રી હૈદર આબાદ તશરીફ ફરમા થઈછે—ગઈ કાલે ઈતેફાકંન આ કાગજ લાવનાર શલીકેશઆરની ભેટ થવાથી જણાએ કે મેહરબાંન શાહેબની શવારી હએદર આબાદથી પાછી ચાલતા હફતામો શ્રી પુણે રોનક અવજા થઈછે તેહની જોગવાઈ લઈ આએ Remainder રૂપી પત્ર દોઆરે તશદી આપુચ કે ઉપલા અરીજા ઉપર કુરપા દરષ્ટી ફરમાવી જવાબની ઈનાએત વીશે દરેગ વ દીરંગી શાહાજનોની ઘાશતીછે તેવોને નીશફલ થવાની મુકતી કાંમે લગાડશોતો અઈન એહશાંન.

એ ઉપરથી એવો સાહેબનાં મુબારક દસકતનો પુર મેહેરબાંનગી ભરેલો પત્ર રોજ ૮ મો માહા ૨ જો શને ૧૨૪૩ નો લખેલો આવેઓ તેની નકલ નીચે મુજબઃ—

મુશફક મેહરબાંનેમંન ભાઈજી શાહેબ દશતુર જમશેદજી રૂસતમજી ભરૂચવાલા શલામત બાદ.

ભાઈજી શાહેબનાં કાગજો હમોને આગલ તથા હમણાં છેલો ભાઈ પેશતંનજી ઇનાંકાકા હાથે રોજ ૬ ઠો માહ ૨ નો શુધાં પોહોતોછે. ભાઈજી શાહેબ તમોએ આગલ હમોને તથા હમારા કેબલેગાહ મુરબીજીને પ્રથંમ નોશારીથી કાંઈ સવાલો કીધા હતા તે છતી ફરીને તે શવાલોને બારે દીગર પુછેઆ હતા તેહનો જવાબ મુરબીજી તરફથી તમોને મલી ચુકોછે હેવુ માહરા જાંણેઆમો આવુંછે એ ઉપરાંત શાહેબની ખાહેશ શુંછે તે હું જાંણી શકતો નથી. હરેક જરથોશતી ભાઈને કાંઈબી માલુમ હોએતો તે વીશે બીજાને રેહનુમાઈ કરવી એતો સઆદતે દારએનછે પણ તમો ભાઈથી અનજાંણુ નથી કે દીન આઈનની જીકર અને તેહનાં શક અને ખુલાશાના મુકામો કાંઈ કાગજ પત્રે લખીને નીવેડો લાવવાનો નથી તેમ

જ કદીમ જમાનાથી આજ લગે બાપ બેટા અને ઉસ્તાદ, શાગીરદો ઘણું
ક મુકામો ઉપર એકજ મત નહી રાખતા. ઘણી બાબતો હેવી હશે કે તે
મધે એકજ ઉસતાદનાં શીખેલા ૨) શાગેરદો જુદી જુદી તશરીહ એકજ
વાકેઅની કરશે. માટે એ શરવે વાતો ધેઆંનમો લેઈ તમો શાહેબને ક
મતરીનને કાંઈ વીશેઅ વીશે પુછવું હોએ તથા મત માંગવું હોએતો તે
માહરાં મતને માહરી સાથેજ રાખવું જરૂરછે, તેમજ શાહેબને રોશનછે કે
કમતરીન મુદતથી પોતે 'દસતુરી'નાં ખાશ કાંમથી દુર રેહી બીજા' લીટરરી
કામમો ગુથાએલોછે. વલી ખુલાશો કરવાની રજા લેઊંચ કે આપણાં આગલા
શાહેબો જે જે બાબતો વીશે લખી તથા મત આપી ગીઆછે તે શરવે
એકજ મતનાં નથી મસલ'ન કેટલાક દશતુર શાહેબો તરક હફવાંનાત તર
ફછે તો કેટલાકો ગોશત ખાવાને હરકત નથી હેવા વીચારપરછે. બેહુ પોત
પોતાની દલીલો વીચાર પરમાંણે આપી ગીઆચ માટે એ મત ફેર ઉપર
જીનદગીબી બલાશ કરીએ તો તે અબશછે અને તે કાંઈ આપણાંજ
ટોલામો નથી પણ શરવે કોમોમાછે. છેલ્લે ગુજારેશ નમનતાઈ શાથેછે કે
કમતરીન એક અદનાં બનદોછે અને હમારાં મત તે કાંઈ આશમાંન ઉપ
રથી ઉતરેલાંછે હેવું હમો જાંણતા નથી તેમજ કોઈ શાહેબોએ'ની જાંણ
વુ જોઈતું નથી એ અરજ કમતરીનનીછે. બીજુ દીનની કેટલીએક
બારીક હકીકતો એવીછે કે જે કાગજ પતનાં ૨) ૪ લેનોનાં લખાંણથી તે
હની પુરતી તશરી થાએ, એક વખત એકુ લફજ ગફલતમો લખાએ ફ
રીથી તેજ શબ્દ તેજ મતલબને બાધક થાઈ પડે, હેવું છે. આએ શંઘલી
વાતો કમતરીને લખીછે તે આપ શાહેબે ધેઆંનમો લેઈને જોબી કાંઈ
તરફીમ ફરમાવવું હોએ તે શુખેથી ફરમાવવું'જી. કમતરીન દેલોજાનથી હા
જરછે. હમેશા મેહરબાંન રેહવુ. કામ કાજ ફરમાવજોજી.

ઉતાવલે લખુછે, શંભાલી વાંચજોજી. લાં૦ દુઆગો,

હોશંગજી જામાશપજી દશતુર.

એ ઊપરથી એ શાહેબના ઊપર તરીજો પતર શ્રી માહીમથી લખેલો રોજ ૧૩ મો માહા ૨ જો શને ૧૨૪૩ નો મુંબઈમાં રેજીશટર કરાવી મોકલેઓ તે નીચે મુજબ:—

દીગર વીનતી એછે કે તમારો મેહરબાંની ભરેલો પત્ર પોહોચ્યો. દરમ્યાંની હકીકત ઉપર શારી રીતે ધ્યાંન આપી તેહનાં જવાબમાં પરથમ ઉપકારનો બદલો વાલવાનો તે આભારી લોકોની રીત તથા વરતણુકમાં મોહોટાં માંન શાથે વીભાગી થઈને વીનતી કરૂ છેઊ તેની વીગત નીચે મુજબ:—

૧. શેવકનો પેહલો કાગજ ખુદ તમારા અંતર જાંમીની પેરે દેખાડી આપેછે કે તમારૂ મત ઈલાહેદ પડછેજ તેથી તે વીશે તેહમાંજ દરખાશત તરીક ઈશારો થએોછે અને જારે કે શેવકની અગમચેતી વફાદાર નજર આવી તારે તે વીશે તે માલીક મુખતારનું એહેશાંન કબુલ કરવાની જરૂરી ફરજ મોહોટાં માંન શાથે અદા કરી વીનતી કરૂછેઊ કે એ દરખાશત અદઆપ તમારી ખીદમતમો દસ્ત બશ્તે ઊભી રેહેલીછે તેહમાં નાદર વાત તો એછે કે એ હાજત રવાઈ વીશે શાહેબ મેહરબાંને પોતાનાં તરફથી પણ પરવાંનગી આપીછે શબબ અરજ નીચે મુજબ:—

૨. હજરત મખદુમા મોલા જનાબ ખાંન શાહેબ તરફ જે લેણ શવાલો વીશે અરીજે રકમ પીજીર થઈ હતી તે દરએક શવાલોનુ શારાંઊશ ઈલાહેદુ ઉપજાવી આ પત્ર શમાગમે જોડઊછે તે ઉપર યથાયોગ ગોર ફરમાવી જવાબની ઈનાએત પુરશતની જોગવાઈ શાથે જરા જલદીથી કરશો તો એહશાંનથી ખાલી નથી.

૩. તમારા અનુમત ઉપરથી શેવકે નીવેડો લાવવા જોગ કાંઈજ વીચાર અતપર રાખ્યો નથી અને રાખવા જેવુ કારણ પણ કાંઈ ઊતપંન થઊ નથી, હાલી શેવકની ઈછા પોતાની ખાશવફાઈઅતમો લાભનો ઊમેરો કરવા શીવાએ બીજી કાંઈ નથી તે શત્ય કરી માંનવુ કાંએજે એ અગતની બારીક વાતનો નીવેડો લાવવા લાએક શેવકનો હોશલો નથી તે શરપે તમો દરીઆદીલ શાહેબને રોશંનછે એ બાબે ખાતરી લાએક એટલુંજછે કે શેવકને તમો શરવે માંનવંત શાહેબોનાં ખાશ મત માત્રે જાંણી લેવાંછે તે શીવાએ બીજો કાંઈ હેતુ નથી.

૪. દશતુરી વીશે જે ઈશારો થએોછે તે બેશક વાજબીછે અને ત

મારા આજેજનુ અંનદીત પણ એ વીશે એજ મુજબછે કાંએજે એ ખુ જરગ પણ બારદાર ઓહોદાની કારદારીમા જે જે જોખમ, જે જે નુકશાંની અને જે જે રખાકારી કરવી, વેઠવી, તથા દેખાડવી, પોડેછે તે કાંઈ હુવી નથી કે તે શરવે આજાદીને મળતી થઈ શકે. વલી તમો હકાએક પશંદને શારીપેઠે રોશંનછે કે એ દુનીઆવી માંનવંત ઓહોદા મારેફતનાં હકીકી મારગનો એક શતરૂ તરીક અટકાવ કરનારોછે વાશતે જોકે પેહલો ઓશતાદ દશતુરી વીશયનો શરલઆતી મારગછે તોપણ હકીકી ઓશતાદનો ગોઆ અદેખી કરનારાવોની પંગતીમા લઈ જનારો એક ખાંમકાર અથવા નીચ મુલાં તરીકછે કે જેની ખાંમીઓ વીશે શલકુ વાલા શાહેબોએ ખુલું કરવામો કાંઈ બાકી રાખ્યુ નથી તે કાંઈ તમુને અંનજાંણ્યુ હોએ એમ ધારતો નથી.

૫. કેટલાએકનુ વલણ જેમ તરકે હેવાંનાત તરફ તેમ કેટલાએકોનુ મત તેથી ઊલટુછે તે ખરી વાતછે મગર દેખીતુછે કે દર અશલ નહી પણ થોરી મુદતથી એ મત રેવાજ પામેલુ હોએ—એમ ખાતરી બાએક ઠરી શકેછે કારણ કે હાલ તુરતનાં, તેપછી ૨૫) વરશનાં, બાદ ૫૦) વરશનાં, તારબાદ ૧૦૦) વરશ ઉપરનાં, એ ચારેનુ કમપેરીજંન આપણને ખુલુ કરી આપેછે કે હાલનો ભોગવટો બશેતમ વધી પોડેઓછે તારે ૧૦૦) વરશ પેહલાં એ મતની અને એ અએમાલની કોતાઈ નાબુદી તરીકે હશેજ તે હમો કાંઇજ શક નથી શબબ તે વીશે શેવકનુ આક્રશંણ ઉદપણાંથી ખંતી હોએ એમ નથી પરંતુ જે વલંણ કે શેવકને વાલી રહુછે તે વીશે તો આલબતે કાતએ બુરહાંન કાશી થઈ શકશે ને શાએલની તશલી આશાંનીથી કરી શકાશે હેવી ઊમેદછે પછે તો જોઈએ ઇનાએતે એજદીનુ વલણ કહી તરફ જોર આપેછે.

૬. ઓશતાદ શાગરીદ બાપ બેટા ભાઈઓ ભાઈ અને એક ઓશતાદનાં બે શરખા શાગીરદો છતાં તેમનાં મત એક એકથી જુદાં પોડેછે તે બેશક કે કુદરતે ઇલાહીનો એક નાદેર નમુનોછે અને ખરૂંછે કે એ ચમતકારી બનાવ તરબીઅત ઇઆ શોહોબતથી નહી પણ દરએકની પુરવે શુકરીતનું કારણછે તેથી તમો શાહેબને અંનજાંણ્યુ હોએ એમ શેવક ધારતો નથી એ બાબે શેવકનો વીચાર પણ એજછે કે અબશ વખત શુ

જારવા કરતાં પોત પોતાને શાર ભેદનો વીભાગી કરવા પેરવી પેબંદી અને નોકતી શાંમગીરીઓની તઇઆરીઓથી તઇઆર તથા લાએક થવું બેહતરછે.

૭. બે ચાર લાઇનનાં લખાંણથી દીન આઇનની બારીક વાતો વીશે તશરીહ અને તશરી થઇ શકતી નથી તે બીલાશક દેખીતી વાતછે અને તેહેકીકછે કે એ વીશયમો વખતનો ખરચ કરવો તે કરતાં કાંઇ સારથક વીશે વીચાર રાખવામો આવેતો અલબતે ઉપઇઓગી કેહેવાને કાંઇ બાધક નથી કદાપી હેવી બાબતોનો શોક લાગેતો તે અગરચે અજબ જેવું લાગેછે તોપણ તેમાંથી હીકમત મારેફત શફવત અને ઇગાંનગતનાં ઘણાં ખરા ચમતકારી દાખલા મલી આવવા જેવુંછે કે જે મેહજંદની ચડતી પાએગીનાં ખાશ કરમાંનો શીરફ ખાશ લોકોને વાશતે (અવાંમ ટોલાને વાશતે નહી) છે કે જેનો વઇભવ ખાશ લોકો કદીમુલ અઇઆંમથી લેતા આવ્યાછે તેની નાશતી નાબુદી પાછલા વખતમો આશતે આશતે થતાં કહે દરજે આવી પોહોચેઆ છીએ કે મુલ શરઇઅતનાં પેહેલા મારગમાં જે ઉપલી ચાર બાબતો બુરકો હોડીને ખુને બેઠીછે તેહેની કદર બુજ જો કે ઘટતી રીતે થવી જોઇએ તે વટીક તે વીશઅ જાહેલ બેખબરાવોની જાશતી શંખ્યાવાલા અવાંમી દરજાનાં શાહેબોને હાથ પડેઆથી તેહેની કદર બુજ બીલકુલ પાએમાલી અને લગત કોબીને તાએબે થઇ પડીછે તે વીશે કેટલુ દુખ ઉપજવુ તથા ઉપજાવવાની અગતછે તે વીશે તમારા ખાશ વીચારોને તકલીફ આપીને જે અરથનો અંનઅરથ થઇ પડેઓ છે તેહેનુ તોલ વજંણ કરવાની જે આપરી ખાશ ફરજછે તે અદા કરવી જરૂરછે શાથી કે એ કારણ ઊતપંન થવાથી વફાદાર લોકોને જે ચોટ લાગીછે તે અબશ કેહેવા લાએક તો નથી તે બાબે ઘણુ લાંબુ કરવું તે ગોઆ લુકમાંનને હીકમત શીખવવા જેવુછે તોપણ ફીજમાંને કેટલાએક દાંનાવો મેહેજંદનુ ઇલાહેદાપણું નહી શરખુ ગણીને તથા તેહેના હકાએક દકાએકનો કુલ શમાશ જાંણે કેહજંદ કે જેનુ વજુદ તથા શરૂપ પાછલા દશતુર શાહેબોની મશાતગીથી બરપા તથા રોનક અવલ થએલુ ખાતરી લાએકછે તે છતાં તેમાંજ જાએગીરછે એમ શમજેછે શમજાવેછે અને ગફલત ખાએછે તથા ખવડાવવાની જુઠી બીનપાઆની દલીલો કરેછે

તે જોતાં નીશચએ એટલુજ થાએછે કે એ શાહેબો બજાતે જેશમાંનીની
નાશકારક લાભમાં જાવેદાંની અમુલ ફાએદાવો જે મેહેજંદના ખાશ આ
શરાથી પોતાની જીંદગી જાવેદગીથી કાએમ રાખતા આવ્યાછે કે જેની ફ
જીલતની વખાંણ દોજખાંની આશકોથી થઈ શકે હેવી નથી તેહેનો દાવો
બેજબાંન શાહેબો બલતવારીથી કરવા માંગેછે અને બે તલવારોનો એક મે
આંનમો શમાશ દેખાડવાની ખંતી કોશીશથી પોતાનાં હાથ પગ ઝીંકી
નાખવામો જરા ઓજર બાફ કે રેહેમ લાવતા નથી તે શરવે જાહેર બા
હેરછે તેથી મુખતેશર કરી બેઅદબી માંફ માગી એ બાબે તમારૂ ખાશ
મન ઓાલખવા જાંણવા ચાહુછુ તે વીશે કોઈબી જાતનો દરેગ રાહાજની
કરશે એમ ધારતો નથી.

૮. જે એક લાગત કે એક વેલા બખાએો તેહમાં જો કબી એ
કદા હરફ કમબેશ અથવા ઊલટ શુલટ પડી જાએછે તો તે પાછલથી કો
ઈ વેલા અશલ હેતુનો નાશકારક થઈ બાધક લાવી નાખેછે તે વાત બેશ
ક બેશુમાંન તથા મોહોટાં માંન શાથે કબુલ રાખવાને ઘટમાંનછે પરંતુ મા
હારા મેહેરબાંન શાહેબ એ વાત ઘણું કરીને માહારા જેવા બીચારા નાકે
શ શેનકોને લાગુ થવા જોગછે કાંઇ તમારા જેવા પુરવીણ પાકા અને પં
ડીત શાહેબોને લાગુ થઈ શકે હેવી નથી તે વીશે એટલુ હીમતથી લખીશ
તે શંબધ અંનરથ જેવુ નહી કરશે કારણ કે હરેક વીદવાંન મંતરી શાહે
બો પરથમ હરેક ઇમારતનાં પાઆની મજબુતી કરી તે ઉપર દીવાર ઊભી
કરવાની તઇઆરી કરેછે હેવી રીતે એ નાંમવર શાહેબો બોલીજીરછે તેહ
નાં પ્રત્યક્ષ દાખલાવો આપરી આંખો આગલ જીવતા અને મોજુદછે તે
વીશે અમાંન બીલ બઆંનછે તારે તેહેને પીનહાંની વ નેહાનીમા રેહેવા
રાખવા જોગ કહી મઆકુલ દલીલછે કે એ આશકારને છુપાવી શકશે
કાંજે એ શાહેબો બાલબાલનો તો શું પણ હરફે હરફોની પેહેની દરાજી
અને ચુંદગીનો ઇમતયાજ રાખવામો જે તેજ ચશમી અને બારીકબીની
વાપરવાને ખંતી હોએછે તે બેશક કે ખાતરી લાએકછે બશછે અને માં
ન આપવા જોગછે તે શરવે તમો શાહેબને નેક રીતે વીદીત અને પ્રધ
મછે શબબ હાલ તુરત એ અધુરી શુચનાં બશ થશે એમ શમજી મુખ
તેશર કરૂ છેજી કે મબાદા ગુલ તતવીલથી કંટાલો નહી થવા પામે.

૯. હમારાં મત કાંઇ આશમાંનપરથી આવ્યાં નથી તે વીશે તેહકીક કે શેવક ના કાએલ થવાને ના કાબેલછે કારણ કે શ્રી ખોદાવંદાંન ખોદા એ બરહકની બખશેશ અને બખશાએશોથી જે ફજીલત ફજાએલ તથા ફવાજીલપણું તમો નાંમવરનાં મોબારક નાંમપર નાંમજદ થઊછે તે ગોઆ બહારેશતાંનનાં ચમનોની પેરે મઘમઘી તથા ઘમઘમી રહુછે તે હુજત કાંઇ નાબશ થાએ હેવી નથી બલકે એ ચમનોની ખુશબો ખુદ ગવાહછે તારે મુજ નાદાંન ઇચ મદાંનનો શું જોહરે અને શું ઇઆરા કે તમારા કીમતી મતની શંજીદગી બરાબર રીતે કરી શકે બીજા ઇગાંને દેહરનાં ચેતાબ ધારી શાહેબોનાં વીચાર તેમનાં તરફ તેમની શાથે પણ શેવક તો પોતાની નીરબલ શકતીનો ઇકરાર કરવાની જોગવાઇ જવા દેવાને ચાહાતો નથી તે એછે કે તમારાં મત આશમાંનપરથી ઊતરેલાં તો શું બલકે હજરત શત ઇઆજદાંન શ્રી બેહમંન અમશાશફંદનાં આશમાંનથી ઊતરેલાં શેવક શમજેછે ને કંબી શમજેતો તેમાં કાંઇ એબ અશકાલ નીકલી શકે તેવુ નથી વાશતે લાજંમ કે તે મઆબુદે કુલી વજુદની બુજરગી તથા માંનવંત બખશેશાતનો ઉપભોગ ઉપઇઓગી રીતે કરવાની મંમતા રાખવી જોઇએ પછે તો જે કાંઇ મરજીએ મોબારક.

૧૦. હવે જારે કે ઉપર મુજબ તમારાં મત ઘણું કરીને ભગવતી હોએ એમ શાદ્ધ થઊ તારે તેનાં થોરા લાભમો હમારો પણ હીશો પાડવો એમ જરૂર જણાઊ શબબ બીજા શાહેબો કરતાં તમો મેહરબાંન શાહેબને જરા વધારે તશદી આપવાને ઊલટ થએો તે એછે કે ઇશલાંમીઓમાં શીર બેશીર હીંદુઓમો ભેદ અભેદ અને બાલેશ ફારશી એટલે જે દરીઓ પરબીદ અપરબીદ હેવા શબદો મલી આવેછે તેહેની તેહેતે લવજી તથા ઓરાદી માંએની શું હશે અને તેહેની બુનબેખ શું હશે અને એ શીવાએ ફારશીમાં બીજા બોલથીબી બોલાએછે કે શું ? અને જંદ પાજંદ તથા પેહેલવીમાં એ બોલોની તબદીલનાં બોલો શું શું હશે તેહેનો ખુલાશો તમો શાહેબથી મલશે હેવી ઊમેદવારીમો બાતરી પુરવક માંની લઇ અરજ કરૂંછુ કે મેહરબાંનગીની રાહે તશદી લઇ પેહેલી જોગવાઇથી આ પતનો જવાબ લખશો તો અઇન અલતાફ જીઆદે થાકમા ફ્રેકે હદ.

હરેક દશતુર શાહેબો ઉપરે ત્રણ શવાલો માતરે કર વામો આવેલા તેહને માશ ૧૬ ની મુદત વહી ગઇ પણ જવાબોની ઇનાએત અતેઆર શુધી પોહોચયા કરેછે તેથી તેહનો શાર ફરીથી થએલી ફરમાશ મુજબ નીચેની વીગતેઃ-

પેહેલા શવાલની પોટ કલમો.

૧. ઇઅજદાંપરશતી ફટલે શું, શી તરે થતી આવી, ને થવી જોઇએ.

૨. ઇઅજદાંપરશતી ફકત શ્રી અહુરમજદનીજ ઇઆદથી થાએછે કે તે શીવાએ કોઇ બીજી રીતછે કાંઇ બીજો મારગ કીંવા બીજો કાંઇ વીશયછે.

૩. પારશીઓનો જે બેતાબ ઇઅજદાંપરશતીનો તે શીરફ શ્રી અહુરમજદનીજ ઇઆદથી પ્રાપ્ત થએઓછે કે કાંઇ બીજા શંભવીક શંજોગથી થએછે.

૪. જારે ઇઅજદાંપરશતી કોઇ એક બીજી રીતે કરવાનો ચાલ શાબેત થાએછે તારે પારશીઓ ઉપર તોહોમત આવવાં જોગ તેમનાં દેખીતા અમલો તથા ભોગવટાને વાશતે નડાવકારક થઇ પડ્યાછે તે વીશે ઇલાજ લેવા જોઇએ કે નહી.

૫. પારશીઓ ઉપર ધી રેવરેંડ મી૦ ધંનજીભાઇએ અથવા બીજા કોઇ દાંનાવ શાહેબની કલમથી શને ૧૮૫૧-૬૧-તથા ૭૧ માં ત્રણ મરતબે એકજ બાબતનુ જે તોહોમત મેલાએલુ આજ ૨૨) વરશની લાંબી મુદતની પીડાકારીમાં પીલાએછે તેહેનો ઘટતો ઇલાજ કોઇબી જરતોશતી હકીમે હાદેક તરફથી લેવાઓ જોઇએ તે લેવાએછે કે નહી !

૬. અગર લેવાએછે તો તે તમારા બારીક રશ વીચાર પરમાંણે મ આકુલછે કે શી તરે.

૭. એ તોહોમતી ચોપાંનીઆં વીશે તથા તે બાબતમાં થએલા રદીઆવો વીશે તમો શાહેબને જાંણ થઇછે કે નહી.

૮. અગર જાણવામાંછે તો એ રદીઆ તમારા આજેજ શેવકને મેલવી આપવા તથા તેનાં બનાવનાર ગરહશથોનાં નામ ઠાંમ અને તેમની એલમીઅત વ બુઝ્રગી વીશે તમારી વાકફગારી મુજબ કાંઇ થોરો વીશતાર આપી શકશો કે શી તરે ?

૯. એ રદીઆ નાકાબેલ શરખા ધારતા હશો તો તે વીશે કાંમેલ
અને કાબેલ રદીઆ કેહવા જોઇએ.

બીજા શવાલની પેટા રકમો.

૧. ફરવશ ફરવક્ષ ફરવશે ફરવશીઓ ફરવશીમ ફરોહર વ રવાંન
એ શાતે શબદોનો અરથ શું ?

૨. એ શરવેનો અરથ કદી મુલ આઇઆંમથી ચાલતી આવેલી નહે
મ એશતી મુજબ જે કુલે ખાશોઆંમની શમજુટ ફકત ગુજરેલાં રવાંનો
એટલે રૂહ વીશે થઇને રેવાજ ચાલેલોછે તે મુજબ એ શરવે શબદોથી
કોઇ એકજ ચીજની મોરાદછે કે તે વીશે શમજવાં શમજાવવાનો શારે
મેદ જુદોછે એટલેજે એ શરવેનો અરથ જુદો જુદો થઇને જુદી જુદી
ચીજોછે કે શી તરે.

૩. અગર એ ચીજો જુદી જુદી નથી કે જેથી તે શરવેનો અર
થ ઉપર મુજબ એકશરખો થઇ શકે તારે તેથી હાલ જમાંનાંની ચાલતી
ચરચા પરમાંણે કાંઇ નરાવ આવવા જેવુ દીશેછે કે શી તરે ?

૪. જો કણી એ શબદોનો અરથ જુદો જુદો થાએછે તારે
તે દરએકનો મરતબો પણ જુદો જુદો અથવા કંમબેશ હોવો જોઇએ દુ
ટલા શારૂ પરથમ તો એટલુ નીશચે થવું જોઇએ કે એ ચીજો જાતીછે
કે શેફાતીછે અને કુલછે કે જુજછે તારબાદ તેવો દરએકની અશર તા
શુર વીશે તેમની કારગુજારી તથા ઓહોદેબરાઇ વીગે નીશચે કરવુ જોઇ
એ તે બાબે મેહરબાંનગીની રાહે ગોરે બલીગની શાથે કોણ જાતે જાતી
અને કોણ શેફાતીછે અને કોણ કુલ અને કોણ જુજછે અને કહા કહા
ઓહોદા ઉપર તેમની નીમનોક તેહેની ખોલાશેવાર હકીકત લખી જણા
વવી જોઇએ કે જેથી ઉપજતા તથા નીપજતા શક શુબેહ દુર થાએ વ
લી એ શબદો બીજી ભાશાઓમાં કહા નાંમોથી ઓળખાઇછે તે વીશે પ
ણ તશદી લેવી.

૫. રોઆંન ફરોહર તથા ફરવશી એ બંણેનો શંજોગ કુદરતે જે
હેતુથી કીધેલો તે ઉપર વીચાર કરતાં તો એ બંણેનો ઓહોદો, મરતબો
જુદોજ હોવો જોઇએ એમ શંભવેછે મગર તેહેનો ખરેપણે નીશચે હા
લ તેકુબ રાખી તમો શાહેબનાં અનુમત ઉપર એ વીશય બંધ કરૂ છેઉ.

તીજા શવાલની શાર કલમો.

૧. કદીમથી નહી પણ નજદીકનાં ગેર મુકરર વખતથી આશતે આશતે જારી થઇ હાલી જુલમાત ભરેલી રીતે વધી પડેલો જે ગોસ્તનો ખોરાક કે જેનુ નાંમ લેતાં કમકમી થાએછે તે હેવી નજીશાઇ બે રેહેમી અને બેશરમાથી કુલ ખાશોઆંમ જરતોશતી ટોલામો વીખરાઇ પંથરાઇ તથા ફેલાઇ રહેછે કે તે જોઇ દેવ દરૂજો ખુશહાલ થઇ અંગુશ્ત નુમાઇ કરેછે ને બીચારા ફરેશતેરૂપી ઇમશાંનો શરમાઇને અફશોશથી ખુન જેગર નોશ કરેછે તે બાબે અરજ એટલીજ કે એ વીશય શમનથી તમારૂ પેતાનુ ખાશ મત કહી બાજુપર વલણ આપનારૂંછે તે બાબે શવીશતર ફશીલ દાખલા શાથે કુરપા કરવી જોઇએ.

૨. શેવકનાં વલણ તથા અનુમત પ્રમાંણે એ વહીવટ અયોગ્ય કરંમનુંછે તે શમનથી અટકાવ થઇ શકે હેવો કાંઇ ધરંમનો કોરડો તમારા જાણવામોછે ? અગર છેતો તેહનુ યથાશથીત બઆંન મેહરબાંનીની રાહે આપવુ જોઇએ. અગર નથી તો તે વીશે ધરમ મારગ તથા ગીનાંન મારગમાં શું શું આગના તથા ફરમાંનો આવેલાંછે તેહની તફશીલ યથાયોગ્ય મેહરબાંનગીની રાહે જણાવવાની અગત્ય શમજી તે બાબે તશદી લેવાથી કંટાલવું નહી.

૩. ઉપલી બંધે બાબતોનો ખોલાશો આપતી વખત નજદીક વખતનાં પરખ્યાત રાવી લોકો કે જેવોની રેવાએત ઉપર હાલ શમે અગત્ય જોગ ધારાવોનો પાઓ મજબુતી ભરેલી રીતે મુરવેજ હોએ હેવી ખાતરીછે તે શાહેબો તથા તેવાજ તેમની આગલ પાછલનાં બીજા નામાંનકીત દશતુર શાહેબોનાં કોલ નીચે મુજબછે તેહનો અરથારથ નજર મોબારકમા રાખવાની ભલાંમણ મોહોટી નમનતાઇ શાથે કરૂ છેઉ તેની વીગત નીચે મુજબ—

૧. એ શાહેઓનો પેહલો કોલ એછે કે જુબહીઅત ખુદ મોબેદ શાહેબ શીવાએ બીજાએ નહી કરવી એટલેજે બેહદીનનાં હાથની જુબહીઅતથી એ શાહેબોએ રવા રાખી નથી બલકે નારવા ઠેરવીછે તે ઉપર.

૨. મજરૂહ થનાર ગોશફંદ જવાંન નહી પણ ઘણુ જઇફ બલકે કઝીબુલ મરગ જોઇને લેવા ફરમાવેછે તે ઉપર.

૩. મોબેદ જુબેહ કીધા બાદ તે ગોશફંદના હકત અંદામ નીવાજ શી હોમ ઇજદની નઇઅતે બરશનુમ વાલા મોબેદ ઇજી તેમાંથી ચાશની કરવા વીશે ફરમાવ્યુંછે અને ચાશનીનો હોકમ તેવોએ કહેઆ મ હલને શારૂ આપ્યોછે અને ચાશનીથી તેમની મુરાદ શું છે તે ઉપર. ધ્યાં ન આપતી વખતે નજર રાખવી જોઇએ કે શીકંમ શેરાથી ખાવાની પર વાંનગી તેઓએ આપીછે કે એ હોકમથી શગીહંન તેમનો હેતુ મનાઇ નો કરેછે કે શી તરે તે ઉપર.

૪. હજરત ઇગાંને બારગાહે શમદીઅત આલીરૂતબત જનાબ શેહન શાહ જમશીદને દીવ લોકોએ ફરેબથી ગોશત ખવાડેલ હતુ કે જે વીશે ઇજશનેમો કાંઇ ઇશારો આપ્યોછે કુરીને ફરમાવ્યુંછે તે ઉપર.

૫. જાગજા અવશતામો જે મનાઇ આવીછે તે ઉપર તથા ચાલતો વહીવટ જે ચોકશ દીવશ તથા માશ એટલેજે.

૪, હમકારા, આબો બહમંન મહીનો, ગાહામબારનાં તમાંમ દીવશો અને શાદી ગમીનાં હંગામી ચોકશ દીવશો તથા તે શીવાએ ઇઅજદાંની ઇઅજદાંપરશત શાહેબોનો જાહેર કાએદો જે શીરૂજમાંનથી તે આજ પરી અંત મુરવેજછે તે શરવે બાબતો ઉપર.

૪. ઉપલા ધારા રેવાજ તથા ફરમાણો વીશે હું ખાતરીથી જાંણુછુ કે તમો શાહેબ તે વીશે આછી રીતે માહીઅતગાર છેઓ શબબ અરજ એછે કે એ ખાતરી વીશે કબી શેવક કાંઈ ભુલ ખાતો હશે તો મેહરબાં નગીની રાહે ખોલાશો કરવામો આંચકો ખાવો નહી કે જેથી શેવક ભારે આભાર માંનીઅ થશે.

૫. હાલી રેવાજ પાંમેલા ખોરાકનાં આધારથી જે શરવે લોકોને ખમીર થઈ પડેલછે તેમાં કદાપી કોઇ શખશ પોતાની દેહ શુધીને શારૂ એ ખોરાક તરક કરેતો તેથી કદીમ હકીમોનુ (હાલનાં ડાકટરોનુ મત જોઈતુ નથી) એટલેજે હરતાશપી હુકુમાવોનુ કાંઇ હેવું મતછે કે એ ખોરાકનું ખમીર છતાં તેહને વરજીત કરે એટલેજે તરક કરેતો તેથી તેહની જીંદગીને નુકશાંન પોહોચે ઇઆ તંનદરૂશતીનો ખીગાડ કરે એ બાબે તમો શાહેબની જેવી માહીઅતી હશે તેવો કમાહકકુ વીશતાર આપવો જોઈએ મગર એ જગાએ શુચનાં એટલીછે કે હાલી હેવા વરજીત એટલેજે તા

રેક લોકો હેવાં પોતાનાં આગલાં અમીર છતાં પાછલથી તેહનો ત્યાગ કરીને જે શારી શુખાકારી, અકલની ઇઆરી અને અમુલ્ય ગીનાંન વીચારીમા પોતાનો બેમુલ વખત ગુજારેછે તેમનો દાખલો નજર મુબારકમા રાખી ખુલાશો કરશો હેવી મજબુત ઊમેદછે.

ઊપલા પત્રનો જવાબ આ૮ દીન શુધી આવીઓ નહી શબબ એ વીશે હમારો વીચાર નીચે મુજબ:—

આએ નાંમવર ગરહસ્ત જંદ, પેહલવી, ફારશી, દરી અને અરબી તથા શંશકરૂત ભાશામો એક નામાંનકીત અને ફરેંચ, ઇંગલીશ તથા લેટીનમાં પણ એક વખાંણવા લાએકછે એટલુજ નહી પણ એ નામદારનાં ઘરાંણાંની રીત પરમાંણે હરેક એલમોની માહીઅતી રાખનારછે તેહની શહાદતમો એ શાહેબનો પત્ર જે શેવકને મલેલો ઉપર દાખેલ કરવામો આવ્યો છે તે બશછે કે જેમાં પોતાનાં કેબલેગાહ શાહેબનાં અનુમત શાથે એક મક્ષતા થવા વટીક નાપાડીને હમોએ જે કાંઇ ખોલાશો માંગવો હશે તે બાબે એવોને બીલાહેદુ પુછવાની છુટ તથા પરવાંનગી આપીછે.

શોકર તે પાક બેન્યાજ મઆબુદે મુતલકની જનાબમાં કે એ પરવાંનગીના આધારથી જે એક છેલો પત્ર આ તરફથી લખવામો આવ્યો છે તેહને માશ ૩ ની લાંબી મુદત ગુજરીછે તોપણ તેહનાં જવાબની ઇનાએત થઇ નથી. હું ધારૂચ કે કાંમની ઇફરાત શીવાએ બીજું કારણ નહી હશે. ખોદા કરેને ખુશહાલી શીવાએ બીજુ કાંઇ નહી હોએ. ખોદા શાહેદ હાવી ગરીબ નવાજીની નજર છતાં દેર થવાથી બેશક કે હમારી એક મોહોટી દીલગીરી તથા ફીકર ભરેલી અવસથા થઇ પડીછે એટલુંજ નહી પણ એક મોહોટા વજંણની તાજુબી થઇ પડીછે કે એ અંતચીતવેલા અટકાવનુ શું કારણ હશે તે કાંઇ હમારા નાકશ વીચારમો આવી શકતુ નથી મગર ઊમેદછે કે વાંચનારા બારીકબીન શાહેબો અલબતે એ કારણ શોધી કાહાડશે તેથી મુખ્તેશર કરૂંછુ.

શ્રી મુંબઈનાં મીર મુનશી અરદેશર ડોશાભાઈ જે. પી. ઊપર તા૦ ૧૩ મી નવેમબર શને ૧૮૭૩ ને દીને કાગજ લખીઆ તેની નકલઃ—

વીનતી એછે કે નીચે લખેલા ત્રણ શવાલો શેવક તરફથી આપરા જરતોશતી ટોલાનાં તમાંમ શરગીરો શાહેબો ઉપર કરવામો આવેલા આ જ શુધી તેહેના જવાબ બા શવાબ મલેઆ નથી હેવા વખત ઉપર મરહુમ સુરખી બાવાજીનો બાપ પોહોઆ કે તે શાહેબ એ બાબતની ઊકદે કુશાઈ પણી આશાંનીથી કરી શેવકની હાજત પુરી કરતે મગર કમનશીબે કે તે વખત જઈ ચુકેઓછે, તોપણ તે ગુફરાંનનાહ સુરખીની જગો ઉપર માશાઅલા તમો શાહેબ કીફાએત કરી શખશો હેવી ઊમેદથી ઉપલા દરએક શવાલનુ શારાંઊશ તરીક કેટલાક શવાલો નીચે ટાંકી મોકલ્યુછુ અને ગુજારેશ કરૂંચ કે એ બાબતમો આકલી નકલી દલીલોથી અને જાહેર બાતેન એલમોનાં આધારથી ગોરબલીગ ફરમાવી જવાબની ઈનાએત કરવામો દરેગ તથા દીરંગી શહાજનોની રાહે ગુજર બંધ કરવાને જરૂર શમજશો કે જેથી શેવક ઘણો આભારમાંન થશે.

———o———

મુનશી શાહેબ બહમનજી ડોશાભાઈ ઊપર પત્ર ૧ મુનશી અરદેશર ઊપર લખો તે મુજબજ.

———o———

શ્રી શુરત રૂશતમપુરાનાં દશતુરજી દારાબજી ખરશેદજી ઊપર પત્ર લખો તેની મજમુન અરદશીર મુનશી ઊપરનાં પત્ર મુજબ.

———o———

શ્રી મુંબઈવાલા મોબેદ જમશેદજી શોરાબજી કુકાધારૂ ઊપર એજ તરીખે પત્ર લખો તેની નકલ નીચે મુજબઃ—

શ્રી મુંબઈ મધે મેહરબાંને મોબેદ મોબેદાંન ભાઈ જમશેદજી શુ. શોહોરાબજી ઊરફે કુકાધારૂ.

વીશેશ લખવા જરૂર એછે કે શ્રી હીંદુશથાંનનાં કુલે હમ દશતુર શાહેબો ઉપર કેટલાએક શવાલો આઇને જરતોશતી વીશે લખવામો આવેલા તેહને લાંબી મુદત ગુજરી ગઈ પણ તેવોમાંથી જે જવાબો મલ્યાછે તે બા શવાબ નથી અને જેવોનાં જવાબની ઘણી અગત તેવોએ બીલકુલ જવાબ આપેઆ નથી હેવામો ખબર મલી કે ઘણું કરીને એ જવાબો તમે વાલી શકશો તેથી આજ દીને તમોને તથા બીજા એક બેમાલમ શાહેબોને પણ શમાગમે જે શવાલો કે ઉપલા બુજરગો ઉપર કરવામો આવ્યા હતા તે મુજબ તઈઆર કરી મોકલાછે. ઊમેદછે કે જવાબની ઇનાએત જલદીથી કરશો.

ઊપલા પત્રમાં કહેલા શવાલોની મતલબ જે પ્રમાંણે આલી જનાબ દશતુર હોશંગજી ઊપર શવાલો લખવામો આવેલા જે તેવોનાં મથાલાં નીચે દાખેલછે તેજ મુજબ ઊપલા ચારે શાહેબો ઊપર.

———o———

ઊપર કહેલા પ્રકરણ ઊપરથી ખુલુ નજર આવેછે કે જરતોશતીઓમાં વખણાએલા તથા માંનપાંમેલા ઓહોદેદાર શાહેબોએ પોતાનાં ઓહોદા તથા કીરતી વીશે કાંઇજ ખેઆલ કે કદર કીધી નથી એટલેજે હમારા શુજ જેવા શવાલોનાં જવાબ આપવામો આંનાંકાંની કીધીછે તે વીશે આએ ફકીર વધારે તકલીફ આપવાને બીલકુલ નારાજી તો ખરો તોપણ હેવો એક વાચાર ઊપજેઓ કે જે શાહેબો મુંબઇવાલાછે ને ખરેખર કે તે શાહેબો જવાબ આપવાની શકતી ધરાવનારાછે તેવોની શેવામો એક છેલી ઇઆદ આપવી અને તે મુજબ એ નાંમાંનકીત ગરહશતો ઊપર એક શરકીઊલર મોકલવાનુ મુનાશબ વીચારી તે મુજબ અમલ કીધો તેની શદાવરી નકલ નીચે દાખલ કરૂછુ તે દાંનાવ વાંચનારાવોની ખાતરીને શારૂ બશ થશે.

મુકામ માહીમ રોજ ૨૨ મો માહા ૪ થો શને ૧૨૪૩ ઇ઼અજદેજરદી.

શરકયુલર.

૧. દશતુરજી પેશુતનજી ગુા. બેહરાંમજી.
૨. દશતુરજી જાંમાશજી ગુા. મીનુચેહરજી.
૩. મીર મુનશી અરદેશરજી ગુા. ડોશાભાઇ જે. પી.
૪. મુનશી શાહેબ બહમનજી ગુા. ડોશાભાઇ.
૫. મોબેદ શાહેબ જમશેદજી ગુા. શોહોરાબજી ઊરફે કુકાધારૂ.

નાંમવર શાહેબોની શેવાઓ.

નીચે શહી કરનાર કંમતરની વીનતી એછે કે તમો શાહેબોમાં એક શાહેબ ઉપર ૫) પત્ર થઆ એક શાહેબે જોકે જવાબ વાલેઓછે તોપણ તે અધુરો હોવાથી તે બાબે ફરીથી તેવોને શુચનાં થઇછે ને બાજા શાહેબો ઉપરતો ફકત એકેકોજ પત્ર લખવામો આવ્યોછે હેમાં એક મેહરબાંન ઉપર લખવાને માશ ૧૮ ની મુદત થઇછે એકને માશ ૪ અને બીજાવોને માશ ૨) થઇ ગઆછે પરંતુ જવાબ મલેઆ નથી શબબ અરજ એછે કે જે જે મેહરબાંન શાહેબોને જવાબ આપવાની યોગ્યતા હશે તેવોએ આ શરકયુલર પોહોચાડનાર જોડે એકદમ મોકલી આપવા જોઇએ અથવા નહીતો આ શરકયુલર નીચે પોતાની શહીથી મરજી મુજબ લખી જણાવવું જોઇએ કે બીજી વખત તશદી આપવામો નહી આવે.

૨. ઉપલા શાહેબોમાં જે એક નાંમવરે હમારા શવાલો તકરારી બાબતનાંછે એમ ઠરાવી તેહનાં લખીત જવાબ આપવા નાપાડીને આ રીતથી એ જાતે તેવોની હજુરમાં હાજર થવા હોકમ ફરમાવ્યોછે તેહનુ તોલ શુમાર કરતાં આએ આજીજને થોડી અગ્રતી લાગતી નથી તોપણ બીજા હાથપર જેમ રમુજ તેમજ અફશોશ એ બંધેને શાક્ષી તરીક શાંમ શાંમી કુરશીઓ ઉપર બીરાજમાંન કરી વીચાર લીધાથી જણાઇ કે મોહોટી શરકારમો જવું થાએ તો તેથી તે જનારને કાંઇ શુબુકી નથી જારે કે એ વીચાર ખાતર નીશીન થઓ તારે આએ એક શુચનાં એ નામદાર શરકારની આલીજનાબમો કરવા યોગ્ય જણાઇ તે એછે કે જારે તે શાહેબની મરજી લખીત જવાબ નહીજ આપવા વીશેછે તો ફીકર નહી. આએ શેવક પોતે તેમની શેવામો હાજર થવાને મોહોટી ખુશી શાથે તઇઆરછે ને

તે શાહેબ જે કાંઇ જબાંની જવાબ આપશે તે શેવક પોતે ઇઆ બીજા પાશે તેજ વખત તેમનાં શમક્ષ લખશે ઇઆ લખાવશે તે ઉપર તેવોએ પોતાની બખતાવર શહી માત્રે કરી આપવાની તશદી તો લેવી જોઇશે અને તે મુજબ કરવાને તે શાહેબ રાજી હશે તો તેવોએ પોતાની ફુરશતનો વકત મુકરર કરી તે બાબે આમ્એ શેવકને આમ્એ શરક્યુલર નીચે ખબર આપવી જોઇએ. કબી એ મુજબ કરવાને પણ તેવો નારાજ હશે તો તેનો ખુલાશો આમ્એ નીચે લખી મોકલવાની પણ તશદી લેવી જોઇએ કે આમ્એનદે એ બાબે ફરીથી તેવુને તશદી આપવાની જરૂર નહી રેહે. હાલ એજ તશદી.

લા૦ કમીને ફીદવી જમશેદજી રૂશતમજી.
દશતુરાંન દશતુર અશપંદીઆરજી.
કાંમદીનજી મરહુમ ભરૂચવાલાનો સલાંમ.

એ શરકીઊલર ઊપરથી રાખેલી વહી અંતે ખોટી પડી કે એ શરકીઊલરમાં માંગવા પરમાંણે કોઇ શાહેબે પોહોચ તારીખ પણ નહી નાંખી આપીને જબાંની જવાબ જેમ જે શાહેબને ફાવતુ આવ્યુ તેમ શરકીઊલર પોહોચાડનાર શખશને શમક્ષ આપેઓ તે દરએકનાં જવાબ શુંછે તે વીશે એ શરકીઊલરની પીરે પોહોચાડનાર શખશ પોતાની શહીથી લખી આપેછે તેની નકલ નીચે મુજબછે તેથી વાંચનારાવોને બશ થશે શબબ મુખતેશર કરૂંછું.

કુકાધારૂ—જો થોડું થોડું હોએતો જવાબ આપુ તહમો એકદમ કાગળો ભરીને મોકલો તેનો શું જબાપ આપું ને હું પરવારતો નથી કે તેનો જબાપ આપું.

બમનજી—એ વીશે મને સું પુછોછો પુછવું હોએતો યજદાંપરશત ને પુછો તે જબાપ આપસે.

અરદેશરજી—પાંચ શાત દાહાડા પછી જબાપ મોકલીશ નહીતો તહમો આવજો.

જામારાજી—સુબાઇમો નથી.

પેશુતનજી—મુંબઇમાં આવ્યા તારે કહીઉ કે મને સમજ પડતી ન
થી તમો આવીને મહને મલી જાવો, તોપણ તે આવીને
મલી નથી ગઆ તે હું શુ કરૂ.

ઊપર લખેઆ પરમાંણે શઇ
આ૦ રૂશતંમજી ફરદુનજી ——

ઉપલા જવાબો જોતાં આએ બેવીજાઆત ફકીરને એક હશવા જો ગ રમુજ તેમ બીજા હાથપર એ શાહેબોએ પકડેલી મજબુત હીમત તથા દાનાઇ વીશે જરા વીચાર કરવાને ફરજ પડેછે તેમજ આશાછે કે વાંચનારા દાનેશમંદ શાહેબોને પણ પોતાની ફરજ બજાવવા ધાણુ કરીને હમારી શાથે મલતા થવું પડશે કાંજે શવાલે દીગર જવાબે દીગર તે કાંઇ છુપુ નથી તોપણ એ જવાબો વીશે હમારા ટુક વીચાર શુંછે તે નીચે મુજબ લખી એ પ્રકરણ બંધ કરૂછુ તેહેની તફશીલ નીચે મુજબ:—

૧. દશતુર શાહેબ પેશુતનજી.

આ નાંમવર શાહેબ ઉપર માશ ૧૯ ની મુદતમો હમારા શવાલોનાં પેહલા કાગજ બાદ તે વીશે કેટલીક વખત જબાની પેગામથી જવાબની તલબ કરાવેલી તેથી કાંઇ મતલબ હાંશલ નહી થઇ તારે કેટલીક વેલા લ ખાંણથી જવાબની ધનાએત થવા વીશે ફરીઆદ આપવામો આવેલી તે શરવે નીશફલ ગઇ અને જવાબ નહી આપવાની મરજી પાર પાડવા શરૂ એ નાંમીચા શાહેબે જે વખતે વખત જુદી જુદી રીતે અખાડા કીધાછે તેનો ટુક શાર વાંચનારા મુનશેફોને વાશતે નીચે ટાંકુછુ.

૧. કેહવું એમ હતુ કે હું ફુરશતથી જવાબ લખીશ.

૨. તારબાદ ફરમાવું કે ફુરશત કાંઇ મલતી નથી તેમ કાગજખી હાથ લાગતો નથી તે ફુરશતથી શોધી કાહાડી જવાબ મોકલી આપીશ.

૩. શંદેશો એમ મલેઓ કે પોતે મકાંનમો બીરાજમાંન હતા તે છતાં નાપાડી કે ઘરમો નથી.

૪. બોલવુ એમ હતુ કે કાગજ ધુંડેઓ પણ ખોદા માલુમ કાંહાં મુકીઓછે તે મલતો નથી તેથી નાચાર છેઉ.

૫. રૂપ એ હતુ કે એ કાગજતો જડતો નથી—તે ઊપરથી બીજી નકલ મોકલી આપી તારે,

૬. વેશ એ હતો કે તમો પોતે રુબરૂ મલીને જવાબની શંમજુતી

કરી લેઓ. એ ઉપરથી એ શાહેબની ખીદમતમા જાતે જવાની ફરજ થી ધા તારે કેટલાએક વફાદાર બેરખાહ શાહેબો જે એ નામવરની ગીતમા તનાં વાકફકાર તેઓએ રૂબરૂ જઈ જવાની શમજુત લેવા નાપાડી તેથી રૂબરૂ જવાને ઠાવેલો ઠરાવ તેકુબ કરીઓ.

૭. શખુન એ હતો કે એ શવાલો તકરારી બાબતનાછે તેથી લખીત જવાબતો કદચાત આપવામા આવશે નહી માટે જરૂર હશે તો રૂબરૂ મલી બોલાશો લેવો. એ બાબતમા એક માત્રે પોતાની ચીઠીથી જે ખબર આપેલી તેની શદાવરી નકલ નીચે દાખેલ કરીછે તેથા વાંચનારા શાહેબોનાં દીલ રોશંન થશે —

ઊપર કહેલી ચીઠીની નકલ.

મેહરબાન ભાઇ જમશેદજી રૂશતમજી.

જત તહમારા ફરમાવીઆ મુજબ હું દસતુર પેશુતન પાશે ગયો હતો અને કહીઉ કે એઓના પતરોનો જવાબ મેહરબાની કરી આપો તે ઉપરથી એઓએ (દસતુર પેશુતનજીએ) જબાપ આપાઓ કે, એતો તકરારી બીનાછે તેથી એનો જબાપ લખીનેતો અપાએજ નહી. તા૦ ૧૫ મી જાનેવારી સને ૧૮૭૪ ઇશવી.

લા૦ શેવક, **રૂશતમજી રતનજી**

ભરૂચાની સલાંમ વાંચજો.

ઉપલા ચીઠીથી ઉપલો વાંધો શીધ થાએછે.

૮. શરૂપ એ હતુ કે જે ઉપલા શરકુલરનાં જવાબમા ધારણ કીધુ હતુ એ શરૂપ કહી જાતનુ છે તે શરકુલર પોચાડનાર મોબેદે તેની નીચે પોતાની શહીથી લખુંછે તેથી શાફ માલુમ પડેછે કે એ છેલા વેશમા જાણે પોતાનુ અશકતપણુ જાહેર રીતે દેખાડેછે એટલેજે પોતે હેલું ફરમાવેંછે કે એ શવાલોમાં એવોને કાઈ શમજ પડતી નથી.

ઉપર મુજબ જે જે વેશ એ શાહેબે ધારણ કીધા તેનુ બીજુ કારણ કાંઇજ નહી પણ લખીત જવાબ નહી આપવા શારૂછે. લખીત જવાબ નહી આપવાનુ કારણ અશકતપણુજછે કીંવા કાંઈ બાધક બંધંન થાએ તેનો ઉપાએછે તે વીશે ગેબદાં બોદાછે તોપણ દાંનાવો ખુદ શમજી શકેછે કે ખરૂ કારંણતો કાંઇક અશકતપણુ અને કાંઇક બાંધક બંધંન જાર ગયો તેમ હોએ તે વીશે આગે ફકીર વધારે જોર નાખવાનુ મુના

શેબ જોતો નથી શાથી કે જોર બતાવવાનુ જે છે તે જોરાવરોની શાથે લાજમ મલજુમ થએલુંછે તેથી એ કાશો એટલેથી મુખ્તેશર કરૂછુ મગર મુખ્તેશર કરતાં એ શેઆંનાં ભાઇને શુચનાં કરૂછુ કે આ શંબલાવેશની પરથમથીજ જરૂર નહી હતી કાંજે એથી તમારા ઓહોદાની અપકીરતી તમોએ પોતે કીધીછે એમ શીધ થાએછે કાંજે દશતુરાંન દશતુરીનાં ઓહોદાને તેહેની ઇજતને તેહેનાં બુજરગોને તેહેનાં એલમ તથા મોઆલંમને ભારી ઝાંક બવાડેછે તે કાંઇ હમારાથી છુપાવી દબાવી ઢાંક પીછોરા કરી શકાએ હેવું નહી તેથી નાચાર ટુકાંમો હમારા લંગડા ટટુની લગામ ફેરવી લઇછું.

ખોદા, ખોદા આ શું જમાંનો અને શું તેહેની તાશીર કે જેથી એક માંનવંત અને કીરતીવાંન ટોળો કેહેવા તલેશમાત અને કેહેવા વંમલમો આવી પરેઓછે કે એક તરફથી યઆજદાંપરશતી ઉપર પાંણી ફરી ગઇ અને બીજી તરફથી શરઇઅતનો પાઓ પણ લુલો થઇ ગઓ અને એ બંધે ફેજબક્ષ નાંમવરોનાં બદકાર શત્રુ લોકો જે દુરગુણો તે આગલ વધી આવ્યા ને પોતાનુ જોર તથા અમલ બેશાડી બીચારા શદગુણોની ફેકડી તથા ધીકારત કરેછે નાચાર જે કાંઇ ખાશતે ખોદા.

દશતુર શાહેબ જાંમાશજી.

આએ નાંમવર ગરહશતને ફકત જે એક શવાલનો જવાબ બાકી છે તેને શારૂ એ નાંમદારનુ પનોતુ નાંમ ઉપલા શરકુલરમો દાખેલ કરવામો આવેલુ પરંતુ એ શાહેબની ગેરહાજરીને લીધે એ શરકીઉલર તેમને પોહોચેઓ નથી તેમ તે બાકી જવાબની હાલ તરત કાંઇ ઉતાવલ જેવું નથી તેની શાથે ખાતરીછે કે એ ગરહશત બાકી જવાબને શારૂ ઝાઝો દરેગ નહી પકડશે શબબ એ મેહલ ઘણુ કરીને ચેખું કરવા જોગ નથી. પરંતુ એટલુ તો નીશચેછે કે હમારા છેલા પતને પણ એક લાંબી મુદત ગુજરવા છતાં ખાંમોશી પકડીછે તેમાં કાઇ નહી પણ એકાદ હલકુ કીંવા ભારી કારણે એવુજે શશદરમાં નાંખેઆછે તો ઓર એવોએ કીધેલી વાએજની લખીત કોપી હમોએ માંગેલી તેતો જરૂર કરીને મોકલવી ફરજ હતી તે વીશે પણ આખાડા કીધાછે તે જોતાં તો શાફ દેખાએછે કે જાંણે તે વાએજ હમોને દેખાડવાની નહી પણ ખાલી ભભકા તરીક

હમોને ચેતાવવાની અને અંનજાંણાં લોકો જે શમજી નહીં શકે હેવા લો કોમાં માંન મેલવવાની હોએ બેર ગમે તેમ હોએ તે વીશે વધારે વીશતારની ગરજ જોતો નથી.

મીર મુનશી અરદેશરજી "જે. પી."

આ ગરહશત એક તારીફ પાંમેલા માંનવંત ખાંનદાંનનાં અને શરકારી શુલેહનાં અમલદાર અને તેહેની શાથે એલંમની ખાંણ તથા આ સમામાં એક મોહોટા ભંડાર તરીકછે હેવા શંધલા જાહેરી દેખાવ ઉપરાથી આ ફીદવીએ લોભાઇને તેમની શાગેરદીમાં નાંમ આપવા મુનાશબ જાંણુ કે તે વશીલાથી હમારા નીરજીવી શવાલો વીશે માહીઅતી મેલવી શકાએ મગર કમનશીબ કે એ આશા જલદીથીજ ભરુ થઇ તેનો શાર એ છે કે એ શાહેબે પોતાનાં ખાંનદાંન, પોતાનાં એલંમ મોઅલમ, પોતાન ઓહોદા તથા પોતાની વરતણુકનુ મુબારક નાંમ જાલવવા શારૂ જવાબ આપવાને દીન ૫-૭ નો વાએદો કીધો હતો તેની ઠેકાંણે દીન ૧૫ ગુજરી ગઆ તોપણ જવાબ મલેઓ નહી. બેર ઇઅજદાંપનાહબાદનાં આશીરવાદથી એ મતલબ ઉપરથી દીલ ઊઠાવી લઊછુ મગર હમારૂ લોહી ખાંનદાંની શમાગમને લીધે જરા જોશ ખાએછે કે એ શાહેબે પોતાનો વાએદો શ વાશતે વફા નહી કીધો? શું હેવા જવાબ કાંઇ શંભાલ કરી શકેછે વારૂ નહી નહી તેનું ઊલટું મત બાંધવાને દેખીતુ કારણ મલી આવેછે તેમ કરવાને નીશચે હમે ચાહાતા નથી પણ નાચાર છીએ કે એ માંનવંત ગરહશત તરફથી હેવાજ એક બે બીજા દાખલા હાલ નજદીકનાં શમેમોજ રૂદાદ થઆછે કે જેમાં એજ રીતની કબુલાતો હતી તે આજ શુધી પાર પાડી નથી તેથી આએ ફકીર ભારે દીલગીરછે તે વીશે શું લખુ ને શુ નહી લખું. મગર એટલુ તો ખરૂં કે જે જગાએ શુલેનાં અમલદારોની હેવી વરતણુક હોએ તે જગાએ શુલે ભંગ કરનારા ખોદા માલુમ કેહવા હશે! બેર ગમે તેમ હોએ તે વીશે માહારી ભાંજગડ નથી કાંજે હેવી દવેશી બાબતો વીશે અખાડા કરવા એ હમારા ધરમનો મુલ પાએછે તેથી વાંચનારા શાહેબો ઇનશાફની દાદ આપવાને ચુકશે નહી તે ભરોશાથી ટુકુ કરૂંછું.

મુનશી શાહેબ બહેમનજી.

આ એક એકમારગી એલમાઊ ગરહશત છતાં અને હમારા જવાબો નોકે આપવાને શકતીવાંનછે હેવી બાતરી છતાં પોતાની છુટક બારીને શારૂ ઈઆજદાંપરશતને પુછવાની ભલામણ કરેછે તે નોઈ હમોને થોરી અચરતી લાગતી નથી ઓર ઈઆજદાંપરશત કોણછે ? તે વીશે તથા તેહનાં લખનારને તથા તેહનાં ઉપર જરતોશતી ધરમ વીશે થએલા શવાલોનાં જવાબોનાં મુશવદા ઘડી આપનારની ઓલખ પરપુછથી આ ફીદવીએ મેલવીછે તેથી એ ચાતુર મુનશીની ભલામણ પેહલાં તે ગરહશતો માહેલા લમતા ગરહશતને અવલથીજ તશદી આપવામો આવીછે તે વીશે નાદર વાતતો એછે કે તે શાહેબનુ મોબારક નામ ઉપલા શરફીઊલરમાંજ દાખેલછે તે શું ફ મોઅલંમ શાહેબે નહી જોઊ હશે કે તેમને વીશે શુચનાં કરવાની અગત પડી ? બેશક કે હમારા વાહાલીઓએ એ શરફાઊલર બારીકીથી જોએલો નહી ને પોતાનાં ઉપરથી એ બોજો ઓછો કરવાની મરજીને લીધે ઉપલી ભલામણ થઈછે તે કાંઈ હમોને ઉપીઓગ પડવા જોગ નથી. હમારો બાશ હેતુ એ ચાતુર ભાઈબંધનુ મત જોવાનો હતો તેમાં નીશફલ થવાથી બેશક કે જાએ તાજુબી તેમજ મોહોટી દીલગીરીની વાતછે ઓર જે કાંઈ એ શાહેબની મરજી મોબારક.

મોબેદ ફ્રકાધારૂ શાહેબ.

આ એરવદ વીશે જે હમોને બાતની મલીછે તેથી ઘણું કરીને એવોનાં મત વીશે વાકફગાર થવાને અગત પકડેલી અને બરૂછે કે ઈઆજદાંપરશતનાં મુશદી તરીક એ શાહેબ પોતાનો વખાત રોકેછે તે છતાં એ ગરહશતે જે જવાબ આપેઓછે તે બેશક કે એક ચમતકારી રમુજ આપનારીછે. એ જમાંને ફીલશુફનુ કેહવુ એકુતો એછે કે જો થોડું થોડું હોએતો જવાબ આપુ, એકદમ કાગજો ભરીને મોકલા તેનો શુ જવાબ આપુ. વાહવા આફરીનછે આએ દાનાઈ ભરેલા જવાબ ઉપર કે એ શાહેબ જેમાં પોતાની ચતુરાઈ તથા ચાલાકી શમજે આછે. શુ થોડુ થોડુ હોએતો જ એ શાહેબ જવાબ આપવાને શકતીવાંન થઈ શકેછે ને વધારે હોએતો તેહનાં જવાબ વાલવામો તેવો અશકત હોએ એમ બુલુ દેખાડેછે. નહીન હી એમતો કદાપી બની શકે નહી ને હેવી રીતે કોઈબી જવાબ આપે નહી પરંતુ શારાંશ એજછે કે ઈઆતો હમારા જવાબ આપ

વાને બીલકુલ અશકતછે ઇઆ નહીતો એ જવાબ આપતાં પોતાને તથા
પોતાનાં લાગવલગી મીત્રોને કોઇબી જાતની બાધક બંધંન થઇ પડે તેથી
જાંણી બુજીને અશકતપણાંનો ઇકરાર કરવાની ફરજ પડી હોએ એમ ખુ
લ્લુ નજર આવેછે. પછે તો ગેબદાં ઓદા.

બીજુ એ જમાંને કાબેલ મોબેદ શાહેબ જે કે ઇઆજદાંપરશતનો મુ
શદીછે તેથી ફરમાવેછે કે તેવો કાંઇ પરવારતા નથી. અફશોશછે હાવા એ
ક એજદાંપરશતનાં મુશદીની હાવી એક નીકાલબાજી ઉપર કે જારે જે શા
બશ આ જોબંમ ભરેલા ઓહોદાનુ માંન લીએછે ને જેથી માંનવંત
મો બપેછે તે છતાં હાવો બેપરવાઇનો જવાબ તે જોતાં કાઇ નહી પણ
ઉપલા કારણુ શીવાએ બીજુ કાંઇ ધારી શકાતુ નથી. બેર એ શાહેબને હ
મારા તરફનો ઇઆજદાંપનાહબાદનો હદીઓ પોહોચાડી એ જગો ઉપરથી
હમારી કલમ ઉચકી લઊછુ અને ઉમેદવાર છેઊ કે ઇનશાફી વાંચનારા
વોએ એ વીશે ઘટતી રીતે ધારી વાળવું કે ઘણાંબરા નાંમવર શાહેબો
હમારા પુજ શવાલોનાં જવાબને શારૂ શાવાશતે અખાડા કરેછે? શું કરવા
અશકતપણુ બતાવી રૂપોશીનો બુરકો નાંખી પીઠ દેખાડેછે અરે અરે કાં
ઇ નહી પણ આએ વરતાણુક માંનવંત તરીક કેમ ફરી લખી ગણી
તથા કહી શકાએ. નાચાર.

———o———

આએ ચોથા ચમનની શમાપતીમાં વાંચનારા મોહોટા દીલદમાગનાં
શાહેબોને ફકત તેહનો શાર માત્રે દેખાડવાને જરૂર પડેછે તે એછે કે પે
હેલા ચાર શાહેબોએ જવાબ આપાછે. પાંચમાં શાહેબનો જવાબ અધુરો
છે અને છેલા શરવે શાહેબોએ બીલકુલ જવાબ આપા નથી તે ઉપર
દાનાવોએ તશદી લઇ પોતાનાં દરીઆફતી ઘોડાની લગાંમ તેજ કરી એ
મેદાંનનાં પેહલવાંનોનાં જોર કવત તથા શાફદીલીની અજમાએશ લેવી.

જે જે શાહેબોએ જવાબો આપાછે એમ છતાં પેહેલા વીશયના જ
વાબો ઉપર માતરે ટીકા કરવામો આવીછે શીવાએ તેમનાં બીજા બે વી
શઅ શંમનથી મલેલા જવાબોની ટીકા હાલ કીધી નથી તેહનુ કારંણ આ
ગલ જણાવ્યુછે તે વીશે ફરીથી ઇઆદ કરવાની અગત એટલીજછે કે દ
કદમ શરવે શાહેબોનાં જવાબો મલી ચુકેઆ બાદ તે વીશઅ શમનથી જે
કઇ અગત જોગ લખવાનુ તે લખતાં ઠીક પડે અને મતલબ પરાગંદે
નહી થવા પાંમે.

શમાપ્તી.

આગ્એ પારશા બાગનાં કાચાં ચીત્રની શમાપ્તીમાં લખવાને બેહદ દી લગીર છેઊ કે એ બાગની આરાએશમાં આગ્એ ગરીબ ફકીરને મેહેનત તથા ખરચ અને તેહેનાં બેમુલ વખતમાં મોહોટી નુકશાંની લાગીછે તેથી એ બાગ પ્રશીધ થવામો મોહોટી દેર લાગીછે એટલુજ નહી પાણ મોહો ટી તશદી તથા અફ્લાંમંણ થઈછે તેહેનો ટુક શાર નીચે મુજબઃ—

પેશતર તા૦ ૧૨ મી જાંનેવારી શને ૧૮૭૩ થી એ ગરંથ શુરત ખાતે એક પરેશમો છપાવવાનુ કાંમ જારી કીધુ તે જગાએ જો કખી શાક દીલથી તે પરેશવાલાએ છાપવાનુ કાંમ કીધુ હોત તો એ કાંમ ઘણુ જલદીથી થઈ શકતે મગર તે ભાઈબંધ તરફ એકલી તેહેની શાફ દીલા નો જ દોશ નોહોતો બલકે તે ઉપરાંત એકતો તેની પાશે કાંમ કરનારાં હુ શીઆર માંણશો નહી, બીજુ પોતે છાપવાનાં કાંમમો તદ્દન અંનજાંણેઓ, તીજુ બાશાનો ભોમીઓ નહી, ચોથુ કાંમ જલદી કરવાની કાલજી નહી પ ણ બેહદ શુશતી તથા બેદરકારપણુ અને પાંચમુ બુખરી બંગાલી તેથી આગલથી પેશગી મદદ આપા છતાં લાંબી મુદત ગુજારી નાંખી તેથી જે ટલુ કાંમ તેમનાં હાથપર થઊ તેમાં ગલતી ઘણી થઈ ને તે ગલતી નહી થવા શારૂ જાત મેહેનત જેટલી કરવામો આવી તે તદન ફોકટ ગઇ તેથી અને બે માશનાં કાંમને ૮ માશ કીધા તેથી નાચાર બાકી કાંમ શ્રી મુંબ ઇમો લાવી શમાપ્ત કરવાની અગત પડી.

આગ્એ પારશા બાગનાં દીબાચામો જે ઇશારો ફારશી દીબાચો તેહે નાં તરજુમાં શાથે જોડી લેવા બાબત કીધેલો વાંચનારા શાહેબોનાં જો વામો આવશે અને બેશક કે એ ઇશારા મુજબ શરવે તરેની જોગવાઇ લે વા છતાં તે બેનેઆજ માલેકની મરજી નહી હશે તેથી તે કાંમમો એક અ નચીતવેલી હરકત હેવી આવી પડી કે જેથી તેમ કરવાને બન્યુ નથી તે હેનો ટુક શાર નીચે મુજબઃ—

એ ફારશી દીબાચો આશરે ૩૦૦) બેતોનો તેહેનાં તરજુમાં શાથે ત ઇઆર કરી ગુજરાતી તરજુમો ઉપલા પરેશમો શુરત ખાતે છપાઇ તઈ આર થએો અને ફારશી છાપવાનુ કાંમ એક લીથોગરાફીક પરેશવાલાને શ પુરદ કરવામો આવુ તેની શાથે લખનાર એક મુનશીનો બંદોબશત કીધે

લા એમ છતાં એ છાપનાર તથા બાંધનાર બંને શખ્સે અનશીટ જણાઆ
શાથી કે એ ફારશી દીબાચાની હજાર કાપી તઈઆર કરી લાવેઓ તે
જોઇ ખુશ થઇ તેમના શરવેનાં હીશાબ સુકવી આપ્યા તાંહાં શુધી તેમ
ની જબાંદરાજી ઉપર ભરોશો રહેલો તારબાદ જારે તે કાગજો ફોલડ કર
વા માંણશો બેઠાં તારે જણાઉ કે એકતો હાંશીઓ બીલકુલ રાખ્યો નથી.
તેની શાથે અરધ ભાગથી વધારે કાગજો ઉપર હરફો ઊઠેલા નહી. કોઇ શ
મુલગો શાફ એટલે નહી વંચાએ તેવો તો કોઈ અરધ પાવ અને કોઈ
માં આખ્ખુ છપાંણુ કે જેથી વાંચનારથી બીલકુલ વંચાએ નહી ને હાંશી
આ વગર ગુજરાતી હાંશીઆ વાલા કાગજો શાથે બાંધવાનુ તે બાંધતી વ
ખત તલે ઉપરથી કાપવામો આવે તેમાં વલી તલે ઉપરથી થોરૂ થોરૂ લ
ખાંણ કપાઆઁ વગર રેહે નહી તારે તે નરદમ અઇઓગ બલકે પુશતક
બાંમી ભરેલુ થઈ પડે તે અટકાવથી જોકે મોહોટી દીલગીરીછે તોપણ ફ
ફારશી લખાંણ ફરીથી છપાવી આવતાં પાકાં ચીલમાં દાખલ કરવાનો વી
ચાર લેવા શીવાએ બીજો ઇલાજ રહો નહી શબબ વાંચનારા બુજરગ શાહેબોએ
ફ વીશે માફી આપવાનુ પોતાનુ દઆલુપણુ કાંમે લગાડશે હેવી ખાતરીછે.

વાંચનારા દાંનાવ શાહેબોને આ એક શાદી શાધારણુ અને હમેશાં
વપરાતી કેહવત કાંઈ અંનજાંણી નથી કે ગાંમમાં પેશવાનો હોકમ નથી
અને પટેલને ઘર ઊહુનુ પાંણી—તેજ મુજબ હમારો કીશોછે કે આએ
બાગે પારશાનાં પોશીનદા કહા વરગમાથી નીકલશે તે બાબે જોકે હાલ બા
તરી નથી તે છતાં એક અગતની બાબતપર શબી દીલનાં જરતોશતીએ
ની નજર ઊઘાડવા તથા તેમનાં દીલને ઊશકેરવાની ભલાંમણ કરવામો આ
એ કમતર કાંઇજ આચકો ખાતો નથી કે જે વીશે જોકે પકેમણે નહી
પણ હાલ એ ટોલાની જે હીલચાલ આપરી શનમુખ દરશંણ આપેછે
ત બેશક કે ખાતરી પુરવક નથી એમ છતાં એ ટોલાનાં જાતી ખમીર, વા
રશીક શખાવત અને પકી રેહેમદીલીનો વશીલો ભરોશો પકડી તેમની શે
વામો એ અગતની બાબત વીશે શુચનાં કરી ખાતરીથી ઊમેદ રાખેછે કે
એ શુચનાં પુરતી રીતે નહી તોપણ કોઇબી રીતે પાર પુડઆ વીનાં ન
હી રેહેશે તે એછે કે એ નાંમાંનકીત ટોલાએ આજ શુધી પોતાનાં પનો
તાં પગલાંથી શખાવતનાં મોહોટા મોહોટાં મેદાંનો મારેઆંછે તેમજ આઠ

એક મેદાંનથી બોદાવંદાંન બોદાએતાલાની બખશીશથી લપેટી લેવામા પ
છાત નહી પડશે કારંણ કે એ મેદાંન કાંઇ હેવુ નથી કે જેમાં પગલુ ભર
તાં એક કંમજોરને પણ આચકા બાવો પડે શાથા કે એક હાથપર એહે
વા ધરમ શમનથી દાંનપુનનાં મોહોટા મોહોટા પરવતોને એક રાઇનાં દાણાં
જેટલુ પણ વજન ગણેલા નથી તે જેમ છુપુ નથી તેમ થોડુજ શંતોશકા
રક નથી શબબ ઊમેદ મજબુતછે કે આએ શીદ્દતીની શુચનાં કાંઇ પણ ઉ
પીઓગી થઇ પડશે વાશતે મોહોટાં માંન શાથે ગુજારેશ કરૂછુ કે હાલ શ
મ પારશી ટોલામો એક અગત જોગ ધરમ શંભાલનો ખુટકોછે કે તેવા
ખુટકા કોઇબી ગીનાતમા નથી. જો કબી હીંદુઓ તરફ જોઇએ તો
તે લોકોમાં પોતાનાં શંત શાધુ વેદાંતની આતમગીનાંની માહાપુરૂશ તપેશર
વગેરે બુજરગ દરજાના શાહેબોને શારૂ મઠ તથા ધરમશાલા હેવા નાંમનાં
પુશકલ મકાંનો જગે જગે ગાંમે ગાંમ શેહરે શેહર કાએમ કીધેલાં તથા
તે જાનીશાનોને શારૂ અને તેમાં આવક જાવક કરનારાવોને વાશતે જોઇતાબં
દોબશતો હેવે પદે પાએ કીધેલાછે કે તેવોને વધારે દીવશ અથવા રાતવાશો
રેહેવાને અને તેવોનાં ઊદર પોશંણમા હમેશાં શુધી કાઇ અટકાવ નહી આ
વવા વીશે કાઇજ ખુટ નથી તેમજ દરશલાંમીઓ મુશલી, તથા કરીશચીઅનોમાં
હેવા લોકોને વાશતે ચોકશ મુકાંમો શ્થાપણ કરવામો આવ્યાંછે તેહેને ઇશ
લાંમીઓએ "બાંનકા" હેવુ નાંમ આપ્યુછે તેમજ કદીમ જમાંનાંથી તે છે
લા વખત શુધી પારશી ટોલામાં ઇઅજદાંપરસ્તોનાં મોહોટા ગુરૂ હતા તે
મને શારૂ "બાંનગાહ" નાંમે પુશકલ મકાંનો હતા તે રેવાજ હાલ જમાંને
નાબુદછે તેનુ શુ કારણછે તે આએ બાગે પારશાનાં ખુશબોઇદાર ચમનો
તથા ગુલ ફુલથી આશકાર થઇ ચુકુછે તે બશછે અગત એટલીજ કે હા
લ જમાંને કોઇ બંદેખોદા હેવાં મકાંન અથવા મકાંનોને શારૂ દીલપર લ
ઇ કંમરબંધ થઇ કોશીશ કરે હીમત પકડે અને એ બુજરગ લોકોને
આશરો આપવાનુ કાંમ અગતનુ શમજી દઆ લાવેતો એક પોતાને વાશ
તે બુજરગ શવાબ અને બીજુ પોતાનાં કીરતીવાંન ટોલાની શબાવતમો
વધારો કરવાનાં માંનને લાએક થઇ પડે હેમાં શુ શકછે ? ના શક નહી મ
ગર બરૂછે કે બીજા પુન પ્રાપ્ત ધરમો કરતાં એ મોહોટુ પુણછે કાંએજે શર
ઇઅતી પેહેલી શીડીને વાશતે જે જે થયાછે અને થાએછે તે કરતાં એ

કાંમનો દરજો મોહોટોછે હેમાં કાંઇજ શક નથી પછે તો જેવી જેની મ
રજી. શગ્ની દીલનાં શાહેબોને શેહેજ ઇશારો કારીછે એમ શમજી એ બા
બતમો જે આ ફકીરે પેશકદમી કીધીછે તે વીશે માફ માંગી મુખ્તેશર ક
રછું. તેની શાથે એક અગત જોગ બાબત વીશે વાંચનારા શખ્પી દીલનાં
શાહેબોનાં કાંન ખોલવાની જરૂર જોઊછેઊ કે પોરીઓદકેશી એટલેજે એ
કલાએક મુલ નીરંનજનને ભજવાની ઇઅજદાંપરશતી કે જેની પુરતી
શાબેતી આ પુશતકમો થઇ ચુકીછે તે શાબેતીઓમો મુખ્ય શાબેતી એજછે
કે ખુદ હજરત વખશુર શત જરતોશત તથા તે બુજરગનાં જમાંનાંમાં જે
ખાશ લોકો હતા તેવોને વાશતે પોરીએ દકેશી નાંમનો ખેતાબ જારી હ
તો અને તેજ મુજબ તે શાહેબોનો અમલ હતો કે જેની શાબેતી કદીમ ગ
રંથોથી તથા અવશતાનાં કલાંમથી મલી આવેછે અને તે ખેતાબ એ નાં
મવર પેગમબરે બરહક શાહેબે પોતાનાં ઊમતી શરવે ખાશ લોકોને શારૂ
નીરધાર રથાપણ કીધેલો શીધછે તે છતાં ગાછલા શુશત લોકોએ ઇઅ
જદાંપરશતી એટલેજે પોરીઓ દકેશીનો રેવાજ નાબુદ કરવા શારૂ એ પો
રીઓ દકેશી ખાશ મજહબનાં ફરમાંબરદારોને અધરમી અગનાંની ઠરાવી ફ
કત અહુરદકેશીને જોર આપવાની ઇઊકતી કીધીછે તે પંગતીનાં જે શા
હેબો જે હાલ જમાંને આ પુશતકનાં ગોઆ શામાં વાલીઆછે તેવો અહુર
દકેશીને ટેકો આપવા વીશે જે જે પાછલા લોકોએ જે જે પોતાના લખાંણનાં
બાભમાં એટલેજે પોતાનાં ઉપર ઇઅજદાંપરશતી તોડવાનુ તોહોમત નાહી
આવવા પાંમે હેવાં જે કીધાંછે તેહનો ફેલાવો કરવાને દેખાવ આપવા ઇ
ઊકત કોશશો કરવા માંડીછે તે જોઇ એક અચરતી ઉપજેછે કે શું આ
એ લોકો હીમતવાંનછે કે ધોલે દીવશે હાથમો મશાલ પકડેછે ખેર તે વી
શેતો કાંઇજ ભાંજગડ નથી કાંજે તેહનો છેડો તો જલદીથી આવી શકશે
હેવુ લાગેછે શાથી કે હેવા દેખાવ બાજે જગોએ પુરતી રીતે થએલાછે
અને તેનુ પરીનાંમ જોઇ ચુકાછેઇએ કે મુલથીજ જેમાં જુદી મતલબ તેમા
ખરો હેતુ શી તરે પાર પડી શકે ખેર તેનોબી કાંઇ મુજકો નહી પણ બી
જી બહાદુરી એવા શાહેબોની જોવાની ફછે કે હજરત દશતુર આજર કેવાં
ન તથા તેહનાં બુજરગ શાગેરદોએ ઇઅજદાંપરશતીની શાબેતીમાં ટેકા દા
ખલ જે કેતાબો કે તેહનો જોરો હાલ જમાંને નાઇઆબછે તે શરવે કે
તાબોને ખોટી તથા બેવજણ ગણેછે એટલુજ નહી પણ અચાબશે પશેમાં

ન તેહનાં બનાવનાર શાહેબોમાંથી હાલ એકનોબી જોરો નજર આવતો ન
થી તે છતાં તે બુજરગો ઉપર બેજા તોહોમતો મેલી તેવોને બદનામ કરે
છે અને બોટા પાડેછે તેની શાબેતીમાં એટલુજ માતરે દેખાડેછે કે ડાક
ટર વીલશન શાહેબે એ કેતાબોને રદ કરી આપીછે તે ઉપરથી અંગરેજી
ઇશકાલરોનુ મત એ ગરંથો તથા એ ગરંથ કરતાવો વીશે હેવું થઇ પ
ડેઊછે કે એ ગરંથ કરતાવો જરતોશતી નથી અને તેમનાં પુશતકો જર
તોશતી ધરમને લાગુ પડતાં નથી.

અફશોશછે બલકે શરમછે કે ઉપલી દલીલથી ઉપલા બુજરગો ઉપ
ર હુમલો કરનારાવો એટલુ નથી વીચારતા કે ડાકટર શાહેબનોતો બાશ
ધરમછે કે પોતાની તથા પોતાનાં ધરમની શરશાઇનો પશારો કરવાપર ધ
રંમને શારૂ નજરમો આવે તેમ બોલવું શાથી કે તેવોની નોકરી હેવાંજ
કાંમ શારૂ નીમાએલીછે વાશતે લાજમ નહી કે જરતોશતા ગરહશતે હેવા
એક શખશનો દાખલો લઇ તેહનાં મત શાથે મલતા થઇ હાવા નાંમવર
બુજરગો ઉપર બોટુ અને શરતાપા બોટુ તોહોમત મેલી અનજાંણાં અ
ગનાંન લોકોને ગફલત ખવાડવી અને જે ઇઅજદાંપરશતી ઉપર પાંણી ફે
રવેઊછે તે ઉપર ફરી ધુલ છાંટવી બેર જેમ તે શાહેબોની મરજી પણ
આએ મેહલ ઉપર આએ ફકીરને ભય ઊતપંન થઓ કે મબાદા જે પ
રમાંણે શત જરતોશત તેનાં વખતનાં બાશ બુજરગો તારપછે હજરત ક
એવાંન શાશાંન તથા તેમનાં શાગેરદોનો શાબેતી પાંમેલો પોરીઓદકેશી બેતા
બ જેનો અરથ ઇઅજદાંપરશતીનો હાલ જમાંને જોઇએચ તો એક ના
માંનફીત અભેઆશીએ પણ પશંદ કીધેલો કબુલ રાખેલો તથા વાજબી
ગણેલો ખુલી રીતે શાબેત થઇ ચુકુછે તેને વાશતે પણ ભલતુજ બોલવા
ચુકતા નથી હેવા જે નેક લોકો તે હાલ જમાંને ઇઅજદાંપરશતોની શાંમ
ને થઇ તેમને શારૂ ઉપલી ભલાંમણુ મુજબ "મકાંનાતે બાંનગાહ" વીશે
ધ્યાંન આપનાર કોઇ બુજરગ ધરમાતીને બારમાવવા શક નાંખવા ચુકશે ન
હી શબબ તેવા શાહેબોને શેહેજ ચેતવણી દાખલ ઉપલી થોરી શતરો વ
ધારી ઊમેદ રાખીએ કે આ કાંમ વીશે ધ્યાંન આપનારા શાહેબો ઉપલી કી
શમનાં લોકો ઊપર બુબ નજર રાખશે કે જેથી તે લોક પોતાની હીકમત
મો ફતેમંદ થઇ શકશે નહી જછેતો નાચાર જે કાંઇ બાશતે બોદા વ બો
દાવંદાંન બોદા.

પોરીઓ દકેશી એટલેજે ઇઅજદાંપરશતી કરનારા લોકોનાં શાંમાંવલીઆવો જે ફકત અહુરદકેશી ઉપરજ જોર રાખી તથા રખાવી ગએલા શાહેબોની પંગતીનાં એક વીદીઆરથીની જીકર જે ઉપર આવી ગઈ તેહની નપગી દલીલ જારે બેવજણ થઇ પડી તારે વલી નાંમુશી મીટાવવા શારૂ બીજી વખત એક મલતીજ જીકર ઊઠાવી તે એછે કે હજરત પેગમબર અલેશલાંમનાં જમાંનાં પેહલાંની જે દીન તે બરાબર નહી તેથી હજરત જરતોશતની મારફત અહુરદકેશી એટલેજે અહુરમજદી દીનની શ્થાપના કરવામો આવી શબબ પોરીઓ દકેશી લોક અબરમી તથા અગનાંન હોવાજ જોઇએ હેવી દલીલ પકડી તારે નાચાર દીલ શાથે કેઆશ કીધો કે એક નામાંનકીત ઓશતાદનો શાગેરદ બલકે તે નાંમવરનો નીમકબાર છતાં તે શાહેબનાં બાશ મતને ગોઆ શાંમો ઊતરેછે એટલુંજ નહી પણ રશુલે ઈઅજદાંન હજરત શત અશફંતમાંનનાં મોબારક અનુશેરવાંન ઉપર માહારૂ તંન મન અને ધંન કુરબાંન કરી હજારો દરૂદનો શદકો કરતો થોરોછે તે પાક બરહક અને બેમાશલ પેગમબરનો બેતાબ પોરીઓ દકેશીનો જે મજબુતીથી શાબેત થએલો હીમતથી કહી શકાએ હેવો છે તે છતાં ચાલતી આવેલી ફરેબકારીનુ જોર પકડી રદ કરવા તતપર થાએછે ને એટલુ નથી શમજી શકતો કે હાલનાં ઇજદાંપરશતોની શાથે મુકાબલો કરી તેવોને હીનત પોહોચાડતાં પેગમબર જેવા બુજરગ નાંમવરનાં બેતાબને તોરવાનો ગુનાહ શાબેત થાએછે. અવાબશે પશીમાંન પપતીત હોમ. આએ શબશને તે કહી કીશમનુ નાંમ આપૂ કે જે વીદીઆરથી છતાં એક પોતાનાં ગુરૂ તથા બીજો શરવ પારશીઓનો માહા ગીનાંની મોહોટો ગુરૂ તે બધેની શાંમણે થાએછે અને હેવા એક જાહેલ બેશમજને આકેલ તથા શમજદાર તરીક એક ટેકરીનાં લોકો શમજેછે નાચાર એજગાએ હેક્રૂ હેરતથી હીદાએતની ગેબી બખશીશ માંગી દઆલુ ધરમી શાહેબોને ફરીથી ચેતાવુચ કે તમારૂ મોબારક કદંમ જો મજબુત રાખશો તોજ ઇઅજદાંપરશતી તથા ઇઅજદાંપરશતોનુ રક્ષંણ થશે હેવુ ખુલ્લુ નજર આવેછે તેથી શમાપત કરૂછુ અને આશા રાખુચ કે આ ચેતવણીથી તેવો શાબેત કદમ રેહશે પછે તો ગેબદાં બોદા.

ઉપલો વીદીઆરથી કોણછે તેની ઓલખ અંનજાંણાંચોને થવી જોઇએ તે વીશે અગત શમજી શેહજ શાજ ઇશારો કરૂછુ કે એ ગરહશત

નાં આચાર વીચાર અને ધોરણ ધારણા કાંઇ નહી પણ શીરફ જુનાં ધરમોની વીરૂધી કરનારા હોએ એમ તેની તકરારો ઉપરથી શીધ થાએછે કે જે તકરારો ઘણું કરીને એક નામાચી મંડલીની કારકીરદીનાં પ્રતાપથી જનમ લીધોછે એ મંડલીનાં પ્રશાદથી જે તેની જનમ ભુમીને નતીજા મલેઆછે તે વીશે તે પોતાનાં કારબારને મોહોટો જશધારી શમજેછે એ જશધારીનો રૂડો પરતાપ એજછે કે આખા ટોલાને દોલત આબરૂ વ્યાપાર અને આશુરદામો દેખીતાં કંમતીપણાંને આધીન કરી આપઅખતેઆર આહંકાર, અભીમાંન, અમરીઆદ, મોજમઝા, હરાંમ ચાશટા, રાગ રંગ, નાચ નાટક, ધરમ વીરૂધ ખાધ ખોરાક અને વીટાલ વીભાચારીનાં શોબી શંગતી અને વહેમની અવશથામો લાવી નાંખેઓછે તે રૂડાં પગલાં એક નામાચી ટેકરીનાં પશુ પરાંણીઓનાં શીકારને શારૂ જઇ પોહોચેઆંછે અને તે પશુ પરાંણીઓને શીકારીઓનાં હાથપર પોહોચાડવાના કારબારનો ઓઘો આએ વાદીઆરથી એક તેમનાં પેશકાર તરીકે બજાવેછે તેમાં તેનો લાભ શીરફ એજછે કે તેહેનુ પેટીઉ ગુજરાંન અને મોહોટી આબરૂને પોહોચવાની ઊમેદછે એ બંને લાભ એ વીદીઆરથીએ જોકે હાંશલ કરી લીધાછે તોપણ હજી કાંઇ મોહોટી મોહોટી અશા ની લાલુચને શારૂ કોશીશમાં પડેઓછે તે વીશે આગે કમતરની કાંઇ ભાંજગડ નથી તેમ લાગ વલગણી રાખતો નથી પણ જે એક બુજરગ ખાંનદાંન ઉપર તેહની નજર લાગીછે તેથી તેહનાં મુલ અને મુખે લાગ વલગાઆવોને શુચનાં કરલીજછે કે તેવોએ પોતાનાં ખાંનદાનનુ નાંમ ડુબવા દેવુ નહી અને તે વીશે ખુબ હુશીઆર રેહવુ કે જેથી ઉપલા શીકારીઓનાં હાથપર તેમનો ભોગ થવા પાંમે નહી અને પેશકાર શાહેબ ફતે મેલવી શકે નહી.

આ વીદીઆરથીનુ મત શુંછે તેનો ટુક શાર વાંચનારા દાંનાવોને વાશતે નીચે ટાંકી દેખાડુંછુ તેની વીગત:—

૧. મોહોટા પ્રાંણીએ નાંહાંનાં પ્રાંણીને ખાવો.

૨. કુદરતે રાખશી ડાહાડો જે આપીછે તે માશનો આહાર કરવા શારૂ અને એ વગેરે.

વાહવા વીદીઆરથી બાઇ ઉપલી તમારી દલીલો ખુદ કહી આપેછે કે તમે હમારી દીઅજદાંપરશતીનાં મુલ કાએદાવોને જોર આપનાર નથી

પણ તેહેનુ જોર તોડનારછો અને જારે એમજછે તારે પારશીઓ ઉપર જે તોહોમત આવ્યુછે તે દુર કરવાને જાણે તમારી મરજી નહી હોએતો ખેર જેમ તમારા વીચાર તમુને ખેંચે તેમ ખેંચાઓ ને હમારા વીચાર જેમ હમુને ખેંચે તેમ હમારે ખેંચાવુ.

ઉપલી જીકરથી શીધ થશે કે હમારો વીચાર કદીમ ઇઅજદાંપરશતીને તાજો કરી તોહોમતથી છુટવાનોછે કે જે હજરત ગાહઓમરશ તથા શત જરતોશતનાં નાંમાંવો દશાતીરમો આપણને શબક આપેછે એટલુજ નહી પણ શત જરતોશતે અવશતામો શેંકડો જગોએ ફરમાંન કીધાંછે તે કાઇ તમારી બાદ હવાઇ ફેલશુફીથી હલકાં પડે હેવાં નથી વાશતે ભાઇ વીદીઆરથી તમબી એક ખાશ જરતોશતી છેઓ તે છતાં તેમને તોડનાર ફેલશુફોની શાથે એકમલતા થવુ તે જરા કમકમી ભરેલુછે પછે તો જેમ તમારી મરજી.

